[illegible]

૭૪૪૫

નવી અરેબ્યન વાર્તાઓ.

(તદન નવી સંપુર્ણ ૩૯ વાર્તાઓનો સંગ્રહ).

NEW ARABIAN STORIES
BY M. E. VATCHA & D. F. LANGRANA.

લખનારાઓ:

માણેકજી એદલજી વાછા

તે 'ગોલ્ડન ગુલ', 'કાઉન્ટ ઓવ મોંટે ક્રીસ્તો', 'ઇન્ડયન નાઇટ્સ', 'શીવાજી', 'પાંડુરંગ હરી', 'માલ્ત્રી મહારી યાને ૧૮૫૭ નો બલવો', 'એદલકાકા', 'બાપુ બ્રાહ્મણ', 'શાપુર', વગેરે પુસ્તકોના કર્તા,

તથા

ડોસાભાઇ ફરામજી લંગરાના

તે 'ગમગીન ગુલાં', 'અદુરા', 'નકોલાનો કીનો', 'ટરકીશ ટેલ્સ' ઇ૦ ના રચનાર અને 'કોહિનૂર'ના અધિપતી.

ચીત્રો સાથે

કીમ્મત:

દોઢ રૂપીઓ.

આ પુસ્તક સને ૧૮૬૭ નાં ૨૫ માં કાયદા મુજબ રેજીસ્ટર કરાવ્યું છે અને તેને લગતા
સર્વ હકો પ્રગટ કરનાર માણેકજી એમ૦ વાછાએ સ્વાધીન રાખ્યા છે.

મેહેર પ્રીંટીંગ વર્કસ, એલ્ફીન્સ્ટન સરકલ મુંબઇ.

પ્રસ્તાવના.

મારા, કઇ કઈ હારા, કઈ કઇ જલતા,
જબ રહે બલતા, કબ રહે ટલતા, ચલતા, પલતા, પલતા.
બેટા જા લે રંગ રાગમે, બાવા બાલે અંગ આગમે,
સાધ સંતમેં, જોગ ત્યાગમેં, કોઇ જંગમેં, કોઇ લાગમેં,
મટક મટકકે, તાન તોરકે, ભટક ભટકકે, આંખ ફોરકે,
પગ પર પરકે હાથ જોરકે,
સૌ સૌ રસ્તે પેટ ફિરાયે, થઈ થઇ થત્તા નાચ નચાયે,
સભી સાધના હલકી ભારી, નીચ ઉચકી તાબેદારી,
ભેસ બનાકે, કેસ બડાકે, બગડે, જાકે નાકે, નાકે,
લછછન બાવન, લખ પન્ચાવન,
સૌ છબ ધારન, મનલગ કારન, જાચક મંગન, રંગ તરંગન,
બચપન, લુચપન, સગપન, ઠગપન સાધન, લાખન,
ભેખ હજારન, સેવન, બન્ધન ફાંસી ગરદન,
ચોર લુટારા વારા ન્યારા, સબકો ઇસ ઠગને મારા મારા,

તાલીબ.

ગરીબડી ગુજરાતી ભાષામાં તરેહવાર પુસ્તકો લખાયલાં છે, પણ એ અપવાદ સીવાય આજના જેવી બાબદો ધરાવનારૂં પુસ્તક પેહેલવેહેલુ છે, તેમાં ગુજરાતી વાર્તાઓની ચોપડીઓમાં આ જાતનાં ચીત્રો ખચ્ચીતજ એક પેહેલ ગણશે એ માટે ખર્ચ બહુ મોટો થયો છે, પણ તેમ ખરી ચીત્ર વીદ્યાનો કાઇક ખ્યાલ વાંચનારને આવશે.

આજના પુસ્તકમાં આવેલી વાર્તાઓ ઘણીખરી "અરેબ્યન નાઇટ્સ" જેવી છે, ફરક એટલો કે એ તદન નવી વાર્તાઓ કોઇ પણ બીજા ગુજરાતી પુસ્તકમાં છપાયલી હશે નહી. ખરી રીતે કેહેતાં તો ગુજરાતી ભાષામાં અત્યાર સુધી જે સઘળાં "અરેબ્યન નાઇટ્સ" (હજાર અફસાનેહ યાને અલ્ફ લયલા વ લયલા) ના પુસ્તકો છપાયલાંછે, તે સર્વ અધુરાં છે. બારીકીથી તપાસતાં ૧૦૦૧ રાતમાંથી ત્રણસોથી વધુ રાતવાલી વાર્તાઓ સફા કીધેલી જણાશે : અને તેથીજ તે ખાડો પુરવા "**નવા અરેબ્યન વાર્તાઓ**" તથા "**કલીફ હારૂન અલ-રશીદ**" અને "**અરેબીક નવા કથાઓ**"ના નાના હેઠલ ત્રણ પુસ્તકો પ્રગટ કરવા આ લખનારે માથે લીધુ છે, જેમાંનું આજનુ પેહેલું પુસ્તક તે પાક પરવરદેગારની મદદથી હસ્તી જોવા પામ્યું છે અને બાકીનાં ટુંક મુદતમાં બાહેર પડશે: જેથી ખુદાનું ચાહ્યું હશે તો ટુંક અરસામાં મી૦ ઇચ્છારામ સુર્યરામ દેસાઇના યા મી૦ જેહાંગીર કરાણીવાલાં "અરેબ્યન નાઇટ્સ"નાં પુસ્તકોને સાથે લેતાં ગુજરાતી વાંચક વર્ગના હાથમાં સંપુર્ણ અરેબ્યન નાઇટ્સ સસ્તી કીમ્તે આવી શકશે.

હવે આપણે આજના પુસ્તકોમાંની વાર્તાઓ વીશે ટુંકમાં બોલીશું:

"સઘળું સફાચક" થી "અજમતી વીંટી" સુધીની વાર્તાઓ જાણીતાં "કોહીનુર" ચોપાન્યાંમાં અમો બન્ને (આ પ્રગટ કરનાર તથા "રશીક"ના તખલ્લુસ હેઠળ લખનાર ભાઇ ડોસાભાઇ ફ૦ લંગરાના)ની અદના કલમથી લખાઇ છપાઇ હતી, અને તે વાંચનાર વર્ગને ઘણી

પસંદ પડયાથી ચોક્કસ સુધારા સાથે આ પુસ્તકમાં આમેજ કીધી છે. ખરી રીતે કેહેતાં "કોહીનુર"માંની એ વાર્તાઓની લોકપ્રીયતાએ આ પુસ્તકને જન્મ આપ્યો છે, અને ઉપર જણાવ્યું તેમ એ બીજાં પુસ્તકો છપાય છે, જે ટુંક વખતમાં હસ્તી જોશે.

"પરસ્તાનની પરી", "યોગી રજ" અને "કેરોના સુલતાન મહમદ" વાર્તાઓ પરીયાંઓ અને જાદુગરોનાં પરાક્રમો દેખાડે છે, જે આજના જમાનામાં કેટલાંકોને હસી કઢવા જોગ લાગશે, તોપણ લોકનો મોટો ભાગ એવો છે જે એવી વાર્તાઓ હોંસે હોંસે વાંચે છે, એટલુંજ નહી પણ "ખુરશીદે જરનીગાર", "લયલા", "તીલ્સ્માતે ગુલ", "બકાવલી", "બાહારે પરસ્તાન" વગેરે ખેલોમાંના એવા ભાગોપર ફીદા થયલો જણાય છે. બરાબર ઓલનાં "અરેબ્યન નાઇટ્સ"ની ખુબીજ એવી વાર્તાઓ પર રચાયલી છે. અસલનું હીનાયલું જાદુ તે આજના સુધરેલાં નામ હેઠલ 'હીપ્નોટીઝમ" અને "મેસ્મેરીઝમ" છે. દુન્યાંના લગભગ દરેક ધર્મમાં બેહેસ્ત યા પરસ્તાનના પરીઆંઓ, ફરેસ્તાઓ, યજદો, અપ્સરાઓ વગેરના ઇશારા આવેલા છે: માટે જ્યાં સુધી ધર્મોમાં એની હસ્તી છે ત્યાં સુધી તેઓ આદમના જીગરમાં હૈયાત રહેશે; એની નીસ્તી થવા જોડે નાસ્તીકપણું પુર બ્હારમાં ખીલી નીકળવું જોઇએ.

"રૈનક"ના શબ્દોમાં બોલ્યે તો

જો અસલ હય વ્હો અસલકી હાલતકો ન ભુલે,
ભુલે ન અજલ જો વ્હો કીયામતકો ન ભુલે.

"હક ઇનસાફ"નો નાયક પ્રખ્યાત "કલીફ હારૂન અલ-રશીદ" છે જે છુપા વેષમાં શેહેર ચર્ચા જોતો અને છુપી રીતે ફરીને ગેર કારોબાર અને ગેરઇનસાફ દુર કરતો જણાયછે. એવી રીતે ફરવાની અને ઉમદા કામ બજાવવાની રીત ખુદ આપણા શેહેરમાં મોજુદ છે, અને લોકપ્રીય પોલીસ કમીશનર મી૦ હાર્ટલી કેનેડી અને આપણાં ગવરનરનાં લાયકીવાલાં મોહરદાર લેડી નોર્થકોટ જીવતા દાખલા છે. મી૦ કેનેડીની એ રીત સર્વેના જાણમાં છે, અને છેલ્લા ભયભીત દુકાલ સમય એક સાધારણ યુરોપ્યન બાનુ દાખલ પુણા શેહેરમાં ફરી ગુપચુપ મદદ કરતાં લેડી નોર્થકોટ જણાયાં હતાં.

"જોતાંજ આશક પડનારાંઓ", "છોકરૂં જણનાર કાઝી", "પખાલ્જીનાં જુત્યાં" ઇ૦ વાર્તાઓ રમુજી છે. જ્યારે બીજી કેટલીક વાર્તાઓ છેતરપંદી, ચતુરાઇ, કીનો, હસદ, દાનેશમંદી, અને ચોરી લુચ્ચાઇથી ભરપુર જણાશે. હસદની બાબદમાં "કાસીમનો કીનો" કદાચ પેહેલો દરજ્જો ભોગવશે. "ભાંગ પીનાર માછી" આદમ જાતની હેજગારી અને કીસ્મતનો સારો છાપ બેસાડે છે, અને હલકા ધંધા પરથી વધી વજીરના દરજ્જે પુગેલાના ઘણાક દાખલાઓમાં મીસર દેસનો હાલનો એક મરાવ અને આ દેશના એક દેશી રાજ્યનો પ્રધાન મોજુદ છે; એ બન્નેનાં નામો આ લખનારને હાલ યાદ આવતાં નથી.

આ પુસ્તકની ભાષા અને ઢપ ખામખા તદન સાદી રાખવામાં આવી છે, એટલુંજ નહીં પણ અસલ પુસ્તકોમાનું વાંધા ભરેલું લખાણ સંભાલથી સુધારીને દાખલ કરવાની ખાસ સભાલ લીધી છે, જેમ કરતાં કેટલેક ઠેકાણે તદન નવાજ લેબાસમાં વાર્તાઓ દીપા નીકળી છે.

અને હવે આ પ્રસ્તાવના મી૦ તાલીબની નીચલી લીટીઓમાં આ પુસ્તકનો પ્રગટ કરનાર પુરો કરે છે:

જગ દર્શનકી લીલા દેખ, દેખા રંગ રંગીલા ભેખ,
કહીં તરંગી નાચો રંગ, કહીં રંગમેં દેખા ભંગ!

સાંકળ્યું.

ચીત્રોનું સાંકળ્યું.

૭૪૪૫

લખનારાઓ: મા૦ એ૦ વાછા અને ડો૦ ફ૦ લંગરાના.
પ્રગટ કરનાર: માણેકજી એદલજી વાછા.

નવી અરેબ્યન વાર્તાઓ.

ખલ્કમે ઇસરારે હક જો પુછો તો ઇનસાંન હય,
ભેદ કયા અલ્લાહકા કુચ્છ જાનના આસાંન હય?
જો કહે ઇનસાંનકી કામીલ મુઝે પયછાંન હય,
મેરી દાનીશમંદીસે વોહી બડા નાદાન હય.
ખસલત અપની આદમી ન ખુદ કરે જાહીર કોઇ,
હોવે ફેર નેકી બદીસે ઉસકે કયા માહીર કોઇ?

રૌનક.

મુટસદીઓ લખી ગયા છે કે અસલ વારે અરબસ્તાનની ભુમી પર ઘણા કલીફો જાહોજલાલી ભોગવી ગયા, જેમાંના કેટલાકો દાનાવ ગણાતા, કેટલાક જોરેમંદ કેહેવાતા, કેટલાક નબલા બોલાતા અને કેટલાક નવી નવી વાતો સાંભળવા બહુજ શોખીન જણાતા હતા. આ પાછલાઓ મોટે ભાગે ન્યાય અને એલમ હુન્નરનો વધારો કરનારા ખાતા હતા, જેથી અરબ ભુમી એ વખતે જાહોજલાલી અને બુલંદીની ઉંચામાં ઉંચી નોકે પોંહોંચી હતી, તેમાં અચરત જેવું કાંઇ નથી.

આવા છેલ્લા જણાવેલા વરગમાંના એક વીશે કલમકશો એવું લખી ગયા છે કે તે એક ખુશનુમા રોજે તખ્ત પર બેસી કચેરી ભરતે હતો, ત્યારે એકાએક હીમ્મતવાન અને ચંચલ પણ ગરીબ અવસ્થામાં ઉછરેલો જેવો જણાતો એક મર્દ દીવાન યાને તખ્ત આગળ આવ્યો અને તેની પર બીરાજનારને કદમ બુસી કરી તથા દુઆ ગુજારી ઘાંકેલી એક ઢાલ તેની હજુરમાં ધરી.

"અય શેખ!" તખ્તનશીને પુછ્યું "શું છે?"

"આ જમાનાના ઓ શેહેનશાહ!" ગરીબ માણસે ઉતર વાલ્યો "મુજ કમતરીન તારી સેવામાં એક કમીની ભેટ લઇ આવ્યો છે, જે કબુલ કરશે તો મોટું હેશાન થશે. એ ભેટ કાંઇજ નહીં પણ દેશે દેશ મારી રખડ પછી તારાં શેહેરમાં ઠરીઠામ થયા પછીની મારી વાડીમાં પેહેલ વેહેલો ઉગાડેલો પાક છે, જે તું નામવરને અર્પણ કરવા માટે લઇ આવ્યો છું."

"તારી એ ભેટ કબુલ રાખવામાં આવે છે."

ઢાલ ઉંચકી પેલો શખ્સ સુલતાનની હજુર ગયો. ઘાસનું અછી રીતે વણીને કાઢેલું ઢાંકણ

સુલતાને પોતાને હાથે ઉંચકયું કે હાલી લીલા તાજા વટાણા અને બામીયહ યાને કાકડીઓથી ભરેલી જણાઇ. સુલતાને એક કાકડી લઇ તેનું 'ઝેર' કાઢી નખાવ્યું અને ખાધી તો પસંદ આવી: આથી બાકીની તેણે પોતાના જનાનખાનામાં મોકલી દીધી.

જનાનખાનાની બીબીઓને પણ તે બહુ પસંદ પડી. તેઓએ થોડીક ખાઇ ગુલામડીઓને બાકીની ખાવા આપી, જેઓએ ખાતાં કહયું: "માસલ્લા! એ મુસાફર માલીને સારી જેવી બક્ષીસ ઘટે છે." જનાનખાનાની નાજનીનો એ મતને મળતી થઇ અને તેઓએ ખાજાસરા મારફતે સો દીનારથી ભરેલી એક હેલી મોકલી, જેમાં સુલતાને બેવડી રકમ ઉમેરી પેલા શખ્સને આપી.

"ઓ દીલે હાતમ શાહ! મેં ઘણાએ સુલતાનો વગેરે મારી મુસાફરી દરમ્યાન જોયા છે, પણ આવી સાધારણ કાકડીની એક હાલ માટે ત્રણસો સોનાના સીક્કા આપતાં તો મેં તારા સીવાય બીજા કોઇને જોયો નથી; પણ હું ધારૂં છું કે મારી મેહેનતના પેહેલાં ફલ દાખલ તું મને એ આપે છે. ખેતીને ઉતમમાં ઉતમ વાજબી રીતે તું ગણતો હોવો જોઇએ: તેથી તારી તારીફ મેં જે સાંભળી હતી, તે સાચી નીવડેલી મારી ચશમો ચશમ હું અતી ખુશાલીથી જોઉં છું. અલ્લાહ તુંને લાંબી જીંદગી બક્ષે અને તારૂં રાજ વધુ અને વધુ બુલંદીએ પોંહોચે!"

સુલતાનને આ શખ્સના શબ્દો અને તેની બોલવાની ઢપ ઘણી પસંદ પડી અને તે મોટો મુસાફર હતો જાણી વધુ ખુશાલી ઉપજી.

"અય મર્દ! તારા કહેવા પરથી જણાય છે કે તું ઘણા દેશો ફરી વલ્યો છે."

સુલતાન! તારા પગના પુનથી મેં પુશકળ દેશો મહા રંજ ખેંચી જોયા છે."

"ત્યારે તો જુદા જુદા દેશોમાં તેં ઘણી નવી વારતાઓ અને કહાણીઓ વાંચેલી યા સાંભળેલી હોવી જોઇએ."

"હા, નામવર!"

"હું તે સાંભળી ઘણો ખુશી છું. મારી વહીવંચાઓની એક ટોળકી છે, તેમાં વાતો કેહેનાર અને વાંચનાર દાખલ રેહેવાની તારી મરજી છે?" સુલતાને પુછયું.

"સરો ચશમથી."

"ઠીક ત્યારે; હમણા તુંને જે રકમ મળી તે તારી બાયડી છોકરાં હોય તેને આપીને આવ અને દર રાતે દીવાનખાનામાં બીજા વહીવંચા ભેગો તું પણ અમોને અજબ કહાણી કીસ્સાઓ કહી સંભળાવજે. રીવાજ મુજબ એ કામ માટે આજથી તારો મુસારો ચાલુ થશે."

"આપ નામવરનો હું ઘણો હેશાનમંદ થયો છું. પણ મને આશા છે કે આપ જેહાંપનાંને બીજા વહીવંચાની વાર્તાઓ પેઠે મારી પણ પસંદ પડશે."

અને ચંચલ વાંચનાર! દીવસની હેજગારીથી હાકી જઇ આફતાબ આસાયસ લેવા મગ્રીબીના મુલકમાં જતો, ત્યારે સુલતાન પવીત્ર કુરાનનું ભણતર ભણીને તે બારે હકતાલાની દુવા ગુજારી ભોજન જમતો, ત્યાર પછી દીવાનખાનામાં વાત કેહેનારાઓની પોતીકી ખાસ ટોળકીને બોલાવતો. જેઓ, વાતો અને કહાણી કીસ્સાઓ કહી સંભળાવી હાજર રહેલાંઓને ખુશાલ કરતા અને સુલતાનની નોકરીમાંના મુટસદીઓ તે નોંધી લેતા હતા, જે આપણે નીચે પ્રમાણે વાંચી વાકેફગાર થઇશું.

પરસ્તાનની પરી યાને બોલકણું બુલબુલ.

એક બાદશાહને ત્રણ ફરઝંદ હતા, જેમાંના વડા બેટાએ લોકને મ્હોંથી સાંભળ્યુ કે ફલાણે ઠેકાણે "પોકાર કરતું એક અલ–બુલબુલ પક્ષી છે, જે તેની નજદીક આવતાં આદમીઓને પથ્થરના આકારમાં બદલી નાખેછે."

ગાદીવારેસ શાહજાદો આ વાત સાંભળી પોતાના પેદર આગળ વીચારવંત ચેહેરે ગયો અન બોલ્યો "અય પ્યારા પેદર! પેલાં કેહેવાતાં તીલસ્માતીક બુલબુલ પંક્ષીને તારી જનાબમાં હાજર કરવાની મારી ઇચ્છા છે."

"ઓ મારા દીકરા! એ તું શું બોલે છે?" બાપે ઠપકાની ઢપે વડા બેટાને ઉત્તર વાળ્યો "તું ફક્ત તારો પ્યારો પ્રાણ ગુમાવશે અને અમોને રંજીદાં કરશેઃ કારણ કે ભલા ભલા બાદશાહો અને સન્જાકો એ મધુર સ્વરી પક્ષીની ચુંગાલમાં ફસી પથ્થર સમાન થયા છે કે જે મર્દાને મર્દોની જીક્રમાં તું એક નજીવો જેવો છે."

"પેદર! હું તો જવા વગર રેહેવાનો નથી, અને જો તું ના કેહેશે તો હું આપઘાત કરીશ."

"ઓ મારા બેટા! તું નાદાન અને ઉછાછળો છે. આ દુન્યામાં અલ્લાહ સીવાય બીજો કોઈ શક્તીવાન નથી અને કરનાર તો તે પરવરદેગાર છે."

"આદમજાદને માટે મોત તો સરજેલું છેજ, પછી મોડું કે વેહેલ્લું; પણ મારી ઇચ્છા પુરી પાડવાની હું કોશેશ તો કરૂં."

"જ્યારે તું નથીજ માનતો ત્યારે હું લાચાર છું; હું હજુ પણ તુંને કહું છું કે એ ઠગી પક્ષીને હાથ કરવાના ફાંફાં મારવાથી તું હાથ ઉઠાવ. એનું ઘણુંજ બુરૂં પરીણામ આવવાનું."

"તમારા બોલવાથી મારીપર જરાએ અસર થવાની નથી."

"તો જા ઓ ઉછાછલા બેટા! તારી મુસાફરી માટે તૈયારી કરવા ફરમાબરદારોને હુકમ ફરમાવ, અને તારા હકમાં દુવા માંગવા મને નીમાજ પઢવા દે."

મુસાફરીની સઘળી સામગ્રી તૈયાર થઈ કે એ ગાદીવારસ શાહજાદો દુઃખીત મા બાપ, ભાઇઓ, અને દરબારીઓની રૂખસદ લઈ મેહેલમાંથી બાહેર નીકળ્યો, પણ નીકળવા અગાઉ વચલા ભાઈને પોતાની આંગળીએથી વીંટી કાઢી આપી કહ્યું "ઓ મારા ભાઈ! જ્યારે આ મારી વીંટી તારી આંગળીમાં દબાતી જણાય ત્યારે તું જાણજે કે મારા હકમાં કાંઈ બુરૂં બન્યું છે."

આથી વચલા શાહજાદાએ તે વીંટી પોતાના વડા ભાઈ પાસે લઈ પોતાની આંગળીએ પેહેરી તો તેને બંધબેસ્તી બળકે સેજ ઢીલી જણાઈ.

થોડા વખતમાં ગાદીવારસ શાહજાદો પેલાં તીલસ્માતીક બુલબુલને કબજે કરવાની હોંસમાં શેહેર છોડી ગયો.-

રંજની દરકાર કર્યા વીના હોંસમાં ને હોંસમાં તેણે ઘણીક રાત દીવસની મંજલ કાપી અને આખરે પેલાં જાદુઈ પક્ષીવાલી જગ્યાની ઘણો નજદીક જઈ લાગ્યો. હવે ફકટ એક દીવસની મુસાફરી બાકી રહી હતી. સમો સાંજનો હતો અને વળી તે વેરાન જંગલમાં એક મોટાં ઝાડના છાંયા હેઠલ એક ઝુપડું તેના જોવામાં આવ્યાથી ત્યાં ઠાક લેવાના ઇરાદાથી પોતાના અસપ પરથી ઉતર્યો. ઝુપડીમાં દાખલ થતાંજ એક અતિશય

જઈફ ફકીર પવીત્ર કોરાન ભણતો નજરે પડયો, જેના ચેહરેપર બુજરોગી પ્રગટી નિકળેલી હતી.

"અય પીર મરદ!" ગાદીવારેસ શાહજાદાએ સલામ કરી કહ્યું "આજની રાત તારાં મકાનમાં ગુજારવા ઇચ્છું છું."

"બેટા! ભલે પધાર!" ફકીર બોલ્યો "તારા દેખાવ પરથી તું એક ઉમરાવ દીસે છે, અને જો તુંને વાંધો નહી હોય તો આ વેરાન રસ્તે આવવાનો સબબ હું પુછું? કદાચ તુંને સારો રાહ હું દેખાડીશ."

"અય પીર મરદ! તીલસમાતી અલ–બુલયબુલને કબજે કરવા હું રંજ ખેંચતો અહીં તુલીક આવી લાગ્યો છું."

"મેં તેમ ધાર્યું હતુંજ; તારા જેવા કઇંક ઉછાછલા ગબરૂ જવાનો એ કામ માટે આવી ગયા, પણ, અત્યાર તુલીક મેં એકેને આ રસ્તેથી જીવતો પાછો ફરતો જોયો નથી. ખરૂં કહું તો મારા અહીં આવી વસ્વાની મતલબ એજ કે એ નાદાની ભર્યા કામથી હાથ ઉઠાવાવા તારા જેવા ઉછાછલા અને નાદાનોને સમજાઉં." પીર મરદે અતી ઘણી ગંભીરતાથી જણાવ્યું "કે જેથી ભવીસ્યમાં પેલી દુન્યામાં ખરૂં સુખ હાંસલ થાય: માટે ઓ મારા બેટા! મુજ કમતરીનની સલાહથી જેમ કેટલાક શયાના મર્દો પાછા વળ્યા, તેમાં એકનો ઉમેરો તું પણ કર, કે મને ખુસી ઉપજે."

"ઓ પીર મરદ! એ માટે તારો ખરાં દીલથી હું ઉપકાર માનું છું; પણ મેં જે ઠરાવ કીધો છે, તેથી હું હાથ ઉઠાવી શકતો નથી."

"અય બેસમજ બેટા! હજુ પણ સહમજ! મોતનો દેવ તુંને ખામખા લલચાવી પોતાના સપાટામાં લેવા ઇચ્છેછે અને તું શા માટે તારી અજલ નજદીક લાવવા માંગેછે? એનું પ્રબલ ઘણું છે, અને એ જાદુઈ પક્ષીનો સેતારો હજી બદલાયો નથી. બેટા! તારૂં મોત તુંને દોરવી લઈ જાયછે. એ કામ તારા જેવાથી બનેજ નહી."

"અય પીર મરદ! તારી ખેરખાઈ માટે ખરાં જીગરથી હું તારો ઉપકાર માનું છું, પણ મારો ઠરાવ હું ફેરવનાર નથી."

"ત્યારે ઓ કમનસીબ સખ્સ! તારા ઠરાવ પ્રમાણે આજની રાત અહીંજ તોડી પાડ, પણ સહવારના પહોરમાં તું કદાચ મને ભેટયા વગર ચાલી જાય માટે તુંને અત્યારથી ચેતવણી આપું છું કે એ જાદુઈ પક્ષી ગમે તેવું પણ પોતાના મધુર યા દયાલુ સ્વરથી તુંને બોલવા માટે લલચાવે, તોપણ આફતાબનાં કીરણો જ્યાં સુધી પશ્ચિમમાં દેખાય ત્યાં સુધી તારે એક હરફ વટીક બોલવો નહી. તું એક શબ્દ બોલ્યો તો તું પોતાને પથ્થર બનેલો જોશે."

"ત્યારે કોઈ મુંગાથીજ શું એ કામ થાય?" શાહજાદાએ સવાલ કીધો.

"નહી. એવાઓ જ્યારે ત્યાં જાય છે ત્યારે પક્ષી નજરે પડતુંજ નથી."

"પણ હું તારી સલાહ પ્રમાણે જબાબ આપીશજ નહી."

"એ વાકય હમેસાં હું સાંભળતો આવ્યો છું, પણ અત્યાર સુધી કોઇને પણ તે ઠરાવ પાળતાં મેં જોયો નથી; તેથી ઉલટું પોતાની હુલડાઈનો ભોગ થયેલા સર્વને મેં ઘણા અફસોસ સાથે જોયા છે. પણ ચાલ બેટા! હવે તું તારો સફર જોગો પોશાક ઉતાર અને આ ઝુપડી તારીજ સહમજ. મુંજ કમતરીનથી જે બનશે તે ખોરાક આ વેરાન જંગલમાં તારે માટે હાજર કરીશ."

"અય પીરોના પીર! મારી પર તારો અતી મોટો આભાર થયો છે; પણ એ જાદુઈ બુલબુલની આદત વીશે પુરતો વાકેફગાર થવા ઈચ્છું છું. મેં એની ટેવ વીશે તરેહવાર વાતો સાંભળી છે, પણ તું પીર મરદ સર્વે કરતાં વધુ જાણીતો જણાય છેઃ માટે પુછું છું."

'"અહીં આવનારાઓમાં તુંજ એક પેહેલો છે જેણે એ જાણવા માંગ્યું છે. તો સાંભળઃ એ જાદુઈ પક્ષી તેના પાંજરાં પર બપોરથી સાંજ સુધી ધરાકની રાહ જોતું બેસે છે, અને આફતાબ પશ્ચીમના બુરૂજમાં ગયા કેડે પાંજરાંમાં રાત ગુજારે છે. જો કોઈ એને પકડવાના ઈરાદાથી પાંજરાની નજદીક જાય છે તો તે પક્ષી ઉડી દુર બેસે છે અને સાંજને સમય પાંજરાનાં મથાલાંપર બેસી કરૂણારસીક સહાદે બુમ મારે છે કે "ઓ તું મીસ્કીન અને પાજી! મારી અરજ કબુલ નથી કરતો? 'બાટ! બાટ! જો બાટ!' (યાને 'આજ રાત અહીંજ ગુજાર!'). ઓ તું દાનેશમંદ અને હાતમ દીલના, મારી અરજ નથી સ્વીકારતો? 'બાટ! બાટ!' ઓ તું વીચારવંત અને ન્યાયી! 'બાટ!' મારી અરજ નથી સ્વીકારતો? 'બાટ! બાટ!' જરા તો બોલ! આવી કાકલુદીથી તેને પકડવા આવનારનું દીલ પીગલાવે છે અને જેવો તે ભોલાઇથી યા બેધ્યાનપણે 'બાટ!' શબ્દ બોલે છે કે પેલું ઠગારૂં બુલબુલ પાંજરામાંથી ખાકનો એક સહરૂકો લે છે અને કાતીલ 'બાટ' બોલનાર આદમના માથાં પર ઉડી ચાંચમાં લીધેલી ધુલ તેની પર છાંટે છે કે તરતજ માણસની સુરત બદલાઈ જઈ પથ્થર બની જમીન પર પડે છે."'

"ઓ પીર મરદ! તારી વાત જેટલી અજાયબીથી ભરપુર છે તેટલીજ ભયાનક છે. તોપણ હું મારો વીચાર હજુ બદલી શકતો નથી."

"જેવી અલ્લાહની મરજી!"

પરોઢયું થતાંજ પેલા પીર મરદના આશીશ સાથે ગાદી વારેસ શાહજાદાએ પેલાં તીલેસ્માતીક પક્ષીને પકડવા જવા ચાલુ મુક્યું, તે લગભગ સાંજને સમે તે ફાની જગ્યાએ જઈ પુગ્યો. અલ–બુલયબુલને પાંજરાં પર જાણે સીકારની રાહ જોતું બેઠેલું તેણે પેલા પીર મરદના જણાવ્યા પ્રમાણે દીઠું. તેને જોતાંજ પક્ષી બોલ્યું "ભલે પધારો! તમારાં કદમે આ જમીન પવીત્ર કીધી છે."

શાહજાદાએ એનો કસો ઉત્તર વાલ્યો નહી.

"બોલતા કેમ નથી!"

શાહજાદાએ ચુપકીદી અખત્યાર કીધી.

"ત્યારે તો ઓ તું મીસ્કીન અને પાજી મર્દ! મારી અરજ કબુલ કર. બાટ! બાટ!"

પણ શાહજાદાએ ત્યાં રાત ગુજારવાને કબુલ કીધું નહી, અને ગુપચુપ પક્ષી ભણી જોયા કીધું.

"અરે તું શયાનો થઈ અને હાતમ દીલ ધરાવી મારી અરજ કબુલ નથી કરતો? મેં શું તારૂં બગાડયું છે કે આજની રાત અહીં તોડી પાડવાની કબુલાત તું આપતો નથી? જો બોલ! જરા તો બોલ! બાટ! બાટ! બાટ!"

એનો કાંઈજ ઉત્તર શાહજાદાએ વાલ્યો નહી.

"અરે! સઘળાં પશુ પક્ષીઓ પર આદમી હાકમી ભોગવતું ગણાયલું છે, અને તું જોરેમંદ આદમ થઇને મારાં જેવાં એક તુચ્છ પક્ષીથી બીહે છે? ઓ હીચકારા! 'બાટ!' શબ્દ બોલવાની પણ તારાંમાં હીમ્મત નથી! ઓ બાયલા!"

આ સાંભળી હમેસની ટેવ મુજબ ઉછાછલો શાહજાદો ગુસ્સો તામેસ કરી શક્યો નહી અને બોલ્યો "લે, બાટ!"

આ શબ્દો જે વખતે બોલ્યો તે વખતે સુરજ અસત પામવાની લગોલગ હતો. એ સાંભળી ખુશાલીથી પક્ષીએ ચાંચમાં ધુલનો સહરકો લીધો અને શાહજાદાનાં માથાં પર ઉડી પેલી ધુલ ઉડાડી કે એક પલમાં શાહજાદો પથ્થર બની ભોંયે પટકાયો. એજ ઘડીએ મેહેલમાં તેના ભાઇની આંગળીમાં ખોસેલી વીંટી નાની થઇ, જે જોઈ તે શાહજાદો રડી બોલ્યો "મારા વડા ભાઈની હૈયાતી આ ઘડીએ ખતમ થયલી હોવી જોઇએ. અરે ઓ પક્ષી! ઓ નાતરસ અલ–બુલબુલ! શું તુંને જેર કરનાર એવો કોઈ ખોદાનો લાલ હજુ નથી મળ્યો? ચાલ હુંજ જઈ એનો મરડાટ તોડું, અને જોઉં કે મારા ભાઇની શી હાલત થઈ છે?"

બીજે દીને તે પોતાના બાપ આગળ ગયો અને બોલ્યો "ઓ પેદર! મારા ભાઇને સોધી કાહાડવાનો મારો ઈરાદો છે."

"અરે મારા બેટા! એ તું હમણા શું બોલ્યો?" જઈફ સુલતાને કહ્યું. "અલ્લાહ ન કરે ને જો તું પણ તારા વડા ભાઇના ફેજે પોંહોંચે તો તમો બન્ને દીકરાઓનો ગમ મારેથી કેમ સેહેવાશે?"

"બીજો કાંઈ ઉપાયજ નથી. મારા ગુમ થયલા વડા ભાઈની ખોલ કાઢયા વગર મને ચેન પડવાનું નથી. ચીતા કરતાં ચીંતા કઠણ! મારે મુસાફરીએ નીકળવુંજ જોઇએ."

"તમે બન્ને બોંહોંસીલા છો. એ કે એનું પરીણામ જોયું અને તે છતાં તું શા માટે બીન જરૂરે મોતનાં મ્હોમાં જાય છે?"

"નહી! હું જવાનો અને ફર જવાનો."

"લાચાર!"

મુસાફરીની તૈયારી કરવાનો દરબાર તરફથી હુકમ નીકલ્યો અને મુસાફરીની જરૂરયાત ચીજો અને બગડે નહી એવું ખાવાનું લઈ, નાના ભાઈને પેલી વીટી આપી, મળી ભેટી આ બીજો શાહજાદો જાદુઇ પક્ષીને હાથ કરવાની હોંસમાં અને હોંસમાં બાહેર પડયો.

રાત દીવસની હાડમારી ભોગવતો ઘણે દીને જાદુઈ પક્ષીવાલી જગ્યાએ બપોર પડવાની આગમચ જઈ પોંહોંચ્યો. તેણે જાદુઈ બુલબુલને જાણે તેનીજ રાહ જોતું ઘણે ઉંચે બેઠેલું જોયું. સૂર્ય મધ્યાનમાં આવતાંજ તે પક્ષીએ જગ્યા બદલી અને પાંજરાંની લગભગ નજદીક આવી બેઠું, પણ મગરેબનો વખત થવા આવતાંજ બુલબુલે પાંજરા પર બેઠક લીધી અને શાહજાદાનું દીલ પીગલાવવા શરૂ કીધું.

"અય કમીના, અરે ઓ મીસ્કીન! 'બાટ! (યાને આજની રાત અહીંજ ગુજાર.) બાટ! બાટ!' બોલ. અરે તું મુજની અરજ કબુલ નથી કરતો! તું દાનેશમંદ અને દયાલુ કેહેવાય છે તો મુજ હાલત પર દયા કરી કહે કે 'બાટ!' અરે ઓ આદમ! એમાં તે શું વીચાર કરવાનો હોય? ફકટ 'બાટ' કહે કે મારાં જીવને ધીરજ આવે."

શાહજાદાથી એ પક્ષની કાકલુદી હવે વધુ વાર ખમાઈ નહી અને તેનેથી જેવો 'બાટ' શબ્દ બોલાઈ ગયો કે તુરતજ ખુશાલીથી પક્ષીએ ચાંચમાં ધુલ પકડી અને શાહજાદો ખસી જાય તે અગાઉ તો તેના માથાંપર તે જાદુઈ ધુલ નાખી કે એ આદમી તુરત પથ્થર થઈ ત્યાંનો ત્યાંજ પડયો.

આ વખતે નાનો ભાઈ મેહેલના દીવાનખાનામાં પોતાના પેદર સાથે ભોજન લેતો હતો, તેટલાં પેલી ચમત્કારી વીંટી નાની થઈ અને જાણે આંગલીમાં બેસી જતી હોય એવી લાગણી શાહજાદાને થઈ. છલાંગ મારી તે ઉઠયો અને બાગે બુલંદ બોલ્યો "અલ્લાહ સીવાય બીજો કોઈ કર્તા નથી અને તેનીજ મદદથી હું હેરેમંદી અસર તોડીશ!'

"બેટા! શું છે? એ તું શું બોલે છે? એની મતલબ હું મુદ્દલ સમજતો નથી."

"યા અલ્લાહ! મારા બન્ને વડા ભાઇઓનું આવી બન્યું છે, અને તેઓની શોધમાં મારે જવુંજ જોઈએ. મને તો લાગે છે કે અલ્લાહનું નામ મ્હોં પર લઈ એમનો હું છુટકારો કરી શકીશ. હા! મારે જવુંજ જોઈએ, અને એ જાદુગર પક્ષીનો તોર તોડવોજ જોઈએ કે બીજાઓ વધુ હેરાન થતા અટકે."

"અરે બેટા! તું દાનેશમંદ કહેવાય છે, અને આ તું શું બોલે છે? તું પણ જો મરણ પામ્યો તો પછી મને દીલાસો દેનારૂં કોણ રહેશે? માટે ધીરજથી વીચાર કર!"

"પેદર! મારૂં કામ ફતેહમંદ નીપજે, એવી દુઆ માંગવા ફકીરોને બોલાવી ખેરાત કરો અને ખવાડો, અને મીસ્કીનોને કપડાં પૈસા વગેરે આપો કે તેમની દુવાથી અને તે પરવરદેગારની મદદથી હું હસ્તો રમતો મારા ભાઈઓ સાથે તારી હજુર આવું. મારા ભાઇઓનું શું થયું છે, તે મારે જાણવુંજ જોઈએ."

સુલતાનને આથી શાહજાદાના કહેવા મુજબ કરવાની ફરજ પડી અને ખેરાત વગેરે છુટે હાથે કરી સામાને સફર તૈયાર કરવાનો હુકમ ફરમાવ્યો.

પોતાનાં રડમસ થયલાં માદર તથા પીદરને મળી ભેટી અને આખાં શેહેરની ભલી દુવા સાથે આ નાનો શાહજાદો મુસાફરીએ નીકળી પડયો. દરબાર અને શેહેરનું લોક તેને પાદર વેર વલાવવા ગયું. આખી રાત શાહજાદાના માબાપે રડવામાં ગુજારી.

રંજની પરવા કર્યા વગર રાત દીસ તેણે મુસાફરી કરવી ચાલુ રાખી; ફક્ત જરૂરની ઠાક ખાવાજ તે ઠોબતો. આખરે તે પેલી જાદુઈ બુલબુલવાલી જગ્યાએ ભર બપોરના જઇ લાગ્યો; જ્યાં તેણે પથ્થરોના પુશકલ ઢગો જોયા.

"એમાંના એમાં મારા ભાઈઓનો જીવ હોવો જોઇએ." તે વમાસ્યો.

સાંજને છેડે આફતાબ આસાયસ લેવા બુરજમાં જવાની તૈયારી કરતો હતો, તે વખતે નીયમ મુજબ બુલબુલ પાંજરા પર આવી બેઠું અને આગળ જણાવ્યા મુજબનાં વાકયો કરગરીને મધુર સ્વરે બોલવા લાગ્યું. પણ આ શાહજાદાએ મક્કમ ઠરાવથી તેનો જરાએ ઉત્તર વાલ્યો નહી. પક્ષી હવે વધુ મીનતજારી કરવા લાગ્યું, છતાં શાહજાદા પર કસી અસર થઈ નહી. આફતાબનું છેલ્લું કીરણ આ ધરતી પરથી જતું જોવાની અધીરાઇથી તે રાહ જોતો હતોઃ કારણ કે દંતકથા મુજબ એ પક્ષીના તલેસમનો પરદો એ રીતથીજ ખુલ્લો થઇ જવાનો હતો.

આખરે આફતાબનું છેલ્લું કીરણ ગુમ થયું કે જાદુઈ અલ-બુલયબુલ ઘણી આનાકાનીએ પાંજરામાં દાખલ થયું, કે તરતજ શાહજાદો ઉઠયો અને બારણું બંધ કરી પક્ષીને પાંજરામાં કેદ કરી લીધું; જે જોઇ બુલબુલ બોલ્યું: "સેતારો આ ઘડીથી બદલાઈ ગયો. જાદુઇ અસર તુટી ગઇ, ઓ શાહજાદા! એ મહાભારત કામ તેંજ બજાવ્યું છે."

"અલ્લાહે સરજેલાં આદમીઓનું તેં શું કીધું તે મને જણાવ?"

"મારી નજદીકમાં રાખના જે બે ઢગ છે તે તું જોઃ એક સંફેત છે અને બીજો આસમાની છે. બીજો જાદુ કરવામાં કામ લાગે છે, જ્યારે પેહેલો તેની અસર તોડી નાખે છે."

શાહજાદાએ આથી થોડીક સફેદ રાખ હાથમાં લીધી અને આસપાસ પથ્થરો પર નાંખતાં કહ્યું "અલ્લાહની મદદથી તમારા અસલ આકારમાં બદલાઈ જાવો!" જેવો છેલ્લો શબ્દ તેના મુખમાંથી બાહેર પડયો કે જે પથ્થરો પર જાદુઇ સફેદ રાખ પડી હતી તેઓએ માણસાઈ અવતાર તુરતજ ધારણ કીધો, જેઓમાં શાહજાદાઓ અને સુલતાનો, વજીરો, બાદશાહો અને ઉમરાવોના છોકરાઓ ઉપરાંત તેમના વડા ભાઇઓ હતા. તે સઘળાઓએ માણુસાઈ હાલતમાં પાછા લાવનાર શાહજાદાને નમન કરી ઉપકાર માન્યો અને તેને મુબારકબાદી આપવા લાગ્યા.

"મારા વીચાર મુજબ ઘણું ખરૂં આ જગ્યાએ એક શેહેર હશે, પણ જાદુથી આ પ્રમાણે એની હાલત હોવી જોઈએ." એકે બીજે દીને પોતાનો વીચાર શાહજાદાને જણાવ્યો, આથી શાહજાદો પેલી સફેદ રાખ આગળનીજ પેઠે વાકય બોલી છાંટતો ગયો તો પથ્થરોના ઢગોને જગ્યે મોહોલ્લાઓ સાથે માણસો પેદા થયાં, અને થોડાક વખતમાં તો ત્યાં એક મોટું શેહેર થયલું જણાયું. સઘળાંઓ પોતાનો છુટકારો કરનાર પર બક્ષેસોનો વરસાદ વરસાવવા લાગ્યાં. પણ જ્યારે બન્ને વડા ભાઈઓએ જાદુઈ બુલબુલ પોતાના નાના ભાઇના હાથમાં સપડાયલું જોયું ત્યારે તેમને ઘણી અદેખાઈ ઉપજી, તેમાં શેહેરીઓ તરફની ભેટ સોગાદો અને માનપાનથી ઘણો ઉમેરો થયો. બન્ને જણા આથી નાના ભાઈને મારી નાખવા માટે પ્રપંચ રચવા બેઠા, પણ નાના ભાઇને તે માટે શક વટીક ગયો નહી હતો.

તે રાત પણ ત્યાંજ તોડી પાડી ત્રીજે દીને નાના શાહજાદાએ ભેટ સોગાદ, ઊંટો ઘોડાઓ, અને ગુલામો સાથે ત્યાંથી ઉઠાંગરી કીધીઃ કારણ કે તે રાતે સ્વપ્નામાં તેણે એક ચેહેરે નમુન બે પાંખવાલી પરીને ઉડતી પોત આગળ આવતી જોઇ. (જુઓ ચીત્ર). આ પરી તેના બીછાના આગળ અદ્ધર ઉભી રહી બોલી "ઓ શાહજાદા! પેહેલે તો હું તુંને મુબારકબાદી આપું છું કે તેં જાદુનું બળ તોડયું. પણ તું અહીં એશઆરામ કરે છે, જ્યારે તારાં માબાપ તારે માટે વીલાપ કરે છે, તે તું જાણે છે? માટે તારાં કદમ પાછાં તારા અસલ મેહેલ તરફ ફેરવ. પણ હું અહીંથી વીદાય થાઉં તે અગાઉ તુંને ચેટવણી આપું છું કે તારી મુસાફરી દરમ્યાન તારી ચશમ તેજદાર રાખજે, અને બુલબુલની વીંટી જીવની માફક સંભાળજે." આ સ્વપ્નું જોઈ નાનો શાહજાદો ચમકી ઉઠયો તો પરસ્તાનની હુરી ગેપ થયલી જણાઈ. તોપણ માદર પેદર ખરેખર ચીંતા કરતાં હોવાંજ જોઇએ એવા વીચારથી તે ઉતાવળે મુસાફરી કરવા તૈયાર થયો હતો.

ત્રણે ભાઈઓએ રાચરચીલાં અને રસાલા સાથે રાત દીવસ મુસાફરી ચાલુ રાખી, અને તેમના અસલ શેહેરની ઘણા નજદીક જઈ લાગતાં સાંજનો સમો થતાં એક ખુલ્લાં મેદાનમાં નાના શાહજાદાએ છાવણી નાખવા નોકરોને હુકમ ફરમાવ્યો. બન્ને વડા ભાઈઓએ પોતાના તેમજ તેમના નાના ભાઈના તંબુઓ એક કુવા નજદીક છોકાવ્યા, એવું નાના ભાઈને કહીને કે એ જગે ઠંડક વધુ હોવી જોઇએ. સઘળાઓ વગે સગે થયા પછી રાબેતા મુજબ નમાજ પઢવામાં આવી અને ખાધા પીધા પછી નીંદ્રાદેવીને વશ થવા સઘળાઓ સુતા.

મધ્ય રાત્રીનો વખત થયો અને બન્ને વડા ભાઈઓની પોતાના નાના ભાઇની ભરઉંઘ વીશે ખાતરી થઇ કે તેઓ ધીમે પગલે ભરઉંઘમાં પડેલા નાના ભાઈ આગળ ગયા અને તેના મ્હોમાં ડુંચો ખોસી એક સપાટે ઉંચકી લઇ જઈ પાસેના કુવામાં ફેંકી દીધો. આ બનાવ બીજા કોઇના જોવામાં યા જાણુવામાં આવ્યો નહીં.

નવી અરેબ્યન વાર્તાઓ.

તે રાતે સ્વપ્નામાં તેણે એક ચેહેરે નમુન બે પાંખવાળી પરીને ઉડતી પોતા આગળ આવતી જોઇ.



B. B. Mehta.] [*Gaiety Theatre.*

બીજે દીને આફતાબના દરશન થતાંજ તેઓ તંબુ બાહેર આવ્યા અને બેદરકાર ઢપે નોકરોને મુસાફરી ચાલુ રાખવાની તૈયારી કરવા હુકમ ફરમાવ્યો.

"પણ અમારો માલીક શાહજાદો કયાં છે?" કેટલાક નોકરોએ જાણવા માંગ્યું.

"તખ્તવાનમાં સુતેલા છે."

આ જવાબ સાંભળી સઘળા મુસાફરી ચાલુ કરવાની તૈયારી કરવા લાગ્યા, અને બન્ને ભાઇઓએ પોતાના બાપ પર તેમના આવી પુગ્યાની ખબર એક કાસદ મારફતે પુગાડી. સુલતાન અને તેમના દરબારીઓ ખુશાલીથી સઘળા તેમને એસતેકબાલ લેવા આવ્યા અને સઘળું સરઘસ હવે શેહેર તરફ જવા લાગ્યું. રસ્તે સુલતાનના જોવામાં જાદુઈ બુલબુલ સાથનું પાંજરૂં આવ્યું, જે ખુશી સાથે જોઈ પોતાના બેટાઓને તેણે સવાલ કીધો "એના તમે કેવી રીતે ધણી થયા? પણ તમારા નાના ભાઇની કાંઈ ખબર?"

"અમે ઘણી હીકમતથી એ પક્ષીને પકડયું અને અહીં લઈ આવ્યા, પણ અમારા નાના ભાઈ વીશે અમોને કાંઈ ખબર નથી."

"પણ મુસાફરી દરમ્યાન તમારા એ ભાઇની સફર વીશે કાંઈ ખબર તો સાંભળવામાં આવી હશે?" બાપે સવાલો પુછવા જારી રાખ્યા. "શું તમોએ એને વીશે ખોળ નહી કીધી?"

"પેદર! એક રાહદારીને મુખથી સાંભળ્યું હતું કે તેણે અમારા ભાઈને કાંઈ બીયાબાન જંગલમાં જતાં જોયો હતો."

"અલ્લાહ સીવાય બીજો કોઇ શક્તીવાન નથીઃ માટે તેની પરજ આધાર રાખવો ઘટે છે." સુલતાન બોલ્યો, અને દલગીરીથી હાથ પર હાથ અફાલવા લાગ્યો.

હવે આપણે પેલા નાના શાહજાદા તરફ નજર ફેરવ્યે. તેનાં મ્હોમાં ડુચો મારી તેને કુવામાં નાખી દેવાની બીના આપણે જાણી ગયાં છઇએ. ઉંડા કુવાને તળીએ જતાં પુર જાગૃત થઈ તે મનમાં બોલ્યો. "કલમાટુ લ્લહઃ અલ્લાહ પરજ મને વીસવાસ છે!"

અને કલમકસો લખી ગયા છે કે એ પવીત્ર વાકયને લીધે તે પેલા ઉંડા કુવાના પાણીની સપાટીપર કસી પણ ઇજા વગર જઈ લાગ્યો, તો સપાટી બરાબર કુવાના એક ભાગમાં તેણે ભોંયરા રોકી જગ્યા જોઇ, જેમાં તે ચઢી બેઠો; નહીતર ઉંડાં પાણીને લીધે ડુબી મુઓ હતે. તેણે હવે ડુચો કાઢી નાખ્યો.

આ ગોખલામાં ઠરીઠામ થતાંજ તે બોલ્યો "અલ્લાહના હાથમાંજ મારો મુકદમો સોંપું છું, કે જે સર્વેનો વાજબી ન્યાય તોલનારો છે. મેં મારા ભાઈઓને માટે મુસીબત ખેંચી તેમનો છુટકારો કીધો તો તેઓએ મને આ બદલો આપ્યો. ઓ દગલબાજ અને મતલબી દુન્યા! તારી ધરતી પરથી ફરેબ કયારે દુર થશે?"

ત્યાર પછી પોતાની છાતીપર સંતાડેલી પેલાં પક્ષીએ આપેલી વીંટી તપાસી, કે જેને ઢાવી રાખવા પેલી પરસ્તાનની દેવીએ ઉંઘમાં તેને આગ્રહ કીધો હતો. આ વીંટી હવે તેણે દીલાસો લેવા પોતાની આંખમાં દાબી તો તરતજ તેણે પોતાથી થોડે દુર કુવામાં બે જણ વચ્ચે વાતચીત થતી સાંભળી.

"અરે ઓ સીરના સીહા! આપણી વચ્ચે આજે એ કોણ આવ્યું છે?" અવાજ સંભળાયો.

"અલ્લાહની મદદથી હું જાણું છું કે એ સુલતાનનો લાડકો પણ નાનો બેટો છે. એણેજ પોતાના ભાઇઓને જાદુઇ અસરમાંથી છોડવ્યા હતા, પણ તેઓએ બેવફાઇથી એ જયારે ઉંઘમાં ગીરફતાર થયો હતો ત્યારે આ કુવામાં એને ફેંકી દીધો; તોપણ એ

શાહજાદાના સારાં નસીબે એની પાસે બુલબુલે આપેલી વીંટી છે, તે જો એ એના હોઠ-પર ઘસશે તો એ જે માંગશે તે મળશે." બીજાનો ઉતર સંભલાયો.

"એ વીંટીનો તીલેસમ અજમાવી જોવામાં કાંઈ હરકત નથી." શાહજાદાએ વીચારયું, અને તેણે અલ્લાહનું નામ મ્હોંપર લઈ પેલી વીંટી હોઠ સાથે ઘસી તો પેલી સ્વપનામાં જોયલીજ પરી હાજર થઈ અને બોલી: "આહાહા! સુલતાનના એ લાડકા શાહજાદા! મારી તુંને ગરજ પડી ખરી! આ કુવામાં તું આવી પડયો તે માટે તુંને પોતાનેજ દોશ ઘટે છે. મારી બે ચેતવણી પર તેં અમલ કીધો, તો ત્રીજી પર (મુસાફરી દરમ્યાન ખુબ નેગાહ રાખ) શા માટે નહીં કીધો? પણ બન્યું તે બન્યું. બોલ તું શું માંગે છે?"

"એ ભલી પરીઝાદ! હું માંગું છું કે તું મને આ કુવામાંથી બાહેર કાઢે અને ગુલામ ગુલામડીઓ તથા કીમ્મતી અસબાબ, તંબુઓ, વગેરેનો મને માલીક બનાવે."

"હાજીર! પણ તુંને એક દીવસની મંજલ પાછી કાપવી પડશે: કારણ કે ચોક્કસ સબબ સર મને તુંને પાહાડે આસમાન પર જવા મારાં ગુલામને હુકમ કરવો પડશે."

"આ ખાકસાર તારો નોકર છે."

પેલીએ આથી બે આંગલી હોઠમાં પકડીને અજબ જેવા સાહાદની સીસોડી ફેરી કે એક જીન કુવાના પાણીની સપાટીપર હુકમની રૂપે ઉભેલો જણાયો.

"આ શાહજાદાને ઘણી સંભાલથી પાહાડે આસમાન પર લઇ જા, અને ત્યાં મુસાફરી કરવાને તૈયાર થયલી ટોળકી જે છે તેનો માલીક એને ઠેરવી આવીને સેતારે અલ-બુલયબુલમાં મને ખબર આપવા હાજર થજે." પરીએ ફરમાવ્યું.

"જેવો હુકમ!"

"ઠીક!" એટલું બોલી, શાહજાદા તરફ જોઈ હસીને પેલી પરી ઉડી ગઈ.

જીન અદબ બજા લાવી પાણીની સપાતી પર શાહજાદાના હુકમની રાહ જોતો ઉ-ભોજ રહ્યો. ચાર પાંચ પલ પેલી પરીના ધ્યાનમાંને ધ્યાનમાં શાહજાદો બેસી રહ્યો અને આખરે જીન નજરે પડયાથી બોલ્યો "પરીઝાદનો હુકમ તેં સાંભળ્યો છે?"

"તું કેહે તે વખતે બજા લાવવા ઉભો છું."

"ત્યારે ચાલ!"

જીન પોતાની પીઠ પર બેસાડી તેને કુવામાંથી લઇ ઉડયો, તે પાહાડે આસમાનના સીખર પર લઈ જઇ તેને મેલ્યો, જ્યાં તેના હુકમ હેથળ તૈયાર રહેલી એક ટોળકી શાહ-જાદાએ જોઇ, જે ખુબસુરત ગોરી ગુલામડીઓ, કાળા ગુલામો, ઉંટો, ઘુંડાઓ, તંબુઓ, જવેરાત, અને કીમ્મતી સર સામાનથી બનેલી તેના જોવામાં આવી. એક પલના પલકા-રામાં આ સઘળું બન્યું હતું.

શાહજાદાને જોતાંજ સર્વે ગુલામ ગુલામડીઓએ નમન કીધું, અને સહવાર પડતાં શાહજાદાએ પોતાના બાપના શેહેર તરફનો રસ્તો પકડવા મુસાફરી ચાલુ કીધી. આખા દીવસની હેજગારી પછી સાંજને છેડે પેલાજ કુવા આગળની જગ્યાએ તે પોતાના આ નવાં માણુસ સાથે જઇ પહોંચ્યો. તેણે એ જગ્યાએ છાવણી નાખવા હુકમ કીધો, અને રાત રંગ રાગમાં ગુજારવા ફરમાવ્યું. તંબુઓ પર અને છાવણીવાળી જગ્યા આસપાસ વાવટાઓ ટાંગવામાં આવ્યા, જે પવનના સપાટાએ ફડફડ ઉડવા લાગ્યા. બાવરચીઓ તરેહવાર સ્વાદીસ્ત વાનાંઓ પકાવવામાં રોકાઇ ગયા. તંબુરા, પીપોડી વગેરે વાજીંત્રોના ખુશ સાહાદોથી આસપાસની જગ્યા ગાજી રહી: મસાલો પણ મોટી સંખ્યામાં રોશન કરવામાં આવી.

જ્યારે શેહેરના લોકોના જોવામાં રોશની, તંબુઓ, વગેરે જોવામાં આવ્યું અને રંગ રાગનો અવાજ તેમને કાને પડયો, ત્યારે તેઓએ અટકળ કીધી કે એકાદ સુલતાન મુસાફરી કરતો ત્યાં જઇ લાગ્યો હતોઃ આથી તેઓમાંના થોડાકો પોતાના સુલતાન આગલ ગયા અને મેદાનમાં છાવણી નાખી પડેલી ટોળકી વીશે તેને વાકેફ કીધો. પણ અલ્લાહનું ચાહવું એવું થયું કે એ ખબર સાંભળતાંજ સુલતાનનાં બદનમાં ઓર તરેહની ખુશ લાગણી થવા લાગી, જે જોઇ તે બોલ્યોઃ "અલ્લાહ સૌથી મોટો છે. મને ખુશખુશાલી લાગે છે, પણ શાથી તે મને માલમ નથી. મારૂં હૈયું મને જણાવે છે કે 'ખુશ ખબર સાંભળવાને તૈયાર થા,' કે જે શબ્દો આપણા પવીત્ર દફતરમાં નોંધાયલા છે. પહોર ફાટવા અગાઉ આપણે એ નવા આવનારાઓને એસ્તેકબાલ લેવા જઇશું: માટે દરબારીઓએ અને આમ લોકે કાલે સહવારે તૈયાર રહેવું."

બીજે દીને પહોર ફાટયાની આગમચ ઉમરાવો, દરબારીઓ અને આમ સાથે ઠાઠમાઠથી સુલતાન પેલા અજાણયા છાવણી નાખી પડેલાઓને એસ્તેકબાલ લેવા ગયો. રાત્રીએ એ નવા કોણ છે, તે જાણવા માટે સુલતાને પેગામચીઓ છાવણીમાં મોકલ્યા હતા; પણ જવાબ મળ્યો હતો કે 'માલીક સુતેલા છે અને તેવણજ જવાબ આપે: માટે ગમે તો કાલે તમારે આવવું.'

સુલતાનની સ્વારી છાવણી નજદીક જઇ પહોંચતાંજ સર્વ ઘોડા અને ઉંટો પરથી ઉતરીને પાળે પ્યાદા થયા; શાહજાદાના નોકરો બા આબરૂથી તેમને સામે લેવા ગયા અને સઘળાઓને મોટા સામ્યાનામાં દાખલ કીધા તો એક કીમ્મતી તખ્ત પર તેઓએ એક મર્દને બેઠેલો જોયો. આ મર્દ તે પેલો શાહજાદો હતો, જે પોતાના પેદરને જોતાંજ તખ્ત પરથી નીચે ઉતર્યો અને પોતાના પેદરને સામો લેવા ગયો. બાપે પોતાના ગુમ થયલા આ લાડકા બેટાને તેના વીચીત્ર કીમ્મતી પોશાક છતાં પીછાણયો, અને ખુશાલીનાં આંસુ સાથે તેને પોતાની છાતીએ દાબ્યો. આ દેખાવ જોઇ હાજર રહેલી સઘળી આંખ્યોમાંથી પાણીની ધારા ખુશાલીથી વહેવા માંડી. ટુંકમાં ત્યાંનો તે વેળાનો દેખાવ ઘણો કરૂણા રસીક બન્યો હતો.

પણ સુલતાનની ખુશાલીનો પાર રહ્યો નહી, અને તે બેસુદ્ધ થઇ પોતાના ફરજંદના હાથમાં પડયો. ગુલાબપાણી વગેરેથી સુલતાનને હુસ્યારીમાં લાવવામાં આવ્યો. સુલતાને ત્યાર પછી પોતાના બેટાથી તેની મુસાફરીમાં બનેલી વીગત જાણવા માગી, જે સાંભળી સુલતાન ઘણોજ અજબ અને ગુસ્સે થયો. પોતાના નાના ફરજંદ પર આવો સીતમ ગુજર્યો, તે તેના ખ્યાલમાં પણ નહી હતું.

જેવો હેવાલ પુરો થયો કે તે વીસાલ સામ્યાનામાં કાંઈ ગડબડ સંભલાઈ. દાખલ થવાના માર્ગ પર સઘળાઓની નજર ગઈ તો બન્ને વડા સાહજાદાઓ પોતાના રસાલા સાથે ત્યાં મોડા આવી લાગ્યા હતા.

સેજ પણ ખ્યાલ વગર વડા ભાઇઓ સામ્યાનામાં પેઠા તો ખરા, પણ તેઓએ જ્યારે પોતાના નાના ભાઇને જીવતો જાગતો પોતાના પેદર સાથે ખુશાલ બેઠેલો દીઠો, ત્યારે તેઓ હેરત સાથે હેરાન રહ્યા.

સુલતાનની નજર જેવી આ બન્ને શાહજાદાઓ પર પડી કે તે ગુસ્સા ભેર પોકારી ઉઠયોઃ "ઓ બેવફાઓ! આ તમે શું હેવાનતી કામ કીધું? ઈનસાફને ખાતર તમોને ગરદન મારવાજ જોઇએ."

"અય પ્યારા પેદર! ગુસ્સો તામોસ કરો." નાનો બેટો બોલ્યો "માણુસ જ્યારે એવાં કામો કરે છે, ત્યારે તેમને ખ્યાલ વટીક હોતો નથી. સૈતાન તે ઘડીએ તેમને પોતાના કાબુમાં રાખે છે, પણ જ્યારે ખોદાઈ શકતી પાછી ફાવી નીકલે છે, ત્યારે એજ માણસો પશ્ચાતાપ કરે છે, અને પોતે શા માટે ગુનાહો કીધા, તે માટે તેઓ અજબ વટીક થાય છે કે તેઓથી એ ગુનાહો થઈ કેમ ગયા. મારોજ દાખલો લેવો. જો મેં પેલી પરીઝાદની આજ્ઞા પર અમલ કરી બારીક નેગશહ રાખી હતે તો આ મારા ભાઈઓને મને કુવામાં નાખવાનો વીચાર પડતો મેલવો પડતે. માટે અય પેદર! આદમ ભુલને પ્રાપ્ત છે, અને દરેક આદમની ફરજ છે કે બીજાના ગુનાહ પર દયાની નજરે જોય."

આથી બન્ને શાહજાદાઓને માફી બક્ષવામાં આવી, અને સુલતાને તે દીવસ તેજ જગ્યા પર રંગ રાગમાં ગુજારવા હુકમ કીધો.

આખો દીવસ એ રવેસે ગુજારવા બાદ સાંજને સમે સઘળાંઓ શેહેરમાં ભારે ધામધુમ સાથે દાખલ થયાં અને તે રાતે આખાં શેહેરમાં રોશની કરવામાં આવેલી તરાહીત મુસાફરોના જોવામાં આવી.

"પેદર! પક્ષી ક્યાં છે?" મેહેલમાં દાખલ થતાંજ નાના શાહજાદાએ પોતાના બાપને આતુરતાથી પુછ્યું.

"બેટા! એ પક્ષી મેહેલના દીવાનખાનામાં હોવું જોઇએ: કારણ કે તુંને ભેટવા નીકળતી વેળા એ પક્ષીને મેં ત્યાં જોયું હતું. ચાલો, આપણે તે જોવા જઈએ."

તેઓ હવે દીવાનખાનામાં દાખલ થયા તો તેમની ઘણી અજાયબી વચ્ચે પાંજરૂં જેમનું તેમ મજબુત બંધ છતાં પક્ષી ગુમ થયલું જણાયું.

સુલતાન આથી દીવાનખાનાના રખેવાલોને તેમની બેદરકારી માટે ગરદન મારવાનો હુકમ ફરમાવવા જતો હતો, તેટલાં રખેવાલોએ આજીજી કરી કહ્યું "ઓ દયાવંત સુલતાન! ગુસ્તાખી માફ છે! એક અજબ બનાવ બન્યો છે. જેવા આપ નામદાર દીવાનખાનામાંથી ગયા, તેવુંજ પેલું અલ બુલબુલ નાચવા અને કુદવા લાગ્યું અને પછી મધુર સ્વરે બોલ્યું 'ઓ તમો ફરમાબરદારો! તમારા માલીકને કેહેજો કે પેલી પરસ્તાનની હુરી કોઈજ નહી પણ હું પોતે હતી, અને આ ધરતીપર રેહેવાનો મારો વખત પુરો થયાથી હવે પરસ્તાનમાં હું પાછી જાઉં છું.' એટલું બોલી અમારાં દેખતાં દેખત બુલબુલ અજમ તરેહથી બંધ પાંજરાંમાંથી બાહેર નીકળ્યું અને ખુબસુરત પરીના આકારમાં બદલાઈ જઈ કોણ જાણે ક્યાંનું ક્યાં ગુમ થઈ ગયું. અમો સઘળા અજાયબીમાં અને ગભરાટમાં પડ્યા અને ગુંઠણુંમંદીએ પડી અલ્લાહની મદદ માંગી કે આપ નામવરના ખોફથી અમોને બચાવે."

"અજાયબી પર અજાયબી!" સુલતાને જણાવ્યું "જાવો, એમાં તમારો કસુર હું હવે જોઈ શકતો નથી: માટે તમોને માફી બક્ષવામાં આવી છે."

અને આ પ્રમાણે પરસ્તાનની પરી યાને બોલકણા બુલબુલની વાત સમાપ્ત થાયછે.

હક ઇનસાફ.

અરબ તવારીખમાં નામ મશહુર કરી ગયલો નામવર કલીફ હારૂન-અલ-રશીદને એક રાતે ઉંઘની તલપ થતી દેખાઈ નહી: માટે હમેસ મુજબ લાગલો તેણે જાફર વઝીર અને હબસી જલ્લાદ મશરૂરને બોલાવ્યા અને પરદેશી વેપારીઓના વેશમાં આ

ત્રણે જણાનું ત્રીસુલ મેહેલની પછવાડેના તદન ખાનગી બારણા વાટે બાહેર નીકલ્યું, કે તે રાતે શેહેરે બગદાદમાં નગરચરચા જોય અને પોતાની પ્રજા સુખમાં યા દુખમાં છે તેનો અંગત અનુભવ મેલવે.

કલીફ અને જાફર એકેકની નજદીક ચાલતા હતા, જ્યારે વફાદાર હબસી મશરૂર ચોક્સ તફાવટે તેમની હીલચાલપર દેખરેખ રાખતો જતો હતો.

બગદાદના ઘણાક લતાંઓમાં તેઓ ફર્યા, પણ એકે જાણુવાજોગ બનાવ તેટલા વખતમાં બનેલો જણાયો નહી: તેથી કલીફ, જે અત્યારસુધી ખુશ મીજાજમાં હતો, તેણે હવે તદન ચુપકાડી અખત્યાર કીધી કે અનુભવી જાફરે જોઈ લીધું કે ટુંક વખતમાં જો કાંઈ નવું જુનું નહી બન્યું તો ગુસ્સાનું વાદલ કોઈ બીચારાપર યા કડાચ તેના પોતાપર ઉતરશે: માટે કલીફનું ધ્યાન બીજી બાબદપર રોકવા તેણે કહ્યું: "નામવર! આપણે બઝારો અને મોટા ધોરી રસ્તાઓ પરજ આજે ફર્યા છીએ: માટે નાની ગલીઓમાં લટાર મારીએ તો કેમ? આ ગલી જે છે તે ગરીબ લોકના મકાનો આગળથી પસાર થાય છે અને એવી કેટલીક ગલીઓ પસાર કરી જતાં આપણે મેહેલ આગળ જઈ પુગીશું."

કલીફે એનો ઉતર વાલ્યો નહી, પણ તેણે તે સાંકડી ગલીમાં જવા ચાલુ મુકયું, કે તેની સાથવાંલાઓએ પણ તેજ રસ્તો ધર્યો. આખરે તેઓ એક અતી નાની અને ગંદીલી ગલીમાં દાખલ થયા અને થોડુંક ચાલ્યા તો તેઓએ પોતાને નદીના કીનારાપર આવી પહોંચેલા જોયા. અહીં કીનારા પર ઉભેલા એક ઉંચા અને ખુબસુરત મર્દપર કલીફનું ખાસ ધ્યાન ખેંચાયું. આ મર્દના દેખાવપરથી તે કોઈ લશકરી હોય એમ અંધારામાં કલીફની અનુભવી આંખને જણાયું. તે અધાર વયનો હતો, પણ ગરીબાને લીધે યા મુસીબતને મારે તેનાં કપડાં ઘણાં મેલાં હતાં; તેણે પોતાનાં ખભાંપર જાળ નાંખેલી હતી, જ્યારે તેના જમણા હાથમાં એક કોઠલી પકડેલી હતી, જેમાં કેટલીક નાની માછલીઓ પકડીને નાખેલી હતી. દેખીતી રીતે ધંધે તે એક માછી હતો, જે પોતાના કામથી તુરતનો ફારેગ થઈ પોતાને ઘરે જવા ફરતો હતો; પણ કલીફનું જે મુખ્ય ધ્યાન ખેંચાયુ તે સખ્સની આંખ્યો પર હતું, જે બન્ને ગુમ થયલી હતી: યાને ટુંકમાં માછી આંધલો હતો, તે છતાં માછલાં ઘણી કલાથી પકડીને પેટનો ખાડો પુરતો હતો. તેના ડાબા હાથમાં એક લાકરી હતી, જે તે અવાર નવાર ગલીની જમીન અને મકાનોની દીવાલો સાથે અડકાવતો અને રસ્તો સલામત જાણી હીમ્મતથી આગળ વધતો હતો.

"અય માછી! તારી અશમ જતી રહેલી હું જોઉં છું અને તે છતાં તારા હાથમાં જે માછલાંઓ છે તે તેં પોતે માર્યાં છે યા કોઈએ તુંને તેમાં મદદ કીધી છે?" કલીફે પુછયું.

"મદદ! મદદ! ઇનસાફે મદદ નહી કીધી તો પરાયું આદમી કેમ કરે? અલ્લાહજ ફકત એક છે જે મને મદદ કરે છે." માછીએ ઉતર વાલ્યો "હા! હું આંધલો છું, તો પણ અલ્લાહની નીગેહબાની હેઠલ હું માછલાં મારૂં છું, દરરોજ સારી સંખ્યામાં માછલાં મળે છે, પણ મારાં કમનસીબે આજે બહુ થોડાં મળ્યાં છે. અલ્લાહનો એમાં કાંઈ ભેદી હાથ હોવો જોઇએ. આજે મેં ફક્ત પાંચ માછલી પકડી છે, જેમાંની ત્રણ હું વેચીશ, અને બાકીની બે છે તે હું મારા અને મારા ભાઈ માટે રાંધીશ અને અમો પેટ પુરતું ખાઈને અલ્લાહના શુકરાના કરીશું."

"એ માછી! મને તારી દયા આવે છે, અને તારા બોલવાપરથી જણાય છે કે તારી પર મુસીબત ગુજરેલી હોવી જોઇએ, અને તે છતાં હું ખુશી છું કે તેં અલ્લાહ પરજ ભરોસો રાખ્યો છે. વારૂ, તારો ભાઈ શું ધંધો કરે છે?" કલીફે પુછ્યું.

"અફસોસ! એ બીચારાની હાલત મારા કરતાં પણ બદતર છે. તેની પીઠ એવી તો જોખમાઈ છે કે તે બીછાના પરથી ઉઠી વટીક શકતો નથી."

"અને તું બન્નેના ખોરાક માટે માછલાં મારવા જાય છે?" કલીફે લાગણીથી પુછ્યું.

"હા વળી! એમાં નવાઈ જેવું શું છે?" માછીએ તદન નીરદોસપણે ભોલાઈથી ઉતર વાલ્યો.

"ધન્ય છે તારી છાતી અને લાગણીને:" કલીફે કહ્યું "એ માછી! હું તારી પાસેની ત્રણે માછલી તું માંગે તે કીમ્મતે ખરીદું છે, અને હું અને મારો મીત્ર ચાલતાં ચાલતાં થાકી પણ ગયા છઇએ: માટે તારી રજાથી તારાં મકાનમાં આવીશું; તું પકાવીને મુકશે તે સાથે ન્યામત જમીશું."

"એ સખી વજુદ! તમે કોણ છો તે હું જાણતો નથી, અને તમો સખીઓના દીદાર મારી ગુમ થયલી ચશમો દેખી શકતી નથી; પરોણાઓને બોલાવવા લાયક મારી ઝુપડી નથી; તો પણ તેમાં ભોજન લેવાને તમો ઇચ્છોછો તો મારે તેની મના નથી, અને એટલુંજ કહીશ કે ભલે પધારો!"

"એ માછી! સખ્તમાં સખ્ત જમીન એક લશકરીને મનસે નરમમાં નરમ બીછાનું છો અને સુક્કા રોટલા સરસ ન્યામત છે." કલીફે કહ્યું. "હું ધારૂં છું કે તું પણ અગાઉ તેમજ હોવો જોઈએ."

"સાહેબ! તમારી અટકળ તદન ખરી છે. નામવર કલીફની ઝીંદગી અલ્લાહ લંબાવે; હું પણ તેનીજ નોકરીમાં હતો અને તેજ નોકરીમાં મેં મારી ચશમો ગુમાવી."

"એ સાથી!" કલીફે કહ્યું "ખાધા પછી તું મને મારો હેવાલ કેહેજે, જે તારા બોલવાપરથી ધમાચકડીથી ભરપુર જણાય છે."

"સખુર! આ મારૂં મકાન આવ્યું." આંધલા માછીએ એક તદન કંગાળ જેવાં ઝુપડાં આગલ આવી પુગતાં કહ્યું. પછી નમન કરીને બારણા બાહેર ઉભો કે જેથી પરોણાઓ અંદર દાખલ થાય. કલીફ અને વજીર જાફરને આ આંધળા માછી વીશે ઘણો સારો છાપ બેસી ગયો, અને તેઓ અંદર બેધડક દાખલ થયા તો તેઓએ આંધલા માછી જેવાજ ચેહેરાના અને કદના એક મર્દને બીછાનાપર સુતેલો જોયો.

"મહમદ!" આંધલા માછી સુલેમાને પોતાના ભાઈને કહ્યું "હું મારી સાથે બે સખી વજુદોને લઈ આવ્યો છું. આજે પકડેલી પાંચમાંની ત્રણ માછલીઓ એઓએ ખરીદી છે અને આપણી સાથે એ સાહેબો જમશે."

"નામવરો!" મહમદે બીછાનાપરથી ઉઠવા કોશેશ કરતાં કહ્યું "ભલે પધાર્યા. અહીં કાંઇ કોચ યા દીવાન નથી કે તમારી ખીદમતમાં હું હાજર કરૂં: માટે આ ચટાઈ પર પાંથરેલી ચાદરપર બેઠક લેશો તો ઉપકાર થશે."

ત્યાર પછી જાણે આંખ સલામત હોય તેમ આંધળો માછી ખાનુ પકાવવા લાગ્યો, જે જોઇ કલીફ હેરત થયો. ખાનું લીધા પછી કલીફે કહ્યું "બેરાદર સુલેમાન! હવે તું તારો હેવાલ અમોને કહી સંભલાવ."

"ત્યારે સાંભળો સાહેબો" સુલેમાને કહ્યું.

આંધલા માછીની વાત.

મરહુમ છેલ્લા કલીફ અલ-હાદીના ઘણા વિશ્વાસુ નોકરોમાંનો એક વિશ્વાસુ અમલદાર મારો પેદર હતો. મારા બાપને ત્રણ બેટાઓ હતા. હું વડો, અહીં હાજર છે તે મહમદ અને પીતાની બીજી બાયડીને પેટનો મુસા. અમારો એ નાનો ભાઇ અમારા માબાપનો ઘણો લાડકો હતો. અમારો બાપ બગદાદમાં કદાચજ વસ્તો: કારણકે દરબારના કામસર યા લડાઇઓને લીધે તેને બગદાદ બાહેર રેહેવું પડતું હતું. જુવાનીમાં અમો આવ્યા તે અગાઉ હું અને મહમદ અમારા પેદરને તેના કામમાં મદદ કરતા હતા અને પછી તેના હાથ હેઠલ જે લશ્કર હતું તેમાં સારા ઓહ્દાઓપર અમો બન્ને ભાઇઓની નેમણુક થઇ.

લડાઇઓની હેજગારી અને સેહેવવા પડેલાં સંકટોનો લાંબો હેવાલ કહેવો પડતો મેલી હું જણાવીશ કે પાંચ વરસની વાતપર એક ખુનખાર લડાઇમાં મારો બાપ માર્યો ગયો, કે જે લડાઇમાં અમારા લશ્કરના માણસો નાસી જવાની અણીપર હતાં, તેજ વખતે મારા બાપના મક્કમપણાથી અને સહમજાવ્યાથી તેઓ તેમ કરતાં અટકી ગયાં હતાં અને આખરે દુશ્મનોને નહસાડવા ફતેહમંદ નીવડ્યાં હતાં. દુશ્મનોની હાર થતી જોતો જોતો મારો બાપ જખમી થઈ જમીનપર પછડાયો, પણ ફતેહથી તેના મુખપર મરતાં મરતાં ખુશાલી પંથરાયલી સર્વના જોવામાં આવી.

"એક ખરો બહાદુર સરદાર" કલીફે વિચાર જણાવ્યો. "અને કલીફ અલ-હાદીએ એ બહાદુર નરના છોકરાઓ માટે શું કીધું?" કલીફે પુછ્યું.

પણ સુલેમાને એનો ઉત્તર વાળેલો નહી જોઇ તે બડબડ્યો. "ત્યારે કાંઈ નહી; અને હરૂન પણ તે વિષે વાકેફ નથી."

એ ખુનખાર લડાઇથી શત્રુનો તદન પરાજય થયો અને લડાઇ બંધ પડ્યાથી મહમદ અને હું અમારા પેદરની મિલકતમાં ફાલો મેળવવાના ઈરાદાથી બગદાદમાં પાછા ફર્યા. અમારા બાપની મરજી સરખે ભાગે અમો ત્રણ ભાઇઓએ અસકેઆમત વેહેંચી લેવાની હતી, પણ બગદાદમાં પાછાં ફરતાં અમોને જણાયું કે મુસા સઘળી અસકેયામતનો ધણી થઈ બેઠો હતો અને જણાવતો કે અમારા પેદરની તેવી મરજી હતી. બગદાદમાં મુસા એક કાજીનો ઓહ્દો ભોગવે છે: તેથી તેના લાગ વગને લીધે અમો બન્ને ભાઇઓનું કશું વલતું નથી, જો કે અમે ઘણીક કોશેશ કીધી હતી. અમે બગદાદના હાકેમને અમારો ઇનસાફ બરાબર કરવા બક્ષીસો વટીક આપી, પણ મુસા કાજીએ કદાચ વધુ આપેલી હોવાથી અમારૂં કાંઇ વળ્યું નહીં. કલીફ અલહાદી મરણ પામ્યો અને હાલનો કલીફ આ અલ-હાદી અને તેના માનીતા અમલદારોને ધિક્કારતો જણાવાથી અમો અત્યાર સુધી તેની પાસે ઈનસાફ માંગવા ગયા નથી. ઘણાક મહીના ખાલી આશામાં પસાર કીધા પછી અયાસી રેહેવા અમો બન્ને ભાઈઓને ગમ્યું નહી, અને નવા કલીફ હારૂન અલ રસીદ—દેશ અલ્લાહ એની જાહોજલાલી વધારે—ની સામે એક પ્રાંતે બળવો ઉઠાવ્યાથી તે બેસાડી દેવા જે લસ્કર ગયું, તે લશ્કર સાથે અમે જોડાયા. એ પ્રમાણે ત્રણ વરસ સુધી દૂર દેશોમાં લડાઇઓ કરવામાં પસાર કીધા પછી એક કિલ્લાપર હલ્લો કરતાં મારી બન્ને આંખ્યો ફુટી ગયાથી હું સદાનો આંધળો બન્યો અને અમારાં કમબખ્ત નસીબે તેજ હલ્લા વખતે એક જબરદસ્ત મોટો પથ્થર મારા કમનસીબ ભાઇ મહમદની પીઠપર પડ્યાથી તેનું હાડકું ભાંગી ગયું અને અજબ રીતે તેનો પ્રાણ બચી ગયો. અમારી પાસેના બચેલા પૈસા પણ લગભગ પુરા થવા આવ્યાથી અમો બન્ને ભાઇઓ પાછા

બગદાદ આવ્યા. મારા ભાઇ કાઝીને સઘળો હેવાલ કહી, અમારી મુફલસીની મુસીબતોથી મેં વાકેફ કરી, ઈનસાફને ખાતર મિલકત વેહેંચી લેવા અરજ ગુજારી; પણ તેણે તો તેમ કરવા સાફ ના પાડી, અને અસકેયામતના બદલામાં સો દીનાર મને આપવા જણાવ્યું, કે જે લેવા મેં ધિક્કાર સાથે ના પાડયું. આથી તેણે મને મારાં મકાને સલામત મુકી આવવાનો દોલધાલુ હુકમ પોતાના એક ગુલામને કીધો. પણ મારી ખાત્રી છે કે તેણે એ ગુલામડાને ઈસારતથી મને મારી નાખવા ફરમાવેલું હોવું જોઇએ. સબબ, જે સરામાં હું અને મારો ભાઈ મહમદ ઉતર્યા હતા, તે ઠેકાણે લઈ જવાને બદલે પાણીના અવાજથી મેં જાણી લીધું કે એ લુચ્ચો ગુલામ મને નદીમાં ફેંકી દેવા કીનારે લઇ આવ્યો હતો. છેક કિનારે અને પાણીની લગોલગ આવ્યા પછી તે બોલ્યો 'હવે મારા ધણીને ત્યાં મારે પાછું ફરવું જોઇએ; રસ્તો સાફ છે, માટે સીદ્ધો તું ચાલ્યો જા.'

આ દગલબાજીથી મને પુષ્કળ ગુસ્સો ચડયો.

["સુલેમાન બારણું ખોલ!" આ વખતે બાહેરથી કોઇનો અવાજ સંભળાગો. કલીફ અને વજીર ચોંકયા.

"ઉઘાડું છું." સુલેમાન માછીએ ઉત્તર વાળ્યો.

"એ કોણ છે?" કલીફે પુછયું.

"અબદુરેહેમાન! પાડોસીઓમાં એજ એક અમારો મિત્ર છે, જે અવાર નવાર અમારી ખબર અંતર પુછવા આવે છે. અલ્લાહ એનું ભલું કરે. સાહેબો, એણે પુષ્કળ દેશો જોયા છે, પણ એ અમારીજ પેઠે તંગ હાલતમાં હાલ છે." એટલું બોલી સુલેમાન તંતોસ્તો બારણા આગળ ગયો અને ઠેસી ઉંચકી, બારણું ઉઘાડી, અબદુરેહેમાનને અંદર લીધો, અને બારણું આગલની પેઠે બંધ કીધું.

કલીફે આ નવા આવનારપર નજર ફેંકી તો તેના ચેહેરાપરથી તેણે જમાનાનો દોર જોયો હોય એમ દીસ્યું.

એક બીજાને સલામ કીધા પછી સઘળાઓ પલાંઠી મારી બેઠા, અને કલીફની અરજથી આંધળા સુલેમાને અધુરી વાત ચાલુ કીધી.]

સાહેબો! મેં તમોને જણાવ્યું તેમ ગુલામની, અરે ખરૂં પુછો તો મારા ભાઈ મુસા કાજીની, દગલબાજીથી મને ઘણો ગુસ્સો આવ્યો, અને એકાએક તે ગુલામને પકડીને મારી સામેની નદીમાં મેં હોમાવી દીધો.

એ કામ કીધા પછી મેં તથા મારા ભાઈ મહમદે મુકામ કીધેલી સરામાં જવાના ઇરાદાથી હું પાછો ફરતો હતો, તેટલાં મારી નજદીકથી કોઈએ સાદ માર્યોઃ "યાઉહ! કોઈ નદીમાં પડયું છે અને મારી જાળ નાસ પાંમી હશે."

"શું તું ચશમથી બેનસીબ છે?" મેં પુછયું.

"હા! હું તદન આંધલો છું."

"અલ્લાહ ખેર કરે!" મેં કહ્યું "ત્યારે આપણે બન્ને આંધલા!"

"શું તું પણ આંધલો? જન્મથી કે અકસમાતથી?"

"અકસ્માતથી!" પછી મેં તેને મારી હકીકતથી જાણીતો કીધો. પેલા હબસી ગુલામનું શું થયું તે હું જાણતો નથી. પછી મેં તે આંધલા શખ્સને પુછયું કે તેની જાળ નાસ પામી હશે એમ જે તે બોલ્યો હતો તેનો સબબ શો?

"હું એક માછી છું." તેણે ઉત્તર વાળ્યો "અને મારી ખાતરી છે કે લુચ્ચા ગુલામથી જાળ જોખમાઈ હશે; પણ તેની કાંઈ ચીંતા નહીઃ કારણ કે તેણે પોતાની કેરણીનું ફળ ચાખ્યું છે."

"શું એક આંધળો મર્દ માછીનો ધંધો કરી શકે?" મેં અજાયબીથી પુછ્યું.

"ખચ્ચીતજ!" તેણે ઉત્તર વાળ્યો "આજ દસ વર્ષ થયાં હું એ ધંધો કરૂં છું, અને જો તારી મરજી હોય તો તુંને પણ એ કળા સીખવું."

"તારી મોટી મેહેરબાની થશે."

અને સાહેબો! તે દીવસથી હું માછી બન્યો છું, અને એ ધંધાની બરકતથી મારા સાથે હું મારા ભાઈનું પણ બે વરસ થયાં ગુજરાન કરૂં છું.

"ધન્ય છે તારી છાતીને!" કલીફે લાગણીથી જણાવ્યું, અને જાફર વજીર પણ તે મતને મળતો થયો. પણ કાજીની બેવફાઈ અને સંગીન દીલથી અને હાકેમની ગેર ઈનસાફી રીતથી કલીફ ઘણો ગુસ્સે થયલો જાફરને જણાયો; તોફાનની ગરજના એ બન્ને જણાઓ પર જરા વારમાં ગરજશે એવી તેની પક્કી ખાતરી થયાથી એ બાહોશ વજીરે કલીફનું ધ્યાન બીજી બાબદપર રોકવા એક તોડ તરતજ શોધી કાઢયો, અને બોલ્યો: "સુલેમાન! તારી વાતથી હમે ઘણા દલગીર છીએ. દુન્યામાં ચહડતી પડતી સૌની હોય છે. કદાચ આપણો સોબતી અબદુરેહેમાન પોતાનો હેવાલ કહી મને ટેકો આપશે: સબબ, એના ચેહરાપરથી એણે લીલી સુક્કી જોઈ હોય એમ જણાય છે."

"હું એનો હેવાલ જાણું છું," માછીએ કહ્યું "પણ જો તમો મુરબ્બીઓને સાંભળવાનો શોખ હોય તો હું ધારૂં છું કે અબદુરેહેમાન તમારી તે આશા પાર પાડશે."

"હું આ બન્ને વેપારી ભાઈઓને (કલીફ અને જાફર) ઓલખતો નથી," અબદુરેહેમાને કહ્યું "છતાં એઓ દયાવંત જણાય છે: માટે જો મોડું નહી થયું હોય તો હું કહી સંભળાવું."

"અમો તે સાંભળવા આતુર છઈએ." કલીફે ગુસ્સો તામોસ કરી જઈ વાત સાંભળવાની હોંસથી કહ્યું.

"ત્યારે સાંભળો:

અબદુરેહેમાનની વાર્તા.

મુજ કમીનાનું નામ અબદુરેહેમાન છે, અને મારો જન્મ હમણા હું જ્યાં રહું છું તેની નજદીકના મકાનમાં થયો હતો. મારો પીતા એક ફતેહમંદ વેપારી હતો. જ્યારે હું વીશ વરસનો થયો ત્યારે થોડોક વેપાર બરનો મને સામાન હવાલે કરી દેસાવરો ખાતે વેપાર કરવા અને મારૂં નસીબ અજમાવવા મને જણાવ્યું. પીતાના હુકમને માન આપી ઘણી હોંસથી મેં બગદાદ છોડ્યું, અને જવાનીનું લોહી મારી રગોમાં દોડતું હોવાથી તથા મને મળેલી વેપારી કેળવણીપર મુસ્તાક રેહેવાથી પેદરને ભેટી તેના આશીશ વચ્ચે હું સફરે નીકળી પડ્યો.

પેહેલ પેહેલાં હું ઇરાન ગયો અને ત્યાં સારે નફે મારો સામાન વેચી નાખી બીજો કયો સામાન વેચાતો લેવો તેના વીચારમાં હું પડ્યો. ત્યાંના વેપારીઓમાં પૂછપરછ કરી મેં બીજો સામાન ખરીદયો, અને પાછો સફરે નીકળી પડ્યો.

આસરે દોઢ મહિનાની દરયાઈ સફર પછી બીજા વેપારીઓ ભેગો હું એક બંદરે ઉતર્યો. બંદર આગળ આવેલું એ શેહેર ઘણું મોટું હતું. મારી સાથવાલાઓમાંના થોડાકોએ જતાં વાર માલ વેચી નાખ્યો, જ્યારે મારી પેઠે કેટલાકો શેહેરમાંજ ઠોભ્યા, ત્યારે બીજાઓ બીજે શેહર જવા નીકળી પડ્યા. વેપારીઓથી પરપુછ કરતાં માલમ પડયું કે હકબંધ માલ વેચવા કરતાં ફુટકલ માલ દુકાને બેસિ વેચ્યાથી સારો નફો હાંસલ થાય છે: તેથી મેં એક દુકાન ભાડે લીધી અને મારી પાસેનો પરચુટણ સામાન ગોઠવીને ઠરીઠામ થયો.

એમ કરતાં ઘણાક દીવસ પસાર થયા નહી તેટલાં એક ઓરતે મારૂં ખાસ ધ્યાન ખેંચ્યું. તે હમેસાં બે ત્રણ બાંદીઓ સાથે મારી દુકાનવાળા લતાપર આવતી અને મને લાગ્યું કે ખામખા તે મારૂં ધ્યાન ખેંચવા માંગતી હતી, પણ હમેસાં તે બુરખાથી મ્હોં છુપાવતી હોવાથી તેણીનો ચેહેરો હું જોઇ શકતો નહી હતો.

આખરે એક દિવસે મારા પાડોસી દુકાનવાલાને બેદરકાર ઢપે એ ઓરત કોણ હતી, તે માટે પુછ્યું.

"સુલતાનના મેહેલની નજદીકમાં મઝુદીખાં નામનો જે તવંગર શખ્સ રહે છે તેની એ બેટી છે." તેણે જણાવ્યું "પણ જો તું એની પર આશક પડ્યો હોય તો એ વીચાર તારા મનમાંથી તરતજ કાઢી નાખઃ કારણ કે ભલાભલાંઓને એ મચક આપતી નથી, તો તારા જેવાનો શો હીસાબ?"

"મેં કાંઈ તે સબબ સર પુછ્યું નથી."

"ત્યારે તો ઠીક."

ઉપલી વાતચીતને બે દીવસ થયા નહી કે મારી ઘણી અજાયબી વચ્ચે પેલી નખરાંબાજ ઓરત મારીજ દુકાને આવી બેઠી, અને મારી પાસે શું સરસામાન હતો તે મધુર સ્વરે પુછવા લાગી. આ વખતે પણ બાંડી હમેસ માફક તેણીની સાથે આવી હતી, પણ રસ્તાપર એવી રીતે ઉભી હતી કે રસ્તેના રાહદારીઓનું ધ્યાન તેણીની શેઠાણીની હીલચાલપર ખેંચાય નહી.

મેં જણાવ્યું તેમ પેલી નાજનીન મારી દુકાને આવી બેઠી અને પુછવા લાગી; પણ તેણીએ થોડીક ખરીદી કીધી અને પૈસા ચુકાવી આપ્યા પછી હાક ખાવાને મસે બેસી રહી. પણ મેં મારી નજર સઘળો વખત તેણી પરજ ઠેરવી રાખી હતી, જે જોઈ તેણીએ પસીનો નુછવાને બાહાને ઘુંઘટ ખામખા મારી તરફથી ઉંચક્યો તો મને તે ચેહેરો ઘણોજ ખુબસુરત લાગ્યો. ખુશાલીને લીધે તે ચેહેરો ગુલાબી થયેલો હતો; જે જોઈ મારો જુસ્સો ખમી ન શકાવાથી મેં તેણીના રૂખસારાપર એક ચુમી લીધી. આ બનાવ એક પલવારમાં બની ગયો, અને મેં જોયું કે નાજનીને તો અજબ થવાના ઢોંગ કીધા હતા, પણ કેટલાકો સાથે ગુલામડી ખરેખર અચરત થઇ હતી. (જુઓ ચીત્ર).

હું તે વખતે જવાન, ખુબસુરત અને ગબરૂ હોવાથી મારૂં તેણીપર અને તેણીનું મારીપર ધ્યાન ખેંચાયું હતુંઃ ટુંકમાં કેહેતાં અમો બન્ને એક બીજાંપર આશક પડ્યાં હતાં.

પોતાની મતલબ પાર પડેલી જોઈ તેણીએ એક એવી તીણી નજર મારીપર નાખી કે મારૂં જીગર ચીરાઇ ગયું, જે જાણી તેણીએ તરતજ ઘુંઘટ મ્હોંપર પાછો ઢાંકી દીધો, અને ખરીદેલી ચીજો બાંડીઓને સ્વાધીન કરી મારી નજર આગલથી લટક ચાલે ચાલી ગઈ.

ઓ નામવરો! એ આખી રાત મને જરાએ ઉંઘ આવી નહી. હર પલે તેણીનો ચેહેરો મારી નજર સનમુખ આવતો. બીજે દીને આગલા દીવસ કરતાં તેણી સકાળે આવી અને બે ત્રણ ચીજો ખરીદી, જે વખતે મેં તેણીને પ્યારના શબ્દો કહયા. તેણી તેથી મુદલ ગુસ્સે થઈ નહી, પણ દલગીરીથી બોલી; "અય દીલ ફરોશ! તું જાણતો નહી હશે કે મારૂં જીગર પણ તારે માટે કેવું તલપી રહયું છે. પણ અફશોશ! એમ બનશે નહીઃ કારણ કે મારો પેદર મને પોતાના એક તવંગર પણ જઇફ દોસ્ત સાથે શાહાદી કરાવવા માંગે છે." અહીં તેણીએ બુરખો ઉંચકયો, અને મેં જોયું તો તેણીના ચશમોમાંથી આંસું ટપકતાં હતાં. "મારી મરજી ઉપરાંત મારા નેકા એ મર્દ સાથે એક પખવાડયામાં થનાર છે."

નવી અરેબ્યન વાર્તાઓ.

જુસ્સો ખમી ન શકવાથી તેણીના રૂખંસારપર એક ચુમી લીધી. આ બનાવ એક પલવારમાં બની ગયો, અને મેં જોયું કે નાજનીને તો અજબ થવાના ઢોંગ કીધા, પણ કેટલાકો સાથે ગુલામગી ખરેખર અચરત થઇ હતી.



B. B. Mehta.] [Gaiety Theatre.

પેહેલાં મેં તેણીને મારી સાથે નાસી જવા અરજ કીધી, પણ તેણીએ તકરાર કરી મારી બાજી કેટલી કાચી હતી તે દેખાડી.

તેણી હવે મારી દુકાનેથી પાછી ફરી, અને શો રસ્તો શોધવો તેના વમાસનમાં હું પડયો.

ઘણો વીચાર કર્યા પછી શેહેરના એકાંત ભાગમાં મેં એક મોટું પણ જુનું મકાન ભાડે લીધું, જ્યાં મારી માસુકને સમજાવી તેણીના પીતાનો ગુસ્સો નરમ પડે ત્યાંસુધી હું તેણીને લઈ જઈ રાખવા માંગતો હતો. વલતે દીને તે પાછી આવી અને મેં તેણીને મારી ગોઠવણ કહી, જે તેણીને પસંદ પડી અને મને મારી દુકાનનો સામાન હકબંધ વેચી નાખવાની સલાહ આપી ગઈ. એવું ઠરાવ્યું કે લગનની એક રાત આગમચ તેણીના પીતાના મકાનના બાગના એક ચોક્કસ ભાગ આગલ મારે છુપાઈ ભરાઈ રહેવું અને અંધારી રાતનો લાભ લઇ ત્યાંથી અમો બન્નેએ તેણીની એક વીસવાસુ બાંદી સાથે નાસીને મારાં નવાં મકાનમાં ભરાઇ બેસવું, અને ત્યાં એક કાજીને બોલાવી નેકાહ કરાવવી.

ઓ મેહેરબાનો ! જાણે કુદરતે પણ અમારા મનસુબામાં ભાગ લીધો: કારણ કે કાંઈ પણ ખલલ વગર અમારી બાજી પાર પડી, અને અમે બન્ને આશક માશુક નેકાહના પવીત્ર ગાંઠથી જોડાયા.

પણ હવે એક નડતલ દોલા ગુરકતી ઉભી રહી. દીવસના મારેથી બાહેર નીકલાતું નહી હતું. જુદો વેશ ધારણ કરી નીકલતો તો હર પલે પકડાઈ જવાની ચીંતા મને ઉપજતી; સબબ, મારી બીબીના પીતાએ અમોને પકડવા માટે દોડધામ કરી મેલી હતી. અમારા નીરમલ પ્યાર વીશે કદાચ ખબર પેલી ગુલામડીએ તેને આપી હશે, અને વલી થોડાજ દીનપર મેં મારો સામાન હકબંધ વેચી નાખ્યો હતો; જે બનાવથી સંપુરણ ટેકો મળ્યો હતો. શોધ ખોલ કરતાં અમારો પત્તો નહી મળ્યાથી મારા સસરાએ ધાર્યું કે અમે બીજે દેશ નાસી ગયાં હતાં, જ્યારે તેના પેલા જઈફ દોસ્ત- (જેની સાથે મારી દીલદારના લગન થવાનાં હતાં તે) ની મશકેરી આસપાસના લોકે ખુબ કર્યાથી એક દીવસે તે હદ બાહેર ગુસ્સે થયો, અને હૃદય ફાટી જવાથી બીચારાએ ત્યાંનો ત્યાંજ પ્રાણ મુકયો. એના મરણથી એક ફાયદો અમોને થયો. અમોને ખબર મળી કે મારા સુસરાનો ગુસ્સો તેના દોસ્તના મરણ બાદ અમો પરથી કમી થતો જતો હતો, જે ખરેખર વધાઈના સમાચાર હતા.

એ મુજબ એક વરસ પસાર થયું અને અમારે ત્યાં એક ફરજંદની વૃધ્ધી થઈ. અમો બન્ને વચ્ચેનો પ્યાર તો આગલના જેવોજ જારી રહયો. બીજા બે એક મહીના ગયા કેડે અમોને ખબર મલી કે મઝુદીખાં ઘણો ધાસ્તી ભરી બીમારી ભોગવતો હતો, અને પોતાની એક પુરી બેટીને પાછો જોવા માટે ઘણો આરજુમંદ જણાતો હતો. આ અખબાર જેવા અમોને મળ્યા કે મારી બીબી અમારાં બાલકને લઇ પોતાના પેદરને ત્યાં ગઈ, અને હું એનો અનજામ શું આવે છે તેની આતુરતાથી રાહ જોવા લાગ્યો.

હું ધારતો હતો કે વખતના વેહેવા સાથે મારા સુસરાનો ગુસ્સો નરમ પડયો હશે, અને તેમાં હું મુદલ ઠગાયો નહી હતો: કારણ કે તેણે મને બોલાવવા પોતાના એક વીસવાસુ ગુલામને મોકલ્યો, જ્યાં જતાં વાર તેની પરવાનગી વગર તેની બેટીને પરણવા માટે મેં દલગીરી જાહેર કીધી, પણ તેજ વખતે તેની બેટીને મારી બીબી કીધાથી હું કેટલો બધો પોતાને ભાગ્યશાલી સહમજતો હતો તે જણાવ્યું. આ સાંભળી

બુઢો મગ્ન થયો, અને મને મારી બક્ષી પોતાના જમાઇ દાખલ સ્વીકારી પોતાની છાતીએ દાબ્યો; એટલુંજ નહી પણ પોતાના મકાનની નજદીક એક મકાન અમોને રેહેવા માટે આપ્યું.

સુસરાએ સારો થતાંજ લાગવગ લગાડી દરબારમાં એક ઓધ્ધો મને અપાવ્યો, જે મેં કેટલાંક વરસ સુધી સુખચેનથી ભોગવ્યો, જે અરસામાં મારો સુસરો અને મારી અતી પ્યારી દીલદાર એક નાસકારક મરકીના ભોગ થઇ પડયાં અને બે દીવસમાં બે જણને ગુમાવવાનું ભારે દુ:ખ મારે માથે આવી પડયું. ફક્ત દીલાસો એટલોજ કે મારો બેટો હૈયાત હતો અને તે હવે જવાન ગબરૂ બન્યો હતો, જેને મેં જરૂરજોગી દરબારી કેળવણી આપી હતી.

મારા બેટાને હવે ઓધ્ધેદાર બનવાનો શોખ થઇ આવ્યો. લાગવગ લગાડયાથી એક પ્રાંતનો ઉંચો ઓધ્ધો તેને આપવાનું લગભગ નક્કી થયું હતું, તેટલાં તેણે એક ઘણું નાદાન્યત કામ કીધું. તે એ કે સુલતાનની ઝનાનખાનામાંની એક માનીતી ગોલામડી સાથે તેને પ્યાર બાઝયો અને નહસાડી લઈ ગયો. સુલતાનને જેવી એ બાબદની ખબર મળી કે તેણે તેમની પુઠે હથ્યારબંધ માણસો મોકલ્યા, જેઓએ પાંચમે દીને તેમને એક જંગલમાં પકડી પાડયાં. મારા બેટાએ શરણ થવા ના પાડી: આથી ઝપાઝપી ચાલતાં મારો બેટો કપાઇ મુઓ. આશકને આ પ્રમાણે મરણ પામતો જોયાથી અને સુલતાન હવે કાંઈ તેણીને જીવતી રાખે નહી એવી ખાતરી થયાથી ગુલામડીએ પોતા પાસેની એક બરછીથી આપઘાત કીધો, અને આ પ્રમાણે નાહક લોહી તે જંગલમાં રેડાયું.

સુલતાનને જ્યારે એ ખુને નાહકની ખબર આપવામાં આવી ત્યારે તે બહુ ગુસ્સે થયો. એવો છોકરો મારે પેટે પેદા પડયો, તે માટે તેણે મારી સઘળી માલમત્તા લુટી લેવા અને અસ્કેઆમત જપ્ત કરવાનો હુકમ પોતાનાં માણસોને આપ્યો, અને દેશ છોડી જવા મને ફરમાવ્યું.

અતી મોટી નીરાસી વચ્ચે મારાં મકાન આગળ ગયો, તો મારાજ નોકરે બારણાં આગળથી મને ખસાડી મેલ્યો: કારણ કે હું પુગ્યો તે અગાઉ દરબારી હુકમનામું લઇ એક અમલદાર ત્યાં આવી લાગ્યો હતો.

તુટેલાં જીગરે મેં તે શેહેરને છેલ્લી સલામ કીધી. તે વેળા મારાં આંગપર વીટી વગેરે જે હતું, તેજ મારી મીલકત હવે રહી હતી. હું જોતો કે મારા કેટલાક ખેરખાહોને મારે માટે દયા લાગતી હતી, પણ સુલતાનની ઇત્રાજીને લીધે તેઓથી કાંઇ થઈ શકયું નહી. મને મદદ કરવાને પણ તેઓ ડરી ગયા હતા. ઇનસાફી કલીફ હારૂન અલ રશીદની નામના સાંભળી બગદાદ શેહેરમાં ઠરીઠામ થવાના ઇરાદાથી હું પગે ચાલતો નીકલ્યો. રસ્તામાં મને ઘણાં શેહેરો મળ્યાં, જે જોતો હું ઘણે મહીને અહીં આવી લાગ્યો; અને મારી જીંદગીના બાકીના દીવસો શાંત રીતે આ બુલંદ શેહેરમાં ગુજારવાના ઈરાદાથી આવી વસ્યો છું.

"તારી પણ વાત સાંભળી અમોને દલગીરી લાગે છે" કલીફે કહયું "પણ અલ્લાહ પરજ તારે વીસ્વાસ રાખવો; કદાચ ચંદરોજમાં તારો સેતારો પાછો બુલંદ બને."

"અલ્લાહ સીવાય મારો નીગેહબાન કોઇ નથી, પણ મારા કરતાં તો આ બીચારા આંધળા સુલેમાન માછીની હાલત વધુ કફોડી છે."

"હું જોઉં છું કે આપણો દોસ્ત સુલેમાન પણ અલ્લાહ પરજ સબુરી રાખી બેઠો

છે- " કલીફે દીલાસો દઇ કહયું " પણ વારૂ, સુલેમાન ! હું પુછું કે તારી પર ગુજરેલા સીતમની બીના કલીફના કાનપર તું કાં નહીં લઇ ગયો ? "

" સાહેબ, બોલવું સેહેલ છે, " સુલેમાને ઉતર વાલ્યો " હું કહી ગયો છું કે છેલ્લા કલીફ અલ-હાદીને અને તેના માનીતા અમલદારોને નામવર હારૂન ધીક્કારે છે, અને એ બીના જાણ્યા છતાં હું કેવી રીતે અરજ ગુજારૂં ? "

" તારોજ દોસ્ત અબદુરેહેમાન હમણા બોલ્યો કે હાલનો કલીફ ઇનસાફી છે, તો તારે અજમાયસ લેવી જોઈતી હતી. " વેપારી (કલીફ) એ જણાવ્યું " હું ધારૂં છું કે હજી પણ તારો હેવાલ એ નામવર હજુર રજુ કરે તો ઈમાનીઓનો એ શાહ ઇનસાફ આપે. "

" તકદીર ! તકદીર ! તકદીર ! " સુલેમાને નીરાસાથી કહયું " તકદીર સામે માથું ઉઠાવ્યાથી કાંઈ વળવાનું નથી. "

" છતાં, વાજબી ઇનસાફ માટે ખંતીને કોશેશ કરતાં તકદીરની તાસીર ખરેખરી જણાઈ આવે છે. અમો વેપારીઓ છઇએ: તેથી દરબારીઓ અને અમલદારોના સમાગમમાં વારંવાર આવ્યે છીએ, અને અમોએ નામવર કલીફ વીશે જે સાંભળ્યું છે, તે પરથી તુંને આ સલાહ આપીએ છીએ." કલીફે કહ્યું.

પણ એનો ઉતર વાલવાને બદલે સુલેમાને ડોકું ધુણાવ્યું.

માછલીના પૈસા પુરેપુરા ચુકવી આપ્યા પછી કલીફ અને તેનો વઝીર દુવા ગુજારી ઝુપડામાંથી બાહેર નીકલ્યા, પણ જતાં કલીફે કહ્યું " કડાચ આપણે સાથે પાછા મળીશું. "

" જાફર !" ઝુપડામાંથી બાહેર નીકળી થોડે દુર ચાલ્યા પછી કલીફે કહ્યું " બીચારા માછી સુલેમાન અને તેના બાઇપર મને અતીશય દયા આવે છે, અને તેજ વખતે પેલા મુસા કાઝી અને તેના દોસ્ત હાકેમને સખ્તમાં સખ્ત સીક્ષા થવી જોઇએ."

"જેહાંપના ! તું ઈનસાફીઓનો ઈનસાફી કહેવાય છે તો મુજ કમીને ખાકસાર અરજ ગુજારે છે કે તારે બન્ને બાજુનું સાંભળવું જોઇએ."

વઝીર જાફરે વીચાર જણાવ્યો ! કારણ કે હાકેમનો તે મીત્ર હતો. " મુસા કાઝી વીશે હું કાંઇ જાણતો નથી, પણ હાકેમ એટલો બધો ગેર ઇનસાફી હોય એ મારી અક્કલમાં ઉતરતું નથી. કડાચ તેના હાથ નીચેનાઓમાંના કોઈએ માછીને બાહરો બાહરથી હાકેમને નામે હાંકી કાઢ્યો હોય, અને આપેલી બક્ષીસ હજમ કીધી હોય."

" હું ધારતો હતો કે તું હાકેમની તરફદારી કરશે " કલીફે કહ્યું " તો પણ તારી અરજ હું મંજુર કરૂં છુ. હું એને એક ટક આપું છું અને જોઉં છું કે એ એક લાંચ ખરેખરી લેવા ના પાડે છે, અને મુસા કાઝીનો ઇનસાફ બરાબર કરે છે. પણ સાંભળ: હું જાણું છું કે બગદાદનો હાકેમ તારો મીત્ર છે અને તેંજ ભલામણ કરી એ ઓહ્દો એને અપાવ્યો હતો, ખરૂં ? એટલાં સુધી ઠીક. પણ જો આજ રાતના બનાવ અને જે યુકતી હું અજમાવવા માંગું છું તેને લગતી બાતમી-તેં કોઈને જરાએ આપી છે તો તારૂં શીર ધડથી છુટું થઈ જશે. ઈનસાફ તે આખરે ઈનસાફ ! માટે જે કાંઈ તું આ બાબદમાં કરે તે ખુબ સંભાળીને કરજે. "

જ્યારે હારૂનના મુખથી આ પ્રમાણે શબ્દો સાંભળ્યા ત્યારે હાકેમને ચેતવણી આપવાનો પોતાનો ઇરાદો જાફરને પડતો મેલવાની ફરજ પડી, અને સઘળું તકદીર પરજ સોંપી દીધું. તેને ખાતરી હતી કે મુસા કાઝી અને હાકેમની અજલ નજદીક આવી હતી: કારણ કે કલીફ એવી બાબદમાં પોતાનો બોલેલો બોલ પાલ્યા વગર રહેતો નહી હતો.

હવે તેઓ મેહેલના ગુપ્ટ દરવાજા વાટે પાછા મેહેલમાં દાખલ થયા અને થોડી વાર રહી જાફરે ચીંતાતુર ચેહેરે ત્યાંથી વીદાયગીરી લીધી.

બીજે દીને સહવાર પડતાંજ નામવર હારૂને પોતાના એક વીશ્વાસુ અમલદારને પોતાના ખાનગી ઓરડામાં તેડાવી મંગાવ્યો અને કહ્યું: " મુસ્તફા ! આજે જે કામ હું સોંપું છું તે તું ગુપચુપ ઘણી બાહોસીથી બજા લાવજે. પેહેલાં તો તું અબ ઘડી એક વીશ્વાસુ અમલદારને હાકેમ આગળ છુપા પોશાકમાં મોકલ.

" એક આંધળો મર્દ પોતાના ભાઈ સામે ઇનસાફ માગવા હાકેમ આગળ આવશે, તે વખતે શું બને છે તે ગુપચુપ જોવા કહેજે. મને બીજું કામ તુંને સોંપવું છે માટે જા. અને તેને મોકલી અહીં પાછો ફર. હું અહીંજ બેસું છું."

મુસ્તફા ગયો અને થોડા વખતમાં પાછો ફર્યો.

" હવે મુસ્તફા ! ચાર ચાલાક મર્દો તું મેલવી શકશે ?"

" આપ જેહાંપના કહો તેટલા."

" આ માણસો એવાં હોવાં જોઇએ કે કોઇ તેમને ઓલખી શકે નહીં."

" પોશાકખાનામાં જોઇએ તેવા પોશાક છે."

" ઠીક ત્યારે " કલીફે ફરમાવ્યું " બે જણે આપના શેહેરના મુસા કાઝી આગળ વાદી પ્રતીવાદી તરીકે જવું, અને તેઓએ જરા પણ નજરાણું કાઝીને આપવું નહી. વાદીએ ફરયાદ કરવી કે તેમનો ચચા બીન વારેસે મરણ પામ્યો છે અને મરતી વેલા બન્ને જણને અસ્કેયામત લેવા ફરમાવી ગયો; પણ પ્રતીવાદી તેનો હક સ્વીકારતો નથી, અને સઘળી મીલકત તેણે પચાવી પાડી છે. એનો નીવેડો કાઝી કેવી રીતે લાવે છે તે મને આવી કહેજે. આ સઘળું કામ તુંનેજ હું સોંપુ છું, તેની મતલબ એકે વડો વઝીર વટીક એ જાણી નહીં શકે. તારાં માણસોને પણ ખુબ તાકીદ કરજે.

"બીજા બે મર્દોનું કામ વધારે હુશીયારીથી બજા લાવવાનું છે. એમાં પણ વાદી પ્રતીવાદી તરીકે આપણા હાકેમ આગળ હાજર થવું. એમાં એકે આપણા એકાદ ગામના કાઝી દાખલ હાજર થવું અને તેને પ્રતીવાદી બનાવવો. વાદીએ હાકેમ આગળ ફરયાદ કરવી કે તેના મરહુમ બાપની મીલકત તેનો એક ભાઈ પચાવી ગયો છે અને આ પ્રતીવાદી કાઝી આગળ તેનો ફેસલો લઇ જવામાં આવ્યો, કે જે તેના ભાઇનો મીત્ર થાય છે; અને જો કે કાઝીએ વાદી પાસેથી બક્ષીસ લીધી છતાં તેણે ચુકાદો વાદીની વીરૂધ ચુકવ્યો કે જે સરફ ગેરઈનસાફ છે. એનો ફેસલો આપણો હાકેમ શું કરે છે તે મને આવીને કેહેજે. પણ જોજે કે એ બન્ને કજીઆઓ બીજા કજીઆઓની પેહેલાં લાવવામાં આવે."

" આપ જેહાંપનાનો જેવો હુકમ !" મુસ્તફાએ નમન કરી ત્યાંથી જતાં કહ્યું.

બે ત્રણ કલાક પસાર થયા કેડે મુસ્તફા દરબારમાં દાખલ થયો કે જ્યાં નામવર કલીફ હારૂન દરબાર ભરી બેઠો હતો. મુસ્તફાને જોતાંજ કલીફે ઇશારત કીધી: જેથી તે સહવારવાલા ખાનગી ઓરડામાં નજર ચુકાવી ગયો, જ્યાં થોડી વારમાં કલીફ પણ દાખલ થયો.

" ઓ ઇમાનીઓના ઈમાની શાહ " મુસ્તફાએ કદમબુસી કરી કહ્યું " મુસા કાઝીએ ચુકાદો આપ્યો કે પ્રતીવાદીએ વાદીને અરધો હીસ્સો આપવો અને અદાલતને બીન ફોકતની મેહેનત આપી માટે આપ નામવરની તીજોરીમાં સો અશ્રફી પ્રતિવાદીએ ભરવી.

હવે કાઝીને લગતા મુકદ્દમાનો ચુકાદો હાકેમ સાહેબે એ આપ્યો કે વાદી અને તેના ભાઈએ સરખે હીસ્સે મીલકત વેંહેંચી લેવી. પણ આ કજીઆમાં એ કાઝીએ જાણી જોઇ ગેરઇનસાફ કીધો માટે સીક્ષા દાખલ કાઝીને, તેનો ઓધ્ધો ધ્યાનમાં લઈ, એક એકાંત હમામખાનામાં લઇ જઈ સો ફટકા મારવા, અને એનો ઓધ્ધો નામવર કલીફની સંમતીથી છીનવી લેવો. ઓ જેહાંપના ! આ પ્રમાણે એ ચુકાદા ચુકવવામાં આવ્યા છે."

"ઠીક, મુસ્તફા ! તેં તારૂં કામ ચાલાકીથી બજાવ્યું છે: માટે તુંને અને તારા હાથ હેઠળનાઓને ઇનામ આપવામાં આવશે." કલીફે કહ્યું "પણ હવે તું જલદીથી અહીંથી જઇને પેલા તારા એધડીના કાઝીપર સો ફટકા પડે, તેનો અટકાવ કર; અહીં હવે જાફરને મોકલતો જજે."

એ ત્રણ પલમાં વડો વજીર જાફર હાજર થયો, જેને કલીફ હારૂને કહ્યું:

"જાફર ! કાલ રાતવાલો પોશાક પેહેરી તારી સાથે સો અશ્રફી લઈ પેલા આંધલા સુલેમાનને આપી આવ, અને કહેજે કે બગદાદના હાકેમને એ આપી તારા વાજબી હકનો ઇનસાફ તેની પાસે માંગ અને જો જે કે શું બને છે? પણ જાફર, સંભાળજે ! એક શબ્દ વધુ યા કમી બોલીશ નહી."

જાફરે જોઈ લીધું કે કલીફ આ બાબદમાં ઠરાવ ભરી રીતે વર્તવા માંગતો હતો: તે તરતજ સો અશ્રફી લઇ સુલેમાન આગલ ગયો અને તેને જણાવ્યું. "ગઈ રાતે અહીંથી ગયા પછી મારા દોસ્ત વેપારીને તારી ઘણી દયા આવી અને તારા હકનો ઇનસાફ અપાવવા માટે જેટલાં નાણાંની હાલ જરૂર પડે એમ છે, તેટલાં મોકલ્યાં છે: માટે એ સો અશ્રફી લઇ હાકેમ આગલ કાંઇ પણ ઢીલ કરયા વગર જા, અને જો કે સો અશ્રફીથી તારૂં કાંઈ વલે છે?"

"તમો અમારા ખરેખરા રફીકો છો, પણ હાકેમ આગલ ફરીથી જવા હું તદન ફોકટ ધારૂં છું." સુલેમાને આનાકાનીથી ઠેલી લેતાં ઉતર વાલ્યો "તો પણ જ્યારે આ સો અશ્રફી મારા મીત્રે ખાસ એ કામ માટે મોકલી છે, તો તેની ઇચ્છા પ્રમાણે હું મારૂં નસીબ ફરીથી અજમાવીશ, અને જોઉં છું કે હાકેમ શું કરે છે?"

તે સાંજે આગલાજ દીવસની માફક વેપારીનો પોશાક પેહેરી કલીફ અને જાફર પેલા આંધલા માછી સુલેમાનના ઝુપડાંમાં દાખલ થયા, જ્યારે મસરૂર થોડેક છેટે બાહેર ઉભો રહ્યો.

સલામ અલેકુમ કર્યા પછી હાકેમને ત્યાં શું બન્યું હતું તે કલીફે જાણવા માંગ્યું.

"ઓ મુરબ્બીઓ!" સુલેમાને જણાવ્યું "પેહેલાં તો તે મારી સાથે તોછડાઇથી વર્તયો, પણ જ્યારે મેં તમો બેરાદરોએ આપેલી સો અશ્રફી નજર કીધી, ત્યાર તેણે પોતાની રીતભાત બદલી નાખી: અને કેટલીક વાર વીચાર કર્યા પછી તેણે જણાવ્યું કે એ મુકદમો નામવર કલીફ હજુર જાય તો ઠીક: અને મારા ભાઈ કાઝી સાંમેની ફરયાદ તે નામદાર હજુર લઈ જવા મને સમજાવ્યું, એટલુંજ નહી પણ પેલી સો અશ્રફીવાલી ઠેલી મને પાછી આપી દીધી; જે સાહેબો, આ રહી."

જાફરને એ ખબર ખુશાલી ભરી હતી. તેણે જોયું કે દઇવિયોગે હાકેમ આ વેળા બચી ગયો હતો; એ શાથી બન્યું હશે તે માટે તે વીચારમાં પડયો. કલીફે જાફર ભણી તીણી નજર ફેંકી, પણ તેને જાફરનો ચેહેરો એ બાબદમાં નીરદોશ જણાયો: તેથી મુસ્તફાનો પેગામ જાણવાની તેને જીગ્નાસા થઈ.

"ત્યારે તું હવે કલીફ આગલ તારો કજીઓ સેહેલાઇથી લઇ જા." કલીફે માછીને સલાહ આપી "કારણ કે હાકેમે પણ તુંને તેમ કરવા સમજાવ્યું છે."

"ઓ સખી બેરાદરો! પેહેલાં તો એ બનવુંજ માહાલ છે : કારણકે આ મારાં કપડાં જોઈ સાધારણ પોહરેગીર વટીક મને દરબાર બાહેરજ ઉભો રાખશે."

"એમ છે તો એક રસ્તો તુંને સુજાડીશ. મેં અને મારા આ મીત્રે તુંને વાજબી ઈનસાફ અપાવવા ઠરાવ્યું છે. કાલે સહવારે મારો એક નોકર પોશાકનું એક બંદલ તારે ત્યાં લઈ આવશે, જે પેહેરીને સાંજે હીમ્મતથી તું હાકેમના મકાનમાં દાખલ થજે. કાલે સાંજે હાકેમે મજલીસ કીધી છે અને અમો વેપારીઓ સાથે દરબારીઓને પણ ત્યાં બોલાવ્યા છે : આથી લાગવગ લગાડી તારૂં ભલું થાય, તેમ હું કોશેશ કરીશ. દરબાનો જો તુંને અંદર દાખલ થતાં અટકાવે તો આ વીટી લે, અને તે દરબાનને આપી કેહેજે કે એ વીટીના માલીકે અગત્યના કામસર બોલાવ્યો છે. તેટલાં આ સો અશ્રફીની ઠેલી તારી પાસેજ રેહેવા દે, અને જરૂર જોગો ખરચ તું તેમાંથી હાલ તરત કરજે. આપણે હવે હાકેમને ત્યાં મળીશું."

સુલેમાન અને તેના ભાઈ મહમદે આ બન્ને વેશધારી વેપારીઓનો કેટલો બધો ઉપકાર માન્યો હશે તે વીચારવું સેહેલ છે. મુસ્તફા પણ હાકેમ વિષે માછીને મલતોજ પેગામ લઈ ગયો.

બીજે દીને સહવારના કલીફે બગદાદના હાકેમપર એક અમલદાર મારફતે પેગામ મોકલ્યો કે તે દીને સાંજે હારૂન તેની સાથે ભોજન જમવાનો ઈરાદો રાખે છે. આ બાદશાહી માનથી હાકેમ ઘણો ખુશી થયો અને ટુંક વખતમાં ધામધુમ કરી મેલી. દરબારીઓ અને જાણીતા આસામીઓને તેણે પોતાને ત્યાં નોતર્યાં, અને સુંદર સ્વરે ગાનારીઓની અને નાચનારીઓની સારી સંખ્યા તેણે બોલાવી.

સાંજે મજલીસ એકઠી મળી, અને કલીફે ત્યાં પધારતાં વાર દરવાજા આગળ ઉભા રેહેનાર અમલદારોને ખાનગી હુકમ કીધો કે જે શખ્સ મારી વીટી લાવે તેને તરત મારી રૂબરૂ હાજર કરવો.

નાચ રંગ થોડો ચાલ્યા પછી એક અમલદાર એક આંધલા લશકરીને હાથ પકડી દીવાનખાનામાં લઈ આવ્યો.

"જેહાંપના! વીટીવાળો ગૃહસ્થ આ રહ્યો." અમલદારે કલીફને નમી કહ્યું.

તરતજ ચુપકીડી પથરાઈ ગઈ.

"સુલેમાન! ભલે પધાર્યા." કલીફે કહ્યુ. સુલેમાનને જોઈ હાકેમના અને હાજર થયલા મુસા કાઝીના તો હાંજાંજ ગગડી ગયાં.

"આહ!" આંધલા સુલેમાને ખુશાલીથી ઉત્તર વાલ્યો "મારો ખેરખાહ દોસ્ત અહીં છે ત્યારે. બેરાદર! હાકેમને તું મારા હકની સીફારસ કરશે કે?"

આંધલા સુલેમાનનું આ રવેસે બોલવું સાંભળી આખી મજલીસ અજબ થઈ. કારણકે કલીફને 'દોસ્ત' અને 'બેરાદર' શબ્દોથી તેઓએ તેને બોલતો સાંભળ્યો.

કલીફે હાકેમ અને મુસા કાઝી તરફ હવે નજર ફેરવી તો ધાસ્તીના માર્યાં બન્ને ઠરઠર કાંપતા જણાયા. "તમો બન્ને આ ગૃહસ્થને પીછાનો છો?" તેણે ગુસ્સાથી પોકાર માર્યો.

જે અમલદારના હાથનો ટેકો લઈ સુલેમાન દીવાનખાનામાં દાખલ થયો હતો તેણે સુલેમાનને હલવેથી કહ્યું "અરે! એવણ તો જેહાંપના હારૂન પોતે છે."

"આહ! ત્યારે તો મારો ઇનસાફ સલામત હાથમાં છે." આંધળા માછીએ ઉતર વાલ્યો.

"ઓ મુસા! ગઈ કાલે તેંજ બે શખ્સોનો મુકદમો તપાસી ચુકાદો આપ્યો કે જેઓ તેમના ચચાની મીલકત વેંહેચી લેવા માંગતા હતા. હવે એજ તારો ચુકાદો તારા બાબમાં ઇનસાફની રાહે તારે પોતે ચુકવવો જોઈએ; ફરક એટલો કે હાલની તારી અસ કેઆમતના ત્રણ ભાગ કરવા જોઈએ, અને તારે ભાગે જે ભાગ આવે તેમાંથી અરધો તાજને હવાલે દંડ દાખલ જવો જોઇએ. બોલ, શું કહેછે?"

"આપ મુરબ્બી છો: હુકમને તાબે."

"ઠીક! જાફર! તાજ જે ફાળો મેળવે તે પેલા અબદુરેહેમાનને સ્વાધીન કરજે. અને હવે હાકેમ સાહેબ! આ મુસા એક કાઝીને દરજજે છે: માટે એના બન્ને ભાઈઓ સાથની પંચાતીનો જે નીવેડો કરવામાં આવ્યો, તે ઉપરાંત મુસાને શી સીક્ષા કરવી જોઈએ."

"જેહાંપના! તારા કમીના બંદાએ ગઈ કાલે એવોજ એક મુકદમાનો ફેસલો કીધો હતો."

"તે શું?"

"કાઝીને સો ફટકા મારવા અને ઓહ્વાપરથી બરતરફ કરવો. એવાઓ વધુ સજાને લાયક છે, પણ ઇનસાફ સાથે દયા હમેશાં ભેલાયલી હોવી જોઈએ."

"ચોપદારો! અમલ કરો." કલીફે કહ્યું.

તરતજ મુસા કાઝીને મજલીસમાંથી હાંકી કાઢી બાહેર લઈ જવામાં આવ્યો અને કલીફના હુકમ મુજબ ફટકાદારે સો ફટકા ફટકાવી કહાડ્યા.

"નસીબના જોરે તું આજે જરામાં બચી ગયો છે." કાઝીને ધસડી ગયા પછી કલીફે હાકેમને કહ્યું. પછી સુલેમાન ભણી ફરીને બોલ્યો "સુલેમાન, હું તુને અને તારા ભાઇને આજથી અમીર બનાઉં છું અને આશા રાખું છું કે અઠવાડ્યાંમાં ત્રણ વખત તું મને મલવા આવશે."

સુલેમાન ફકત બન્ને હાથે સલામ કરવા લાગ્યો, અને ખુશાલીને મારે રડવા લાગ્યો.

કલીફ હવે ઉઠ્યો અને મજલીસમાંથી જતો રહ્યો.

"બેરાદર!" હાકેમને એક બાજુ લઇ જઈ જાફરે પુછ્યું "એ મોજેજો કેમ બન્યો?"

"કાળે સહવારનાં આ કાઝીના જેવોજ કજીઓ મારી આગલ લાવવામાં આવ્યો હતો, અને ત્યાર પછી આંધલો સુલેમાન ઘણે વખતે પાછો ઇનસાફ માંગવા મારી આગલજ આવ્યો અને નીરધન છતાં સો અશ્રફી નઝર કીધી તો મારાં સારાં નસીબે મને શક ગયો અને મેં અશ્રફી લીધી નહી."

"હું તુંને મુબારકબાદી આપું છું."

"મોટો ઉપકાર થયો." હાકેમે ઉતર વાલ્યો.

લુકમાનની લુચ્ચાઈ.

લુકમાન અવસ્થે ગરીબ પણ બડો ચબરાક. ગામમાં તે જોરેમંદ ગણાતો: તેથી ગામ-લોક બનતાં સુધી તેને છેડતું નહી. તેનાં માબાપ પોતા પાછલ થોડાંક જાનવરો મુકી ગયાં હતાં, જે અયાસી લુકમાને વેચી સાટી પુરાં કીધાં, અને છેલ્લાં એક તદન હાડપીં-

જર જેવો બુઢો બળદ તેની પાસે રહ્યો, જે કોઈ વેચાતો લે નહીઃ તેથી સામો તે લુકમાનને માથે પડયો. આ બળદના પણ કેમ પૈસા ઉભા કરવા, તેના ખ્યાલમાં એક દીવસ ગુમાવ્યો અને બીજે દીને તેપર અમલ કીધો.

બળદને બાંધીને હલાલ કીધો. તેનું ચામડું કાઢી એક બાજુ મેલયું અને માંસ તથા હાડકાંના ભાગો કીધા, અને 'તુ! તુ! તુ!' હાંક મારીને ગામનાં કુતરાંઓને બોલાવીને દરેક કુતરાં પાસે એકેક ભાગ પોતાનાં મકાનમાં ખવાડયો. ગામમાં આ કુતરાંઓ રખેવાલ જેવાં: તેથી તેના માલીકો ઘણી જતનથી તેમને રાખતાં હતાં.

કુતરાંઓને કાચું માંસ તથા હાડકાં ખવાડ્યા પછી પોતાનાં મકાનમાં ઢાંકયાં. પછી દરેક કુતરાંના માલીક આગળ ગયો અને તેના કુતરાંઓએ એકેક રતલ માંસ ખાધું હતું તે માટે તેણે કુતરાંને પહરેજ કીધું હતું તે જણાવ્યું. માંસની કીમ્મત બદલ દરેક માલીક પાસેથી છ છ ફદહ સીક્કા વસુલ કીધા પછીજ તેણે કુતરાંને છોડી મેલ્યાં, જેમ કરતાં એક મુરદાલ કુતરૂં બાકી રહ્યું, જેનો કોઈ ધણી નીકળી આવ્યો નહી. આ કુતરૂં લુકમાને તપાસ્યું તો તે કાણું જણાયું: આથી તેને મારી નાખવા લુકમાને એક લાકડી લીધી અને મારી તો કુતરૂં ઉઘાડા બારણાંવાળાં એક મકાનમાં ઘુસ્યું. એ મકાનની માલેક એક ઔરત હતી, જે એકલી રહેતી હતી; પણ જે વખ્તે કુતરૂં મકાનમાં પેઠું ત્યારે પેલી ઓરત એક ગુનેહગાર સાથે કોઈ નહી જાણે તેમ વાતે બેઠેલી હતી, જે પણ એક આંખે ગેપ હતો.

"પેલા કાણાને બાહેર કાઢ, બીબી સાહેબાં!" લુકમાને બાહેરથી બુમ પાડી.

આ અવાજ સાંભળી મકાનદાર ધભરાઈ અને બાહેર ઓટલાપર આવી કાલાવાલા કરતી બોલી "ભાઈ! અલ્લાહ સઘળાંનો વાંક છુપાવે છે, તો તું પણ આ વખત તેમ કર! તુંને જો પૈસા જોઈતા હોય તો આ મારી બાંગડી લે, પણ મને હેરાન ના કર."

લુકમાને તે લીધી અને થોડે દુર ગયા પછી તે ઠાક લેવા બેઠો.

પેલી ઔરત પાછી અંદર ગઈ તો એક અજાણ્યા પણ કાણા કુતરાને ઓરડામાં ભરાયલો તેણીએ દીઠો. તે ચેતી ગઈ કે લુકમાન એ કાણા કુતરાને વીશે બોલ્યો અને તે પેલા કાણા ગુનેહગાર વીશે સમજી. હવે તેણીને બાંગડી ગુમાવવા ગમ્યું નહીઃ તેથી કુતરાને એક રસી સાથે બાંધી લઈ લુકમાનનાં મકાન તરફ જવાના ઈરાદાથી ચાલી તો લુકમાન રસ્તામાંજ બેઠેલો જણાયો.

"ભાઈ! લે આ તારો કુતરો!" તેણીએ દાવકાંપણાથી કહ્યું "એ તો તદન કાણો છે અને વળી દુબળો છે. મારી બાંગડી પાછી મને આપી દેશે તો મેહેરબાની થશે."

"જો હું નહી આપીશ તો કદાચ એ ઔરત મારીપર ચોરીનું બોહોતાન મુકશે" લુકમાને વીચાર્યું અને તેણે બાંગડી તેણીને પાછી સ્વાધીન કીધી.

થોડી વાર પછી લુકમાને પેલાંજ મકાનમાંથી એક મર્દને ભરાતો છુપાતો બાહેર નીકળતાં જોયો. લુકમાન જાણે વીચારમાં ગુંતાયો હોય તેમ બેસી રહ્યો, અને નજદીક આવતાંજ તેણે નજર કીધી તો તે કાણો દેખાયો. હવેજ તે પેલી ઓરતનો ગભરાત સમજી ગયો. "બીબી બડી ઉસ્તાદ! બાંગડી મારા હાથમાંથી શાબુત લઈ ગઈ!" તે બડબડયો "હવે ધાંધલ કરવી ફોકટ!"

અને આ પ્રમાણે લુકમાને એક રતલ સીવાય સઘળા રતલ માંસના પૈસા વસુલ કીધા; અને પેલી ઔરતે પણ બાંગડી સીફતથી પાછી મેળવી.

સઘળું સફાચક.

એક પોલીસનો અમલદાર જણાવે છેઃ—

અમે એક દહાડે અગાસી પર સુતા હતા, ત્યારે અંધારામાં તે ઘરમાં એક ઓરત દાખલ થઇ, અને મકાનમાં જે નાનો પણ નક્કી માલ હતો તે સઘળો એકઠો કરી તેનું એક પોટલું તેણીએ બાંધ્યું અને ત્યાંથી ગુપચુપ સટકી જવા લાગી.

હવે તેણીને પુરા હમેલ હોય એમ દીસતું હતુ. ઉતાવળમાં તેણી જેવું પેલું પોટલું ખાંધ પર ઉઠાવી ઓરડામાંથી બાહેર નીકલતી હતી. ત્યારેજ તે કુદરતી બોજાથી ફારેગ થઇ. તેણીએ ઓરડામાં એક બતી સલગાવી અને બચ્ચાં ઔલાદ સાથે ઓરડામાં ફરવા લાગી. તે બચ્ચું રડવા લાગ્યું : જેથી હું તથા મારા સોબતીઓ સઘળા જાગી ઉઠયા, અને મકાનમાં તરતનાં બચ્ચાંનો રડવાનો સાદ સાંભળી અજબ થવા લાગ્યા. આથી એ શું હતું તે જોવા અગાસીપરનાં ડઉર અલ-કાહ (છજ્યાં) માંથી નીચેના ઓરડામાં જોવા લાગ્યા, તો ત્યાં પેલી ઓરતને અને તેણીના રડતાં બાળકને બતી આગળ બેઠેલાં જોયાં. અમારી વાતચીતથી તેણીએ ઉપર જોયુ તો અમો ચીમાઇને સઘળું જોતાં જણાયાં, આથી તેણીએ પોકાર માર્યો : " ઓરતને આવી હાલતમાં જોતાં તમો લોકોને શરમ નથી આવતી ; દીન તમારો છે, પણ રાત અમારી છે તે તમે વીસરી જવો છો રે ? નીકલો અહીંથી ! આટલાં બધાં વરસ થયાનાં તમો જો મારા પાડોસી નહી હતે તો તમોને આ મકાનમાંજ એમનાં એમ જીવતાં કચડી નાંખતે ! "

અમારી પક્કી ખાતરી થઇ કે એ ઓરત કોઇ નહી પણ જીન છે : તેથી ચીમાઇને જોવાનું અમોએ છોડી દીધું, પણ સવારે જ્યારે અમો જાગૃત થયા, ત્યારેજ અમોને માલમ પડયું કે અમો સઘળાઓની કીમ્મતી ચીજો લઇ તે પોબરા ગણી ગઇ હતી : જેથી અમોને છેલ્લી ઘડીએ માલમ પડયું કે તેણી ચોર હતી, અને અમો સઘળાઓની નક્કર માલમતા સફાચક થઇ ગઇ હતી. અમો સઘળાઓ આ પહેલીજ વખત ઠગાઇ ગયા હતા અને તે પણ એક ઓરતને હાથે : જેથી અમોએ તોબા પોકારી ; પણ એ પશ્ચાતાપ બહુ મોડો હતો.

સોનેરી તોલો.

એક બીજો પોલીસ અમલદાર લખે છે ;—

એક દીવસે પોલીસના દીવાનખાનાનાં બારણા બાહેર બેઠલો હતો, તેટલાં એક ઓરત મારી આગલ જાણે મારી સલાહ પુછતી હોય તેમ આવીને બોલી : " અરે અમલદાર સાહેબ ! હું ફલાણા ગ્રહસ્થની જોરૂ છું, અને તેની સાથે શેહેરના મશહુર શખ્સો ફલાણે ઠેકાણે શરાબના સીસા ખાલી કરે છે."

જ્યારે મેં આ મુઆફેક સાંભલ્યું, ત્યારે શેહેરમાં નીંદા ફેલાતી અટકાવવા દરૂસ્ત ધાર્યું અને તેણીને ગુપચુપ ત્યાંથી ચાલી જવા ફરમાવ્યું.

તેણી ગયા પછી થોડે વખતે હું ઉઠયો અને એખસો પેલાં મકાનમાં જઇ બારણા બાહેર બેઠો, અને જેવું બારણું કાંઇ સબબસર ઉઘડયું કે હું એકદમ અંદર ઘુસ્યો. મેં ત્યાં પેલી અબલાએ કહ્યા પ્રમાણેની ટોલકી બેઠેલી જોઇ, અને તેમની સાથે ખુદ તે ઓરતને પણ દીઠી.

મેં તેમને સલામ કીધી, અને તેઓએ પણ તેવીજ રીતે ઉઠીને ઉતર વાલ્યો અને માન સાથે પોતાની સાથે મને ખાવા બેસાડયો. ખાધા પછી મેં તેમને જણાવ્યું કે તેમનામાંથી એક જણ મારી આગલ ચાડી ખાવા આવ્યું હતું, પણ તેને તડછોડી કાઢી હું પોતે ત્યાં ગયો હતો. એ સાંભળી તેઓએ મારો ઉપકાર માન્યો અને મારી મેહેરબાની માટે મને

સાતમે આસમાને ચઢાવ્યો, એટલુંજ નહી પણ તેઓએ પોતપોતામાંથી બે હજાર દીરમ એકઠા કરી મને આપ્યા, જે લઈ ખુશાલ ચેહેરે મારે મકાને હું વીદાય થયો.

હવે આ બનાવને બે માસ પુરા થયા કે એક દીવસે કાઝી સાહેબનો એક અમલદાર ફરમાન લઇ આવ્યો, જે કાંઈજ નહી પણ કાઝી સાહેબનું નવીશતા હતું, જેમાં મને કચેરીમાં હાજર થવા હુકમ કીધેલો હતો. તે અમલદાર સાથે હું અદાલતમાં ગયો, જ્યાં જતાં જણાયું કે એક જણે બે મહીના પર મને બે હજાર દીરમ ધીરયા હતા એવું સોગંદનામું નોધાવ્યું હતું, અને તે વ્યાજ સાથે પાછા લેવા અદાલતને અરજ કીધી હતી. પુછતાં તેણે જણાવ્યું કે પેલી ઓરતના વાલી દાખલ તેણે મને પેલા બે હજાર દીરમ વ્યાજ સાથે ધીરીઆ હતા. મેં એ દાવાનો ઈનકાર કીધો, પણ તેણે તેટલી રકમનું ટમશુક યાને કરારનામું અદાલતમાં હાજર કીધું, જે પર સાક્ષીઓ દાખલ ચાર જણની સહી જોવામાં આવી. આ ચાર સખ્સો પેલી ટોલકીમાંનાજ મને માલમ પડયા, જેઓ અદાલતમાં સાક્ષી આપવા હાજર થયા હતા.

મેં તેઓ પર જે મેહેરબાની કીધી હતી, તેની તેમને યાદ આપી, પણ આખરે મનેજ વ્યાજ સાથે બે હજાર દીરમ પાછા આપવા પડયા, અને તે વખતથી મેં ઠરાવ કર્યો છે કે ઓરતની સલાહ પ્રમાણે કદી પણ ચાલવું નહી. મારી હાલત તે વેળા નાજુક હતી. જો હું સઘળી બનેલી બીના કાઝી સાહેબને કેહેતે તો ઉલટો હું સપાટામાં આવતે: કારણ કે વાંક છુપાવવાના બદલામાં લાંચ લેવાનું તોહોમત કદાચ નીયાયધીસ મારી પર મુકતે."

જોતાંજ આશક પડનારાંઓની રમુજી વાત.

એક દહાડે મારા કેટલાક સોબતીઓ સાથે ચોક્કસ કામ સર બાહેર ગામ ગયો હતો, અને અમે ટોલટપ્પા કરતા ચાલતા હતા, તેટલાં ઓરતોની એક ટોલકી અમોને મળી. એઓ ઘણી ખુબસુરત હતી, જેમાંની ઉંચી તો પુનમના ચાંદ મીસાલ હતી.

અમો બન્નેની નજર એક સરખી મળી ગઈ, અને પછી મેં જોયું કે તેણી ખામખા હલવેથી ચાલી પોતાની સખીઓથી છુટી પડી ગઇ હતી. મારી ખાતરી થઇ કે તે મને મળવા માગતી હતી: આથી હું પણ મારા સોબતીઓથી જુદો પડયો.

"ઓ માલીક! તું મને ટીકીને જોવા લાગ્યો; માટે હું ધારૂં છું કે તું મને ઓળખતો હોવો જોઇએ, અને જો તેમજ હોય તો મને ઓલખ આપ."

"યા અલ્લાહ! હું તું નાજનીનને ઓલખતો નથી, સીવાય કે અલ્લાહની બક્ષેસથી તારે માટે મારો પ્યાર ઉભરાઇ આવ્યો છે, અને તારી ચાલ ચલણે મારૂં સઘલું દીલ જીતી લીધું છે; તારી આંખ પણ એક હરણીની મીસાલ મને માલમ પડે છે."

"માસલ્લા! જે સઘળું તારા બાબમાં બનેલું જણાવે છે તે મારા બાબમાં પણ બન્યું છે, બલકે વધારે. વળી મને એવો ખ્યાલ આવે છે કે હું તુંને બાલપણથી ઓલખતી આવી છું."

"રસ્તા પર એક અતી ખુબસુરત ઓરત સાથે એક મરદે વાત કરવી, સારી બજારે વાત ફેલાવ્યા બરાબર છે." મેં કહ્યું.

"તારો વીચાર દરોબસ્ત છે. વારૂં, તારૂં મકાન ક્યાં છે?"

"નથી. હું પરદેસવાસી છું, અને અહીં કાંઇ કામસર આવ્યો છું."

"માસલ્લા! મારૂં પણ અહીં મુકામ નથી; તોપણ હું કાંઇ ગોઠવણ કરી શકીશ."

તેણી હવે આગળ આગળ ચાલવા લાગી, અને હું પુઠે પુઠે ગયો. આખરે તેણી એક રસ્તા પાસે સીરાઇ આગળ આવી ઉભી અને મકાનદારને એકાદ ઓરડો ખાલી છે યા નહી તે બાબે પુછ્યું.

"નીઅમ ? (હા છે ?)" મકાનદારે ઉતર વાળ્યો.

"ત્યારે તો ચાવી મને આપ !"

ચાવી લઇ ઓરડો તપાસવા તેણી અંદર દાખલ થઇ. ત્યાર પછી મકાનદાર આગલ પાછી આવીને એક દીરમ આપી તેણી બોલી "આ હલાવટ અલ-મીફતાહ ભાડાં બદલ લે. ઓરડો મને પસંદ છે અને આ બીજો દીરમ તારી મેહેનતના બદલામાં છે. જઇને એક ઘાઘર ભરી પાણી લાવ, કે હાથ મ્હો ધોઇ અમો તરોતાઝ થઇએ, અને આફતાબ ગુફતનશીન થવાની તૈયારીમાં હશે ત્યારે નમાજ-ઈ- મગ્રીબી પઢીને, મરદ અમારો સરસામાન લાવવા જશે."

આથી મકાનદાર ખુશ થઇ એક ચટાઇ તથા બે ઘાઘર ભરી પાણી, બે પ્યાલાં, એક પંખો અને ચામડાંની એક કમ્મલ યાને ઓઢણી લઈ આવ્યો.

આ મુજબ અમો બન્ને જણે ઓરડામાં, મુકામ કીધો, અને મારી સાથની નાજનીન પેલા મકાનદારને શેહેર સમાચાર વીશે તરેહવાર સવાલો પુછવા લાગી. એમ કરતાં સાંજનો સમો થયો કે તેણી બોલી "હવે નમાજ પઢવાનો વખત થવા આવ્યો છે માટે નાહી આઉં."

"આપણે બન્ને વાસ્તે નાહવાનું ગરમ પાણી મંગાવ !" મેં કહ્યું અને મારી ડેલીમાંથી થોડાક દીરમ તેણીને આપવા માટે બાહેર કાઢયા ; પણ તેણી બોલીઉઠી : "સબર !" અને પોતાની પાસેની ડેલી ઝડપમાં ખોલી તેમાંથી મુઠી ભરાય એટલા રૂપાના શીક્કા બાહેર કાઢી તેણીએ કહ્યું "હું કાંઇ પૈસા સારૂ તારી સાથે આવી નથી, પણ ફકત મહોબત માટે."

"તેં જે અત્યાર સુધી ખરચ્યું તેના બદલામાં આ કબુલ કર." મેં સીક્કા આપતાં ઓહોંસ કીધી.

"કદી નહી. અલ્લાહની બરકતથી મારી પાસે સારી જેવી પુંજી છે" એટલું બોલી તેણી નાહવાની ઓરડીમાં ગઇ, જ્યાં મકાનદારે પાણી લાવી મુક્યું હતું.

થોડી વારમાં તેણી અંગોલ કરી પાછી આવી અને નીમાજ પઢી પાપની તોબ્જેશ કીધી.

મેં હવે તેણીનું નામ પુછયું તો તેણીએ "રયહાનહ" જણાવ્યું અને તેણીના મકાનની મને ઓલખ આપી. મેં જ્યારે તેણીને આવી સુઘડ અને નીમાઝી જોઇ, ત્યારે મારૂં પણ મન તેણીને પગલે ચાલવાનું થયું.

"હા અલ્લા ! મારે માટે પણ પાણી તૈયાર થયું કે ?"

સેજવારમાં મકાનદારે તેમ થવાની ખબર આપી કે હું તેણીને મારાં કપડાં રાખવા આપી હમામખાનામાં ગયો. નાહીને કોટડીમાંથીજ "ઓ મારી રયહાનહા કપડાં આપતો !" મેં પોકાર માર્યો. પણ કોઇએ જવાબ નહી આપ્યાથી હું બાહેર આવ્યો, અને જોઉં છું તો અમે ભાડે લીધેલા ઓરડામાં કોઇ હતું નહી, એટલુંજ નહી પણ પેલી ઓરત સાથે મારાં કપડાં અને ખીસાંમાંના પૈસા સઘળાં ગેપ થયલાં જણાયાં : વળી ચારસો દીરમની ડેલી નફામાં ગઇ તે તો જુદી.

એટલુંજ નહી પણ મારૂં એકે કપડું તેણી રાખી નહી ગઈ. મારૂં તો મોત જેવું થયું. હવે શું કરૂં તેનો વીચાર કરતો હતો તેટલાં પેલી કમ્મલ પર મારી નજર પડી, જે મે કમ્મર આસપાસ જેમ તેમ વીંટાલી, અને ચટાઈપર બેસી મકાનદારને હાંક મારી બોલાવીને પુછયું "મારી સાથવાલી ઓરત કયાં ગઇ ?"

"ઝનાબ ! સેજ વખત થયોજ તમારી જોરૂ બાહેર ગઇ અને કેહેતી ગઇ કે 'છોકરાંઓને કપડાં પેહેરાવી લઈ આઉં છું, અને જો મને પાછી વલતાં વાર લાગે અને તેટલાં મારો ખાવીંદ ઉંઘમાંથી જાગે તો કેહેજે કે કપડાં મોકલું તેટલાં મકાનમાંથી બાહેર ના જતા.'

આ સાંભળી મારો પીત્તો ઉછલી આવ્યો અને બોલ્યો " ઓ મકાનદાર ! તુંને હું શું કહું ? તે ઓરત કાંઇ મારી બીબી નથી, પણ હવે હું જોઉં છું લુચ્ચી ઠગ અને મક્કારે ઓરત છે. આજ દીનેજ મને તેણી સાથે પેહેલ વેહેલી ઓલખાણ પડી હતી, તેની અગાઉ મેં એ દદાની સુરત કંઇ દીઠેલી નહી ! " એટલું કહી મેં તેને એ ઓરત સાથની મારી ઓળખાણની વીગત સમજાવી, અને હું તે ઘડીએ તદ્દન માદર જાત હતો તે વીશે પણ મે તેને વાકેફ કીધો. આ હેવાલ સાંભળી મકાનદાર ખુબ હસ્સો, અને " ઓ ફતીમાહ ! ઓ ખદીજાહ ! હો સનીનાહ ? " કરી મોટેથી હાંક મારી કે મકાનમાંનાજ નહી પણ પડોસીઓ વટીક સઘલાં ત્યાં દોડી આવ્યાં અને મારી મશકેરી કરવા લાગ્યાં, તેમાં છોકરાંઓએ તો હદ બાહેર મજાક કરી મને પાણી પાણી કરી નાંખ્યો.

" અએ ઉલ્લુ ! આ તારી આશકબાજીનો બદલો જો ! " એકે કહ્યું.

ત્યાર પછી બીજો ટોલાંમાંથી બાહેર આવ્યો અને મારા ચેહેરા પર ટીકીટીકીને હસી પડયો અને બોલ્યો " અએ અહમક ! જ્યારે તેણીએ ઝબાનદરાજી ચલાવી કે તુંને જોતાંજ તારી પર આશક પડી ત્યારે જો તારામાં જરાએ અક્કલ હતે તો તું ચેતી જતે કે તેણી નારાસ્ત હોવી જોઇએ. તારામાં એવું તે શું છે કે જોતાંજ તારી પર તે ખુબસુરત નાજનીન દેવાની થઇ ? "

" ઓ બેવકુફના બાદશાહ ! " ત્રીજાએ ટેકો આપ્યો " આટલાં બધાં વરસ તેં ક્યાં ગુમાવ્યાં. દાનેશમંદ ઉમ્મરે પુગ્યા છતાં તારામાં જરાએ દાનાઇ હોય એમ જણાતું નથી."

આ પ્રમાણે ઘણાંઓ ધુમ હસીને તાણાઓ મારવામાં હરીફાઇ કરવા લાગ્યાં, જ્યારે મારો પીત્તો તો એવો ઉછલી આવતો કે બધાંને જમેહ કરૂં. પણ હું ગામ બાહેર અને વળી તલવાર તો શું પણ કપડાં વગર, એટલે નીચી મુંડીએ સાંભળવા સીવાય કશો છુટકો નહી હતો.

તોપણ આખરે એક ઓરતને મારી દયા આવી અને પાયજામો લાવી મને આપ્યો, જે ફક્ત પેહેરી લગભગ નગ્ન હાલતમાંજ હું બીજે દરવાજે બાહેર પડયો, પણ પગની પીડા પગેજ વળગી. હરામખોર પોર્યાંઓએ મને ત્યાંથી બહાર જતાં જોયો, અને " દીવાના આદમી ! સારી આદમી ! " કરી નાચકુદ કરતાં બુમો પાડવા લાગ્યાં. હું નાહસવા લાગ્યો તો તેઓ પણ તેમ કરવા લાગ્યાં, અને તેમની સાથે બીજા જવાન્યા તેમજ ઉમ્મરે પુગેલાંઓ પણ દોડવા લાગ્યાં. ગામની પાદરેજ તેઓએ મારી પુઠ છોડી અને હવે મેં મારાં મકાન તરફ જવા ચાલુ મુક્યું, ત્યાં જઇ પુગતાંજ મેં જોરથી બારણું અફાલ્યું, કે મારી જોરૂ બારણું ઉઘાડી બાહેર આવી અને મને એ હાલતમાં જોઇ તેણી પાછી અંદર દોડી ગઇ અને બુમો પાડવા લાગી કે " એક દીવાનો ! ભુત ! "

તેણીની બુમો સાંભળી મારો કબીલો દોડી આવ્યો, જેઓએ મને પીછાણ્યો અને મને સલામત જોઇ ખુશ થઇ પુછયું " એમ કેમ ? શું બન્યું ? "

મેં ઓરંગો માર્યો કે ગામ બાહેર મારા સાથીઓથી હું છુટો પડી ગયો, અને ચોરોના હાથમાં હું સપડાયો, જેઓએ મારાં કપડાં તથા પૈસા લીધા એટલુંજ નહી પણ મને મારી નાખવા માગ્યો, પણ આજુજી તથા કુનેહ વાપરી હું તેમના હાથમાંથી છુટો.

ચોરોના પંજામાંથી મારો છુટકો થયલો સાંભલી મારૂં કુટુંબ ખુશ ખુશ થઇ ગયું અને અલ્લાહની બંદગી કરવા લાગ્યું.

હું ઘણો ચતુર ગણાઉં છું, છતાં ઓરતના ફરેબ આગલ કાંઇ બીસાદ નથી, દુન્યામાં આપણે ધાર્યે છીયે તે કરતાં પણ વધુ હીકમતવાળાં હોય છે.

હુશીઆરી કોઈના બાપની નથી.

એક ચોક્કસ જમાબંદદારના ઘરમાં એક તરાહીત ખુબસુરત ઓરતને વારંવાર જતાં જોઇ એક દીવસે મકાન બાહેર ઘણું લોક એકઠું થયું. ગડબડ સાંભલી પોલીસ હવાલદાર દાખલ હું મારા બે ત્રણ હાથ હેઠલના સાથે દોડી પોંહોંચ્યો અને બારણું અફાલવા લાગ્યો.

જમાબંદદારે ઘરની અગાસી પરથી ચીમાદને જોયું તો ભેગી મળેલી ઠઠનું કારણ ચેતી ગયો.

"બારણા ખોલો! હવાલદાર સાહેબ આવ્યા છે!" ભેગી મળેલી ઠઠે પોકાર માર્યો.

"એ કોણ છેરે? અને શી ધાંધલ? ઉભા રહો લુચ્ચાઓ, તમો સઘલાઓને કોટવાલ સાહેબ આગલ લઇ જાઉં છું," જમાબંદદારે રોબ કીધો "પ્રમાણીક અને આબરૂદાર માણસોનાં મકાન આગલ ગડબડ કરતાં તમોને શરમ નથી આવતી?"

"અરે એ આબરૂદાર મરદ!" ઠઠમાંથી એક જણે બુમ પાડી "મુગો મુગો બારણું તો ઉઘાડ!"

"હવાલદાર સાહેબ ઓટલાપર ખોટી થાય છે, જલદી ઉઘાડો," લોકે પોકાર કીધો.

"પણ એ છે શું?" જમાબંદદારે નીચે આવતાં કહ્યું.

"અરે એ મકાનવાલે! બારણું ખોલ!"

આખરે તેણે બારણું ઉઘાડયું અને જાણે રમખાનનું કારણ જાણતોજ નહી હોય તેમ પુછયું "કેમ હવાલદાર સાહેબ? શી ફરમાસ છે?"

"લે જો કોચીનો સાહુકાર! જાણે કાંઈ જાણતોજ નથી, હો!" એક જણ બોલ્યો.

"અરે એ મ્હોબત કરનેવાલે! પેલી તારી સાથે નાજનીન છે, તેને બાહેર લાવ."

"તમો લોકને કાંઈ શરમ નથી શું? મારી બીબીને તમોને દેખાડવા હું કેમ બાહેર લાવું? કાંઇ અકલ છે યા નહી?"

"અરે જારે બીબી વાલે? કોણને શીખવે છે? કઇ કીતાબના કલામથી તારા નેકાહ થયા છે."

"અલ્હાની નમાઝકી કીતાબ પ્રમાણે અને આપણા રવૈયા મુજબ એ મારી જોરૂ છે."

"તો નેકાહનામું કયાં છે?"

"તે કરારનામું મારી બીબીની અમ્માને ત્યાં છે."

"ત્યારે અમો સાથે આવીને ખાતરી કર."

"જરા અહીંથી ખસી જાઓ કે તેણી બાહેર આવે."

અહીં મારે કેહેવું જોઇએ કે આ સઘળો વખત હું મુંગોજ ઉભો રહી સઘલો રાહધાટ તપાસ્તો હતો. ઠઠમાંનો એક સખ્સજ પેલા જમાબંદદાર સાથે તકરારમાં ઉતર્યો હતો; તેથી મે ધાર્યું કે કદાચ કાંઇ આગલી પાછલી બાબદનું વેર લેવાની આ તક સારી જોઇ તે તેમ કરતો હશે, એટલુંજ નહી પણ લાકડે માકડું ઠીક બેઠેલું મને જણાયાથી મેં પણ ખામોસીજ અખત્યાર કીધી: અને પેલાને આંખની ઇસારતથી ચઢાવતો ગયો.

હવે જમાબંદદારે શું કીધું હતું તે સાંભલો. તોફાનની પેહેલી અસર જણાતાંજ તેણે લગ્નનામું ત્યાંને ત્યાંજ લખી કાઢયું, જેમાં લગ્ન-લખ્ત મુજબ બીબીની ઓલખ, સાક્ષીઓની સાખ વગેરે સઘળું વીસ્તારી લખ્યું હતું, એટલુંજ નહી પણ બીબી તરફના સાક્ષી દાખલ એક જણની ખોટી સહી વટીક કીધી હતી.

જ્યારે પેલી ઓરતને બાહેર જવા ફરમાવે ત્યારે પોતા સાથે લઇ જવા તેણે તેણી સાથે આગમચથી ગોઠવણ કરી રાખી હતી.

આથી પેલી ઓરતને બાહેર જવા તેણે અરજ કીધી કે તેણી પેલો દસ્તાવેજ છુપાવી બારણા બાહેર આવી. તેણીને બાપને ઘર સલામત પુગાડવા જમાબંદદારે એક નોકરને મોકલ્યો. તેણી પોતાના ઘરમાં દાખલ થઇ કે તેણીએ નોકરને કહ્યું "હું કોઇના પણ કહ્યા પ્રમાણે ચાલવાની નથી. આમીલને ગરજ હોય તો અમારૂં નેકાહખત અહીં આવી લઇ જાય."

નોકરે આ સંદેસો જમાબંદદારના ઘર આગલ આવી અમોને કહ્યો. તેણીના કહ્યા પ્રમાણે ચાલવા વગર છુટકોજ નહી હતો: માટે હવાલદાર દાખલ મેં તેમ કરવા પરવાનગી આપી.

"અરે ખાજાસસ! (ફલાણા) ટરીકને ત્યાં જા તો, અને તેને અહીં બોલાવી લાવતો?" જમાબંદદારે પોતાના નોકરને હુકમ કીધો. આ ઓધેદાર તેજ હતો કે જે પેલી ઓરતના કેહેવાતા નીકાહ વખતે સાક્ષી હતો. તે આ જમાબંદદારનો જાની દોસ્ત હતો.

"એને શા માટે બોલાવ્યો?" મેં જાણવા માંગ્યું.

"હવાલદાર સાહેબ, અમારા નેકાહ વખતે એ હાજર હતો, અને સાક્ષી દાખલ એણે ખત પર સહી પણ કીધી હતી." જમાબંદદારે હીમ્મતથી બેધડક જવાબ આપ્યો.

મેં તેને બોલાવવા એક સીપાઇને મોકલ્યો. ખચ્ચીત! વાત રસ પર ચઢી હતી, પણ પેલાની આગમચથી કરી રાખેલી ગોઠવણ વીશે મને મુદ્દલ વહેમ વટીક ગયો નહી હતો.

જ્યારે સાક્ષી આવ્યો ત્યારે જમાબંદદારે ઇસારત કરી તેને કહ્યું "આમીલ! (ફલાણી) ઓરત સાથના મારાં લગ્ન વખતે જે ખતપર તેં સહી કીધી હતીની, તે ખત મારી બીબી પાસે જઇ અહીં માગી લાવ તો?"

ઓધેદાર જમાબંદદાર જેવોજ ચબરાક હતો: તેથી પોતાના દોસ્તની ઇસારતથી અને બોલવાથી સઘળું ચેતી ગયો, અને મારી આગલ આવીબોલ્યો "માસલ્લા! હવાલદાર સાહેબ, અહીં બધી ગડબડ શાની? એતો એની પરણેલી બીબીજ છે, અને મેં પોતે સાક્ષી દાખલ લખ્ત પર સહી કીધી હતી."

"અરે ખત માગો, ખત માગો?" ટઠમાંથી બે ત્રણ જણા મોટેથી બોલ્યા.

"શું તમો મારૂં કેહેલું માનતા નથી, તો હું લાચાર છું. આ આબરૂદાર સખ્સની બીબી આગલ જઇ ત્યાંથી ખત લાવ્યા વગર મારો હવે છુટકોજ નથી." ઓધેદારે કહ્યું.

થોડીવારે પેલો ઓધેદાર એક લખ્ત લઇ આવ્યો, જે મેં તથા બીજાઓએ જોયું તો નીયમસર લખાયલું હતું. અહીં મારે ખુલાસો કરવો જોઇએ કે પેલો ઓધ્ધેદાર કાઝી સાહેબના હાથ હેઠલ લગ્નોને લગતું કામકાજ પણ કરતો હતો.

અમે લખ્ત જોતા હતા, તે વખતે જમાદાર પણ ત્યાં આવ્યો, જેને મેં સઘલી વીગત કહી, અને પેલું લખત બતાવ્યું, જે તેને પણ બરાબર દીસ્યું.

"આમીલ સાહેબ!" જમાબંદદારે હવે અમોને ઘબરાટમાં નાખવા કહ્યું "આપણા મુરબ્બી કાઝી સાહેબને પોલીસના આ તુફાનની વીગત જઇ કહો. શું નેકાહ કીધા, તે કાંઇ આબરૂ લુટાવવા સારૂ કીધા?"

ઓધ્ધેદાર જવા સારૂ ઉઠયો, પણ મારા ભેગોજ જમાદાર ઘબરાયો અને અમે મીઠું મીઠું પીરસી અને વાખવાખી ભર મીજલસમાં ગાઇ, તેને ઠંડો મીઠો રાખ્યો અને આ કાહાણીનો ઉપર રવેસે નીવેડો આવ્યો.

ઘણો વખત પસાર થયા પછીજ મને પેલા તરફથી દસ્તાવેજની બીના માલમ પડી હતી, પણ તે વેળા સંજોગ એવા બન્યા કે એ બીના દાબી રાખેલી બેહેતર ગણાઇ.

આ પ્રમાણે જમાબંદદારે પોતાની હુસ્ન તદબીરથી પોતાની આબરૂ છુપાવી અને સામા અમોને કાલાવાલા કરવા પડયા.

વાહ, વાહ! અછી બનાઇ!

શરાફી બઝારમાં એક દીને એક જઇફ઼ ઓરત પોતાના હાથમાં દાગીનાની એક સંદુક લઇ આવી. તેણી સાથે હમેલદાર એક જવાન ઓરત પણ હતી. પેલી બુરહીઆ ઓરત એક બઝાઝ યાને કપરાંના વેપારીની દુકાન આગળ બેઠી અને બલતી વાત છેડી પેલા સોદાગરને બેદરકારપણે જણાવ્યું કે તેણી સાથની જવાન ઓરતને પોલીસના મુતવલીથી હમેલ રહેલા છે: અને પછી પેલી નાની સંદુક ઉઘાડી તેમાંના દાગીના દેખાડીને તેની પાસેથી આસરે એક હજાર દીનારની કીમ્મતનું કાપડ ખરીદી તેના બદલામાં પેલા દાગીનાની સંદુક ગીરો મેલી, અને જણાવ્યું કે થોડા દીવસમાં રોકડા પૈસા આપી તેણી તે સંદુકમાંનો માલ છોડાવી લઇ જશે. દાગીના જોઇ અને મુતવલીનું નામ સાંભલી સોદાગર ભોલવાયો અને ઉપર જણાવેલી સરતે કાપડ આપ્યું.

ઘણા દીવસ પસાર થયા તોપણ પેલી બુઢી દહા પાછી ફ઼રેલી નહી જણાતાં સોદાગર અધીરો થયો, અને પુલીસના મુતવલીને ઘરે જઇ પેલી ઓરતો વીશે પુછપરછ કીધી તો તેની અજાયબી વચ્ચે કાંઇ પત્તો મલ્યો નહી. આથી તેણે પેલી સંદુક ખોલી અને દાગીના હુશીઆર ઝવેરીઓને દેખાડયા તો દરેક જણે બનાવટી દાખલ જાહેર કીધા, અને જણાવ્યું કે તેમની ઉપર ખાલી ગીલીટ કાધી હતી અને સો દીરમની કીમ્મતના પણ નહી હતા.

સોદાગરના આ સાંભલી હાંજા ગગડી ગયાં અને બાપડો હાકેમના પેશદસ્ત આગલ દોડયો. હવે અમીન હતો જમાના ખાધેલ; તેણે જોઇ લીધું કે બુઢીએ સફાઇથી કામ કીધું હતું. વળી આ ન્યાયાધીસ દાનેશમંદ હતો: તેથી પેલા સોદાગરને પોતાના ખાનગી મકાનમાં બોલાવ્યો અને ઓરડાના બારણા બંધ કરી કહ્યું: "કાંઇ પણ કરી તારી દુકાનમાંથી જવાહીર સાથની પેલી સંદુક અને કીમ્મતી અસબાબ કોઇ નહી જાણે તેમ કાઢી નાખ, અને બીજે દીને સહવારના તાળું ભાંગીને કોઇ દાખલ થયું હોય અને અસબાબ ઉઠાવી ગયું હોય, તેમ બોલી સોર ઉઠાવ, અને જ્યારે ઘણું લોક એકઠું થાય ત્યારે ફ઼રયાદ કરવા મારી કચેરીમાં દોડી આવજે. વળી અલ્લાહની મદદ માગવાનું વીસરતો ના. તું વળી ભર કચેરીમાં કહેજે કે એક ખાનદાની માણસ નાદર દાગીના સાથની એક સંદુક ગીરવી મેલી ગયું હતું તે પણ ચોરી જવાથી તે મોટા માણસથી ઘણો બીહે છે. હવે તેને શું જવાબ દઇશ. એ વતરોગે લોકના મનપર ચોરીની અને મુખ્ય કરી સંદુક ગુમ થવાની વાત ઠસાવવા તારા મનમાં જે ઠીક લાગે તે બોલજે. જેથી ચોરીની વાત શેહેરમાં પસરી જશે, અને પેલી બુઢી બુરહીઆનાં સાંભલવામાં એ બીના આવતાં તે તારી આગલ સંદુક માંગવા જરૂર આવશે."

"જેવો આપ સાહેબનો હુકમ," સોદાગરે વીદાયગીરી લેતાં કહ્યું.

બીજે દીને શહવારના સોદાગરની દુકાન આગલ મોટી ઠઠ ભેગી થયલી જણાઇ, અને સૌ કોઇ એ ચોરી વીશે તરેહવાર વીચારો જણાવવા લાગ્યું. જેમ જેમ વખત વધતો ગયો, તેમ તેમ લોક પણ વધુ જમા થતું ગયું, પણ ઘોંઘાટમાં સૌથી મોટો અવાજ પેલા સોદાગરના વીલાપનો સંભલાતો હતો. આખરે ગોઠવણ મુજબ ફ઼રયાદ કરવા તે કચેરીમાં ગયો અને ન્યાયધીશે કહ્યું તેમ બરાબર ચાલા કરવા લાગ્યો. ન્યાયધીશે ભર કચેરીમાં દીલાસો દીધો અને અલ્લાહપર ઇતબાર રાખવા કહ્યું.

ત્રીજે દીને સાંજે સોદાગરની દુકાન આગલ પેલી બુઢી દહા એક હજાર દીનાર લઇ ગઇ અને પેલી સંદુકની માંગણી કીધી. તેણીની મતલબ ત્રણ ચાર હજાર દીનાર પેલી સંદુકમાંનાં ઘરેણા માટે મેલવવાની હતી.

સોદાગરે સંદુક ચોરાઇ જવાની બીના કહી અને સાક્ષી દાખલ મોહોલ્લેદારોને બોલાવ્યા. પણ પેલી બુઢી છછણી પડી એટલે આખો વરઘોડો પેશદસ્તના ખાનગી મકાને ચઢયો.

ન્યાયધીશે જોઇ લીધું કે જે છટકું તેણે માંડયું હતું, તેમાં પેલી બુઢી આબાદ સપડાઇ ગઇ હતી: તેથી બોલ્યો "અય બુઢી દાકણુ! તારાં પેહેલાં કરતુકોથી ધરાઇ નહીં કે વધુ પગલાં આજે તેં ભર્યાં?"

"અય બુલંદ તોખમના અને રાસ્તીના ચાહનાર અમીન સાહેબ! તું મને શું કરવા એમ બોલે છે, હું તો ફરમાવેલી બંદી! મારી પાસે એ કરતુક કરાવનારાઓને તારે પકડવા જોઇએ." બુઢીએ કહ્યું.

"તારૂં કહેવું પણ દરૂસ્ત છે." નીયાયધીસે ઉતર વાલ્યો "પણ તું તેમને પકડાવી શકશે?"

"એમાં કાંઇ જાજી બીસાદ નથી." બુઢીએ કહ્યું "જો કાલ સહવાર સુધી એ બાબદ મુલતવી રાખશો તો કદાચ પેલાઓ છટકી જશે: માટે આજે રાતે અંધારાંમાંજ એમને સીકડી શકાશે."

"જા ત્યારે."

"પણ તમારા અમલદારોમાંથી એકને મારી સાથે આવવા કહો કે જેથી તેઓ મારા હુકમને તાબે થાય અને અડચણ નહી કરે."

ન્યાયધીસે આથી માણસોની એક ટુકડી તેણીની સાથે જવા આપી. તેમને સાથે લઇ તેણી એક મકાનનાં બારણા બાહેર જઇ ઉભી અને બોલી "આ દરવાજા આગલ ઉભા રહો, અને હું અંદર ગયા પછી જેમ જેમ રફતે રફતે આદમીઓ નીકલતાં જાય તેમ તેમ તેમને કેદ પકડી ચાવડીમાં ઘસડી જજો, છેલ્લાં હું બાહેર આવીશ."

"જેવો હુકમ" તેઓએ ઉતર વાલ્યો, અને બારણા આગલ ગોઠવઇ ઉભા, જ્યારે પેલી દદા અંદર ગઇ.

આસરે કલાકેક ખોટી થયા છતાં બારણા માંહેથી કોઇ બાહેર ફટકેલું જણાયું નહી. ત્યારે તેઓ કંતાલો ખાવા લાગ્યા. પાછો બીજો પાએક કલાક ખોટી થયા, પણ કાંઇ નહી. ટુકડીના વડાએ હવે હુકમ કીધો કે બારણું જોર જુલમથી ઉઘાડે; માણસોએ તેમ કીધું, અને એક જણ મકાનમાં બટી લઇ દાખલ થયો. આખે મકાને ફર્યા પછી ઘણીવારે પાછો આવ્યો અને જણાવ્યું કે અંદરતો સઘળું સફાચક હતું. ચલ્લું વટીક અંદર દીસ્યું નહી.

સઘળાઓ આ સાંભળી રાતાપીલા થઇ ગયા. એક બુઢી દદાએ તેમને ઠગ્યા એ વીચારજ ગુસ્સો કરવા માટે બસ હતો: સઘળાઓ મકાનમાં પેઠા, અને તેમના સોબતીએ મકાન સઘળું તેમને દેખાડયું, પછી બીજે છેડે આવેલું એક બારણું દેખાડી બોલ્યો "આ બારણેથી પછવાડે આવેલી ગલીમાં જવાય છે; અને ખરેખર! અહીંથીજ તેણી પોબારા ગણી ગઇ હશે અને તેમોને હસી હશે."

સઘલાઓ નીયાયધીસને બંગલે ગયા અને સઘળો હેવાલ તેને કહ્યો. ન્યાયધીસની ખાતરી થઇ કે બુઢી બડી ચબરાક હોવી જોઇએ કે સઘળાઓને આ ત્રીજી વખત ઘણી સીફ-તથી તેણીએ છેતરયા હતા, અને પોતે છટકામાં સપડાયલી જોઇ તાબડતોબ આ છેલ્લો ઇલાજ તેણીએ શોધી કાઢયો હતો.

ખરેખર! આપણુ મોટાં માણસો દરજ્જાને લીધે દુન્યાના દોરંગ તેમજ ખલકતના આદમીઓના પ્રપંચો જાણી શકતા નથી. અરે ફરેબ! દુન્યામાંથી તું ક્યારે નાબુદ થશે?

કામ લીયે દામ, ઔર દામ લીયે કામ.

દુન્યાના અયવાનમાં એક રાજા હતો, જેના બે વજીર હતા. એક સ્યાણો અને શીખેલો હતો, બીજો જાહેલ અને અભણ હતો. રાજ અમલને માટે જ્યારેબી તે પોતાના વજીરોની સલાહ લેતો ત્યારે તેને પેલો જાહેલ સલાહ આપતો કે અય શાહ, એટલો બધો પૈસો શા માટે ખરચે છે? સીપાહો અને લડવૈયાઓપર પૈસો શા માટે વેરે છે?"

રાજાને તેના આ બોલ બહુજ ગમ્યા, જેથી એક દીવસે તેણે પોતાના સ્યાણા વજીરને કહ્યું–

"તું એવા સીપાહો લાવ કે જેઓ થોડે પૈસે સંતોષ ધરે."

"પૈસા વગર કાંઈ આદમીઓ રેહે, જેહાંપનાહ?" વજીરે સવાલ કર્યો.

"પણ લડાઇની વખતે આપણે પૈસા વેરીશું તો આપણને ઘણાઓ મળશે."

"ઠીક છે, જેમ હજુરની મરજી. હું એવાં આદમીઓ લાવીશ કે જેઓ કશો લવાજમ લેશે નહીં અને ખાધા પીધા કે હીલ્યા ચાલ્યા વગર તારા દરવાજા પર ખડે પગે ઉભા રેહેશે."

"ઠીક છે, જા, લેઇ આવ તેવાઓને" રાજાએ હુકમ કીધો.

વજીર ગયો અને એક ચીતારાને બોલાવી લાવી મેહેલમાંનો એક મોટો ઓરડો તેની પાસે રંગાવ્યો અને તે ઓરડાની ચારે દીવાલપર બરછી, ભાલા અને તીરકામઠાં સાથના સીપાહોના ચીતારો ચીતરાવ્યા. સઘળું બરાબર ચીતરાઈ રહ્યું કે વજીર રાજાને તે ઓરડામાં બોલાવી ગયો, અને સઘળા ચીતારો દેખડાવ્યા. રાજા તે જોઇ બોલ્યો "એ ચીતારો શાના?"

વજીર બોલ્યો "દામ વગર કામ કરે તેવાં તેં માણસો માંગ્યાં. આ જવાનો વગર પૈસે તારી ખીદમતમાં તું ચાહશે ત્યાં તુલીક ઉભા રેહેશે."

"પણ એઓમાં જીવજ શું છે કે એઓ મારી નોકરી કરે?"

"અય શાહ, જીવ વગરની આકૃતિઓ જો તારૂં કામ ન કરે તો પછી વગર પૈસે તારી તાબેદારી કોણ કરશે? દામના બદલામાં કામ અને કામના બદલામાં દામ તો જગતનો ચાલતો આવેલો રવૈયોજ છે. તુંને પગારદાર આદમી જો ન જોઇયે તો આ ચાલશેઃ કેમકે તેમને ખાધા પીધાની જરૂર નથી. સીપાહોને તું પગાર ન આપશે તો તેઓ તારે ખાતર પોતાની જીંદગીને કેમ જોખમમાં નાખશે? જો એક દાખલો આપુંઃ એક અમીરને ત્યાં એક નોકર હતો. એક દીને તે નોકરને તેણે તેનું નામ પુછ્યું, જેના જવાબમાં તે બોલ્યો "જહાંપનાહ, મારૂં નામ ચંદુલી છે."

જ્યાંસુધી તે અમીરની નોકરીમાં રહ્યો ત્યાંસુધી તેને દરેક જણ એજ નામે બોલાવતું.

એક દીવસ પોતાના શેઠની નોકરીએથી નીકળી તે બીજી ગમ રહ્યો. કેડે કામે જતાં તે અમીરને રસ્તામાં મળી ગયો. અમીરે તેને પુછ્યુંઃ "કેમ ચંદુલી, ક્યાં ચાલ્યો?"

"ખબરદાર, જનાબ, મને એ નામે ફરીથી તું બોલાવશે તો ખતા ખાશે."

જે સાંભળી પેલો અમીર બોલ્યો "એમ કાંય? તું મારે ત્યાં હતો ત્યારે તો સૌ કોઇ તુંને એજ નામે બોલાવતું હતું."

"પણ તે વેળા હું તારી નોકરીમાં હતો, અને તું મને એ નામે બોલાવતો હતો તે હું સાંખી જતો હતો. પણ હવે કાંઈ હું તારી ન્યામત પર ઉઘરતો નથીઃ એટલે એ નામે મને બોલાવવાનો તને જરાબી હક્ક નથી."

વળી હજીબી આ તકરાર કમ હોય તેમ વજીરે તે રાજાની આગળ મધથી ભરેલી એક થાળ લાવીને મુકી, પણ તે વેળા રાત હોવાથી તે પર માખ આવીને બેઠી નહીં.

"લે" તે વજીર બોલ્યો "જહાંપનાહ, સૌ કહેછે કે મધ હોય ત્યાં માખ આવે, ક્યાં છે આ મધભરી થાળપર તો એકબી માખ ફડકતી નથી?"

"પણ હાલ રાતનો વખત છે તે માખ કેમ આવે?" રાજાએ બચાવ કીધો.

"બરાબર છે, અય આલમપનાહ, વખતનાં ઢોલ વખતેજ છાજે. આદમીઓને જ્યારે જરૂર હોય ત્યારેજ પૈસા આપવા જોઈયે; કેમકે લડાઈનેજ દીને પૈસાની થેલી ખુલ્લી મુકવી તે રાતે મધની થાલ ખુલ્લી મુકવા જેવું છે."

વજીરના આ બોલ સાંભળી રાજા શરમાઈ ગયો; તે જો કે ઝંખવાણો પડયો તોપણ વજીરને તો શાબાસી આપવાને તે ચુકયો નહીં, અને ત્યાર પછી દરેક કામમાં તેનીજ સલાહ લેવા લાગ્યો.

પાક અસ્મત નાજનીન.

"સ્યાણા વજીર!" ઉપર જણાવેલા રાજાએ કહ્યું "આજ રોજે ઓરતની સીફતની કાંઈ સૌથી સરસ વાત જાણતો હોય તો કહી સંભલાવ!"

"જેહાંપનાના હુકમને તાબે! ત્યારે સાંભળો!" વજીરે વાત શરૂ કીધી:

ફીરોજ નામે એક શખ્સ બસરામાં રેહેતો હતો, જેની ઓરત નામે જરરીનપોશ વીશે પાડોસીઓમાં સારૂં મત નહી હતું; અને જ્યારે પણ કોઇ ભોલા ફીરોજને કાંઈ ખબર આપતું ત્યારે તે બોલતો "મારી જોરૂ કાંઈ એવી તેવી નથી! અલ્લાહ મારી જોરૂને સલામત રાખે!"

હવે જરરીનપોશનો એક ભાઈ નામે બખ્તક હતો, જેની સાથે ધંધા સંબંધી કાંઇ મારામારી થયાથી ફીરોજે તેને પોતાના ઘરમાં દાખલ કરવા પોતાની જોરૂને સાફ મના કીધી હતી; આથી બખ્તક હમેસાં ભરાતો છુપાતો અને ઘણીક વખત વેશ બદલી ફીરોઝની ગેરહાજરીમાં પોતાની બહેનની ખબર અંતર પુછવા આવતો, અને તેને લીધે પાડોસીઓના મનમાં શક ભરાયો હતો. સબબ, તેઓ જરરીનપોશના ભાઇને પીછાણતાં નહી હતાં.

એક દીને સાંટક એવું બન્યું કે ફીરોઝ ધંધાસર બાહેરગામ ગયો હતો અને બીજે દીને પાછો ફરનાર હતો, પણ તેને કાંઈ સબબસર પોતાના મકાને તેને વધુ જલદી પાછું ફરવું પડયું, જે વખતે જરરીનપોશ પોતાના ભાઈ સાથે બારણું બંધ કરી વાતે બેઠેલી હતી. જરરીનપોશની નજર રસ્તેથી આવતા પોતાના ખાવીંદપર પડી કે બન્ને ભાઇ બેહેન ગભરાયાં. જરરીનપોશે મજબુત ધાર્યું કે છરી ચુલ્યાપર વાત આવશે અને ખુન રેડાશે. હવે કરવું શું તેના ગભરાટમાં તે બાપડી પડી. તરતજ મેલાં કપડાંનો તે દીનેજ ખાલી થયલો એક લાંબો કોઠલો હતો તેમાં પોતાના ભાઇને છુપાઈ બેસવા કહ્યું. દોડાદોડમાં બખ્તકનું એક જુત્યું બાહેર રહી ગયું, જેની સુદ્ધી કોઇને રહી નહી.

જેહાંપના! ફીરોઝનો સાળો કોઠળામાં ભરાઈ જેવો ઠરીઠામ થયો કે જરરીનપોશનો ખાવીંદ ઓરડામાં પાડોસીઓને ચોપડતો દાખલ થયો; "શર્મખોરો! મેં કેટલી વખત કહ્યું કે મારી જોરૂ કાંઈ એવી તેવી નથી! જો કોઈ આવ્યું હોય તો એ મને તરતજ કેહેશે. અલ્લાહ મારી જોરૂને સલામત રાખે!"

ફીરોઝના આ મુજબના શબ્દોથી બન્ને જણાં ગભરાટ સાથે ચેતી ગયાં કે કોઈ પાડોસીએ ચુગલી ખાધી હતી; પણ એટલું ઠીક હતું કે અત્યાર સુધી ફીરોઝને પડોસીઓપર વીસ્વાસ નહી હતો.

ઓરડામાંના પેટારાપર તે જઈ બેઠો અને બોલ્યો: "જાન! કોઇ આપણા મકાનમાં હમણા આવ્યું હતું?"

"એ તમો શું બકો છો? આવે કોણ? જાવો, જાવો! તમે પણ એ મુવાઓની નીંદાપર ધ્યાન આપો છો?" જરરીનપોશ રૂસાઈ જઇ બોલી.

"પ્યારી! હું તો અમસ્થો પુછતો હતો. પણ મને ભુખ જબરી લાગી છે, જરા ખાનું તો લાવ!"

જરરીનપોશને આથી ઘણી નાખુશી વચ્ચે બાહેર જવું પડયું, તેટલાં ફીરોઝ પલાંઠી મારી ઓરડામાં બેઠો અને એકલો વાત કરવા લાગ્યો: "અલ્લાહ અલ્લાહ કરોજી! મારી જોરૂ કાંઇ એવી તેવી નથી! ઘરમાં જે કાંઈ બને તે મને કહ્યા વગર એ વ્હાલી રેહેતી નથી! અલ્લાહ મારી જોરૂને સલામત રાખે!" એ પ્રમાણે બકબકતો હતો, તેટલાં તેની નજર પેલાં જુત્તાંપર પડી. તરતજ તે ચમકયો અને તેના મનમાં શક પેઠો.

"અરે, બીબી, બીબી સાહેબા!" તેણે હાંક મારી "જરા અહીં તો આવો!"

"ખાનાને જરા વાર છે!"

"અરે પેહેલાં અહીં આવ!"

કાંઈ નવું જુનું થયું હશે ધારી જરરીનપોશ ફીક્કે ચેહેરે ઓરડામાં દાખલ થઈ તો જુત્તું હાથમાં લઈ તપાસ્તો પોતાના ખાવીંદને તેણીએ દીઠો.

"પ્યારી! આ પપુશ તદન નવાં છે! એ કોણનાં?"

પણ પાસા ફેંકાઈ ચુકયા હતા અને પોતાની બાહોશી દેખાડવાનો જરરીનપોશનો વખ્ત આવી લાગ્યો હતો.

"પ્યારા! એ જુત્તું? હં હં! એ તો પાસેના પડોશીના જેવું લાગે છે!"

"તેનું જુત્તું અહીં કેમ?"

"વ્હાલા, જોવોની! પેલો અહીં મોટો વાંદરો કોઈ કોઈ વેળા આવે છે તે આજે પણ અહીં દેખાયો હતો, જે નાખી ગયો હશે!"

"હવે મારા જીવને ધીરજ આવી!" ફીરોઝે વમાસ્યું "બીચારીપર મેં ફોકટ શક નાખ્યો. મેં કહ્યુંની કે મારી જોરૂ એવી તેવી નથી?" ત્યારપછી મોટેથી બોલ્યો "અલ્લાહ મારી જોરૂને સલામત રાખે! જા, વ્હાલી! ખાવાનું લઈ આવ!"

પણ જરરીનપોશને હવે ઓરડામાંથી બાહેર નીકલવા ગમ્યું નહી. ઓરડામાં એકજ બારણું હતું અને ફીરોઝ બારણા આગલજ બેઠો હતો. કાંઈ નવું જુનું બને તેની આગમચ પોતાના છુપાવેલા ભાઇને નહસાડવા તેણીએ ઠરાવ્યું.

"મારા જાન! તું કેટલો બધો ભોલો છે કે નીચ નીંદાખોરોનું જ્યાર ત્યાર તું માને છે? હું કસમખાઇને કહું છું કે હું તુંનેજ વફાદાર છું."

"અલ્લાહ મારી જોરૂને સલામત રાખે! પણ પ્યારી, મારી ગેરહાજરીમાં કોણ આવે છે?"

"વળી પાછા ગાંડા થયા? એ તો પાસેના પડોસીને ત્યાં કોઇ આવે છે અને આબરૂ છુપાવવા મને ગલે પડે છે. લેવોની, તે દહાડે પણ એ પડોસણે કોઇને ઘણી સીફ્તથી નહસાડી મેલ્યો!"

"પ્યારી, તે શું? હું તો કાંઈ જાણતો નથી!"

"નહી! અલ્લાહ મારા ખાવીંદને સલામત રાખે!"

"એ શું થયું તે તો મને જણાવ! કાંઇ ગમ્મત જેવું હશે!" ફીરોઝે પુછયું.

"હા, ખાવીંદ! જે વખતે આપણો મુર્શદ પાડોસી બાહેર ગયલો હોય છે ત્યારે તેની બાયડીને મળવા કોઈ શખ્સ ભરાતો છુપાતો આવેછે!"

"બરાબર! એ લુચ્ચાઓ તારે માટે પણ એમજ કેહેતા હતા! લુચ્ચાઓ, બીજાંને ગલે પડો છો? અલ્લાહ મારી જોરૂને સલામત રાખે! પણ પછી શું?"

"ત્રીજે કે ચોથે દીને" જરરીનપોશે સીફત આગલ ચલાવી "પેલો ઓરડામાં હતો તેટલાં મુર્શદ આવી લાગ્યો!"

"પછી, પછી! ઘણી ગમત પડી હશે? અલ્લાહ મારી જોરૂને સલામત રાખે!"

"હા, ખાવીંદ! મુર્શદને દુરથી જોતાંજ બન્ને જણાં ઘણાં ગભરાટમાં પડ્યાં, અને પેલો તો ઠરઠર ધ્રુજવા લાગ્યો."

"પછી, પછી! વાત રમુજી છે! અલ્લાહ મારી જોરૂને સલામત રાખે!"

"પેલો ધ્રુજવા પડ્યો, પણ મુર્શદની બીબી બરી ચબરાક તો ખરી!"

"વારૂ, તેણીએ શું કીધું?" ફીરોજે ખડખડ હસી પુછ્યું "વ્હાલી! અલ્લાહ તુંને સલામત રાખે!"

"તેણીએ પેહેલાં પોતાનો પોશાક પેહેરાવી તેને નહસાડવા કહ્યું."

"પછી, પછી! અલ્લાહ મારી જોરૂને સલામત રાખે!"

"પણ પકડાઇ જાય તેની ધાસ્તીથી પેલાએ તેમ કરવા ના પાડયું."

"પછી? ત્યારે બીચારો પકડાઇ ગયો હશે અને ખુબ મેઠીપાક મુર્શદને હાથ જમ્યો હશે!" ફીરૂઝે વીચાર જણાવ્યો.

"નહી, ખાવીંદ! જોઉં બોલો! શું કીધું હશે?"

"શું કીધું હશે?" ફીરોઝ વીચાર કરતો બોલ્યો "મારી જાન! મુર્શદની બીબીએ વારૂ શું કીધું? કાંઈ ઔરતચરીત્ર લગાવ્યું હશે! પણ અલ્લાહ મારી જોરૂને તો સલામત રાખે!"

"તેણીએ ઘણી સીફત લગાવી!"

"તે કેવી?"

"એક મોટા કોઠલામાં પેલાને સંતાડયો!"

"હા, હા! ખુબ મજાહ પડી હશે, પ્યારી જાન! અલ્લાહ તુંને સલામત રાખે! પછી?"

"જરા વારમાં બીચારો મુર્શદ આવી લાગ્યો, અને મારા વ્હાલાનીજ પેઠે બારણા આગળ બેઠક મારી બેઠો."

"પછી, પછી? ખુબ ગમત પેલાની થઈ હશે?"

"અને ખુશ મશકેરી કરવા લાગ્યો."

"પછી, પછી? અલ્લાહ મારી જોરૂને સલામત રાખે!"

"ભોલો મુર્શદ ખુશ મશકેરી કરવા લાગ્યો કે તેની બીબીએ મશકેરીમાં તે બીચારાનાં મ્હોંપર આ પ્રમાણે (નામવર! જરરીનપોશે ખરેખર મુરઘાં ઢાંકવાનો મોટો ટોપલો ઉંચકી ફીરૂઝના મ્હોંપર ઢાંકી કહ્યું) આપણી માફક ઓરડામાં મુકેલો મુરઘાં ઢાંકવાનો ટોપલો થોડીવાર મુકી રાખ્યો."

ભોલો ફીરૂઝ તો ટોપલો મ્હોંપર રાખી મેલી દમબાંધી હસવા લાગ્યો અને બોલ્યો "અલ્લાહ મારી જોરૂને સલામત રાખે! પછી શું?"

"અને પેલાને ગુપચુપ નહસાડી મેલ્યો!"

અને જેહાંપના! જરરીનપોશે તેજ વેળા પોતાના ભાઈ બખ્તકને ત્યાંથી એ મુજબ સીફત વાપડી નહસાડી મેલ્યો.

દીનદારોનો દીકરો.

અસલ વારે પોલીસનો એક નાયક હતો, જેની આગળ હમેશાં એક ચબરાક ઓરત કેહેતી હતી કે તેણીને જે કામ તે સોંપશે તે બહુ સીફતથી બજા લાવશે. નાયક હમેશાં તેણીની એ વાતને દફાંસ દાખલ હસી કાઢતો.

એક દીને તે અને પેલી ઓરત રસ્તામાંથી પસાર થતાં હતાં, ત્યારે તેમની આગળથી એક યાહુદી હાથમાં પાંચ હજાર દીનારથી ભરેલી એક ટોપલી લઇ પસાર થયો. નાયકે આ વેળા પોતાની સાથવાળી ઓરતની જબાંદરાજીનો લાભ લેવા વીચાર કીધો અને યાહુદી થોડેક છેટે ગયા પછી તેની તરફ આંગલી દેખાડી પેલી ઓરતને પુછ્યું : "પેલા યાહુદીની ટોપલીમાંથી પૈસાની ઠેલી તે નહી જાણે તેમ તું પસાર કરી શકશે ?"

"હા !" ઓરતે મગરૂરીથી ઉતર વાલ્યો.

"ત્યારે જોઉંછ તો."

નાયકને ઝાઝી વેળ થોભવું પડયુંજ નહી : કારણકે તેજ રાત્રીએ પેલી ઓરત નાયકના મકાનમાં પૈસાની ઠેલી સાથની ટોપલી લઇ આવી. નાયક અજબ થયો, અને ફરમાવ્યું કે બાગના ફલાણા ઝાડ નીચે દાટી આવ. તેણીએ તેમ કીધું.

પણ સહવાર નહી પડી તેટલાં તો પેલો યાહુદી શોરબકોર કરતો પોલીસખાનામાં રાજ્યના કેટલાક અમલદારો સાથે દોડી આવ્યો, અને ફરયાદ કરવા લાગ્યો કે પાંચ હજાર દીનાર કોઇ ચોરી ગયું હતું, કે જે રકમ સુલતાનની મતા હતી, અને તેથી પોલીસ સીવાય બીજા કોઇને તે જોખમદાર ગણવાનો નથી.

(વાંચનારને અહીં જણાવવું જોઇયે કે અસલના વખતમાં કેટલાંક રાજ્યોમાં એવો ધારો હતો કે રાજ્ય, અથવા કોઇ મોટા જાણીતા શેહેરીઓની મતા ચોરાય તો પોલીસને તે માટે જોખમદાર ગણવામાં આવતી, અને જો પટો નહી મળતો તો પોલીસના ચોક્કસ અમલદારોને તેટલી રકમ ભરવી પડતી હતી. એનું કારણ કદાચ એ હોય કે પોલીસ તેથી બહુ ચબરાક બને યા કદાચ લોકને તેમજ રાજ્યને પોલીસ પર વીશ્વાસ નહી હોય.)

યાહુદીએ બહુજ ગડબડ મચાવી મુકી : જાણે સેતાનખાનું જગાડયું. કાયદા મુજબ આખરે પોલીસે ત્રણ દીવસની મેહેતલ માગી.

નાયક પેલી ઓરતને ત્યાં ગયો અને તેણીને જણાવ્યું "તારી ખરી ચબરાકી જોવાનો વખત હવે આવી લાગ્યો છે. જઇને પેલી ટોપલી યાહુદીનાજ ઘરમાં કોઇ નહી જાણે એવી રીતે મુકી આવ, અને તે સાથે એવું કરતી આવ કે યાહુદી અમારા સપાટામાં આબાદ આવી જાય."

તેણીએ તેમ કીધું અને સીફત તો એવી લગાવી કે નાયક વટીક હેરત થયો. તેણીએ એક મરણ પામેલી સ્ત્રીનો હાથ પેલી ટોપલીમાં મુકયો, તેને મરઘીના લોહીથી રંગ્યો, આંગલીએ ખોટાં સોનાની વીંટી પેહેરાવી અને એ રવેસે પેલા હાથને પેલીજ ટોપલીમાં મેળી તે સઘળું યાહુદીના મકાનના એક મોટા પથ્થરની સીલા હેથલ દાટયું.

બીજે દીને સહવારે પોલીસ પેલી ગુમ થયલી પૈસા સાથની ટોપલીની શોધખોલ ચલાવવા યાહુદીના મકાને પેઠી અને યાહુદીની હાજરી હેઠલ ખુણા ખાંચોલાં શોધવા મંડી. થોડીવાર જાહેરનો દેખાવ કરી યાહુદીની હજુરમાં નાયકે પેલા પથ્થરની લાદી ઉચકી તો ગુમાયલી

ટોપલીમાં લોહીથી જરજરતો એક સ્ત્રીનો હાથ નીકલ્યો. સઘળી પોલીસ તરતજ યાહુદીની આસપાસ ફરી વલી. ત્યાંને ત્યાંજ તે બાપડાના હાથમાં બેડી ઠોકી, અને એક ઓરતના ખુનનો વાંક મેળી ચાવડી તરફ ઘસડી જવા લાગી, તેટલાંજ સુલતાનનો પેગામ પુગાડવા ત્યાં એક અમલદાર ચઢી આવ્યો, અને પોલીસના અમલદારોને જણાવ્યું, "નામવર જેહાંપનાનો એવો હુકમ છે કે ગુમ થયલી રકમ પાંચ હજાર દીરમ જેટલી મોટી છે, અને તે મેલવ્યા વગર ચલાવી શકાય એમ નથી. યાહુદીને એક લાકડાંના પાટયાં સાથે હાથ પગ પર ખીલા ઠોકી લટકાવી દેવો, પણ પાંચ હજાર દીનાર તો પોલીસે સરકારને ભરવાજ પડશે."

નાયકે જોઇ લીધું કે ગડબડ ગોટાળો કરી પાંચ હજાર દીનાર હજમ કરવા જે છટકું માંડયું હતું તેમાંથી છટકી જવાય એમ નહી હતું.

ગુનેહગારને પકડવો તો જોઇએ: માટે રસ્તેથી પસાર થતા એક જોરાવર જેવા જવાન્યા હુરાનીને (હઉરાનનો વતની, દમાસ્કસની ઉતરે હઉરાન આવેલું હતું: હાલ ત્યાં જંગલ જેવું જણાય છે.) પોલીસે પકડયો, અને તેને ફડાફડ ફટકાવી કાઢયો. પણ પેલાએ પોતાનું નીર્દોષપણુંજ બતલાવ્યું. નાયકે બેડી નાખી બંધીખાનામાં તેને પુર્યો અને પછી વાલીદે-પોલીસ હજુર ઉભો કરી તે બાપડાને પાછો મારતાં કહયું: "જનાબે આલી! નામવર સુલતાનના સીક્કાઓ ચોરનાર એ શખ્સજ જણાય છે."

વાલીદે-પોલીસે આથી પોતાના માણસોને એની પાસે ગુનાહનો એકરાર કરાવવા ફરમાવ્યું. પોલીસે પાછો તેને માર્યો, પણ તે બાપડાએ આગળ માફકજ જવાબ વાલ્યો. ત્રીજી અને ચોથી વેળાએ મારતાં બંધીવાન એકથી બે થયો નહી અને પોલીસ પણ મારતાં ઠાકી. બંધીવાન પણ મુંગોમંતર થઇ ગયો.

થોડીવાર રહી પોલીસે પાછો તેને માર્યો ત્યારેજ તે બોલ્યો: "આ ઘડીએ ગુમાયલા પૈસા હું શોધી કાઢું છું."

નાયક સાથે પોલીસ પણ બંધીવાન સાથે જગ્યા જોવા ગઇ. સઘળાં કરતાં નાયકની જીજ્ઞાસા ઘણી ઉશ્કેરાઇ હતી: કારણ કે બાપડા બંધીવાને નાયકના ઘર તરફનોજ રસ્તો પકડયો હતો. ખરેખર: બંધીવાન તો નાયકના મકાનના બગીચામાંજ પેઠો.

આ જોઇ નાયકના તો હોંસ કોસ ઉડી ગયા: તેજ વેળા તે ઘણો અજબ થયો.

પોલીસે તે જગ્યા ખણી તો ત્યાંથી ગુમ થયલા સીક્કા આબાદ નીકળ્યા, જે વાલીદે-પોલીસના મકાનમાં લઇ જવામાં આવ્યા. પોલીસનો ઉપરી આ સીક્કા જોઇ ઘણો ખુશ થયો અને નાયકે ગુનેહગારનો પત્તા મેલવી સીક્કા શોધી કાઢયા, તે માટે માનનો પોશાક પેહેડાવ્યો.

સીક્કા પાછા સુલતાનને સ્વાધીન કરવામાં આવ્યા અને યાહુદીને છોડી મેલવામાં આવ્યો.

પણ નાયકની જીજ્ઞાસા જબરી ઉશકેરાઇ. સાંજના અંધારૂં થતાંજ તે પેલી ઓરત આગળ ગયો અને પુછયું "તેં જ્યારે મારા હુકમથી સીક્કા દાટયા ત્યારે કોઇ પણ આદમી હાજર હતું?"

"નહી! અલ્લાહના નામથી કહું છું કે નહી." ઓરતે ઉતર વાલ્યો. તેણીની બોલવાની ઢપ પરથી નાયકની ખાતરી થઇ કે તે ઓરત ખરૂં બોલતી હતી; કદાચ તેણીએ કોઇને જોયો નહી હોય.

નાયકની અજાયબીનો આથી પાર રહયો નહી. પાંચેક પલ બાતેનમાં વીચાર કરી તે ત્યાંથી ગયો અને પેલા બંધીવાન કીધેલા હઉરાનીને શરાબની બે ચાર પ્યાલીઓ અપાવી તેની સાથે

થોડા વખતમાં દોસ્તી કરી નાખી અને પુછયું ; "તું હુસ્યાર તો ખરો : પણ વારૂં, તેં કેવી રીતે યાહુદીને થાપ આપી પૈસા સંતાડયા?"

"અલ્લાહ કસમથી જણાવું છે કે મેં એ પૈસા મુદ્દલ તફડાવ્યાજ નહી હતા. જમીનમાંથી પાછા કાહાડવામાં આવ્યા, તે આગમચ મેં તે જોયા પણ નહી હતા."

"શું નહી?" નાયકે પુછયું "ત્યારે સંતાડવાની જગ્યા તેં કેવી રીતે દેખાડી?"

"ખાતરીથી માનજો કે મારી મા સાથે પંચાત કરી ગુસ્સામાં બાહેર નીકળી પડયાથી તમારા લોકના હાથમાં હું સપડાઇ ગયો હતો. મેં તે બાચારીને ગઇ રાતે મારી, તેજ વખતે તેણીએ મને શ્રાપ દીધા કે અલ્લાહ તુંને એની શીક્ષા કરશે. તે ખુદા પરસ્તી અને દીનદાર છે. આથી જ્યારે હું મારાં ઘરમાંથી બાહેર નીકલીને પેલે રસ્તેથી પસાર થતો હતો કે તમારી નજરે હું પડયો અને ત્યાર પછી મને કેવી રીતે માર માર્યો છે, તે તો તમે જાણો છો. જ્યારે હું એ મુજબ ખુબ માર ખાતો હતો, ત્યારે હું બેફામ બની ગયો ; જ્યારે બેસુધ્ધીમાં હવામાં અવાજ મને કેહેતો કે 'આગળ ચાલી ખોડી કાઢ' આ સાંભળી મેં તમો લોકને જગયા દેખાડવા બેધ્યાનપણે કહયું, પણ પેલો અવાજ તો મને જણાવતોજ ગયો કે 'આગળ વધ:' 'આગળ વધ:' આખરે જ્યારે હું પેલી જગ્વા આગલ જઇ ઉભો, ત્યારેજ તે સંભલાતો બંધ પડયો. મેં ધાર્યું કે અહીં કદાચ પૈસા દાતેલા હશે, તેથી ખણવા કહયું તો તેનું જે પરીણામ નીપજ્યું તેથી હું પોતે અજબ થયો."

નાયક તો આ સાંભળી અજાયબીથી દંગજ થઇ ગયો. કોઇ દીને એવો બનાવ બનેલો તેણે જોયો નહીં હતો. પણ તેની પુરેપુરી ખાતરી તો થઇ કે દીનદારોનો પેલો હઉરાની દીકરો હતો : આથી હઉરાનીનો છુટકારો કરવાની યોજનામાં નાયક ગુંટાયો અને આખરે તેનો છુટકારો કરાવવામાં ફતેહ પામ્યો.

એક દીને એક પોશાક-ફરોશની દુકાને અજાણ્યો શખ્સ આવી ચઢયો કે જેને તે ફક્ત નજરથી ઓલખતો હતો, પણ તેનું નામ કામ તેને માલમ નહી હતું. પેલા અંજાણ્યા શખસે દુકાનેથી કાપડ ખરીદ કીધું, અને પૈસા માટે થોડા દીવસનો વાયદો કીધો ; પણ ઘણા દીવસ થઇ ગયા છતાં પેલો શખ્સ પાછો કાપડયાને ત્યાં ફટકયો નહી.

એક રાત્રીએ પોતાના કેટલાક દોસ્તો સાથે પોશાક-ફરોશ દારૂની મજાહ ચાખતો હતો અને આનંદમાં આવી જઇ તેઓ તાબની રમત રમવા બેઠા. એક જણ વઝીર થયો, બીજો સુલતાન બન્યો, ત્રીજો દોસ્ત જલ્લાદ થયો. રમત શરૂ થઇ કે કોઇને પુછયા પરછયા વગર એક શખ્સ ઓરડામાં ધસી આવ્યો અને પેલાઓની સંમત્તી વગર તાબની રમત ખેલવા લાગ્યો.

જરા વાર રહી સુલતાને વઝીરને કહયું "રજાવંદી યા પરવાનગી વગર જે ટુકડા ખાઉ વચમાં માથું મારે છે, તેને હાજર કર કે તપાસ ચલાવ્યે અને પછી તેનું ડોકું છટકાવવાનો હું હુકમ આપીશ."

આ સાંભળી દારૂથી ભારોભાર થયલો જલ્લાદ ઉભો થયો, અને પોતાની પાસેની કટાર બાહેર કાઢી સુલતાન બની ગયલા શખ્સના હુકમની રાહ જોવા લાગ્યો.

"ટુકડા ખાઉને કટલ કર!" સુલતાન બની ગયલા શખ્સે દારૂની જુમમાં હુકમ ફરમાવ્યો.

જલ્લાદે શરાબની ખુમારીમાં, તે બેઘડીના સુલતાનના ફરમાવ્યા મુજબ ચટ દઇ પેલાનું માથું ધડથી છુટું કરી નાખ્યું.

શરીરથી દડનું છુટું પડવું, અને ધડધડાત લહુનું વેહેવું, એ બે બનાવોએ સઘળાઓની ખુમારી વીજલીક ઝડપે ઉતારી નાખી અને ત્રણે જણા દડદડ કાંપવા લાગ્યા. બે જણ પેલું શરીર કેડે છુપાવવા લઇ ગયા, જ્યારે કપડાં-ફરોશ પેલું દડ સંભાલથી વીંટાળી નદીમાં હોમાવવા લઇ ચાલ્યો. દારૂની ખુમારી ઉતરી ગઇ હતી, પણ શરાબની ટમટમટી અસર શરીરના સઘળા અવ્યવોમાંથી ગઇ નહી હતી.

પોશાક ફરોશના પગો તો લપેરા ખાતા હતા. તેટલાં રસ્તામાં તેને એક ચોર મળ્યો. ચોર તેને ઓળખતો હોય એમ જણાયું અને બોલ્યો "આલેકુમ, પોશાક-ફરોશ."

"કેમ?"

"એ તારા હાથમાં શું છે?" ચોરે જાણવા માંગ્યું "પણ તું એટલો બધો ગભરાય છે શું કરવા?"

પોશાક-ફરોશે આથી તેને સઘળી બીના કહી. ચોરે તેના હાથમાંથી દડ લીધું, અને બન્ને જણા નદી કીનારે ગયા. ત્યાં ચોરે પેલું દડ પાણીથી સાફ કીધું અને લોહી નુછી નાખી સાફ કીધેલાં દડ તરફ ટીકીને જોઇ બોલ્યો: "અલ્લાહ! અલ્લાહ! એતો મારો ભાઇ પોતે! હમેશાં બીજાંઓની મજાહ વચ્ચે માથું મારવાની એને ટેવ હતી. પણ ખરેખર! કેહેવત છે કે 'ચોરનું મોત તલવારે' તેમ આ વખતે થયું છે." એટલું બોલી તેણે દડ નદીમાં ફેંકી દીધું.

પોશાક-ફરોશ તો તદન ફીકોફચ થઇ ગયો અને રખેને ચોર કીનો લે તે વીચારથી કાંપવા લાગ્યો. પણ ચોરે કહયું "તારે ફીકર કરવી નહી. મારા ભાઇના લોહીના વાંકમાંથી તુંને મુકત કરૂં છું; એમાં તારો વાંક નથી, પણ શરાબ અને કીસ્મતનો છે; ચાલ, તારાં કપડાં લહુથી ખરડાઇ ગયાં છે; માટે કાઢી નાખી મને આપ."

ચોરેજ પેલાના કપડાં ઉતાર્યાં, પોતાને હાથે ધોઇ સુકવ્યાં, પાછાં પેહેરાવ્યાં અને બોલ્યો "ચાલ હવે તારે મકાને ચાલ્યો જા."

પોશાક-ફરોશ તો આ નવાં કૌતકથી વધુ અજબ થયો અને ઘર તરફ જવા તેણે ચાલુ મુકયું; ચોર પણ સાથે સાથે જવા લાગ્યો. મકાન નજદીક આવતાંજ ચોર બોલ્યો: "અલ્લાહ તારો નીગેહબાન હોજો! ચોરોમાં પણ નીમકહલાલી હોય છે. શું તું મને ઓલખતો નથી? હું તેજ શખ્સ છું કે જે ફલાણે દીવસે અને ફલાણે વખતે તારી પાસે ઉધાર કપડાં લઇ ગયો હતો, પણ તેના પૈસા હજું મેં ચુકવ્યા નથી. જેના બદલામાં આજે મેં તુંને કીમ્મતી મદદ કીધી છે; પણ આજ પછી તું મને આ શેહેરમાં કદી જોશે નહીં."

એટલું બોલી ચોર અંધારામાં કેડે નીકલી ગયો. તે દીવસ પછી પોશાક-ફરોશે પેલા ચોરને દીઠો નહી.

"લાવ શરાબ! લાવ બીજો!"

એક દહાડે એક શખ્સ મીત્રને ત્યાં રાત્રીએ જમવા ગયો હતો. મધ્યરાત્રીએ પાછું ફરતાં રસ્તામાં ચોરોની એક ટોલકી તેના દીઠામા આવી. તેઓએ પણ તેને જોયો. તેની પાસે સોના હીરાની કીમ્મતી વીટીઓ ઉપરાંત ઠેલીમાં સારૂં જેવું નાણું હતું; માટે તે ગભરાયો. પણ તરતજ સમય સુચકતા રાખી શરાબમાં મસ્ત થયો હોય તેમ આમ તેમ તે લપેરા ખાવા લાગ્યો "શરાબ! શરાબ! તારી ફતેહ! ફતેહ! લાવ શરાબ! લાવ બીજો!" અને જ્યાંસુધી પોતાને ઘરે પુગ્યો ત્યાંસુધી એવાજ ઢોંગ કરવા તેણે ચાલુ રાખ્યા. પેલાને ઘરમાં જતાં જોયા પછીજ ચોરો દુરથી જતા રહયા.

થોડા દીવસ પછી તે શખ્સ પોતાના ઘરને આંગણે ઉભો હતો, ત્યારે એક જવાનો ગલાંમાં સાંકળી ઓલવી ભીક્ષા માંગતો બોલ્યો "અલ્લાહ તારી મુરાદ બર લાવે; શયાન લી લાહ!" ("અલ્લાહ કે નામપે કુચ્છ દે") તેની સાથે એક ઘોડેસ્વાર હતો.

"અલ્લાહ યાટીક" (અલ્લાહ તુંને મદદ કરશે,) પેલાએ ઉતર વાલ્યો.

આ સાંભળી ભીક્ષુક તેની તરફ ટીકીટીકીને જોવા લાગ્યો અને પછી બોલ્યો "તારી પાસે જે સોનું રૂપું છે તે ગણતરીમાં નહી લેતા, મને જે ભીખ આપવી જોઇએ તે તારી પાઘડી યા કમ્મરબંધ યા જબ્બાની કીમ્મતની બરાબર પણ નથી."

"એનો ભેદ બોલ!" પેલા શખ્સે ફરમાવ્યું "તું કાંઇ ભેદી બોલતો જણાય છે,"

"ત્યારે સાંભલ! ફલાણી રાત્રીએ માલેતુજાર થઇ તું રસ્તેથી પસાર થતો હતો, ત્યારે ચોરોની એક ટોલકી તુંને રસ્તામાં મળી. તેં છાકટપણાના ઢોંગ કીધા, પણ તેઓ તુંને છાકટ ધારી તદન તુંને લુટી લેતે! કારણકે એથી તો તેઓને ઘણી સેહલાઇ મલતે. હું તેઓ સાથે હતો અને મેં જોયું કે તું ખાલી ઢોંગ કરતો હતો, છતાં તુંને સાફ લુટવામાં આવતે; પણ મને તારીપર દયા આવી અને તેમને જણાવ્યું 'પેલો છાકટ મારો શેઠ થાય છે અને તેણે મને ઉછારી મોટો કીધો છે, મેં તેનું નીમક ખાધું છે, બેરાદરો!' આ સાંભલ્યા પછીજ ચોરોએ તુંને લુટવાનો વીચાર પડતો મેલ્યો, એટલુંજ નહી પણ તુંને ખરેખર છાકટ ધારી ઘેર વેર મુકવા આવ્યા હતા, કે કોઇ બીજી ટોલકી તુંને હેરાન કરે નહી. આથી તું જોશે કે તારો છુટકો ફકટ મારેથીજ થયો હતો અને હવે તેનો બદલો તું મને આવો આપે છે?"

"સબુર!" પેલો શખ્સ ઘરમાં ગયો અને પાછો ફરી તેણે પેલા ભીક્ષુકને ખેરાત કીધી. ભીક્ષુક દુવા દેતો ત્યાંથી જતો રહયો.

છોકરું જણનાર કાઝી.

બેરૂતની ઉતરે આવેલાં ત્રીપોલી બંદરના ટરાબ્યુલુસ શેહરમાં નામવર કલીફ હારૂનનાં ફરમાનની રૂએ એક કાઝીની નેમણુક કરવામાં આવી હતી. તે વેળાના રેવાજ મુજબ કાઝીનું કામ કજીયાઓ સાંભળી નીવેડો લાવવાનું, તલાક આપવાનું અને સાક્ષીઓને ઉલટપાલટ તપાસવાનું હતું; મહકમ યાને કચેરીમાં બેસી તે એવી તો સખ્તાઇથી ચુકાદાઓ કરતો કે સઘળાંઓ તેનાથી ઠરઠરી રહેતાં હતાં.

હવે આ કાઝી જો કે મોટો અમલદાર ગણાતો, તોપણ પૈસાનો જબરો કંજુસ હતો. કોઇને પણ બક્ષીસમાં પાઇ વટીક આપતો કોઇ વખત જણાયો નહી હતો; ખોરાકમાં તે કાંદા અને બુકસુમહ યાને સખ્ત રોટી ખાતો. આ જોઇ કોઇ તેના ઘરમાં નોકરી વટીક કરવા રેહેતું નહી; ફકત એક અતી કદરૂપી સાધ્ધન તેની સાથે રેહેતી અને ખાતી. પણ પોતાના મોભા પ્રમાણે કાઝી હમેસાં મેજ પર સોજું સુફરહ-ઉમ્મ-જકાઝીલ યાને કપડું ("ટેબલ કલોઠ") પેલી ગુલામડી પાસે પંથરાવતો અને તેણીની સાથે ભોજન જમતો. પેલાં કપડાંની કીનારીઓ પર ઝીણા ઘંટો બાંધેલા હતા. જે જરા આંચકો લાગતાં ઝણઝણાત કરતા. જો કોઇ અજાણ્યો શખ્સ ભોજનની વેળા ત્યાં જઇ લાગતો તો તે કાઝીને ભપકાથી કેહેતાં સાંભલતો "અય લૌંડી, મેજ બીછાવ." તો પેલું ભપકાદાર કપડું પારકો શખ્સ જોય તેમ ઉંચકી, ઝીન ઝીન ઝીન અવાજ સાથે મેજ પર તેણી બીછાવતી. આ જોઇ અજાણ્યો એમજ ધારતો કે કાઝી ઘરમાં ઠીક ખરચ કરતો હોવો જોઇએ.

તે ચાલ્યો જતો હતો, તેટલાં એક દીને તેના અમલદારોએ અરજ કીધી: "અય નામદાર! તું હવે નેકાહ કર: સબબ પેલી કનીઝ તારા મોભાને લાયક નથી."

"જ્યારે તમો આંહોંસ કરો છો ત્યારે તમોમાંથી કોઇની છોકરી હોય તે મને નેકાહમાં આપો."

"મારી દુખ્તર ખુબસુરત અને પરણવાને લાયકની છે." એક જણે જણાવ્યું.

"ત્યારે તો તારી એ બેટીના મારી સાથે મેહેરબાની કરી નેકાહ કરાવ! આ મોસમ નેકાહને લાયકનીજ છે." કાઝીએ કહયું.

પંદર દહાડામાં કાઝી સાથે પેલી છોડીના લગ્ન કરવામાં આવ્યાં, અને લગ્નને દહાડે કાઝીનો સસરો ખુશી થયો કે મોટે ખાંજરે સગાઇ થઇ, અને હવે લાગવગ વધી ગયો. પણ તેને અને તેની બેટીને કાઝી કેટલો બધો કંજુસ હતો તેનો ખ્યાલ પણ નહી હતો. કાઝી થોડો ઘણો કંજુસ હતો તે બીના સસરાને માલમ હતી, પણ ઘરના રાહઘાટ વીશે તેને કશી પણ ખબર નહી હતી. વળી તે વીચારતો કે પરણ્યા પછી કાઝી કંજુસાઇ છોડી દેશે.

પરણ્યાને બીજે દીને કાઝીની પરણેતર સહવારના નાસ્તાની વાર જોતી બેઠી, પણ નાસ્તો યા કાંઈ આવી નહીં અને કાઝી સાહેબ તો કચેરીમાં ન્યાય તોલવા હમેશ મુઆફેક ગયા, જ્યા લાગતા વલગતાઓ લગ્નની મુબારકબાદી ઇચ્છવા ભેગા મળ્યા હતા. તેઓ ધારતા હતા કે તે દીને કાઝી મોટી મેજબાની તેમને આપશે, પણ કાઝી સાહેબે તો જાણે કાંઇ જાણતા નહીં હોય તેમ બપોરના કચેરીમાંથી ઉઠી હમેશ મુજબ પોતાને મકાને જવા રૂખસદ લીધી, અને મેજબાનીની મજાહ ચાખવાની આશાએ ભેગા મળેલાઓએ મનમાં કાઝીની કંજુસાઇ વીશે ખુબ બખાર્યું.

હવે આપણે તે બપોરે કાઝીના મકાન તરફ નજર દોડાવ્યે. કાઝી દાખલ થતાંજ ઝનાનખાનામાં ગયો અને ત્યાંથી મોટેથી હાંક મારી "ઓ લોંડી! સુફરહ-ઉમ્મ-જકાછલ બીછાવ અને ભોજન તૈયાર રાખ." આ હુકમ સાંભળી કાઝીની જોરૂ ઘણી ખુશી થઇ અને મનમાં બોલી "નેકાહની ખુશાલીમાં કાઝી આજે મેજબાની આપવાના હશે અને સુલતાનને લાયકનું ભોજન આજે ખાવાનું મળશે."

કાળી ગુલામડી કાઝીનો હુકમ સાંભળી ઉઠી અને મેજપર પેલું ભપકાદાર કપડું બીછાવ્યું. તેની પર પીતલનો એક ખુમચો મેલ્યો, જેમાં ત્રણ સુકાં નાન અને ત્રણ કાંદા જણાતા હતા.

જ્યારે આ પ્રમાણે કાઝીની દુલહને જોયું ત્યારે તેણીના તો હોંસકોસ ઉડી ગયા! એક તો તે બાપડીએ મોટી મોટી આશા રાખેલી અને બીજું તો સહવારથી તેણીને ભુખ લાગી અને બપોરના જમવાની વખ્તે આવો ખોરાક, એટલે પછી પુછવુંજ શું પડે? તેણી અલ્લાહની બંદગી કરવા લાગી, તેટલાં તેણીના ખાવંદે કહયું "ચાલ આવ મારા હાર! ન્યામત નોશ કર!" કાઝીની બાપડી જોરૂ ગુપચુપ મેજ આગલ જઇ બેઠી અને દરેક જણે એકેકી રોટી અને કાંદો લીધો. કાઝી અને ગુલામડી પોતપોતાનો ભાગ ખાઇ ગયાં, પણ પેલીએ તો ઘણી કઠણાઇથી ભાયેગે તેણીને સોંપેલા ભાગમાંથી ત્રીજો ભાગ ખાધો, અને પોતાના પીતાની મગરૂરીને શ્રાપ દેતી ઉઠી. રાતના ભોજનમાં પણ એજ મુજબ પીરસવામાં આવ્યું. એ મુઆફેક ત્રણ દીવસ ચાલ્યું, જેટલા અરસામાં તો કાઝીની પરણેતર ભુખી દાંસ થઇ ગઇ, અને પોતાના પેદરને બોલાવી મંગાવ્યો, જે આવતાંજ તેની પર તેણી ખુબ છેડાઇ પડી. કાઝી સાહેબે ગડબડ સાંભળી અને તેહકીક કરતાં તેવણને માલમ પડયું કે તેવણની ધણીઆણીને

એ જાતનું ખાવાનું રૂચતું નહી હતું. આ સાંભળી કાઝી ત્યાંના ત્યાંજ ન્યાયધીસ બની ગયા અને તેણીનું નાક કાપી નાખી તેણીથી પોતાના છુટા છેડા કીધા: એવું જણાવીને કે ઘરના રાહઘાટ વીશે પારકાંઓ આગલ બોલવાને ઓરત જાતને હક નથી.

બીજે દીને કાઝી એક બીજી ઓરત સાથે પરણ્યો અને પેહેલીની પેઠેજ તેણી સાથે પણ વર્ત્યો. નવી પરણનાર પણ જ્યારે ભુખે ટોકાવા લાગી ત્યારે તેણીએ તલાકની માંગણી કીધી કે કાઝીએ તેણીનું પણ નાક કાપી ઘરમાંથી હાંકી કાઢી. આ પ્રમાણે ઘણી ઓરતને "કર્યાથી કંજુસ કાઝી, નાક કાપુ કાઝી, જોરૂની દોલત હજમ કરનાર કાઝી, ઉસ્તાદે તલાકી કાઝી," વગેરે એલકાબથી કાઝી શેહેરમાંજ નહી પણ આસપાસના ગામોમાં પણ પંકાઇ ગયો. કોઇ કોઇ વેલા તો ખોટે બહાને પણ નવી પરણેતરનું નાક કાપી તે તલાક આપતો. તરાબ્લુસના કાઝીની આ નામદારીની વાત ઠેઠ મોસુલ શેહેરની એક ખુબસુરત પણ ચબરાક ઓરતના કાન પર આવી, અને કાઝીની સુધ્ધ ઠેકાણે લાવવાનું તેણીએ બીડું ઝડપ્યું.

ઓરત જાત પર ગુજારેલા એ સીતમથી તેણીએ કાઝી પર હીકમતથી કીનો લેવાનો કસદ કીધો. તેણી પોતાનું શેહેર છોડી ગઇ અને પગ રસ્તે રંજ ખેંચતી ઘણે દીવસે તેણી તરાબ્લુસ શેહરમાં આવી પોંહોંચી. થાક ઉતારવા પેહેલે દીવસે તો તેણીએ એક સરામાં ઉતારો લીધો અને બીજે દીને શેહેર ચરચા જોવા બાહેર નીસરી. અલ્લાહના ફરમાવ્યાથી બન્યું એમ કે શેહરે મોસુલની પેલી કુમારીકાનું જાહેર બાગમાં ફરવું અને કાઝીનું એક ખચ્ચર પર ત્યાં ફરવા આવવું; કાઝીની નજર આ કુમારીકા પર પડતાંજ તે તેણીપર એટલો મોહીત પડયો કે તેનાં મ્હોંમાંની લબ વટીક તેની દાઢીપર પડવા લાગી.

આખરે હીમ્મત એકઠી કરી શેહેરે મોસુલની પેલી કુમારીકા આગલ તે ગયો અને બોલ્યો "અય ખુબસુરત પરીજાદ! હું આ શેહેરનો કાઝી છું, અને તું નાજનીન કયાં પરસ્તાનમાંથી આવી છે તે જણાવી મારી પર આભાર કર."

"મારી પીઠ પાછલનાં શેહરથી!"

"હં હં હં!" કાઝીએ ખંખાર માર્યો અને કહયું "તે તો તું નાજનીનના પેહેરવેશ પરથી હું સમજી ચુકયો છું, પણ કયાં શેહેરથી?"

"શેહેરે મોસુલની હું રેહેવાસી છું અને આ શેહેરની સરામાં હાલ તરત મારૂં મુકામ છે." પેલીએ છણકાથી ઉતર વાલ્યો.

"તો અય શેહેરે મોસુલની ખુબસુરત સુંદરી! તું નાજનીન કુંવારી છે યા તારે માથે ખાવીંદનો છાંયો છે?"

"હજી હું કુંવારી છું!"

"ત્યારે શું આપણે નેકાહનાં ગાંઠથી નહી જોડાઇએ?"

"હું તુંને હજી ઓળખતી નથી. તેં મને કહયું તે પરથીજ હું જાણું છું કે તું આ શેહેરનો કાઝી છે, પણ મારી ખાતરી થવી જોઇએ. હું કાલે તુંને જવાબ દઇશ." એટલું બોલી શેહેરે મોસુલની નાજનીન નખરાં કરતી ત્યાંથી ચાલી ગઇ. આ જોઇ કાઝી આગલ કરતાં પણ વધુ તેણી પર આશક થયો.

પહોર ફાટતાંજ કાઝીએ પેલી નાજનીને ખરેખર સરામાં ઉતારો લીધો હતો યા નહી તેની તેહકીક કરવા બે ત્રણ માણસોને મોકલ્યાં અને તેમના જવાબ સાંભલી તેણે પોતાના કેટલાક મીત્રો ભેગી પેલી સીધ્ધનને નેકાહનું માગનું કરવા મોકલી અને તેમને તાકીદ કીધી

કે તે ખરેખર એ શેહેરનો કાઝી છે તે વાત પેલી મોસુલની નાજનીનના કાન પર મજબુતીથી લાવવી.

જહેઝ યાને લગ્નની રીતમાં શેહેરે મોસુલની કુમારીકાએ પચાસ દીનાર રોકડા માંગ્યા અને સાંજ પડતાં તો તે કાઝીના ઘરે ધણીયાણી દાખલ ગોઠવાઇ ગઇ.

રાતના ખાનાનો વખત થયો કે કાઝીએ પેલી સીધ્ધનને રેવાજ મુજબ કહયું "એ લોંડી, મેજ પર સુફ્રહ ઉમ્મ જકાઉલ પાંથર, અને ખાનું તૈયાર રાખ."

પાંચેક મીનીટ ગઇ નહી તેટલાં તો કાઝી, તેની નવી ધણીઆણી અને પેલી ગુલામડી ત્રણે જણા સાથે ખાવા બેઠાં. દરેક જણે અકેકી કઠન સુકી રોટી અને કાંદો વેંહેંચી લીધો, અને ખાતાં નવી શેઠાણી બોલી "અલ્લાહ તુંને જ્યાદા દોલત બક્ષે, વાહ, શું સંગીન ખોરાક છે, મને તો એ ઘણોજ ગમે છે!"

જ્યારે કાઝીએ આ મુજબ સાંભલ્યું ત્યારે તે ઘણોજ ખુશી થયો અને બોલ્યો "આજે અલ્લાહે મારો સેતારો બુલંદ કીધો. જેવી જોરૂની હું ખાહેશ રાખતો હતો, તેવીજ મને અલ્લાહે આજે બક્ષી: વાહરે, તારી બરકત!"

પણ તેને માલમ નહી હતું કે નવી ધણીયાણીએ તેને બુમ પડાવવાની શરૂઆત કીધી હતી.

બીજે દીને સહવારે કાઝી કચેરીમાં ન્યાય તોલવા ગયો, ત્યારે તેની નવી ધણીઆણી મકાનના ઓરડાઓ ધ્યાનથી તપાસવામાં ગુંટાઇ. કેટલાક ઓરડાઓ તેણીને ઉઘાડા તો કેટલાક બંધ માલમ પડયા: પણ એક બંધ ઓરડાને ટાલું મારેલું તેણીના જોવામાં આવ્યું. તેણીની જીજ્ઞાસા આથી ઉશ્કેરાઇ અને બારીક તેહેકીક કરવા લાગી તો બારણું તેણીને મજબુત માલમ પડયું, પણ એક ઠેકાણે નાકું પડેલું તેણીને જણાયું, જે વાટે જોતાં ઓરડામાં બારણાથી સેજ દુર સોના રૂપાનાં સીક્કાઓનો દરંગ પડેલો તેણીએ ઘણી ખુશાલીથી દીઠો.

તેણી પાછી પોતાના ઓરડામાં ગઇ અને પાએક કલાક કાંઇ વીચારમાં ગુંટાઇ. ત્યાર પછી ખુણામાં પડેલી એક મોટી નેતર તેણીએ લીધી અને એક છેડે મીન લગાડી તે છેડો બાકોરાં વાટે પેલા ઓરડામાં નાખ્યો અને સીક્કાઓના દરંગ પર મીનવાલો છેડો મુકી બારણા બાહેરથી તેણીએ નેતર ફેરવ ફેરવ કીધી, તો આખરે બે દીનાર છેડાને ચીટકયા જે તે બાકોરાં વાટે બાહેર કાઢી ખીસામાં મેલી તેણી પાછી પોતાના ઓરડમાં ગઇ. ત્યાં ગયા કેડે પેલી લોંડીને તેણીએ હાંક મારી. ગુલામડીને તેણીએ સીક્કાઓ આપી કહયું: "બઝારમાં જઇ સોજું ગોસ્ત, ઘી અને ચોખા લઇ આવ: સાથે ગરમા ગરમ નાન અને મસાલો પણ લેતી આવજે."

લોંડી પૈસા લઇ બઝારમાં ગઇ અને થોડી વારમાં જોઇતી ચીજો ખરીદી લઇ આવી. કાઝીની બઇરી હવે ઉઠી અને બાવરચી ખાનામાં જઇ ઘણું સરસ ખાનું પોતાને હાથે પકાવ્યું અને પછી બન્ને ઓરતો ખાવા બેઠી; ખાઇ રહયા પછી લોંડી ઉઠી અને શેઠાણીના હાથ ધોવા તસ લઇ આવી, તેણીના હાથ ધોયા અને શેઠાણીના પગને ચુંબન કરી બોલી "અલ્લાહ તારી ઉમ્મર જ્યાદા કરે, અય મારી નેકબખ્ત શેઠાણી! કારણ કે જ્યારથી હું કાઝીને ત્યાં રહી છું, ત્યારથી સુકી રોટી અને પીયાજ સીવાય મેં બીજું કાંઇ પણ ખાધું નથી."

"ત્યારે તું ખુશી થા, અયે સાહેલી, કારણકે હવેથી દરરોજ નવાં નવાં વાણાઓ આપણે જમીશું."

આ સાંભળી પેલી ગુલામડીએ નવી શેઠાણીને સલામત રાખવા અંતઃકરણથી દુવા ગુજારી.

બપોર પડતાં કાઝી આવ્યો અને બોલ્યો "અય લોંડી, સુફરહ ઉમ્મ જકાઉલ પાંથર, અને ખાનું તૈયાર રાખ."

મેજ આગલ બેઠા પછી ધણીઆણી ઉઠી અને પોતે જે રાંધ્યું હતું, તેમાંનું થોડુંક તેની હજુર લાવી હાજર કીધું. કાઝીએ ખુશીથી તે ખાધું અને પછી પુછ્યું "એ કયાંથી આવ્યું?"

"આ શેહેરમાં મારાં કેટલાંક ઓળખાણવાળાં છે," તેણીએ પોતાના ભરથારને ઉતર આપ્યો "અને અહીં મને આવેલી ધારી આ ભોજન મારે માટે તેઓએ મોકલ્યું, અને હું મનશે બોલી: જ્યારે ખાવંદ કાઝી અહીં પધારશે ત્યારે હું તેને જમાડીશ."

આગલે દીવસની પેઠેજ તેણીએ ગલ નાખ્યો તો ત્રણ દીનાર હાથ લાગ્યા. ગુલામડીને બોલાવી તેણીએ તેમાંના બે આપી કહ્યું: "બઝારમાં જઇ હલવાનનું ગોસ્ત, ચોખા, ઘી, વટાણા, મસાલો વગેરે સારા જથ્થામાં લઇ આવ કે કાલની પેઠે આપણે રાંધી ખાઇએ, અને પાડોસીઓને પણ ચખાડશે."

લોંડી ખુશીથી ખરીદી કરવા ગઇ અને મંગાવ્યા મુજબનો સઘળો સામાન લાવી હાજર કીધો. શેઠાણીએ આગલે દીવસની પેઠે મગમગતાં વાણા તૈયાર કીધાં, અને પછી પાડોસી સ્ત્રીઓ અને છોકરાંઓને બોલાવી તેમની સાથે ભોજન ખાધું. પાડોસીઓ પણ કાઝીની નવી ધણીયાણીની મેહેમાનદારીની રીત જોઇ ખુશ ખુશ થયાં અને તે દીવસ આનંદમાં ગુજર્યો; કાઝીનો આવવાનો વખત થતાં સૌ પોત પોતાને વગસગે થઇ ગયાં.

કાઝીએ ઘરે આવતાં વારજ હાંક મારી "ઓ લોંડી! સુફરહ ઉમ્મ જકાઉલ પાંથરી ખાનું તૈયાર રાખ."

આગલે દીનની પેઠે કાઝીની જોરૂએ વાણાઓ પીરસ્યાં, જે ખાઇ તેણીનો ખાવંદ ખુશ ખુશ થયો; પછી તે કયાંથી આવ્યાં તે પુછ્યું, તો જવાબ મળ્યો: "આ મારી માસીએ મોકલ્યાં."

એ પ્રમાણે વરસેક સુધી મામલો ચાલ્યા કીધો.

હવે બન્યું એમ કે કાઝીના મકાનની નજદીક એક બહુજ નીરધન સ્ત્રી રેહેતી હતી, જે દલીછલી પોતાનું, પોતાના આજારી ભરથારનું તથા છોકરાંઓનું ઘણી મુસીબતે પોષન કરતી હતી; આ સ્ત્રી માટે કાઝીની ધણીઆણીને ઘણીજ દયા આવતી અને અવારનવાર તેણીને પૈસા આપતી તથા ખાવાનું પણ પુરું પાડતી હતી: પણ કાઝીને પોતાની ધણીઆણીની ચાલચાલની ઝાઝી ખબર પડતી નહી હતી: કારણ કે લોક સઘળું ધણીઆણી પર પ્રસન્ન હતું.

પણ આખરે એક દીને કાઝીને ખબર પડી કે તેની ધણીઆણી પારકાંઓને ખવાડે છે. આ સાંભલી કંજુસ કાઝીનો જીવ ઉપર આવી ગયો અને ઘરે આવી ધણીઆણી સાથે તેણે તીણપાંચ કીધી.

પણ મોસુલની ઓરત કાંઇ કાઝીથી દબી જાય એવી નહી હતી. તેણીએ કાઝીને બુમ પડાવવા નવીજ હીકમત શોધી કાઢી; તેણીને માલમ હતું કે પેલી ગરીબ ઓરત હમેલદાર હતી અને નજદીકના દીવસે છોકરાંને જન્મ આપશે. કાઝી સાથે ગુસ્સો કરી તેણી પેલી ઓરત આગળ ગઇ અને વાત તદન છુપી રાખવા તેણી પાસે વચન લઇ કહ્યું "જેવો તારો હમેલથી ફારેગ થવાનો વખત આવે ત્યારે તુરતજ મને ચેતાવજે. મારો ખાવીંદ ઘણોજ

કંજુસ છે અને અલ્લાથી પણ ડરતો નથી: મારી આગમચ તેણે ઘણી બાયડીઓ કીધી હતી અને નજીવાં બાહાના હેઠલ તે બાપડીઓનાં નાક કાપી નાખી, તેમની દોલત હજમ કરી, તેમને તલાક દીધા હતા; માટે તેની સુધ્ધ ઠેકાણે લાવવા મેં એક સરસ બાજી રચી છે."

"તું મુરબ્બીના હુકમ પ્રમાણે ચાલવા હું તૈયાર છું."

તે દીવસ પછી કાઝીની બીબી પેલી ગરીબ સ્ત્રીને પૈસા સંબંધી વધુ મદદ કરવા લાગી અને બીજો ખરચ પણ વધાર્યો.

આખરે પેલી સ્ત્રીને હમેલથી ફારેગ થવાનો વખત બહુ નજદીક આવ્યો અને દુઃખની મારી બીછાણે પડી. કાઝીની ધણીઆણીને ખબર કરવામાં આવી. તેણી કાંદા, હીંગ લશન વગેરેથી એક જાતની સ્વાદીસ્ટ વાણી બનાવવા મંડી ગઇ. બપોરના જ્યારે તેણીનો ખાવંદ ઘરે આવ્યો ત્યારે કાઝી આગળ તે વાણી તેણીએ પીરસી. કાઝીને તે ઘણી સ્વાદ લાગી અને હોંસેહોંસે ધણીઆણીની ખુશાલી વચ્ચે ખાધી; રાતના પણ એજ વાણી પર તેણે મારો ચલાવ્યો. આ વખતે કાઝીની બીબીને ખબર પડી કે પડોસને એક છોકરાનો જન્મ આપ્યો હતો.

હવે કાઝીને એવી વાણી ખાવાની ટેવ નહી: માટે બાદી થઇ, તેનું પેટ ઉપસવા લાગ્યું અને પેટમાં દુખારો થવા લાગ્યો: પેટમાં પવન દોડધામ કરવા લાગ્યો. દુખારો આસ્તે આસ્તે વધવા માંડયાથી તે કાંસવા અને બુમ બરાડા મારવા લાગ્યો. આ સાંભળી બીબી જાણે જાણતી નહી હોય તેમ તેની આગળ દોડી ગઇ અને માયાથી ખેર આફીયત પુછવા અને જલદીથી દુખ દફે થાય એવી દુવા માંગવા લાગી. તેણી તેના શરીર પર માયાની ઢબે હાથ ફેરવવા લાગી અને પછી બોલી ઉઠી: "માસલ્લા, અલ્લાનો પણ શું ચમત્કાર છે! મારા ખાવીંદ! મને તો તું પુરા દહાડાનો હમેલદાર હોય એમ જણાય છે."

"કાંઇ ગાંડી થઇ ગાંડી! મરદને પેટ છોકરૂં કેમ હોય?"

"અલ્લાહના ચમત્કાર ઓર છે. તે જે ચાહે તે કરે! પેલે દહાડે પેલી વાછરડીને પેટ ઘોડાનું બચ્ચું કેમ જનમ્યું?"

આ સાંભળી કાઝીના ખ્યાલમાં વાત થોડી ઘણી ઉતરી અને બોલ્યો "પણ તું આસતેથી બોલ. નહી તો કોઇ સાંભળશે."

"તારૂં દુખ તે મારૂં દુખ છે." તેણીએ ઉતર વાલ્યો. કાઝીના પેટમાં ચરક વધતીજ ગઇ અને પેટ પણ વધુ ઉપસવા લાગ્યું.

"હકીમને બોલાવી લાવું?" તેણીએ ધરપચ કીધી.

"નહી, નહી! એથી તો ફજેતી થશે. કદાચ આખાં ગામમાં તે ઢોલ વગડશે."

"ત્યારે તો ઓઢીને ચુપચુપ સુઇ જાવો." એટલું બોલી તેણી ઉઠી અને થોડી વારમાં પડોસણનું તરતનું જન્મેલું બચ્ચું સાડીમાં સંતાડી લાવી અને તાંબાનું એક વાસણ કાઝી આગળ મેલ્યું. પછી પોતાના ખાવંદને ચંપી કરવા મંડી ગઇ! આથી કાઝીને ખલાસી મળી કે તરતજ શેઠાણીએ પેલું બાલક પેલાં વાસનમાં દસાવી દીધું અને અજબ થતી બોલી "શુકર અલ્લાહ! કુદરતનો પણ શું ચમત્કાર છે. જેમ મેં ધાર્યું હતું તેમજ અલ્લાહે તારેથી આ બાલકને જન્મ અપાવ્યો." એટલું બોલી તેણીએ જીણી ચમટી તોડીને બાલકને રડાવ્યું. "અલહમ દુલીલાહ! હવે તુંને જરા આરામ થયો હશે: કારણ કે તારા પેટમાંનો ભાર બાહેર આવ્યો છે." પછી નવાં નવાં નામે તેણી પેલાં બાલકને બોલાવવા મંડી.

થોડી વાર વીચાર કર્યા પછી કાઝીએ કહયું "આ નાનાં બાલકની સંભાલ લેજે, અને એક દુધવાલી દાયાની ખોળ કરજે. સરદી નહી લાગે તેની પણ જુસ્તેજને રાખજે." ત્યાર પછી

તેણે મનમાં વીચાર્યું “ ખરેખર ! અલ્લાહ ચાહે તે કરે છે. જો તકદીરમાં લખ્યું હોય છે તો મારી પેઠે મરદ વટીક છોકરાને જન્મ આપે છે!”

“ આપણે પેલી ગરીબ પાડોસણને છોકરાની સંભાળ લેવા સોંપ્યે તો કેમ ! ”

“ જેમ તુંને ઠીક લાગે તેમ કર ” કાઝીએ પોતાની બાયડીને ઉતર વાલ્યો “ પણ આ વાત બાહેર નહીં જાય, તેની ચોકસી રાખજે.”

“ ત્યારે તો હું આ બીચારાં બાલકને સોંપી આવું છું.” કાઝીની બાયડી ઓરડામાંથી જતાં બોલી. તેણીએ ખુલ્લું જોયું કે કાઝીના મન પર આ બનાવે મજબુત છાપ મારી છે અને તે સઘળું ખરૂં માની ચમત્કાર થયલો ધારે છે. તેણીને પણ તેવુંજ જોઇતું હતું.

પેલાં બાલકને તેની ખરી માને સ્વાધીન કરી મોસુલની આ ચબરાક ઓરત પાછી ફરી, અને કાઝીનું બીછાણું અને કપડાં બદલાવી તેને આરામ થાય તેમ સુવાડયો.

પણ કાઝીનું ધ્યાન પેલાં બાલકની બાબદમાંજ રોકાયું હતું તેથી બોલ્યો “ પણ આ વાત તદન છુપીજ રાખજે હો, નહી તો લોક મારી મશકેરી કરી કહેશે કે ‘ આપણા કાઝીએ છોકરો જણ્યો.’ મારી આબરૂ, તે તારી આબરૂ પણ છે.”

“ અય મારા ખાવીંદ ! આપણ બે જણા અને પડોસણ સીવાય હાલ તો એ વાત કોઇ જાણતું નથી. પણ દૈવયોગે બીજી છુપી બાબતોની પેઠે એ વાત પણ બાહેરે ફેલાય તો આપણે તે કેમ અટકાવીશું ? પડોસણને તેણીના ઓળખાણ પીછાણવાલાં પુછશે કે એ છોકરૂં કોણનું, તો તે બાપડી શું જવાબ દેશે ? ”

“ યા અલ્લાહ ! હવે હું શું કરૂં ?” ત્યાર પછી તે ઉંડા વીચારમાં ગુંટાયો. પહોર ફાટયાની અગાઉ તે ઉઠયો, થોડાક ખોરાક ગજવામાં મેલ્યો અને પોતાની બાયડીને ઘર સામાનની સંભાળ લેવા કહી તે મકાનમાંથી આસપાસના કોઇ જોય નહી તેમ નીકળી ગયો. શેહેરની પાદરે પુગ્યા પછી તે શેહર ભણી મ્હોં કરી બોલ્યો “ અલ્લાહ મને તારૂં મ્હોં ફરીથી નહી દેખાડે !” અને મુસાફરી પાછી ચાલુ કીધી.

સાતમે દીને તે શીરીઆના દમાસ્કસ શેહેરમાં દાખલ થયો, જ્યાં કોઇ તેને ઓળખતું નહી હતું : પણ જે ખોરાક તેણે બાંધી લીધો હતો, તે મુસાફરીમાં પુરો થઇ ગયો. ઘરના ભંડારમાંથી થોડા દીનાર પણ લેવાને તેનું મન ચાલ્યું નહી હતું, અને તેથી હવે છટે પૈસે તેની હાલત દયા કરવા જોગ હતી. દમાસ્કસ શેહેરમાં પુગ્યા પછી તેણે પોતાનાં દીલ પરનાં કપડાં વેચ્યાં અને તેથી જરૂરની ચીજો તેણે ખરીદી ; જ્યારે એમાંનો છેલ્લો પૈસો પણ પુરો થયો, ત્યારે સેજ અતી જરૂરયાત કપડાં રાખી બાકીનાં સઘળાં વેચી નાખ્યાં. તેનેથી વસુલ થયલા પૈસા પણ જ્યારે પુરા થયા અને તે ભુખે ટોકરાવા લાગ્યો ત્યારે કઠીઆઓના મુખી આગળ ગયો અને બોલ્યો ‘ અય મુરબ્બી ! મુફલસીને લીધે તારા ધંધામાં મદદ કરવા ઇચ્છું છું.”

“ ભલે પધાર !” સલાટના શેખે ઉતર વાલ્યો.

આખો દહાડો એ નવો ધંધો કરી કાઝી રોજના પાંચ ફદલ જેવી અતી નજીવી રકમ કમાતો, પણ તે છતાં ટરાબ્લુસુસમાના પોતાને મકાને પાછું ફરવા તેનું મન થતું નહીં હતું.

પણ હવે આપણે તેના એ મકાન તરફ નજર દોડાવ્યે.

એક ગમથી કાઝીએ રૂખસદ લીધી કે તેને જતો જોઇ તેની બાઇડીએ ઠટકા મોર્યા અને બબડી, “ તારી મુસાફરીથી અલ્લાહ તુંને પાછો અહીં ફેરવે નહીં.” ત્યાર પછી તે ઉઠી, અને પેલાં બંધ બારણાંવાલો ઓરડો ખુલી નાખી સઘળું જોયું તો બેહદ સીક્કાઓ ઉપરાંત બીજો અસબાબ પણ જણાયો.

એક તરફથી દમાસ્કસમાં કાઝી ભુખે ઠોકરાતો, ત્યારે બીજી તરફથી તેનાજ પૈસાએ તેની બીબી ગરીબોને ભીખ આપી, દુકાલ્યાંઓને જમાડી તથા વસ્ત્ર આપી અને ફકીરોને ખેરાત કરી વાહવાહ મેળવતી હતી. વળી જે ઓરતોને કાઝી પરણ્યો હતો અને જેમના નાક કપાવી નાખી તલાક આપી હતી, તેમને દરેકને કાઝીએ લઇ લીધેલી મતાની કીમ્મત જેટલો માલ આપવા ઉપરાંત તેમના નાકના બદલામાં સારો જેવો બદલો કાઝીની આ જોરૂએ આપ્યો.

કાઝીનો ખજાનો મોટો હતો, જે તેણે કંજુસાઇથી મદદથી ભેગો કીધો હતો.

ઉપર જણાવ્યા મુજબની ખેરખેરાત ચાલુ થયાને ઘણો વખત પસાર થયો, તેટલાં એક દીને અચાનક કાઝીની બીબીએ મોહોલાના મસ્તીખોર છોકરાઓથી સાંભળ્યું કે "આપણો કાઝી છોકરૂં જણ્યાથી જતો રહ્યો!"

આ વાત ટુંક વખતમાં ચોમેર પંથરાઇ ગઇ, તે એટલે સુધી કે ઠેઠ બગદાદ શેહેરમાં ખુદ ખલીફ હારૂન અલ-રશીદના કાન પર એ વાત આવી.

ખલીફે જ્યારે તે સાંભલ્યું ત્યારે તે પોકારી ઉઠયો "અલ્લાહ ઓરતથી પનાહ રાખે, આ કદી બને નહી, સીવાય કે અંદર કોઇ શયાની અને ચબરાક ઓરતનું રમખાન હોય; કાઝી તાલેવંત છતાં બડો કંજુસ છે; માટે કદાચ એની બીબીથી એનો ભેદ ખુલ્લો થાય. એ ઓરત વળી ઘણી ચતુર અને દુલે હાથની જણાવવામાં આવે છે: માટે અય જાફર! તે સખી વજુદ ઓરતને અહીં બોલાવી લાવવા ખેપ્યો રવાના કર કે એ અજબ કીસમની હીકમતથી આપણે જાણીતા થઇએ."

જેવો આપ જેહાંપનાનો હુકમ!" વજીર જાફરે ઉતર વાલ્યો.

"માશલ્લા! આપણા એ ન્યાયધીસ પર તેનીજ બીબીએ જે હીકમત લગાડી છે તેમાં તેણીને ફતેહ મળે," ખલીફ ખડખડ હસી બોલ્યો.

પણ હવે બીજી તરફ પાછી આપણે ચશમ ફેરવી કાઝી તરફ નેગાહ પોંહોંચાડયે. ટરાબ્યુલુસની કચેરીમાં પુશકલ ખીદમતગારો તેની ખીદમતમાં હાજર રહેતા, પણ દમાસ્કસમાં તો એજ કાઝી કડીઆનું કામ જુજ પૈસે કરી હમેશ આરામ ભોગવવાની ટેવ પાડેલું શરીર રગડોલાવી નાખતો. આખરે તે તદન નબલો પડી ગયો અને મનસે વીચારવા લાગ્યો "ચાલ હવે હું પાછો મારે વતન જાઉં, છોકરાંની વાત તો વીસરાઇ ગઇ હશે."

જાવું યા નહી જાવું, તેના વીચારમાં બે ત્રણ દહાડા પસાર કીધા, અને પછી સઘળી હીમ્મતત એકઠી કરી તેણે તરાબ્યુલુસ શેહેરનો રસ્તો પકડયો; થોડાજ ફરસંગ બાકી રહયા અને પોતાની દોલત તથા સત્તા પાછી મેલવવાની પુર ખુશાલીમાં તે જતો હતો.

તે લગભગ ગામની પાદરે આવી લાગ્યો હતો તેટલાં તેણે ઠોલ્યા છોકરાઓનાં એક ટોલાંને એક બીજાની મશકેરી કરતું દીઠું.

"બચ્ચા, તું મોટો થાય અને તું પણ આપણા પેલા કાઝીની માફક છોકરૂં જણે તો કેવી મજાહ!" એકે બીજા છોકરાને જણાવ્યું. આ સાંભલી સઘળાઓ ખડખડ હસી હુરરેની પોકાર કરવા લાગ્યા. તેઓએ કાઝીને દીઠો નહી હતો એટલું ઠીક હતું.

પણ કાઝી તો આ સાંભળી પસીને ગરકાવ થઇ ગયો, અને તરતજ પાછી તેણે દમાસ્કસ શેહેરની રાહ ધરી, રસ્તામાં તેને વીચાર આવ્યો: "બગદાદ જઇ નસીબ અજમાવું તો કેમ? કારણ કે તે દમાસ્કસથી દુર પણ છે અને ત્યાં છોકરાંની વાત કોઇ જાણવાનું નથી."

ઘણા દહાડાની રંજ ખેંચી તે આખરે બગદાદ શેહેરમાં પેઠો અને ઇરાની દરવેશ દાખલ તેણે ધરમશાલામાં ઉતારો લીધો. એ શેહેરમાં તે છુપી રીતે આવ્યો હતો, કારણકે નામવર

કલીફ હારૂન અલ રશીદની નોકરીમાં રેહેલો હજી તેને ગણવામાં આવતો હતો. જેહાંપના કલીફે કાંઇ તેને હજી તુલીક નોકરી પરથી રૂખસદ આપી નહી હતી અને કાઝીએ રાજીનામું પણ આપ્યું નહી હતું.

હવેજ કાઝીને જણાયું કે કલીફના હુકમ વગર ટરાબ્યુલુસ શેહેર છોડી આવવામાં તેણે મુરખાઇ કીધી હતી. કાઝી દાખલ તે એક મોટો અમલદાર હતો.

ન્યાયધીસના ઓહ્દાની રૂએ કાઝી ભણેલો હતો, તેથી ઇરાની દરવેશ દાખલ પોતાનુ ગ્નાન આસપાસનાઓને દેખાડી તેમનું મન જીતવામાં તેને ખુબ સેહેલાઇ બગદાદ શેહેરમાં મળી ગઇ.

થોડા દીવસના અરસામાં તેણે ત્યાંના સારા દરજ્જાવાલા આસામીઓ સાથે ઓળખાણ પાડી.

"ઓ દરવીશ, તું શા માટે જેહાંપના કલીફની હજુરમાં જતો નથી?" એક જણે પુછયું "તારૂં ગ્નાન જોઇ ખચ્ચીત એ મહાન સુલતાન તારી કદર બુજશે, વળી તું કવી હોવાથી જલદીથી તે તારી શકતી પીછાણશે."

"કોઇ મને દરબારમાં પીછાન કરાવે તો હું તેનો આભારી થઇશ." કાઝીએ ઉતર વાલ્યો.

"એમાં ઝાઝી અડચણ નથી."

નામવર કલીફે કાઝીની બીબીને પોતાની હજુરમાં બોલાવી લાવવા ખેપો દોડાવ્યો હતો તે બીના આપણે ઉપર જાણી ગયાં છઇએ; કલીફનાં ફરમાનની રૂએ આથી તે ઓરતને એ નામવરની હજુર લઇ જવામાં આવી, જેણીએ જતાંને વાર કદમબોશી કરી કલીફ અને તેના રાજની આબાદી માટે સંગીત શબ્દોમાં દુઆ ગુજારી; દરબારનું કામ ખલાસ થવા તુલીક તે નામવરે તેણીને એક ઠેકાણે બેસવા કહયું.

અરધાએક કલાકમાં દરબારનું કામ આટોપવા પછી પોતાના જુજ હજુરીઆઓ સીવાય બાકીનાઓને તે નામવરે રૂખસદ આપી, અને છોકરું જણવાની હીકમત ખાવંદ પર કેવી રીતે તેણીએ અજમાવી હતી, તે વીશે કાઝીની ઓરતને સવાલો કીધા.

આ સાંભળી કાઝીની બીબી શરમને મારી નીચી મુદીએ જમીન પર જોવા લાગી. કેટલીક પલ સુધી રાહ જોઇ ઇમાનીઓના તે શાહે કહયું "અય ઓરત! તારી સલામતી માટે તારે ખાતરી રાખવી."

કલીફને મ્હોંથી આ ધીરજવંતા શબ્દો સાંભલી તેણીએ ઉંચે નજર કીધી અને બોલી: "નામવરોના અય નામવર શેહેનશાહ! અલ્લાહ તારાં રાજની બુલંદી જ્યાદા વધારે. મારા ખાવીંદ કાઝીનો હેવાલ અજબ કીસમનો છે. મારા ખસમને તે દાતારે દોલતથી અને તું નામવરોના શાહે ઓહ્દાથી નવાજ્યો છે, છતાં તે કંજુસોનો કંજુસ છે. મારા તેની સાથે નેકાહ થયા તેની અગાઉ તે એક પછી એક ઘણી બાયડીઓ પરણ્યો હતો. પણ બાપડીઓને ભુખે ઠોકરાવી, નજીવાં બાહાના સર નાક કપાવી નાખી, તેમની દોલત લઇ મેળી, તેમને તલાક દેતો હતો. આ પ્રમાણે કેટલોક વખત ચાલ્યું, વળી તેના મકાનમાં એક હબસી ગુલામડી અને મેજપર પાંઠરવાનું એક એસકી કપડું હતું, અને જ્યારે પણ તે ભોજન મંગાવતો ત્યારે તે રોબમાં બોલતો: 'અય લૌંડી! સુફરહ ઉમ્મ જકાજીલ પાંદર અને ખાનું તૈયાર રાખ!' કોઇ બાહેરનો મુલાકાતે આવેલો શખ્સ પેલું કપડું જોઇ તથા મારા ખાવંદની બોલવાની ઢપ પરથી એમજ ધારે કે ઘરમાં કાઝી સાહેબ ખાવા પીવા પછવાડે સારો જેવો ખરચ કરે છે ખરા, પણ અય નામવર! ભોજનમાં કાંઇજ નહી માત્ર ત્રણ સુકકી રોટી અને ત્રણ કાંદા

હમેશાં આવતા. મરતબાવાલા અને દોલતમંદ આ કાઝીની તરેહવાર ગપસપ ઠેઠ શેહેરે મોસુલમાં મારાં કાનપર આવી : આથી મારી જાતી પર ગુજરેલા સેતમનું વેર લેવા મારૂં દીલ ઉશકેરાયું અને કાઝીની શુધ્ધ ઠેકાણે લાવવા મેં બીડું ઝડપ્યું. એ કામ માટે હું છેક તરાબ્યુલુસ શેહર ગઇ. મારી સાથે નેકાહ કરવાની તેણે પોતે માંગણી કીધી, પણ હું શા સબબસર તરાબ્યુલુસ શેહેર આવી હતી તે તે વેળા જાણતો નહી હતો અને હજી પણ તે તે વિશે અજાણજ હોવો જોઇએ.

ગરીબ પાડોસીઓને હું અન પાણી આપતી હતી તે બીના એક દીવસે મારા ખસમના કાન પર આવી. અને ઘરે આવી તે મારી સાથે મારામારી કરવા લાગ્યો. આથી તે દીવસની મારામારીનું વેર લેવા મેં કસદ કીધો. અમારી ગરીબ પડોસણ હમેલથી ફારેગ થવાની અણી પર તે દીવસે હતી. જલદીથી હજમ્યાત નહી કરે એવી એક વાણી મેં પકાવી, જે મારા ખસમે બપોરના તેમજ રાતના હોંસેહોંસે ખાધી. રાતના ભોજન પછી ધાર્યા મુજબ કાઝીને બાદી થઇ તેના પેટમાં કરકરહ થવા લાગી અને રફતે રફતે પેટમાં દુખારો થઇ આવી પેટ ઉપસવા લાગ્યું. દુખને મારે મારો ખાવંદ બુમબરાડા મારવા લાગ્યો."

ઇમાનીઓના શાહથી અહીં હસવું ઠોબાવ્યું નહી, અને તે ખડખડ હસી પડયો. ત્યાર પછી કાઝીની બીબીને અધુરો હેવાલ પુરો કરવા કહયું. આથી તેણીએ હસાહસ વચ્ચે બાકીનો બનાવ જેથી વાંચનાર વાકેફ છે તે તુલેતવીલ કહી સંભલાવ્યો.

નામવર કલીફને એટલું તો હસવું આવ્યું કે તે ડોળા ખાવા લાગ્યો, અને કાઝીની જોરૂને એ વાત પાછી કહી સંભલાવવા ફરમાવ્યું.

નામવર શાહનો હુકમ સાંભલી બીબીએ પાછો હેવાલ શરૂ કીધો કે દીવાનખાનામાં એકાએક એક દરવેશ દાખલ થયો અને ખુણામાં આવી તેણે બેઠક લીધી. કે બીબીની નજર પોતાના ખાવીંદ પર પડી અને તેણીએ તરતજ તેને ઓળખ્યો. પણ કાઝીનો ચેહેરો સખ્તીથી અને ચીંતાથી એટલો તો બદલાઇ ગયો હતો કે જોકે એ કાઝીને જેહાંપના ઓલખતો હતો છતાં પીછાંણી શકયો નહી.

તેણીએ ઇસારતથી પોતાના ખાવંદ તરફ કલીફનું ધ્યાન ખેંચ્યું; આ દીલે હાતમ અને ચતુર શાહે આથી સાબુત નજર પેલા દરવેશ પર છુપી રીતે નાખી અને પછી બોલ્યો : "અય ઇરાની દરવેશ ! મારી દરબારમાં ભલે પધાર્યા. પણ તરાબ્યુલુસમાં એક કાઝીને પેટે છોકરૂં જનમ્યું તે વાત તારી મુસાફરી દરમ્યાન તેં સાંભળી છે?"

"ઇમાનીઓના એ ઇમાની શાહ ! બે અદબી માફ છે : પણ એક મરદને પેટે શું છોકરૂં જન્મે ?" દરવેશે કુનશ બજાવી કહયું.

કલીફને આથી બેવડી ગમત મળી અને જણાવ્યું : "અય દરવેશ ! તારા દેખાવ પરથી તેં દુરદરાજ દેશોમાં મુસાફરી કીધી હોય એમ જણાય છે, તો જગઆશકારા આ બનાવ તેં સાંભળેલો હોવો જોઇએ."

દરવેશ તો આ સાંભળી ફીકોફચ થઇ ગયો. બગદાદમાં એ બીના જણાશે નહી એવી તેની ખાતરી હતી, પણ અહીં તો તેણે ખુદ તે શેહેરની દરબારમાં એ વાત ફેલાયલી જોઇ.

"અય દરવેશ ! જવાબ કેમ નથી આપતો ? જે મરદે છોકરૂં જણ્યું, તે ખુદ તરાબ્યુલુસ શેહેરનો મેં નેમેલો કાઝી પોતે છે અને જે કાઝી હાલ દરવેશનો વેશ લઇ અહીં આવ્યો છે, શું તું આ ઓરતને પણ ઓળખતો નથી ?"

"અય જહાંપના ! હું એને પીછાણતો નથી ?" દરવેશથી બોલાઇ જવાયું.

"શું કરવા ના પાડે છે?" બીબીએ પોતાના ખાવંદને ઠપકો આપ્યો "શું તું અલ્લાહનો પણ ડર રાખતો નથી? ઇમાનીઓના આ શાહની હજુરમાં તારી પર જે બન્યું હોય તે કહી સંભળાવ."

દરવેશ વેષી કાઝીથી હવે વધુ વાર ઇનકાર કરાયો નહી, અને તેણે પોતા પર ગુજરેલી હાડમારીઓનું વર્ણન કલીફ આગલ કીધું; વચ્ચે વચ્ચે કલીફથી હસાયા વના રેહેવાતું નહી હતું તે "ઈનસાલ્લા! અય કાઝી! તુંને અને તારાં બાળકને જીયાદા તંદરોસ્તી અલ્લાહ બક્ષે!" કરી ટીકા કર્યા કરતો હતો. આ સાંભળી કાઝી નીરાશીથી વાત લંબાવવા કહેતો "પણ અય ગરીબોની પરવરશી કરનાર નામવર! મારીપર ગુજરેલી બીજી મુસીબતો હું કહી સંભલાવું છું."

"અય પાદશાહોના પાદશાહ!" પોતાના હેવાલને છેડે કાઝી બોલ્યો "મારાં નાખુદાટરસ (અધર્મી) કામોથી અલ્લાહે મને જે શીક્ષા કીધી છે, તેથી વધુને હું લાયક છું. એ મારી ભુલો મને હમણા માલમ પડે છે, પણ ઓ શાહોના શાહ! તારી બુલંદ દરબારમાં મુજ કમતરીન અને મારી ઓરત હાજર છે, જેની સાથે અમોને પાછી સલાહ કરાવ. તું નામવર હજુર હું કબુલાત આપું છું કે હવે હું એમ નહી કરીશ. પણ મને પોતાના ખાવંદ તરીકે કબુલ રાખે યા નહી, તેની મુનસફી આ ઓરત પરજ છોડું છું; બીજી જે મેહેરબાની તુંજ દયાવંત હજુર માગું છું તે એકે મારા ઓધ્ધા પર મારી પાછી નેમણુંક કર, અને હું કબુલાત આપું છું કે મારા ઓદ્દા પ્રમાણે હું ખરચ કરીશ."

આ સાંભળી નામવર કલીફ હારૂન અલ રશીદે કાઝીની પરણેતરને કહ્યું: "તારા ખાવીંદે હમણા જે અરજ ગુજારી છે અને જે કબુલાત આપી છે તે તેં સાંભલી છે. પોતાનો પશ્ચાતાપ પણ તેણે અહીં કીધો છે. હું ધારૂં છું કે તું એને આગલ પેઠે તારા ખાવીંદ દાખલ કબુલ કર અને ખરચનો સઘળો અખત્યાર તારા હાથમાંજ કાઝી રાખશે."

"ઓ ઇમાનીઓના ઇમાની શેહેનશાહ! આદમ પોતાની ખાસ્યત છોડતું નથી, તે તો તું નામવરને રોશન હોવું જોઈએ. આદમના મરણ સાથેજ તેની ખાસ્યત ગુમ થાય છે. તેમ આ કાઝી હમણા તું નામવરની હજુર જે બોલે છે, તે પર મને ભરોસો આવતો નથી. તોપણ તારાં પોતાના મોહોર મારેલાં ખત પર આ કાઝી સહી કરી આપે તો મને એની માગણી કબુલ છે, કે જેથી જો એ ફરી જાય તો એનો ફેસલો તું ઇનસાફીઓનો ઇનસાફી પોતે કરે; વળી અત્યાર આગમચ એની જે દોલત હું ખરચી ચુકી છું તે માટે પણ એ બોલે નહી તેની કબુલાત એની પાસે લેવાની મેહેરબાની કરો."

"અય ઓરત! તારૂં કેહેવું રાસ્ત છે. આદમ પોતાની ખસલત છોડતું નથી."

"ઓ જેહાંપના! આ ઓરત કહે છે તે પ્રમાણે ખત તૈયાર કરવા તું મુરબ્બી હુકમ ફરમાવ અને હું તે પર સહી કરવા રાજી છું. હું હવે જોઉં છું કે આ ઓરત મારો ઘરસંસાર ચલાવવા તદ્દન લાયકની છે."

આથી નામવર કલીફે બન્નેનો વાંધો પટાવી દીધો અને બન્નેને સલાહ કરાવી, એટલુંજ નહીં પણ એ હાતમ દીલના શાહે કાઝીની આ બીબીએ જેટલા પૈસા ખેરખેરાતમાં ખરચી નાખ્યા હતા, તે સઘળા પોતાના ખજાનામાંથી આ જોડાંને આપવા હુકમ ફરમાવ્યો અને હસીને બોલ્યો: "હવે તરાબ્યુલુસ શેહેરના કાઝી સાહેબ! તારે પેટનાં બાલકને મળવા તારી બીબી સાથે તરાબ્યુલુસ ખાતે જા!"

આ સાંભળી હાજર રહેલાં સઘળાં ખડખડ હસી પડયાં અને નામવર કલીફ ત્યાંથી ઉઠી ચાલી ગયો અને બે ત્રણ દીનમાં કાઝી અને તેની બીબીએ તરાબ્યુલુસ શેહેરનો રસ્તો પકડયો.

સાબેર સલીમા.

આગળી વાર્તામાં જણાવ્યા પ્રમાણે કાઝી અને તેની બીબીએ ઉથાંગરી કર્યા પછી બીજે દીને નામવર કલીફને કાંઈ ચેન પડયું નહી. ખરૂં કહયે તો તે નામવરને વાર્તા સાંભળવાનો શોખ થઈ આવ્યો. આસપાસ નજર ફેંકતાં તેની નજર એક અમલદાર પર પડી, જે થોડુંક થયું તેની નોકરીમાં રહ્યો હતો.

"આજે મારી મરજી છે કે તારી હૈયાતીમાં જે કાંઇ અજબ જેવો બનાવ બન્યો હોય તે જણાવ. તારો જે કાંઈ ગુનાહ હશે તે માફ છે."

"ઇમાનીઓના ઓ શાહ! ત્યારે હું "સાબેર સલીમા'ની વાત કરૂં છું તે સાંભલો:"

એક દીવસે હું વડી પોલીસ ચોકીના ચોગાને વીચારમાં બેઠેલો હતો, તેટલાં મારા ખોલામાં એકાએક કાંઇ પડયું અને જોતાં એક ઠેલી બાંધેલી માલમ પડી. આ ઠેલીમાં એકસો દીરમો મુકેલા જણાયા, પણ એ કોણે ફેંકી તે મને માલમ પડયું નહી. બીજે દીને પણ તેવોજ બનાવ બન્યો: આથી વલતે દીને તેજ બાજુએ બેસી ઉંઘના ઝોંકા ખાવાના મેં ઢોંગ કીધા. તે દીને કાંઈ બન્યું નહી, તોપણ મેં મારો ઠરાવ બદલ્યો નહી. થોડેક દીને હું ઢોંગ કરી પડી રહેલો હતો, તેટલામાં એકાએક મારા ખોલામાં એકાદ ઠેલી જેવું કાંઈ મુકવાનો સંસારો જણાયો કે તરતજ મેં આંખ ઉઘાડી નાખી, પેલી ઠેલી મુકનારનો હાથ પકડયો, અને જોતાં જણાયું કે તે કોઈજ નહી પણ એક ચેહેરે નમુન સ્ત્રી હતી. "તમે કોણ છો?" મેં પુછયું.

"ઉઠ અને મારી પુઠે આવ" તેણીએ ઉત્તર દીધો; "પછી હું તુંને સઘળું કહીશ."

હું તરતજ ઉઠયો અને આ ખુબસુરત સ્ત્રીની પાછળ જવા મેં ચાલુ મુકયું. ઘણીક ગલીઓ વટાવ્યા પછી એક ઉંચી ઇમારત આગળ પેલી સ્ત્રી ઉભી રહી; આ તકે મેં તેણીને પુછયું: "બાઇ, તું કોણ છે અને આટલી બધી નવાજેશ કરવાનો તારો શો સબબ છે?"

"ઓ મુકાદમ મ્યુઇન! અલ્લાહના નામથી તુંને કહીશ કે કાઝી અમીન અલ હુકમની છોકરી સાથે હું મળવા માગું છું. એની પર મને ઘણો વ્હાલ છે, પણ તેણીનો બાપ અમીન મને મળવા દેતો નથી."

આથી હું અજબ થતો બોલ્યો: "કેવી રીતે તું નાજનીન મારી મદદ માગે છે?"

"યા મુકાદમ મ્યુઇન! મારા અને કાઝીની છોકરીના દરજ્જામાં મોટો તફાવત છે. અમારી બન્ને વચ્ચે જવા તુંને હું કેહેતે નહી, પણ મારાં વ્હાલે મને તેમ કરવા ફરજ પાડી છે. મારાં મનમાં વીચાર બેસી ગયો છે કે તું નરની મદદ વગર એ કામ બનનાર નથી."

"આગળ ચલાવ! તારી હીકમત શી છે તે મને જણાવ!"

"આજે રાતના ભાડુતી ઘરેણાં પેહેડી બનીઠની હું અતીન અલ-હુકમના ઘરની ગલીમાં ભરાઇ બેસીશ; અને જ્યારે રેવાજ મુજબ તું તારા સોબતીઓ સાથે પોહરો ભરતો ત્યાં આવી લાગશે, ત્યારે તું મને ઘરેણાં પેહેડેલી અને મઘમઘતી ખુશબો છાંટી આવેલી દેખશે. અજાણ્યો થઈ તું મારી હકીકત પુછજે અને હું તેનો ઉત્તર વાલીશ કે: "હું કીલ્લામાંથી આ શેહેરમાં કાંઈ કામસર આવી હતી અને નવાબની દીકરી છું, પણ સાંજના અંધારૂં થઈ ગયું તેની મને સુરતા રહી નહી અને ઝુવેલક દરવાજા આગળ આવી પોંહોંચતાં તે તથા બીજા દરવાજાઓ બંધ થઈ ગયલા મને જણાયા અને રાત કયાં ગુજારવી તેની મને ચીંતા થઈ. નજર દોડાવતાં મને આ ગલી સફાઈદાર અને આબરૂદાર લોકથી વસાયલી જણાઇ, તેથી દીનની રોશનીથી સારી ખલકનું મ્હોં હસતું થાય, તેટલાં આ ઠેકાણે મેં મુકામ કીધોછે."

એ હું એવી તો ટમકીનથી (ગંભીરતાથી) બોલીશ કે તારી સાથના જમાદારને કાંઈ પણ વેહેમ આવશે નહી, પણ ઘણું કરી એમ બોલશે કે 'એ બાનુને અહીં છોડી જવા સીવાય બીજો કાંઈ ચારો નથી, પણ ટકેદારી રાખવા આપણામાંના એકે અહીં સહવાર સુધી રેહેવું જોઇએ'; ત્યારે તું સુચવજે કે 'બેહેતર રસ્તો તો એ કે અમીન અલહુકમના ઘરમાં આપણે એને લઇ જઇએ કે ત્યાં જનાનખાંનામાં આજની રાત તે ગુજારે' એમ બોલી તું કાઝીના ઘરનું બારણું ઠોકજે, આથી હું સેહેલાઇથી તેના ઘરમાં દાખલ થઇશ અને મારી મુરાદ બર લાવીશ. કાઝીની દીકરી પણ મને જોઈ બહુખુશી થશે અને—ખામોશી! મારૂં નામ સલીમા!"

"માસલ્લા! એ તદબીર ખુબ છે!" મેં ઉત્તર વાળ્યો.

તે રાત્રીએ હું અને મારા સોબતીઓ તલવારો લટકાવી રોબથી હમેશ મુજબ રોન ફરવા નીકળ્યા. રાત્રી તદ્દન કાળી હતી, એવી કે થોડે છેટેનું વટીક જાજું દેખાય નહી. ફરતા ફરતા અમો પેલા દર્બ યાને રસ્તાપર જઈ ચઢયા કે જ્યાં પેલી નાજનીને મલવા કહ્યું હતું. સમો મધ્યરાત્રીનો થયો હતોઃ ચાલતાં ચાલતાં અમો સઘળાંનાં નસ્કોરામાં સુગંધી સોહરમ ભરાયો અને તેજ વેળા બાંગડી વગેરે ઘરેણાનો ખડખડાટ સંભળાયો. આથી મેં મારા સોબતીઓને બેધ્યાનપણાના દેખાવે કહ્યું: 'અહીં કોઇ આદમજાદ હોય એમ જણાય છે.' આ સાંભળી જમાદાર ચાલતો ઉભો રહી ગયો અને અમો સઘળાએ પણ તેમજ કીધું. "એક જણ તલાસ કરો કે કોણ છે?" જમાદારે હુકમ ફરમાવ્યો.

મને પણ તેમજ જોઇતું હતું, તેથી તરતજ તલાસ કરવા હું નીકળી પડયો અને મારા સોબતીઓ ધીમે કદમે રસ્તાને નાકે જવા લાગ્યા. સેજ વારમાં હું તેમને જઈ મળ્યો અને આગળ ગોઠવણ મુંજબ કહ્યું, અને બન્યું પણ તેમજ. "ઈન્સાલ્લા! આપણે એને કાઝીજીના ઘરમાં ઉતારો અપાવ્યે તો કેમ? એ નામવરનું મુકામ પણ નજદીક છે." મેં જણાવ્યું.

"એ પણ ઠીક છેઃ જા, તારે ગમે તેમ કર!" જમાદાર મારાં મત સાથે મલતો થયો.

આથી હું છુટો પડી પાછો સાબેર સલીમા આગળ ગયો અને સઘળી બાનાથી તેણીને વાકેફ કરી અમો કાઝી અમીન અલ હુકમના મકાન તરફ ગયાં અને બારણું અફાલ્યું.

તેના હબસી નોકરોમાંના એક વડા હબસીએ બારણું ખુલ્લું.

"આમીન નામવરને ખબર કરો કે આજની રાત આ બાનુને પોતાના ઘરમાં રાખેઃ કારણ કે એ કીલ્લામાંની રહીશ છે પણ રાત પડી જવાથી અને તેને લીધે શેહેરના દરવાજા બંધ થવાથી આ બાનુ ભુલી પડી છે, અને એનાં આંગપર ઝવેરાત હોવાથી તથા તમારા ઘરની બાહેર બેસ્યાથી, એણીને કાંઇ થાય તો તેની જોખમદારી રખેને કાઝી સાહેબને શીર આવે એવી ધાસ્તીથી જમાદારે તમારા મેહેલમાં મુકામ કરવા મોકલી છેઃ પછી તો જેવી નામવરની મરજી."

બારણું આખું ઉઘાડવામાં આવ્યું અને સલીમાને અંદર દાખલ કરવામાં આવી.

જ્યારે સહવાર પડી ત્યારે પોલીસ સરદારની મુલાકાતે આવનારાઓમાં સૌથી પેહેલા કાઝી ગડબડ કરતા આવ્યા.

ગડબડ અને કાઝીનો સાદ સાંભળી સરદાર દીવાનખાનામાં દોડી આવ્યા, જેમને જોઇ કાઝી સાહેબ બોલ્યા: "ઓ સરદાર! મક્કરથી ભરપુર અને દગાબાજ એક ઓરતને ગઇ રાતે તારો એક અમલદાર મારા ઘરમાં મુકી ગયો. પેલી મકારે ઓરત રાતના ઉઠીને મારાં સ્વાધીનમાં સોપાયલાં બીન વારેસ છોકરાંઓની ઘરમાદા પૈસાથી ભરપુર છ મોટી ઠેલીઓ હજમ કરી સટકી ગઇ, દરેક કોઠલીમાં એકેક હજાર દીનાર હતા, પણ વાલીદે મુલ્કની હાજરીમાં બીજો વધુ શબ્દ કેહેવો હું ડહાપણથી વેગલું ધારૂં છું."

સરદારે જ્યારે જોયું કે કાઝી સાહેબ ગુસ્સે થયા છે અને હાકમ આગલ જરૂર જશે, ત્યારે તેવણ ઉઠયા અને કાઝીને ધીરજ ધરવા કહી તેવણનો ગુસ્સો નરમ પાડયો, અને કરડી નજરે અમલદારોમાં પરપુછ કરવા લાગ્યા. સઘળાઓએ જુમેદારી મારે શીર નાંખી અને બોલ્યા કે "હવાલદાર મ્યુઇન સીવાય અમો કશું જાણુતા નથી."

"ત્યારે તેં મારા દરવાનને પેલી ઓરત કીલ્લામાંથી ભુલી પડેલી જણાવી હતીની?" કાઝી આ વેળા મારી તરફ કરડી નજરે જોઈ બોલ્યો.

હું તો નીચી મુંડીએ વીચારમાં ગરક થઇ ગયો અને પેલી લુચ્ચી ઓરતના પંજામાં હું ફસ્યોજ કેમ તેનો અંદેસો કરવા લાગ્યો. ઓરત જબરી તો ખરી. સઘલા મળી ત્રણસો દીરહમો કશા પુછયા વગર મારા ખોલામાં નાખી એ ઓરત કાઝી સાહેબના ઘરમાંથી અને મારી મદદથી છ હજાર દીનાર તફડાવી ગઇ હતી.

"તું ઉત્તર શા માટે દેતો નથી?" સરદારે બુમ મારી મને પુછયું.

"ઓ મારા સરદાર! જેઓને પૈસા ભરવાના હોય છે તેઓને ઓછામાં ઓછા ત્રણ દીવસની મેહેતલ આપવામાં આવે છે: માટે એટલો વખત સુધી સબુરી અખત્યાર કરો."

હાજર રહેલાંઓને મારો જવાબ પસંદ પડતો દેખાયો, અને સરદારે કાઝીની ખાતરી કીધી કે તે એનો પત્તો મેળવવા બની શક્તી કોશેશ કરશે અને વધાર્યું કે "અને એ ગુમાયલી રકમ તમોને સપોરદ કરવામાં આવશે." એટલું બોલી તે ત્યાંથી વીદાય થયો, જ્યારે હું પણ ઢીલ કર્યા વગર ઘોડેસ્વાર થઇ નીકલી પડયો. પણ હું કયાં ફરતો હતો તેની મને જાજી સુરતા વટીક નહી હતી. ઘોડો આ અને પેલી તરફ ડપટાવતો, પણ મારૂં સઘળું ધ્યાન પેલી હીકમતી સલીમામાંજ ગુંટાયલું હતું. એક તરફ હું તેણીની હીકમતપર આફ્રીન કરતો, જ્યારે બીજી તરફ જો તેણી મને ત્રણ દીવસમાં નહી મળે તો મારી ગીરેથી પૈસા ભરવા પડશે તે વીચારથી ખીજવાતો.

ત્રીજે દીને સહવારે મારા પેટમાં જબરો ધસ્કો પડયો. એક તો ગામ લોકની હસી અને બીજું તો ના લેવે દેવે દંડ ભરવા પડવાનો સંતાપ.

"ઓ મ્યુઇન! તું શું દીવાનો થયો છે?" હું મારા મનસે પુછવા લાગ્યો. સબબ પેલી બુરખાવાલી ઓરત મને ઓળખતી હતી, જ્યારે હું તેણીને મુદલ પીછાણતો નહી હતો.

ત્રીજે દીને બપોરના નીમાજના વખત સુધી હું આમતેમ ફર્યા કીધો. "ઓ કીસ્મત! કાલે સહવારના સરદાર જરૂર પેહેલાં મને બોલાવશે, અને ત્યારે હું શું જવાબ દઇશ?"

બપોર પણ પાણીના રેલાની માફક પસાર થઇ તે જણાઇ નહી અને સાંજની લેહેકાદાર દેવીએ પોતાની નરમ ચાદર સઘળે બીછાવી દીધી, કે રાતનો દઇત્ય તેનીપર આલોટવા તૈયારી કરવા લાગ્યો. તો પણ એ દેવનું રાજ શરૂ થાય તેની સેહેજ આગમજ હું એક મુખ્ય ગલીમાંથી પસાર થતો હતો, તેટલાં કોઇ ઓરત એક બારીએ ઉભી રહી તાબડા ફોડતી મારા જોવામાં આવી. મેં તેણી તરફ જોયું તો તેણી મને ઉપર આવવા ઇસારત કરતી જણાઇ.

કાંઈ પણ ધાસ્તી યા શક વગર હું ઉપર ગયો. તેણીએ બેઠકપરથી ઉઠીને મને બગલગીરી કીધી.

આ વળી નવું કૌતક મારા બાબમાં બનતું મેં દીઠું, તેટલાં તેણીએજ ભરમ ફોડયો: "જે ઓરતને તું કાઝી અમીનને ઘરે પુગાડી આવ્યો, તે હુંજ છું!"

"ઓ મારી નખરાંબાજ બાનુ! હું તારી શોધમાં ત્રણ દીવસ થયા સારાં શેહેરમાં ભટકતો હતો, અને ખરેખર! તારી ચતુરાઇથી સઘળાંને તેં અજબ કીધા છે, પણ તેજ વખતે તેં મને લગભગ મોતના પંજામાં સપડાવી દીધો છે."

"શું તું એક હવાલદાર થઇને આવી વાતો મારી આગળ કરે છે?"

" એ તો પડેગી તબ સુજેગી! એમાં સઘળું સમાઇ ગયું."

આ સાંભળી સલીમા નખરાંથી ખડખડ હસવા લાગી. "પણ જો હું તુંને બચાવી લઇ કાઝી સાહેબનેજ સપડાવું તો કેમ?" એટલું બોલી તેણી એક મોટી સંદુક આગળ ગઇ અને તેનાં અન્મારી યાને ખાનામાંથી કાઝીએ જણાવેલી દીનારથી ભરેલી છએ છ ઠેલીઓ બાહેર કાઢીને બોલી " આ મેં અમીન અલ-હુકમના મકાનમાંથી મેલવી હતીઃ માટે તું તારે ગમે તો ત્યાં પાછી સ્વાધીન કર નહી તો તારી પાસે રાખ! એ હીકમતનો પૈસો છેઃ માટે હલાલ છે. જો તું એ પૈસા કાઝીને સ્વાધીન કરવા માંગતો હોય, અને બીજું નાણું તુંને જોઈતું હોય તો તે પણ મારી પાસે મોજુદ છેઃ આ સઘળું કરવાની મારી મતલબ એટલીજ કે તારી અને મારી મુલાકાત થાય અને તારી સાથે મારા નેકાહ થાય!"

"ઓ ખુબસુરત સલીમા! હાલ તો મને આ બલામાંથી છોડવ!" પેલી ખાનાઓમાંથી બીજા પૈસા કાઢતી હતી ત્યારે મેં કહ્યું.

"પણ તારા છુટકારાની તજવીજ કરી રાખીનેજ હું કાઝીના ઘરમાંથી બાહેર નીકળી પડી હતી." ત્યાર પછી તેણીએ મને એક અજબ હીકમત દેખાડી જે નીચલા બનાવ પરથી જણાશે.

સાબેર સલીમાની હીકમતપર હું આફ્રીન કરવા લાગ્યો, અને કાઝીએ મારી આબરૂપર શક નાખવાની કોશેશ કીધી હતી, તેનો દાવ લેવા હું હવે તૈયાર થયો. હું જ્યારે પેલી ઓરતના મકાનમાંથી બાહેર નીકળતો હતો, ત્યારે તેણીએ મને સો સોનાના સીકવીન સીક્કાથી ભરેલી એક ઠેલી આપતાં કહ્યું કે 'એ તુંને કદાચ આ વખતે કામ લાગશે. આ મારી તુંને ભેટ છે.' હું પેલી ઠેલી લઇ મારા મકાનમાં ગયો, અને તે રાતે નીરાંતથી ઉંઘાયો.

ઠરાવ મુજબ બીજે દીને હું કચેરીમાં દાખલ થયો તો કાઝી અને સરદાર મારી આગમજના આવી બેઠેલા અને કચેરી લોકથી ચીકાર ભરાઈ ગયલી મને માલમ પડી. કચેરીની બાહેર પણ જબરૂં લોક એકઠું થયલું મને જણાયુંઃ આ પરથી ખુલું જણાતું હતું કે શેહેરમાં આ મુકદમા માટે ઘણી હોહા થયલી હતી.

"અલ્લાહના નામથી પુછુંછું કે મારો કરઝદાર અને મારી ગુમાયલી દોલત કયાં છે?" કાઝી સાહેબ ગુસ્સાથી બોલ્યા કે આખી અદાલત ઠરઠરી રહી. ન્યાયાધીશ પોતેજ વાદી, એટલે ઠઠની જીજ્ઞાસાનું પુછવું શું? પણ મારી નાડ તો હવે ઠેકાણેજ હતી.

ત્યાર પછી કાઝીએ સરદારને કહ્યું કે 'પેલો હરામખોર કયાં છે?'

સરદારે મારી તરફ ફરીને પુછ્યું 'કાઝી સાહેબને જવાબ કાં નહી દેતો?'

"ઓ સરદાર સાહેબ! બે સીર કાંઇ એક સરખાં હોતાં નથી, અને અહીં હું મદદ વીનાનો છું, પણ રાસ્તી મારી બાજુએ છે અને તે મોડે વેહેલે જણાયા વના રહેશે નહી."

આ સાંભળી ન્યાયાધીશ બહુ ગુસ્સે થયા અને બોલ્યા "અરે લુચ્ચા! ચોરીપર સરજોરી કરે છે કે? રાસ્તી તારી તરફ છે હં!"

"મુરબ્બી કાઝી સાહેબ, જરા ધીરા પડો ને મારી તકરાર સાંભળો. એક ઓરતને આપ જનાબના મકાનમાં હું સહીસલામત તમારા નોકરો વચ્ચે મુકી આવ્યો, કે જે બાનુના શરીરપર જર ઝવેરાત હતું. હવે એ અબલા કયાં ગુમ થઇ, તેનો પત્તોજ નથી; તે છતાં તમો નામવર મને પકડીને છ હજાર સોનાના સીક્કા માંગો છો, એ સરફ ગેરઈનસાફ છે, અને ઘણુંખરૂં કદાચ આપ નામવરના મકાનમાંના કોઈએ તે બાપડીપર જુલમ ગુજારેલો હોવો જોઇએ!"

કાઝી સાહેબ તો આ સાંભળી તદનજ છેડાઇ પડયા, અને સોગંદ લઇ જણાવ્યું કે મારે તેવણ સાથે મકાનમાં ઝડતી લેવા જવું જોઇએ.

"અલ્લાહ કરીમ! જ્યાંસુધી સરદાર સાહેબ મારી સાથે આવે નહી, ત્યાં સુધી હું તમો સાથે જવાનો નથી. કદાચ તમારાં માણસો મને હેરાન કરે તો?"

કાઝી ફૂફડી ચટકી આસનપરથી ઉઠી બોલ્યા "આપણે સરદાર સાથેજ જઇશું."

અમે હવે કાઝીસાહેબનાં મકાનમાં જવા ચાલુ મુકયું, અને સરદાર ભેગા મેં શોધખોળ ચલાવી. કાંઈ બાતમી મળી નહી હોય તેમ દલગીર થઈ જવાના મેં ઢોંગ કીધા કે કાઝી સાહેબે ખુશ થઈ બુમ પાડી "લુચ્ચા! લોકની નજરમાં હલકો પાડવા તુંને કાંઈ શરમ નહી આવી?"

હું રડીને આમ તેમ ફરવા લાગ્યો. મારાં મહોડાંપર ખોટાં આંસુનાં રેલા એ વેળા ઉતરતા હતા. આખરે મકાનમાંથી બાહેર જવા સરદારે મરજી જણાવી, કે પેલી ચબરાક ઓરતના કહ્યા પ્રમાણે પેલા ખુણા ભણી હું નજર કરતાં બોલ્યો "પેલા અંધારા ખુણામાં એ શું જણાય છે? બેટાઓ! પેલી બરણી અહીં લઈ આવો!" મેં કાઝીના હાજર રહેલા નોકરોને કહ્યું.

મારા કહ્યા પ્રમાણે તેઓએ કીધું, અને બરણીમાં ડોકયું કરી કમકમી હું પોકારી ઉઠયો: "ઓ પેદર! આ હું શું જોઉં છું? એમાંની ચીજો બાહેર કાઢો."

નોકરોએ તેમ કીધું તો પેલી અબલાના કહ્યા પ્રમાણેજ મુરઘીના લોહીથી ઝરઝરતાં કપડાંઓ તેમાંથી નીકળ્યાં, જે જોઇ બેહોશ થઈ જવાના મેં ઢોંગ કીધા. જ્યારે સરદારે આ બનાવ જોયો ત્યારે તે બોલી ઉઠયો "અલ્લાહ કરીમ! ત્યારે હવાલદાર મ્યુઇન નીર્દોશ ખરો!"

મારાં મ્હોંડાંપર ઠંડું પાણી છાંટવામાં આવ્યું કે થોડી પળ પછી સઘળાઓએ મને હુશ્યાર થયલો દીઠો. પણ કાઝી સાહેબ? તેવણ તો ગભરાટમાં લપેટાઈ ગયા હતા.

"તમો જોશો કે શક હવે કોણપર ગયો છે? બનાવ તદ્દન ઉલટોજ બની ગયો છે. ખરેખર! બેશક એ બાઇના કુટુંબીઓ કાંઈ હવે જંપીને બેસી રહેશે નહી."

મેં જોયું તો કાઝી સાહેબ તદ્દન ફીક્કા પડી ગયા હતા: કારણ કે શક હવે તેવણના મકાનમાં વસનારાંઓપર કુદરતી રીતે ગયો હતો. આખરે એવો ઠરાવ કરવામાં આવ્યો કે કાઝીએ એ ગુમાયલી છ હજાર સીક્કાની સેસ પોતાની ગીરેથી ભરવી, અને તેના બદલામાં પેલી ગુમ થયલી બાનુની શોધપર ઠંડું પાણી રેડવું, અને એ વીશે કોઇ આગલ બોલવું નહી. આ પ્રમાણે નીવેડાપર આવી અમે સઘળા પાછા બાહેર નીકળી પડયા.

"ખચ્ચીત, મારી ખુબસુરત નાજનીને મને દગો દીધો નથી, પણ જેમ બોલી તેમજ થયું." મેં વમાસ્યું.

રખેને મારી પછવાડે જાસુસ ફરતા હોય તેની બીહીકથી ત્રણ દીવસ વેર હું સલીમાના મહોલા આગળ ફટકયોજ નહી, પણ ચોથે દીને હમામમાં અંગોળ કરી, કપડાં બદલી મેં તેણીનાં મકાન તરફ તરેહવાર ખ્યાલ સાથે જવા ચાલુ મુકયું. મકાન આગળ આવી પોંહોંચતાં મને બંધ બારણું જણાયું, એટલુંજ નહી પણ ધુળથી ભરાયલું દેખાયું. ત્યાંના પાડોસીઓને પુછતાં તેઓએ ખુલાસો કીધો કે "એ મકાન તો ઘણા દીવસ થયા ખાલીજ છે: પણ પાંચેક દહાડાપર એક ગધેડાં સાથે એક ઓરાતે આવી મુકામ કીધો હતો, પણ રાત્રીએ સામાન પાછો લાધી તેણી ત્યાંથી જતી રહી હતી."

આ સાંભળી હવે અચરત થવાનો મારો વખત આવ્યો, અને આ ઉસ્તાદની ઉસ્તાદણે મને આ બીજી વખત ઠગ્યો. ત્યાર પછી ઘણા દહાડાવેર તેણીને માટે મેં તે લત્તાપર શોધખોળ ચલાવી, પણ આજની ઘડી સુધી કશો પત્તો મળ્યો નથી; ખચ્ચીત! તેણીની ઝુબાન અને વાત કરવાની ઢબથી હું તેણીપર મોહીત થયો હતો, અને મારી જીંદગીમાં આ બનાવ સર્વેથી અગત્યના દાખલ હું ગણું છુ."

"માસ્લા! આ વાત નોંધી રાખવા જોગ છે!" કલીફે વીચાર જણાવ્યો.

ભાંગ પીનારો માછી.

અસલી તવારીખમાં નોંધાયલું મોજુદ છે કે દંતકથાઓમાં મસહુર થયલી અરબસ્તાનની ભુમીપર એક વખતે ભાંગ પીનાર હતો, જે દરરોજ ત્રણ ફદહ જેટલી રકમ ભાંગ યા ગાંજા પાછલ ખરચતો હતો. સહવારના એક "ટકોરો," બપોરે બીજો અને સાંજને છેડે બાકીનો ટકોરો ચઢાવતો. ધંધે આ ભાંગી માછી હતો અને પહોર ફાટતાંજ જાળ લઇ નદી કીનારે જતો અને માછલી પકડી, ખાવા પુરતાં રાખી, બાકીનાં બજારમાં વેચતો. રોટી વગેરે પાછલ અરધો ફદહ ખરચતો અને ત્રણ ફદહનો ઉપર લખ્યા મુજબ ભાંગ પીવા પાછલ ગુમાવતો. સાંજ પડતાં ભાંગ યા ગાંજો ગટાવતો અને મીનબટી સલગાવી ઝુંપડાંમાં રોશની કરી બટીની સામે દોલા ગુરકતો બેસતો કે ભાંગ થોડા વખતમાં મગજમાં ચઢી જતી કે હવાઇ ખ્યાલોમાં તે મસગુલ થતો અને લવારો બકારો કરતો સમજાતો. તે એખલો મોટે સાહદે વાતચીત કરતો.

આ પ્રમાણે લાંબા વખત સુધી ચાલ્યા કીધું. બન્યું એમ કે ખુશનુમાં ઠંડીની એક રાત્રીએ માહતાબે ખુબ બાહરમાં રૂપેરી ચાદર કાલી જમીન પર પાંથરેલી હતી અને ઠંડીને લીધે આપણા આ માછીએ ભાંગ પણ વધુ ધાંચેલી હતી અને ખુબ ગેલમાં આવી જઇ લલ-કારતો હતો તેટલાં તેને વીચાર આવ્યો કે "હમણા માછલાં મારૂં તો કેમ? રાતનાં માછલાંઓ ઉંઘાયલાં હશે. તેથી મોટી માછલીઓ ગુપચુપ જાળમાં સપડાઇ જશે." જેવો આ વીચાર તેના મગજમાં પેઠો કે ગલ લઇ ઝુપડાંમાંથી બાહેર નીસરયો.

ઝાડોની ઘટા વટાવી તે ખુલ્લી જમીન પર આવ્યો તો પંથરાયલાં ચાંદણાને તે નદીના પાણી સમજ્યો અને બોલ્યો "વાહરે વાહ! નદી માતા આજે ઉભરી આવ્યાં છે અને પાણી અહીં સુધી રેડાવી દીધું છે. એમાં ઘણી માછલીઓ સપડાઇ ગયલી હશે, વાહરે બચ્ચા માછી! વાહરે તારૂં નસીબ!" એટલું બોલી દીવાલોના છાંયડા હેઠલ ઉભો, કે જે ગરકાની દીવાલોને તે નદી કીનારા પરની દીવાલ સમજ્યો હતો.

અહીં ઉભો રહી તેણે લબ્બાહ યાને ગલમાં ખોરાક ભેરવી પાણીમાં (ચાંદરણામાં) નાખ્યો અને આતુરતાથી મોટું પાછલું પકડવાની ઉલટમાં દીવાલની પછવાડે સંતાઇ ઉભો. જ્યારે થોડી વારે એક અજબ બનાવ બન્યો. આંકડીમાં ભેરવેલા ખોરાકના વાસથી ફું ફું કરતો એક કુતરો ત્યાં આવી લાગ્યો અને ગલ પર બાચકું ભર્યું, તો ગલ તેના હલક યાને ગળાંમાં ભેરવાઇ ગયો. ઘાંટીમાં ભોકાઇ જવાથી દુખને મારે કુતરો ખુબ બરાડા મારવા લાગ્યો અને અહીંથી તહીં દોડવા લાગ્યો તો ભાંગ પી બારોબાર થયલા માછીના હાથમાંની દોરડી હાલવા અને ખેંચાવા લાગી. મોટું માછલું સમજી તે ખેંચવા લાગ્યો, તેમ તેમ કુતરાના મોંહાંમાં ગલ વધુ અને વધુ ભોકાતો ચાલ્યો, તેથી વધુ દુ:ખને લીધે કુતરાએ કીલીયાન કરી મેલ્યું. પણ માછી બંદો દીવાલ આગલથી જરા ખસે નહી; ચાંદરણાને તે નદીના પાણી સમજતો હતો અને રખેને તેમાં પડી ડુબી મુએ, તેની તેને ધાસ્તી હતી. કુતરાએ જ્યારે જોરથી ખેંચવા માંડયું ત્યારે આપણા માછીએ કમ્મર આસપાસ દોરડીનો છેડો વીંટાલ્યો અને બોલ્યો; "કોઇ મસ મોટું માછલું ઘણે વખતે હાથ લાગુ ખરૂ! કદાચ હાચીશહ હશે; કાલે ખુબ તડાકો મારીને પેટ પુરતી ભાંગ પીશું."

પણ કુતરાને કળતર ઘણી થવા લાગી અને જોરથી દોરડી ખેંચી તો માછી ખેંચાવા લાગ્યો, અને દીવાલની બાહેર ઘસડાઇ આવ્યો. માછીએ ધાર્યું કે હવે ડુબી મરવાનો સોદો છે તેથી બીકનો માર્યો મદદ માટે મોટેથી બુમ પાડવા લાગ્યો. "યાઉહ! યાઉહ! યાઉહ! યાજહાન! (કોઇ મારી મદદે આવો! મને મદદ કરો:) નહી તો મસમોટી માછલી ઘસડીને પાણીમાં ડુબાડી દેશે, યાલ્લાહ! ઉતાવલથી મારી મદદે આવો!"

હવે તે વખતે આસપાસનાંઓ ખુશ નીદ્રાંમાં આરામ લેતાં હતાં, તેઓ આ અસાધારણ બુમો સાંભળી જાગ્રથી ઉઠયાં, અને જે તરફ બુમો સંભળાતી હતી તે ભણી દોડયાં અને પુછયું "શું છે? આવા સમે શા સારૂ પોકાર કરે છે? તુંને શું થયું છે?"

"અરે મને બચાવો! બેરાદરો! મને બચાવો! નહી તો આ ઘડીએ પેલું મોટું માછલું મને ઘસડીને નદીના પાણીમાં ડુબાડી દેશે!"

લોકોએ જોયું તો નદી નહી મળે યા પાણી નહી મળે, અને તેથી તેની નજદીક જઇ પુછયું "પણ ભલા માણસ, તું બોલે છે તે નદી કયાં છે?"

"શું તમો લોકો આંધળાં બની ગયાં છો? શું તમોને આ નદીમાં પુર આવેલું પાણી દેખાતું નથી? અરે મને પકડો, નહીતર આ ઘડીએ ડુબી મરીશ."

લોકને હવે ખરી બાબદની માહીતી પડી અને ખરેખર શું હતું તે વીશે માછીમારને વાકેફ કીધો. પણ ભાંગમાં લીન થયલા માછીના ધ્યાનમાં એ વાત ઉતરી નહી અને પોકારી ઉઠયો "શું તમો મને મદદ નથીજ કરવાના? અરે, કોઇ અલ્લાહનો લાલ આવી મને ડુબી જતો નહી બચાવે?"

"અય બે અકકલી! આ તું જોય છે તે આબ નથી પણ ચાંદરણું છે!"

"લુચ્ચા હરામખોરો! જાઓ અહીંથી! મારો જીવ જાય છે અને તમોને હસ્વાનું સુજે છે? યા ઉરઝાટ, ખસો અહીંયી! તમો કુતરાની ખસલતના દીસો છો."

આથી તેઓને ખુબ મજાહ પડેલી જણાઇ, જે જોઇ માછી વધુ ગાળો દેવા લાગ્યો, જે સાંભળી તેઓ હવે દમ બાંધીને હસવા લાગ્યા, અને પોર્યાઓએ માછીને ચીડવવામાં કાંઇ બાકી રાખ્યું નહી. આખરે હસ્તા હસ્તા તેઓ થાકયા ત્યારે એકે કહયું "એ ગાંજ્યાને એનું ફોડવા દેઓ! આપણે શું કરવા મીઠી ઉંઘ ગુમાવ્યે?"

આ સાંભળી રફતે રફતે સઘળાઓ ત્યાંથી જતા રહયા. છેક છેલ્લાં છોકરાંઓ ગયાં, જેમને આ બનાવથી ઘણી ગમત પડી હતી.

આખી રાત ભાંગ પીનારે અને કુતરાએ બુમ બરાડા મારવામાં ગુજરી, તે છેક પોહોર ફાટતાં એક કાઝીનું અસ્વાર થઇ ત્યાંથી પસાર થવાથી તેમનો છુટકો થયો. તેણે માછીને એક ભીંતને અઢેલી ઉભો રહેલો અને કમ્મર આસપાસ દોરડાનો એક છેડો વીંટાળેલો અને બીજો છેડો કુતરાના મ્હોંમાં ગયલો જોઇ પુછયું "અય મરદ! તુંને શું છે?"

"અય નામવર! આ નદીના પાણીમાં એક મોટું માછલું મારા ગલમાં સપડાઇ ગયું છે અને તે મને ખેંચીને પાણીમાં ડુબાડી દેવા માંગે છે."

કાઝીએ હવે તેની પર તીક્ષણ નજર રાખી તો તેને ભાંગ પીનાર માછી દાખલ પીછાણ્યો અને તરતજ સઘળું ચેતી જઇ પોતાના ખીદમત ગુઝારોને હુકમ ફરમાવ્યો "ઓ હાઝીરબાશો; તમો પેલા કુત્તાને પકડી તેનાં મ્હોંમાંથી ગલ ખેંચી કાઢો."

હવે બન્યું એમ કે એ કાઝી પણ હશીશ પીનારો હતો: માટે તેણે મનમાં વીચાર્યું "સુબ્હાન અલ્લાહ! ઠીક સોબતી મળી ગયો: આ માછીને મારે ત્યાંજ લઇ જઇ રાખું અને કામકાજથી પરવાર્યા પછી બેઘડી ભાંગ યા હશીશ ગટાવી બન્ને જણા ખુશ ગુફતેગો ચલાવીશું."

ફરમાબરદારોએ માછીનો કુતરાથી છુટકો કીધો કે માછીના જીવને કરાર થયો અને કાઝીને હજારો હજાર દુવા દેવા લાગ્યો. કાઝી તેને પોતાને ત્યાં લઇ ગયો અને રહેવા માટે એક ઓરડી આપી.

આફતાબને વખતે ન્યાય તોળી માહતાબના રાજ્યનો સમો થતાં બાગમાં બન્ને શખ્સો એકઠા મળયા અને ખેર આફીયત પુછ્યા પછી બન્ને જણે ભાંગના લોટા ખાલી કીધા અને બટી રોશન કરી ગપ્પાં મારવા લાગ્યા.

(વાંચનારને અહીં જણાવવું જોઇએ કે તે વેળાએ અરબસ્તાન વગેરે ઠેકાણે દીવસની જંજાળ પછી ખુશ પીણા દાખલ ભાંગ, ગાંજો, હશીશ વગેરે કેફી વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવતો હતો અને મોટે ભાગે તેમાં હલકું સમજવામાં આવતું નહી હતુ, બલકે એ પીનું જરૂરયાત દાખલ ગણવામાં આવતું હોવું જોઇએ.)

બટીની તેજદાર રોશની જોયાથી ભાંગની ખુમારી તેઓમાં ઝડપથી ફેલાવા લાગી અને તેઓ ફાટું ફાટું બકવા લાગ્યા.

અરધોએક કલાક એમ શબ્દોની લડાઇ ચલાવ્યા પછી માછીએ ભાંગની ઝુમમાં કહ્યું "બેરાદર! અલ્લાહની બક્ષેસથી હું તો બાદશાહ થયો છું."

આ સાંભળી કાઝીએ ઉતર વાલ્યો "અને હું છું તો હાકેમ!"

"ત્યારે તો હું તારેથી ચહડતો. જો હું હાકેમનું ડડ છટકાવવા હુકમ કરૂં તો મને અટકાવનાર કોણ છે?"

"કોઇ નહી. પણ બાદશાહ હમેશાં પ્રાંતો પર દેખરેખ રાખવા હાકેમને નેમે છે અને લોક તેના તાબામાં રહે છે."

ત્યાર પછી તેઓ રાજકારોબાર કેવી રીતે ચલાવવામાં આવે છે તે વીશે ટીકા કરવા અને તે પર મત આપવા લાગ્યા. અલ્લાહનું ચાહવું એવું થયું કે શેહેર ચરચા જોવા તેજ રાત્રીએ છુપા વેશમાં શેહેરનો સુલતાન અને તેનો વઝીર રાજમેહેલમાંથી છુપે બારણે નીકલ્યા અને ફરતા ફરતા તેઓ આપણા આ બન્ને બીરાદરોના મથક નજદીક જઇ લાગ્યા. બારણા બાહેર ઉભા રહી તેઓએ બન્ને ભાંગ પીનારાઓની વાતચીત સાંભલી. અને સુલતાને પોતાના વઝીરને પુછ્યું "હવે આપણે આ બન્ને જણાઓને શું કરીએ?"

"જનાબે આલી! મુજ કમતરીનની સલાહ પુછો તો હાલ તો આપણે ચુપકીદી અખત્યાર કરી તેમની વાતચીત પુરેપુરી સાંભળી લઇએ, અને પછી તમો નામવર જે સજા તેમને કરશો તે વાજબીજ થશે."

"તારી સલાહ બરહક છે. ઉમ્માલી! આપણે અહીં બારણા બાહેર ઉભા રહીએ તેના કરતાં બાગમાં પેસી એ બન્નેની નજદીક જઇએ તો કેમ?" સુલતાન બોલ્યો. હવે તે રાત્રે કાઝી બારણાંને તાળુ મારી બંધ કરતાં વીસરી ગયો હતો: જેથી બન્ને મુલાકાતીઓ બાગમાં પેઠા અને આપણી વાર્તાના નાયકોને સલામ કીધી, જેનો વલતો ઉતર તેઓએ આપ્યો અને પોતાની નજદીક બેસવા કહ્યું.

"અય મરદ! અહીંના સુલતાનથી તું અને તારો સોબતી બીહના નથી શું? રાતના આ વખતે મકાન બાહેર બેસતાં તે નામદારના હુકમનો ડર તમોને શું લાગતો નથી?" સુલતાને પુછ્યું.

"બેશક! તુ કોઇ બેગાનો જણાય છે. સુલતાન પોતે ઘણી વેળા આ વખતે શેહેરમાં ભટકે છે. તે સુલતાન છે તો હું હાકેમ છું અને આ મારો બેરાદર બાદશાહ છે. એથી અમે બન્ને તેમનીજ પંકતી પર બલકે વધારે છઇએ."

આ સાંભળી સુલતાનના નેણ ફરી ગયાં અને તેણે ઇશારતથી વજીરને કહયું "એ બન્ને જણાઓના શીર છટકાવી નાખવા હું માંગું છું."

"કદાચ એમની કાંઇ તવારીખ હશે" વઝીરે તેવીજ ઇસારતથી ઉતર વાળ્યો "કારણ કે પુર હુસ્યારીમાં કોઇ પણ માણસ આ શખ્સોના જેવું બોલે નહી: ધીરજ ધરો."

"અય મરદ! અમે જ્યારે પણ કાંઇ બોલ્યે છીએ ત્યારે તું તારા ગોઠયાને ઇસારત કરે છે, તેનો સબબ શો? અમો તારી એ ઇસારત સમજતા નથી પણ તારો ભાગીદાર સમજતો દીસે છે. જો સાંભલ! અમે તુંને જણાવ્યું છે તેમ અમે બાદશાહ અને હાકેમ છઇએ, અને અમારી હજુરમાં જો ફરીથી એવી બેઅદબી તમોએ કીધીચ તો ચટ દેતું તારૂં શીર છટકાવી નાખીશું. અમો નામવરોની હજુરમાં કેવા તરીકાથી વર્તવું, તે પણ તું હજુ શીખ્યો નથી?"

પણ વઝીરે આંખની ઇસારત કરી સુલતાનને કાનમાં કહયું "અય નામવર! આપણે બન્ને છુપા પોશાકમાં હોવાથી આ બન્ને બેઅક્કલીઓ આપણને કોઇ સાધારણ આદમીઓ સમજતા જણાય છે. માટે અલ્લાહની પેઠે તું પણ તારાં દીલમાં એમને માટે રેહેમનો નીરમલ ઝરો વેહેતો કર અને કદાચ એમાંથી આપણને કાંઇ નવું જેવું સીખવાનું મળશે. મને તો મજબુત શક છે કે આ બન્ને ગપ્પીઓએ હશીશનો ધુમ ઉપ્યોગ કીધો છે, કે જે વસાનાની ખુબી એવી છે કે તે મ્હોં ભાવતું બોલે છે અને તેનેજ લીધે તેઓ પોતે ઘડીકમાં બાદશાહ તો ઘડીકમાં હાકેમ તો ઘડીકમાં વેપારીઓ હોવાનું બોલે છે અને વળી આખી આખી દુન્યાં તેમની મુઠીમાં હોવાની ગપ પણ મારે છે."

"એ હશીશનું વર્ણન કર." સુલતાને વઝીરને કહયું.

"પેલાઓ આપણી તરફ ટીકીને જોય છે: માટે બેહેતર કે આપણે હમણા અહીંથી રૂખસદ લઇએ અને કાલે ફરીથી આવીશું. બાહેર ગયા પછી હશીશ વીશે આપણે વધુ ગુફ્તેગો નીરાંતે કરીશું."

સુલતાનને આ વીચાર પસંદ પડયો અને તેઓએ ત્યાંથી રૂખસદ લીધી.

"ચાલ હવે મને હશીશ વીશે કહે?" બારણાં બાહેર ગયા પછી સુલતાને વઝીરને ફરમાવ્યું.

"હશીશને હીંદના લોક સબજી યા માજમ કહે છે અને તે શણનાં પાંદડાં, ખાંડ તથા ચોક્કસ વસાણાના મીશ્રથી બનાવવામાં આવે છે, અને જે કોઇ હદ બાહેર એ ખાય યા પીએ છે તેના મગજમાં કલપીત વીચારો ઉભા થાય છે અને તે પ્રમાણે તે બોલે છે; પણ તે વેળા તે સુધ્ધીમાં હોતો નથી. જો આપ નામવરની મરજી હોય તો આવતી કાલે રાત્રીએ પેલા બન્ને બેઅકકલીઓ પર અખતરો અજમાવ્યે. આપણા જવાની આગમચ તેઓ પોતાને ત્યાં બનાવેલી હશીશથી રોશન તો થશેજ, પણ આપણે તેમને વધારે પાઇશું, અને એનું પરીણામ જોઇશું."

હવે બીજી તરફ આપણે નજર ફેરવ્યે. બન્ને હશીશ પીનારાઓએ સુલતાન અને વઝીરને ઓળખ્યા નહી હતા, અને તેથી તેમના ગયા કેડે માછીએ કાઝીને કહયું: "માસલ્લા! અલ્લાહની બક્ષેસથી આપણે પેટ પુરતી મજાહ ચાખી અને અલ્લાહનું જો ચાહવું હશે તો આવતી કાલે વધુ ગમત મેળવીશું."

"ઇનસાલ્લા! પણ મને એકજ બાબદની ચીંતા લાગે છે. ખુદા ન કરે ને જો આપણા સુલતાનને આપણા આ પીના માટે ખબર મળશે તો આપણા બન્નેના શીર એક સપાટે ઉડારી દેશે."

"અહીં સુલતાનને કોણ લાવનાર છે જે?" માછીએ પુછયું "તે મેહેલમાં મજાહ કરતો હશે, જ્યારે આપણે લોટાઓ ગટગટાવી ખુશ થઇએ છીએ."

"તારૂં કેહેવું દરોબસ્ત છે. જો સુલતાન ફરવા પણ નીકળે તો તેની સાથે તેના અમલદારો તો જરૂર હોવાજ જોઇએ." કાઝીએ વીચાર જણાવ્યો.

"અને ધારો કે તે અહીં આવી લાગ્યો તો હું વાર્તા કહી તેનું દીલ ખુશ કરીશ."

બીજી રાતે આગલા દીવસની પેઠે આપણી વાર્તાના બન્ને નાયકો તેજ જગ્યે બેઠા. કાઝી આ વેળા હશીશના બનાવેલાં નાન લઇ આવ્યો, જે બન્ને જણે અરધે ભાગે વેંહેંચી લઇ ખાધાં, અને બીનબટીઓ સલગાવી ગપ્પાં મારવા લાગ્યા. આ ઘડીએ સુલતાન અને તેનો વઝીર ત્યાં જઇ લાગ્યા. તેઓએ આગળ કરતાં જુદો પેહેરવેશ પેહડયો હતો અને પોતા સાથે ભાંગમાં મીશ્ર કીધેલી મીઠાઇઓ અને ગોલાબનો મુરબ્બો (ગુલકંડ) લઇ આવી, કાઝી અને માછીને ભેટ દાખલ આપ્યાં, જે તેઓએ કબુલ કરી ખાધાં. તેઓ આ મીઠાઇ પણ હશીશની બનાવેલી ધારવા લાગ્યા.

આથી એવડી જુમમાં આવી બન્ને તદન એલફેલ બોલવા લાગ્યા અને એકાએક બોલી ઉઠયા: "માસલ્લા! સુલતાનને તખ્ત પરથી ઉઠાડી મુકયો. ચાલો હવે આપણે તેની જગ્યે રાજ ચલાવ્યે અને ન્યાય તોલ્યે."

"અને જો સુલતાન ગાદીપરજ હોય અને તમોને બોલાવી પુછે તો પછી શો જવાબ તમો આપો." એકે પુછયું.

"સુબહાન અલ્લાહ! વળી હું તેને એક વાત કહી સંભલાવી ભાંગ પીવા સામા દશ ફદાહ તેની પાસેથી કહડાવું!"

"પણ તુંને કીસ્સા કેહેવાનો અનુભવ કયાં છે?"

"શું નથી? અરે જારે જા! તું મને પીછાણતો નથી. વાતો તો એવી કરૂં કે સુલતાન છક થઇ જાય."

"પણ તું સુલતાનને કેવી રીતે ગાદી પરથી ઉઠાડી મેળશે?"

"એમાં શી મોટી બીસાદ! હું ડરાવીને કહીશ 'ચાલી જા અહીંથી!' તો તે ચાલ્યો જશે."

"કદાચ તારૂં શીર છટકાવશે."

"આ તો કોઇ તદન ગામડયો દીસે છે. એને માલમ પણ નથી કે આપણા સુલતાન દયાળુ છે અને મારા એવા શબ્દોથી તે સીક્ષા કરે નહી; પણ બેરાદર! એક કુંજો તું લઇ મને પેલો કુંજો આપતો."

બન્ને જણે પાણીથી ભરેલા કુંજા લીધા અને એકે મ્હોંમાં પાણી લઇ તેની પીચકારી સુલતાન પર મારી, જ્યારે બીજાએ તે પ્રમાણે વઝીર પર કીધું. તેઓ હવે એ પ્રમાણે ફરીથી કરવા જતા હતા, તેટલાં સુલતાન ઝડપથી ઉઠી નાસવા લાગ્યો, જેની પુઠે પેલો દોડયો; સુલતાન બારણા બાહેર છટકી ગયો અને બારણા આગલ પુઠે આવનારને ઠાકર લાગ્યાથી તે જમીન પર ચટોપાટ પડયો, પણ કુંજાને બચાવી લીધો. પછી મ્હોડાંમાં પાણીના ગોટ લઇ ઉપર ઉડારવા લાગ્યો. તો સઘળું અરધું પાણી તેનાજ કપડાં અને શરીર પર પડવા લાગ્યું, જેની તેને સુધી રહી નહી. આ જોઇ સુલતાન પેટ પકડી હસવા લાગ્યો. બીજા હાથ પર વજીર પર બીજી વખત પીચકારી મારવા જેવો તેનો સોબતી જતો હતો, તેવોજ તે પણ ઉઠયો અને વાડ કુદાવી સુલતાન આગલ ગયો, જ્યારે તેની પુઠે લાગેલો બારણા વાટે બાહેર નીકલવા દોડતાં પેલાની આંતી લાગ્યાથી તેની પર પડયો અને બન્ને ભાંગ પીનારાઓ હવે પાણી મ્હોંમાં લઇ તેની

પીચકારીઓ એકેક પર મારવા લાગ્યા; આથી તો સુલતાન અને તેનો વઝીર બેહદ હસ્વા લાગ્યા.

"માસલ્લાહ! ઘણું હશીશ ઘણી મોહોકાન વાલે છે!" સુલતાને કહયું "ચાલ હવે આપણે મેહેલ તરફ પાછા ફરીએ." અને તેઓ ત્યાંથી વીદાય થયા.

બીજા હાથ પર આપણી વાર્તાના બન્ને નાયકો પરોઢયું થવા તુલીક ત્યાંના ત્યાંજ પાણીમાં પડી રહયા અને જ્યારે ભાંગ–હશીશની અસર ઉતરી, ત્યારે તેઓ પોતાની હાલત જોઇ અજબ થયા અને બન્ને એક બીજાને પુછવા લાગ્યા કે "એ કેમ બન્યું?"

તેઓ હવે ઉઠયા અને ગુપચુપ નાહી ધોઇ કપડાં બદલી ડાહયા થઇ નીરાંતે વાતચીત કરવા લાગ્યા. "આપણને એ હાલતમાં લાવનાર પેલા બે જણાજ હોવા જોઇએ. મીઠાઇઓમાં તેઓ-એજ કેફી વસ્તુઓ ભેલેલી હશે અને આપણી બેવકુફીથી તેઓએ ગમત મેલવી હશે. આપણે જાણતા નથી કે તેઓ પરદેશી મુસાફરો છે યા અહીંનાજ રેહેવાસીઓ છે. તેઓએ બામખા આપણી આ ફજેતી કીધી છે; જો તેઓ આજે ફરીથી આવશે તો તેઓ શેહેરી છે યા અજાણ્યા છે તે વીશે જણાવવા આપણે તેમને ફરજ પાડીશું, અને જો તેઓ આપણી ખાતરી નહી કરશે તો અહીંથી હાંકી કહાડીશું."

ત્રીજી રાતે ભોજન પછી તેઓએ પાછો હશીશ પર મારો ચલાવ્યો અને મીનબટીઓ સલગાવીને ફીન્જાન યાને કાફીનું એકેક કપ પીધું. થોડી વારમાં હશીશની બલીહારીથી તેમને કેફ આવવા લાગ્યા અને એકે કહ્યું "ચાલ બેરાદર! આજે આપણે નાચીએ."

બન્ને જણા આથી ઉઠી ઉભા થયા અને નાચવા લાગ્યા! આ વખતે સુલતાન અને તેનો વજીર ત્યાં જઇ ચઢયા: તેઓએ જોઇ લીધું કે કાઝી અને માછી આજે ખુબ રંગ પર અત્યારથી ચઢયા હતા. તેઓએ તેમને સલામ કીધી; આથી કાજી અને માછીએ નવા આવનારાઓને સલામ પર સલામ કરવી ચાલુજ રાખી. સુલતાને આવો મામલો જોઇ વજીરને પુછયું "હવે એમને શું કરીએ?"

"ધીરજ ધરો! મામલો કેવું રૂપ લે છે તે દેહ વેર જોઇ એનો નીકાલ લાવીશું."

આથી બન્ને જણા બેઠા; જ્યારે કાઝી અને માછી સલામો કરતા ગયા અને નાચતા ગયા. આખરે જ્યારે તેઓ થાકા ત્યારે ભોંય પર ફસડાયા અને આસાયશ લેવા બેઠા.

થોડીક પલ ગુપચુપ બેસીને સુલતાન તથા વજીર તરફ ટીકીને જોયા પછી માછીએ પુછયું "તમે, તમે લોક કયાંના?"

"અમો મુસાફરો છઇએ અને ત્રીજે દીને આ શેહેરમાં પેહેલ વેહેલાજ દાખલ થયા હતા. આ રસ્તેથી પસાર થતાં અમોએ તમોને ખુશ લેહેરમાં જોયાથી અમો પણ મજાહ મેળવવા અહીં આવ્યા. જો સુલતાનને એ વીશે ખબર મળે તો પણ તમારે ધાસ્તી રાખવી નહી."

"સુલતાન! સુલતાનને અહીંની ખબર કયાંથી પડવાની હતી? તે પોતાના રાજમેહેલમાં ચમન કરતો હશે, જ્યારે હા હા હા! આપણે અહીં ભાંગ–મેહેલમાં મજાહ કરીએ છીએ!"

"તેની હજુર શા માટે નથી જતા?" સુલતાને કહયું "કદાચ તે નામવર તમોને બક્ષીસ આપશે."

"સુલતાન તો હાતેમ દીલનો છે, પણ તેના હાથ નીચેનાઓ અમોને ત્યાંથી હાંકી કાઢશે." ભાંગ ખાનારે ઉતર વાલ્યો.

"આવી વેલા તેઓ તેમ કરશે નહી, અને જો તેમ થાય તો અમો બન્ને તેની પર એક ચીઠી લખી આપ્યે; કારણકે અમો બન્નેએ તે નામવરની સાથે એકજ મદરસામાં કેલવણી લીધી હતી."

"ત્યારે તો ભાઇ અમોને રૂકો લખી આપી અમારા પર મેહેરબાની કરો !"

સુલતાને આથી કાગળ સાહી કાઝીના મકાનમાંથી મંગાવી એક નવીશતો લખીને તે પર પોતાની મોહોર મારી તેમના હાથમાં મેલ્યો, અને તેણે પોતાના વજીર સાથે ત્યાંથી વીદાયગીરી લીધી.

પણ કાઝી અને માછી બન્નેએ ત્યાંજ બેસી રહી રાત પસાર કીધી અને જ્યારે કેફની અસર તદન ઉતરી, ત્યારે તેઓએ આફતાબને આ ધરતીપર હાજરી આપવાની તૈયારી કરતો દીઠો. તેઓએ વળી ત્યાં પેલી ચીઠી જોઇ. વીચાર કરતાં રાતની વાતચીતનું થોડું ઘણું ભાન તેમને આવવા લાગ્યું; આથી નાહી ધોઇ સોજાં કપડાં પેહેરી તેઓ સુલતાનના મેહેલ તરફ ચાલ્યા. મેહેલના ચોગાનમાં લોકની ઠઠ ભેગી મળેલી તેમને જણાઇ, પણ કાઝીને જોઇ લોક ખસી ગયું. બારણા આગલ ઉભેલા દરબાનને પેલો રૂકકો માછીએ આપ્યો, જે પરની મોહોર જોઇ તથા લખેલું વાંચી ગુંદણ મંડીએ પડયો અને પાછો ઉઠીને પેલો રૂકકો તેણે પોતાનાં માથાં પર મેલ્યો અને પોતા સાથે બન્ને હશીશ પીનારાઓને સુલતાનની હજુરમાં લઇ ગયો. તેમને આવતા જોઇ સુલતાને પોતાના ખાનગી મુલાકાતના ઓરડામાં લઇ જવા ફરમાવ્યું. જ્યાં જતાં કોઇ હાજર હોયલું જણાયું નહી. બપોરના સુલતાને સોજો ખોરાક અને કાફીના પ્યાલાં બંને જણા માટે મોકલ્યાં; સાંજના પણ તેમજ કરવામાં આવ્યું. હમેશ મુજબ સાંજને છેડે મુઆઝીન પઢયા પછી સુલતાને કાઝી અને માછીને પોતાની હજુર હાજર કરવા હુકમ કીધો. સુલતાનની હજુરમાં જતાંજ બન્ને જણાએ ગુંદણમંડી પડી નમન કીધું અને તેની અને તેની હાકમીની બુલંદી ચાહી. સુલતાને તેમની સલામ પાછી વાલી અને તેમને બેસવા ફરમાવ્યું.

બન્ને બેઠા પછી સુલતાને માછીને પુછયું "તમોને જે શખ્સે રૂકકો આપ્યો તે કયાં છે ?"

"અરે આ જમાનાના નામવર સુલતાન ! અમો આગળ બે જણા આવ્યા હતા અને તેઓએ અમોને કહયું કે 'શામાટે તમો સુલતાન હજુર જતા નથી. તેવણ ઉદાર દીલના છે અને તમોને નવાજશે.' આ સાંભળી અમોએ જણાવ્યું કે અમો તું નામવરને પીછાણતા નથી અને કદાચ આપ નામદારના કારભારીઓ બારણા આગળથી અમોને હાંકી કહાડશે. અમારૂં આ મુજબનું બોલવું સાંભલી તેઓમાંનો એક શખ્સ બોલ્યો 'હું તે નામવર પર એક રૂકો લખી આપું છું : કારણ કે અમો તેવણને લાંબા વખતથી પીછાણ્યે છીએ અને એકજ મકતબમાં અમે સાથે કેળવણી લીધી હતી.' અય નામવર ! અને અમે અહીં આવ્યા તો પેલા નરનું બોલવું તદન ખરૂં પડેલું અમોએ જોયું અને હવે આપ જેહાંપનાહની હજુર કદમબોસી કરીએ છીએ."

"પેલા અજાણ્યાઓ તરફ તમે કાંઇ બેઅદબી તો નથી કીધી ? નહી તર તેઓ જરૂર તમારી સાથે અહીં આવતે."

"નહી, નામવર ! અમારા પુછયાથી તેઓએ મુસાફર દાખલ પોતાને ઓલખાવ્યા એ સીવાય બીજી કાંઇ પણ બોલચાલ થઇ નથી."

"તેઓ કયાં ગયા ?" સુલતાને પુછયું.

"અમો જાણતા નથી."

"તમો તેને હાજર કરજો: કારણ કે લાંબો વખત થયો મેં એ મારા દોસ્તોને જોયા નથી."

"અય નામવર! જો તેઓ પાછા અમોને મળશે તો જરૂર આપ નામવરની હજુર ઘસડી લાવીશુ. પણ જો તેઓ અમો આગળ આવેજ નહી તો કેમ?"

"તમો તેમને સારી રીતે પીછાણુતા જણાવો છો, અને તમારી ચશમ પણ તેજી જણાય છે: માટે જલદીજ તમે તેમને શોધી કાહાડશો, અને છટકવા દેશો નહી."

"દરોબસ્ત."

"હવે એ વાત પડતી મેલ્યે, અને બીજી બાબદ પર આવ્યે." સુલતાને બોલવું જારી રાખ્યું "તેઓની અગાઉ જે બે શખ્સો આવ્યા હતા અને જેઓ પર તમોએ પાણીની પીચકારીઓ મારી હતી, તેઓ વારૂં કયાં છે?"

સુલતાનને મુખથી ઉપલા શબ્દો સાંભલતાંજ બન્ને જણાના મ્હોંપર ફીકાશ પંહરાયો, બન્ને દરદર કાંપવા લાગ્યા, અને જે શખ્સને તેઓએ અપમાન આપ્યું હતું તે શખ્સ સુલતાન હોવો જોઇએ એવો તેમને હવે શક આવવા લાગ્યો.

"તારાં મનમાં શું છે? તું એમ ફીકકો કાં પડી ગયો?" સુલતાને માછીને પુછ્યું.

"ગુસ્તાખી માફ છે, અય દીલે હાનમ સુલતાન!" કાઝીએ ગુડણ્ મંડીએ પડી કહયું "અમોએ તારી પવીત્ર ચશમો હજુર પાપ કીધું છે."

"એ તેં કેમ જાણ્યું?"

"કારણ કે અમો ચાર સીવાય બીજુ કોઇ પણ તે જગ્યે હાજર નહી હતું. માટે આપ નામવર સીવાય બીજા કોઇ પણ શખ્સે રૂકકો લખી આપેલો નહી હોવો જોઇએ. હવેજ મને ખ્યાલ આવે છે કે સુલતાન યા શેહેનશાહ સાધારણ મકતબમાં શીખેલા હોતા નથી. આપ નામવર તમારા કોઇ દોસ્ત સાથે છુપા પેહેરવેસમાં અમો આગળ આવેલા હોવા જોઇએ અને અમારે બરચે મજાહ મેળવેલી હોવી જોઇએ. પણ જે પ્રમાણે પાપીમાં પાપી પર અલ્લાહ દયા કરે છે, તેમ અતી દયાળુ દાખલ વખણાયલો તું નામવર પણ અમો પર રેહેમ નજર નાખ."

આ સાંભળી સુલતાન મુછમાં હસ્યો અને બોલ્યો "તમારે કશી ફીકર કરવી નહી! પણ અય ભાંગ પીનાર! તું વાતનો ખાં હોવાનો દાવો કરે છે તો આજ રાતે મને એક વાત કહી સંભળાવ!"

"જેવી આપ જેહાંપનાહની ખાહેશ." બોલી માછીએ "ઔરત અને દૌલત"ની વાત કહી સંભળાવી, જે સાંભલી સુલતાને તેને પંદર ફદદ ઇનામ દાખલ આપી કહયું "લે તારી મોરાદ બર આવી; હવે જઇને ભાંગ ગટાવ."

ઔરત અને દૌલત.

એક દોસ્તે એક દીને પોતાના કેટલાક મીત્રો ભેગો મને પોતાને ત્યાં જમવા બોલાવ્યો. દીવાનખાનામાં અમો સઘળા એકઠા મળયા પછી પરોણાએ કહયું "આજે ખુશી ખુરમીનો દીવસ છે, અને આજે રંગરાગમાં વખત પસાર કરીયે." (શરાબ પીવો, એલફેલ ભાષા બોલવી, અને ઓરત ચરીત્રની વાત કરવી, એ અસલના વખતમાં ઉતરતા દરજ્જાના આરબોમાં સાધારણ હતું.)

સઘળાઓએ તે કેહેવું કબુલ રાખ્યું અને પછી સ્ત્રીઓની વાતો કરવા લાગ્યા.

"હવે મારા બાબમાં એક વખત જે બનાવ બન્યો તે સાંભળો." પરોણો બોલ્યો:—

એક ચોક્કસ શખ્સ હતો જે મારી દુકાને અવાર નવાર આવતો હતો. આગલ તેને હું મુદલ ઓલખતો નહી હતો; તોપણ જ્યારે તેને પૈસાની જરૂર પડતી ત્યારે તે મારી પાસે આવતો અને એકાદ બે દીરમ ઉછીકા લઇ જતો અને એ પરથી અમારી પીછાન થઇ. આ બીના મેં કોઇને કહી નહી. આખરે એક બે દીરમ પરથી એકી વખતે દશથી વીશ દીરમ ઉછીના તે લેવા લાગ્યો.

એક દીવસે હું મારી દુકાનમાં ઉભેલો હતો, ત્યારે એકાએક એક અબલા મારી આગળ આવી ઉભી રહી, અને પસીનો નુંછવાને મસે તેણીએ બુરખો એક બાજુ કીધો તો મને તે માહતાબ સરખી દીસી; જ્યારે મેં તેણીનો આ રવેસે ચેહરો દીઠો, ત્યારે મેં મારી નજર તેણીના ચેહેરા પરજ ઠેરવી રાખી; અને તેણી બુલબુલ સરખા સરોદે મારી સાથે ધીમેથી વાત કરવા લાગી: થોડા વખતમાં હું તો તેની પર મોહીત પડયો. તેણી આ હાલતથી જાણીતી થયલી દીસી, અને ત્રીજે દીને પાછી આવવા કહી ત્યાંથી ચાલી ગઇ.

બરાબર ત્રીજે દીને તે મારી દુકાને પાછી આવી, અને વાતચીત દરમ્યાન તેણીએ કહયું "હું કોઇના ઘરમાં જતી નથી."

"તું કહે તો હું તારી સાથે આવું."

"તારે ગમે તો આવ."

આથી હું ઉઠયો, ખીસામાં થોડાક સીક્કા લીધા, અને તેણીની પુઠે પુઠે જવા લાગ્યો. ઘણેક છેટે સડસડાત ચાલ્યા પછી તેણી એક ગલીમાંના ઘર આગળ જઇ ઉભી અને મને બારણું ઉઘાડવા ફરમાવ્યું. મેં તેમ કરવા ના પાડી; આથી તેણીએ પોતે ચાવીથી ઉઘાડયું, અને તેણી ભેગો હું દહલીઝ યાને ચોકમાં પેઠો. જેવો હું મકાનમાં દાખલ થયો કે તેણીએ ઓટલાનું બારણું પાછું અંદરથી બંધ કીધું અને મને કહયું "હું ગુલામડીઓને બીજા ઓરડામાં મોકલી દઇશ તેટલાં તું અહીંજ બેસી રેહેજે, અને પછી તેઓ આપણને જોશે નહી."

"માસલ્લા!" મેં ઉતર વાલ્યો અને ચાલમાં હું બેઠો. તેણી ભાયગે બે મીનીટમાં પાછી આવી, પણ આ વેલા તેણીએ બુરખો ફેંકી નાખ્યો હતો.

"ઉઠ, અને અલ્લાહના નામથી અંદર આવ."

હું ઉઠયો અને તેણીની પુઠે ગયો. ત્રણ ચાર ઓરડાઓ વટાવ્યા પછી અમો એક મોટાં દીવાનખાનામાં પેઠાં; પણ બારીકીથી તપાસતાં તે તદન સાદું દીસ્યું એટલુંજ નહી, પણ મને તે મુદલ પસંદ પડયું નહી. તે ઉજડ હતું, કોઇ કોઇ ઠેકાણે કચરો પડી રહેલો જણાતો હતો એટલુંજ નહી પણ કાંઇ ઓર તરેહની ખરાબ દુરગંધ પસરાયલી હતી. આટલી તપાસ લીધા પછી હું દીવાનખાનાની અધવચ્ચે દગમગ થતાં મનથી બેઠો; અને એકાદ મીનીટમાં જે દેખાવ મેં નજરે જોયો તેથી હું ચમકયો. ચબુત્રામાંથી ચાંમડાંની લંગોટ અને કમ્મરબંદ સીવાય તદન નગ્ન સાત માણુસો નીકલી મારી ભણી આવ્યાં. એકે મારી પાઘડી ઉઠાવી લીધી, બીજાએ સીક્કા બાંધેલો રૂમાલ લઇ લીધો અને ત્રીજાએ મારાં કપડાં ઉતારી લીધાં. ત્યાર પછી ચોથાએ મારા હાથ મારી પીઠ પાછલ પેલા પટાથી બાંધયા. ત્યાર પછી તેઓએ મને ઉપાડયો અને ભોંયમાંના એક બાકોરાં આગળ લઇ જઇ મારૂં ગલું રેંહેંસી નાખવા તૈયારી કરવા લાગ્યા કે એકાએક બારણું જોરથી અફાલવાનો સાદ સંભલાયો, જે સાંભલતાંજ પેલાઓ બીધેલા જણાયા અને તેઓનું ધ્યાન પેલાં બારણા ભણી ખેચાયું. આ જોઇ પેલી ઓરત બારણા આગલ ગઇ અને થોડી વારમાં પાછી ફરી બોલી. "બીહો ના. આજે કાંઇ પણ ઇજા તમને થશે નહી. એ તો તમારોજ સોબતી તમારૂં ભોજન લઇ આવ્યો છે."

તેણી બેગોજ એક શખસ ભોજન લઇ દાખલ થયો અને મને પકડનારાઓ આગળ આવી પુછ્યું "આજે વળી તમે એ શું કરો છો?"

"આ નવો શીકાર હાથ આવ્યો છે." તેઓએ ઉતર વાલ્યો.

આ સાંભળી પેલા નવા આવનારે મારી સામું ટીકીને જોઇ પોકાર માર્યો; "અલ્લાહ કરીમ! એ તો મારો ભાઇ થાય! મારી માદર અને પેદરનું ફરઝંદ! અલ્લાહ, અલ્લાહ!"

ત્યાર પછી તેણે મારા બંધ છોડયા ને મને બગલગીરી કીધી. મારો ગભરાટ હવે નરમ પડયો અને મેં મારા મદદગારની તરફ જોયું તો ઘણી અજાયબી વચ્ચે મને પેલોજ શખસ જણાયો, જે અવારનવાર મારી પાસેથી પૈસા ઉછીના લઇ જતો હતો. મેં તેનાં માથાંને ચુંબન કીધું અને તેણે પણ તેવોજ જવાબ વાલ્યો અને બોલ્યો "અય મારા ભાઇ! બીહ ના."

એટલુંજ નહી પણ તેણે મારાં કપડાં તથા પૈસા સઘળું પાછું મંગાવી મને સ્વાધીન કીધું. ત્યાર પછી શરબતનો એક પ્યાલો લાવી મને પીવા આપ્યો અને પછી અમો સઘળા એક સુફરે ખાવા બેઠા. ખાઇ રહયા પછી બોલ્યો "અય મારા મુરબ્બી ભાઇ! હવે આપણે સાથે નીમક રોટલી ખાધી છે અને તેં અમારો છુપો ધંધો જાણી લીધો છે. પણ દાનેશમંદો કદી પણ નીમક ખાધા પછી છુપી બીના કોઇને કેહતા નથી."

"મારેથી તમો બેરાદરોએ ધાસ્તી રાખવી નહી; હું કોઇને પણ એ વાત કહીશ નહી!"

મને સોગંદ ખવાડયા પછીજ તેમને ધીરજ આવી અને મકાનની બાહેર મને મુકી આવ્યા. બાહેર ખુલ્લી હવામાં આવ્યા પછીજ મેં પોતાને સલામત ધાર્યો અને મારો નવેસરથી જન્મ થયો તે માટે મેં અલ્લાહના શુકરાના કીધા.

પણ ઉપલા બનાવથી મારાં મનપર ઉંડી છાપ પડી. હું ખાટલે પડયો તે પાછો એક મહીને ઉઠયો. હમામખાનામાં જઇ સારી રીતે અંગોળ અને નીમાજ કીધા પછી એક મહીને મેં મારી દુકાન ખોલી અને આગલની પેઠે વેચવા અને ખરીદી કરવા લાગ્યો. પણ પેલા મારા બચાવનારને યા પેલી ઓરતને મેં દીઠાં નહી.

ઘણે દહાડે મારી દુકાન આગળ એક ખુબસુરત તુર્કસ્તાની આવી ઉભો. તે ઘેટાંનો વેપારી હતો અને માલ વેચી પૈસાની ઠેલી ખભે ઓરવેલી હતી. મેં જોયું તો તેની પુઠે પેલી ઓરત હતી; અને જ્યારે એ વેપારી મારી દુકાન આગળ ઉભો રહયો ત્યારે પેલી ઓરત પણ તેની બાજુએ ઉભી રહી, અને તેણી તેને ફરેબ દેખાડવા લાગી. મેં જોયું કે પેલો વેપારી ખુબ ભોલવાયો અને તેની જુવાની પર અને તેના ગબરૂ દેખાવ પર મને દયા છુટયાથી તેને ઇસારત કરી ચેટાવવા મારૂં મન થયું. જેમ જેમ વખત વધતો ગયો તેમ તેમ મને ચટપટ થવા લાગી. આખરે તે ફર્યો અને મેં ઝડપમાં પેલી ઓરતથી ચેટવા ઇસારત કીધી, પણ પેલી ઓરત ઘણી ચબરાક હતી: માટે તેણીએ પણ એ ઇશારત જોઇ અને મારી તરફ નેણ કકડાવી હાથથી દમામમાં નીશાન કરી ત્યાંથી ચાલી ગઇ. પેલો તુર્કસ્તાની તેણીની પુઠે ગયો. જાણે મોત તેને દોરવી લઇ જતું હતું. તેની અજલ જે વખત જાય તેમાં આવેલી મેં નક્કી ધારી; મારે પોતાને માટે પણ મને હવે બીક લાગી અને મેં દુકાન તરતજ બંધ કીધી. ત્યાર પછી હું મુંસાફરીએ નીકલ્યો, તે એક વરસની મુદત બાદ પાછો વલ્યો, અને મારી દુકાન પાછી ખોલી. હજી તો હું પુરોપાધરો ઠરીઠામ થયો નહી, તેટલાંજ પેલી ઓરત મારી દુકાને આવી અને બોલી: "ઘણે લાંબે વખતે પધાર્યા."

"હું સફરે નીકલ્યો હતો." મેં ઉતર વાલ્યો.

"તેની સાથે મને કામ નથી." તેણીએ રોબમાં કહ્યું "પણ વરસેકની વાત પર તેં પેલા તુર્કીને આંખથી શા માટે ઇશારત કીધી?"

"અલ્લાહ અકબર! હું કાંઇ એ વીશે જાણતો નથી."

"તું જાણતો નથી? પણ બીજી વખત મારાં કામની વચ્ચે આવવા પેહેલાં તેનાં ભયંકાર પરીણામ માટે એ ઘડી વીચાર કરજે." એટલું બોલી તેણી દમામથી ચાલી ગઇ.

ઉપલા બનાવને થોડાક મહીના ગયા કેડે મારા એક મીત્રે મને પોતાને ત્યાં જમવા બોલાવ્યો. ખાધા પીધા પછી અમો વાતચીત કરવા લાગ્યા, તે દરમ્યાન તેણે મને પુછ્યું "તારી જીંદગીમાં તેં કાંઇ નહી સાંભળેલું એવુ બનેલું જોયું છે?"

"પેહેલાં તું મને એનો જવાબ દે." મેં ઉતર વાલ્યો.

"ત્યારે સાંભલ: એક દહાડે એક ખુબસુરત નાજનીન સાથે મેં ઓલખાણ પાડી અને તેણીને મારે ત્યાં આવવા મેં ફરમાસ કીધી, પણ તેણીએ જણાવ્યું કે તે કાંઇ પારકા ઘરમાં કદી જતી નથી; ગમે તો તેણીને ઘર મારે જવું. મેં તેમ કબુલ કીધું, તો તેણીએ એક દહાડો ઠરાવ્યો અને જણાવ્યું કે તેણી એક પેગામચીને મોકલશે.

"ઠરાવેલે દીવસે કાસીદ આવયો અને આગલી ગોઠવણ મુજબ હું તેની પુંઠે ગયો. ઘણુંક ચાલ્યા પછી અમો એક મોટાં ઘર આગળ આવ્યા જેનું ગંજાવર બારણું પેલા કાસીદે ઉઘાડયું. અંદર હું દાખલ થયા પછી તેણે બારણું બંધ કીધું. આથી કુદરતી રીતે મને શક ગયો અને હું બીહવા લાગ્યો, પણ સમય સુચકતા રાખી હું બીજે બારણે ગયો. મારી હીલચાલ પેલો તરત પામી ગયો. પણ હજુ તો તે કાંઇ પણ ગડબડ કરી અંદરનાઓને બોલાવે તેની અગાઉ મેં મારી પાસેની તલવાર મ્યાનમાંથી બાહેર કાઢીને કહ્યું 'અલ્લાહના કસમ ખાઇ જણાઉં છું કે જો તું આ ઘડીએ બારણું પાછું ગુપચુપ ઉઘાડશે નહી તો તુંને કતલ કરીશ: કારણ કે હું કાંઇ બીજાઓની પેઠે બીહીશ નહી."

(વાંચનારને અહીં જણાવવું જોઇએ કે તે વખતના રેવાજ મુજબ તે વેપારી હોવાથી એક તલવાર અને એક ખંજર સાથેજ રાખતો હતો.)

'આપ શા માટે પંચાત કરો છો? કાંઇ સબબ?'

'મને અહીં કાંઇ શક ભરેલું લાગે છે. આવાં મોટાં મકાનનાં બારણા આગલ એક રખેવાલ પણ કેમ નથી?'

'અય નામવર? આ તો એક ખાનગી દરવાજો છે.'

'ખાનગી યા જાહીર, પણ તરત ઉઘાડ.'

તેણે તે ઉઘાડયો અને હું બાહેર નીસર્યો. પણ હું થોડેક છેટે ગયો હોઇશ નહી, તેટલાં એક ઓરત મારી આગલ આવી અને બોલી 'અલ્લાહ કરીમે લાંબી જીંદગી તારે માટે મુકરર કીધેલી જણાય છે, નહીતર તું પેલા શયતાની મકાનમાંથી પાછો જીવતો બાહેર આવી શકતે નહી.'

'શા માટે નહી?' મેં સવાલ કીધો.

'(પેલા) તારા દોસ્તને પુછ. અને તે તુંને કંઇ અજબ બનાવોનું બયાન કરશે.' તેણે તારૂં નામ મને કહ્યું હતું, માટે ઓ બેરાદર! તું મારી જીજ્ઞાસા તૃપ કર."

'પણ ઓ મારા ભાઇ! મને કસમથી બાંધી લેવામાં આવ્યો છે.' મેં કહ્યું.

'ખરેખર! તારાં આ પ્રમાણે બોલવાથી મારી જીજ્ઞાસા વધુ ઉશકેરાઈ છે. જો ખરેખર કાંઇ ભયંકર હોય તો કદાચ ખુલાસા થવાથી આપણા બાબમાં નહી તો બીજાઓના બાબમાં

આપણે કાંઇ સારૂંજ પરીણામ લાવ્યે.' પરોણાએ જણાવ્યું. પછી ઘણી દલીલથી તેણે મને પીગલાવ્યો અને મેં પેલી ઔરત તથા મકાનમાંનો સઘળો ભરમ મારા પરોણાને કહ્યો, જે સાંભલી તે ઘણો હેરત થયો.

ત્યાર પછી હું મારાં મકાને પાછો વલ્યો.

ઉપલા બનાવને ઘણા દીવસ થયા કેડે એક દીને મારો એક મીત્ર મારે ત્યાં આવ્યો અને બોલ્યો "મારા એક પાડોસીએ ગાયનની એક મીજલસમાં તારા ભેગો મને બોલાવ્યો છેઃ માટે ચાલો આપણે જઇએ."

"પણ હું પારકાં મકાનમાં જતો નથી."

ઘણી રીકઝીક પછી આખરે ગાયન સાંભલવા તે ઠેરવેલાં મકાને ગયા તો બારણા આગલ એક સખ્સ ઉભો રહેલો મને જણાયો જે અમો બન્નેને જોતાં બોલ્યો "બીસ્મીલ્લા : (ખોદાના નામથી અંદર પધારો.)" ત્યાર પછી તેણે ખીસામાંથી એક ચાવી કહાડી અને તેનેથી બારણું ખોલ્યું. અંદર અમો દાખલ થયા કેડે તેણે બાહેરથી બારણું બંધ કીધું.

"મીજલસમાં આપણે પોહેલા છઇએ; પણ ગાનારીઓ કયાં છે?" મેં પુછ્યું.

"કદાચ તેઓ અંદરના ઓરડામાં હશે." મારા મીત્રે ઉતર વાલ્યો "પણ જો આપણે કોઇના સપાટામાં આવ્યા હોઇશું તોપણ આપણે બે જણા છઇએ. ચાલો, આપણે અંદરના ઓરડામાં ખુબ હુસ્યારીથી અને અલ્લાહનું નામ દઇ દાખલ થઇએ."

અંદર જતાં એક દીવાનખાનું જણાયું, પણ તે તદન પડતલ દીસ્યું અને કુદરતી રીતે અમો બન્નેના દીલમાં તેજ ઘડીએ ધાસ્તી પેઠી. અમો બન્નેએ ઇસારત કરી જોડા પગમાંથી કહાડી નાખ્યા કે અવાજ થાય નહી.

"આપણે છટકામાં સપડાયા છઇએ." મારા મીત્રે મને કાનમાં કહ્યું. "પણ અલ્લાહ સીવાય બીજો કોઇ મદદગાર દુન્યામાં છે નહી. અલ્લાહ પરજ આપણો ઇંતબાર છે."

હું તેના મત સાથે મલતો થયો, અને અમો બારીકીથી ખુણે ખુણું તપાસવા લાગ્યા તો એક ખુણામાં એક બાંક નજરે પડયો, જેની નીચે ભોંયરૂં હોય એમ મને લાગ્યું. ઇસારતથી મારા મીત્રનું મેં તે તરફ ધ્યાન ખેંચ્યું અને અમે બન્નેએ ચુપચુપ તે બાજટ ખસેડી એક બાજુ મુકયો. ત્યાર પછી બાકોરાં વાટે મેં નીચે જોયું તો ખરેખર તે ભોંયરૂંજ હતું, જેમાં એક તરફ આદમ જાતોની લાસો પડેલી અને બીજી બાજુએ દોલતનો ઢગ પડેલો મને જણાયો. અજાયબી અને કમકમાતથી મેં તે તરફ મારા મીત્રનું ધ્યાન ખેંચ્યું. તેણે તે તરફ જોયું અને હલવેથી કહયું "અલ્લાહ કરીમ! આપણે પણ અહીંજ પડીશું શું?" અને અમો બન્ને દુસકાં ખાવા લાગ્યા. અમારી હીમ્મત સઘળી ઉડી ગઇ હતી. અમો રડતા હતા ત્યારે જે દરવાજેથી અમો દાખલ થયા હતા તેજ દરવાજેથી ચાર જોરેમંદ શખસો દાખલ થયા. તેઓએ લંગોટ અને ચામડાના પટા સીવાય કાંઇ પણ પેહેરેલું નહી હતું, અને મારા મીત્ર ભણી તેઓ ગયા. મારા મીત્રે તરતજ મ્યાનમાંથી સમશેર બાહેર કાઢી અને તેઓ તરફ ધસી જઇ એક જણને જોરથી ફટકો માર્યો કે તે ભોંયે પછડાયો : આથી બાકીના ત્રણે તેને પકડવા દોડયા. આ ટક સાંધી મારી નજદીકના બારણામાંથી બાહેર હું સટકી ગયો તો મેં પોતાને એક ભોંયરામાં દીઠો, જેને પેલુંજ બારણું હતું અને એક પણ બારી હતી નહી. મેં મારૂં મોત નજદીક આવેલું ધાર્યું અને હું બડબડયો "અલ્લાહ સીવાય બીજો કોઇ નીગેહબાન નથી અને અલ્લાહજ મદદગાર છે!"

ત્યાર પછી મેં ઉપર છત તરફ જોયું તો મમરક યાને અજવાળીયું દીઠું. એટલું ઠીક હતું કે કાંઇ બાંધકામ ચાલતું હતું કે શું તે એક નીસરણી ભીંતને અઠળાવી મુકેલી હતી. મેં

નવી અરેબ્યન વાર્તાઓ.

અને અમો અંદર ઘુસ્યા તો ખુનીઓની એક ટોળી એક શેકારનું ગળું કાપવાની તૈયારી કરતી હતી. . . . અને પેલી ઘાતકી ઓરત તથા તેણીના મળતીઆઓના હાથ પગ બાંધ્યા.



R. B. Mehta.] *[Gaiety Theatre.*

તે પેલાં જાળીયાં આગલ મુકી અને કાંઇ પણ લાંબો વીચાર દોડાવયા વગર તે પર ચઢી જઇ, કાચ છુટો કરી નાખી બાકોરાં વાટે જેમ તેમ હું અતી ઉતાવલથી બાહેર નીકલ્યો તો એક ઉભી દીવાલ મને જણાઇ. તેની કોરે કોર ચાલી હું છેડા પર આવ્યો અને નીચે નજર કીધી તો રાહદારીઓ આમતેમ જતા જણાયા. છાપરાં પરજ એક દોરડું પડેલું માલમ પડયું, જેનો એક છેડો છાપરાંના બાળ સાથે બાંધી તે દોરડું રસ્તા ભણી નાખ્યું અને દોરડું મજબુત હતું યા નહીં તેની કસી પણ તેહકીક કર્યા વના હું એકદક તે વાટે નીચે ઉતર્યો. જમીનથી દોરડું આસરે ચાર પાંચ વાર ઉચું હતું: તેથી છેડે જઇ પુગતાં મેં અલ્લાહનું નામ મોહાં પર રાખી ભુસકો માર્યો તો અલ્લાહેજ મને બચાવેલો મેં પોતાને જોયો. પણ લોક મારી આસપાસ ફરી વલ્યું અને મેં તેમને અમારી પર ગુજરેલા સીતમની વાત કહી. હવે ખુદાનું ચાહવું એવું થયું કે પોલીસ સરદાર તે વખતે ત્યાંથી પસાર થતો હતો, જેને લોકોએ મારી પર ગુજરેલી આફત વાશે કહયું, અને શું કરવું તે પુછયું. તેણે તે મકાનનું બારણું કબજામાંથી તરતજ ઉચકી નાખવા હુકમ કીધો. તેમ કરવામાં આવ્યું અને અમો સઘળા ઉસકેરાયલા એકદમ અંદર ધસી ગયા તો પેલા ખુનીઓ મારા મીત્રનું ગલું કાપતા નજરે પડયા. તરતજ સઘળા-ઓને છકરવામાં આવ્યા અને ત્યાંને ત્યાંજ ખુબ કેસરી તેમની કરવામાં આવી. એક હુસ્યાર તબીબને તુરતજ બોલાવવામાં આવ્યો અને તેની સંભાળ હેઠલ મારા મીત્રને મુકવામાં આવ્યો.

ખુનીઓએ એમ ધાર્યું હતું કે હું તેમના સપાટામાંજ પાછો સપડાયલો હતો: તેથી તેઓ મારા મીત્ર સાથેજ રોકાયલા હતા.

લોકની મદદથી વાલીએ તેમને સપાટામાં અને મેહેનત વગર પકડયા હતા. તેમને માર મારી પુછતાં તેઓએ વાંકનો સઘલો ટોપલો પેલી ખુબસુરત પણ બદ દયાનતી ખુની અબલા અને કેરો શેહેરમાંના તેમના સાથીઓ પર ધોલી નાંખ્યો. વાલીએ તેમને બંધીવાન કરી ચોકીમાં પુરવા મોકલ્યા, અને પેલું મકાન સઘળી બાજુથી બંધ કરી મુહર મારી. ત્યાર પછી મેં વાલીને એક બાજુ લઇ જઇ પેહલ વેહલાં હું કેવી રીતે સપાટામાં આવ્યો હતો તે જણાવ્યું. પોલીસના વડાએ આ સાંભળી મને તે પેહેલું મકાન દેખાડવા જણાવ્યું. છુપો પોશાક પેહેરેલી પોલીસ કોજ લઇ પેહલ વેહલાં મને ફસાવી પેલી ઓરત જે મકાનમાં લઇ ગઇ હતી ત્યાં અમો ગુપચુપ ગયા, તો અમારાં સારાં નસીબે અમોને બીજા શીકારો હાથ લાગ્યા. મકાન આગલ જઇ પુગતાંજ આગલાં મકાનની પેઠે બારણું ઉઘાડવામાં આવ્યું, અને અમો અંદર ઘુસ્યા તો ખુનીઓની એક બીજી ટોલી એક બાપડાનું ગલું કાપવાની તયારી કરતી હતી. કે જે બાપડાને પેલીજ દુષ્ટ ઓરત ફુસલાવી લાવી હતી. વાલીએ પેલાને છોડી મેલ્યો અને તેની પાસેથી જે માલમતા છીનવી લેવામાં આવી હતી તે તેને પાછી સ્વાધીન કીધી, અને પેલી ઘાતકી ઓરત તથા તેણીના મલત્યાઓના હાથપગ બાંધ્યા અને મકાનની તલાસ લીધી તો દોલતનો ઢગ હાથ લાગ્યો, જેની સાથે પેલા ઘેટાંના વેપારીની ચામડાંની કોથલી પણ મને જણાઇ. જે જોઇ મેં તુરકી ઘેટાંના વેપારીને લગતી હકીકત ત્યાં કહી સંભલાવી. લોક તેથી એટલું જનુની બન્યું કે તેઓ દોડાદોડી કરી મોટા ખીલાઓ અને હથોડાઓ ટુંક પલમાં લઇ આવ્યા અને પકડાયલા મરદ ખુનીઓને તેજ મકાનની બાહેર દીવાલ પર ખીલાઓથી ઠોકી નાખી તેમની પાપી જીંદગીનો તેઓએ અંત આન્યો. પેલી ઓરતના બન્ને હાથ લાંબા કરાવી લાકડાનાં એક પાટીયાં સાથે ખીલાથી તે બન્ને હાથો ઠોકયા, અને તેણીને એક ઉંટ પર બેસાડી આખાં ગામમાં ફેરવી. લોકના જનુનની વચ્ચે પોલીસ વચ્ચે પડી નહીં, એટલુંજ નહી પણ મેં જોયું કે પોલીસનો મોટો ભાગ લોક-મતને મલતો હતો.

અને આ પ્રમાણે બારે હકતાલાએ આખરે સેતાનનો દરોદો તોડી ખુનીઓનાં પેલાં મકાનો તારાજ કીધાં અને જીંદગી તુલીકની મારી ધાસ્તી નાબુદ કીધી.

પણ ઉપર મુજબ સઘળું બનતું હતું, તે વેળાએ પેહેલી વેલા મને છોડવનારને મેં દીઠો નહી: તેથી મને ઘણી અજાયબી લાગી. છતાં કેટલાક દીવસ વહી ગયા બાદ તે પોતે મારી પાસે આવ્યો. દુન્યા માયા છોડી દઇ તે ફકીર બન્યો હતો, અને જીંદગીના બાકીના દીવસ પાપની તોબ્જેસ અને અલ્લાહની સેતાયશ કરવામાં ગુજારવા તેણે ઠરાવ કીધેલો મને જણાવ્યો.

થોડાક મહીના ગયા કેડે તે વળી પાછો વારંવાર મને મુલાકાત આપવા લાગ્યો, જે દરમ્યાન તેના સાથીઓને જે દીવસે પકડવામાં આવ્યા, તે દીવસે તે કેવી રીતે ગેરહાજર હતો તે માટે મેં પુછ્યું.

"મારા સાથીઓમાં અલ્લાહની બરકતથી હું એકલો છટકી જવા પામ્યો છું. જે દીવસે તુંને તેઓના હાથમાંથી છોડાવ્યો, તે દીવસથી હું તેમને છોડી ગયો હતો: કારણ કે તેઓએ મારૂં માનવા સાફ ના પાડી હતી: તેથી સોગંદ ખાઇ મેં તેમની સાથે વધુ વાર વેહેવાર રાખવા ના પાડી."

"હું એ સાંભલી ઘણો મગન થયો છું અને એમાં અલ્લાહનો રેહેમી હાથ તારા બાબમાં લંબાવેલો જોઉં છું. કદાચ મારો છુટકારો કરવામાં તેં કીધેલી મદદથી અલ્લાહ તારી પર કુરબાન થયલા હોવા જોઇએ."

"દુન્યા પાપથી ભરેલી છે. જ્યાં જવો ત્યાં એવાંજ કામો થતાં જણાય છે. દુન્યાઇ કારખાનું જુઠું છે. જમાનો રાખના એક પુતલાં મીસાલ છે. દુન્યાઇ સંસાર જુઠો છે. ધન, લોભ, તન, માયા, મોહ, સઘળું તકલીદી છે: માટે હર ઘડીએ અલ્લાહની બંદગી કરતો રહીશ, કે આવતી જીંદગી સુખચારી નીવડે. આ દુન્યામાં જેવું કરાશે તેવું ભરાશે. મારા સાથીઓનો હાલ એક જીવતો દાખલો છે; આખરે તેઓ ફાંસીએ એક પલમાં ચઢી ગયા. જીંદગીનો એક પલમાં ભરોસો નથી, માટે મારૂં હૈયું મને ફરમાવે છે કે બચ્ચા! તારી બાકીની જીંદગીમાં નેકી કરી લે, કે તારી પછી દુન્યા તારી તારીફ કરશે."

અદેખાઇનો ભોગ.

અસલના વખતમાં અબુતમ્મામ નામનો એક સોદાગર હતો. તે ખાનદાને અસીલ, અક્કલમંદ, સુધો, સાચ્ચો અને સાથે વળી તેની પાસે પૈસા બી ખુબ હતા; પણ જ્યાં તે રેહેતો હતો ત્યાંનો રાજા ઘણો અદેખો અને બેઇનસાફી હતો. અબુતમ્મામ હંમેશ તેનીથી બીહીતો કે રખે એકુ દાહાડે તે તેની દોલત છીનવી તેને શેહેર બાહાર કાઢી મુકે. એવો રાજાનો ધખારો ન પરવડે કરી તેણે પોતાને મનસે વિચાર કીધો કે "હ્યાં રેહેલું કાંઇ પરવડે નહીં, મારે હ્યાંથી ઉઠાંગરી કરી એવે ઠેકાણે જઇ રેહેવું જોઇયે કે જ્યાં મને કશી ધાસ્તી રેહેજ નહીં."

એવો ઠેડાવ કરી તે રાજા અયલનશાહનાં શેહેરમાં જઇ વસ્યો, અને પોતાની બધી દોલત ત્યાં ઘસડી લઇ જઇ પોતાને માટે એક મેહેલ બાંધી રહ્યો.

રાજા અયલનશાહને તેના આવ્યાની ખબર પડી કે તેને પોતાની હજુરમાં બોલાવી તેણે કહ્યું—

"અમો તારા અતરે આવ્યાની ખબર સાંભળી ઘણા ખુશી થયા છીએ. તારી નેકી, ખુબી, અક્કલ હુસ્યારી અને સખી તબેહ વિશે અમે ઘણું સાંભળ્યું છે: એટલે અમે તને અમારાં રાજમાં બાખુશી આવકાર દઇયે છીયે. આ શેહેર તારૂંજ સમજજે અને જે

કાંઇ તને જોઇયે, તને ઘટે તે તારા માંગ્યા બરાબર તને મલયું સમજજે, અને અમારી આગળ તું આવતો જતો રેહેજે."

આ સાંભળી અબુતમ્મામે અયલનશાહની કદમબુશી કીધી અને બોલ્યો, "અય નામવર શાહ, મારી જીંદગી અને મારૂં જર એ તારાંજ સમજજે. પણ તારી આગળ મને રાખવાનું તો માફજ કરો: કેમકે હું જો તારી આગળ રહ્યો અને મને જો કાંઇ ઓધ્ધો મલ્યો તો મારા દુશ્મનો અને એબજુઇઓનો કાંઇ ટોટો ન રેહેશે."

ત્યાર બાદ તેણે શાહને નજરાણું નજર કીધું, અને જેમ જેમ શાહાને તેની સાથે કામ પડતું ગયું તેમતેમ તેને અબુતમ્મામની ઉંચી તોખમ, સારી સમજ અને અક્કલ હુસ્યારીની ખાતરી થતી ગઇ, તે એટલે સુધી કે રાજકારોબારમાં તેને ભાગ આપવાની લાલચ શાહથી આખર થોભાવી શકાઇ નહીં. રફતે રફતે રાજ્યપર અબુનો કાબુ વધતો ગયો અને ટુંક મુદત જતાં એવું થયું કે રાજ્યમાં તે જે કરે તે ખરૂં.

હવે અયલનશાહના ત્રણ વજીરો હતા જેમનો તેના રાજ્ય કારોબારમાં મુખ્ય હાથ હતો, અને રાત દીવસ તેઓ શાહાની પાસે પડયા પાંથર્યા રેહેતા; પણ હવે અબુ હાલને કાજતો અયલનશાહનો માનીતો થઇ પડેલો હોવાથી, શાહ તેઓને હવે ઝાઝું કોથું દેતો ન હતો, અને ઘણો ખરો પોતાનો સઘળો વખત અબુ સાથેજ ગુજારતો હતો. રાજાની આ ફેરવાયલી અસર પેલા વજીરોથી ખમી ન શકાયાને લીધે તેઓ એકઠા મળ્યા અને મસલાહત કીધી કે

"રાજાએ આપણી પરથી મન ઉતારી નાખી તેને પોતાને પડખે લીધો છે અને આપણા કરતાં તેને વધુ માનથી નીવાજી ને નેહાલ કરે છે, તે માટે તેના સંબંધમાં આપણે શું કરવું? કાંઇ એવી તદબીર આપણે લડાવવી જોઇયે કે તે તેમની નજરમાંથી ઉતરી જાય."

એ મતલબ પાર પાડવા શુ હીકમત કરવી તે વીશે સૌ સૌએ પોતાનાં મત જાહેર કીધાં. જેઓમાં એકનું મત એવું હતું કે "તુર્કના રાજાની એક એવી સુંદર સ્વરૂપમાન બેટી છે કે જેની જોડી આખી દુન્યામાં નથી; હવે જે તેણીના હાથની માંગણી કરવા જાય છે, તેને તેની સરકશીના બદલામાં સુલતાન કત્લ કરાવે છે. હવે આપણા શાહાને એ વાતની ખબર નથી: માટે આપણે તેની આગળ જઇ એ સુલતાનની બેટી વીશે ખુબ તારીફ કરૈં, જેથી તેનું દીલ લુભાશે અને આપણે તેના હાથની માંગણી કરવા અબુને મોકલવાની સલાહ આપીશું. અબુ તેણીના બાપ પાસે માંગણી કરવા જશે કે સુલતાન કતલજ કરાવશે. કેમ બીરાદરો, ઠીક કેની?"

આ સલાહ સર્વેને પસંદ આવી: જેથી એક દીવસે તે ત્રણે વજીરો એકમતથી અયલનશાહ આગલ ગયા. તે વખતે અબુતમ્મામ પણ ત્યાં હતો. તેઓ શાહ આગળ પેલા તુર્કના રાજાની બેટીની એવી તો તારીફ કરવા લાગ્યા કે જે સાંભળી રાજા તો હોઠ મટમટાવે અને તેનું હૈયું જાણે મોંહમાંથી કુદીને બહાર નીકળી પડે! સાંભળી રહીને શાહ બોલ્યો:—

"ઠીક છે; તેણીના હાથની માંગણી કરવા આપણે કોઇને અતરેથી મોકલ્યે. ત્યાં જવાને કોણ લાયક થઇ પડશે?"

વજીરો બોલ્યા "જહાંપનાહ, અબુતમ્મામ સિવાય અમને વધુ લાયક એ કામને માટે તો કોઇ દીસ્તો નથી. એ કામ જો કરે તો અબુજ કરી શકે."

"ખચીત, ખચીત! તમારૂં બોલવું રાસ્ત વ દરૂસ્ત છે. મારી આખી દરબારમાંથી એ કામ હાર પાડવા માટે કોઇ વધુ લાયક મળવો મુસ્કેલ છે." પછી તે અબુ તરફ ફરીને બોલ્યો,

"કેમ અબુ, તું મારી તરફથી તુર્કના રાજાપર નેકાહ લેઇને જશે, અને તેની બેટીના હાથની માંગણી કરશે?"

"ગરીબ પરવર" અબુ બોલ્યો "તારૂં ફરમાન સાંભલ્યું તે તેને તાબે થવા બરાબરજ છે."

અબુની તર્કસ્તાન જવાની તૈયારી થઇ. શાહે તેને એક ખેલાટ ભેટ કીધો અને તરકીના સુલતાન સારૂ ખુબ નજરાણું અને એક પેગામ તેને આપી બાહુરમત તેને રવાના કીધો. તેની તર્કસ્તાન આવી પુગ્યાની ખબર જેવી સુલતાનને પડી કે તેણે ભલા ભલા અમલદારોને તેની પાસે મોકલ્યા અને તેને બા આબરૂ ઇજત પોતાના મેહેલમાં લાવી રાખી તેની અચ્છી મેહેમાનદારી કીધી. ત્રણ દીવસની મેહેમાનદારી બાદ તેને પોતાની રૂબરૂ હાજર થવાનો સુલતાને હુકમ મોકલ્યો. અબુએ સુલતાન પાસે જઇ તેની કદમબુશી કરી અને પેલું નજરાણું અને કાગળ તેની સામે તેણે ધર્યો. સુલતાને તે કાગળ વાંચ્યું અને કહ્યું "અમે એ બાબે ઘટતું કરીશું; પણ અય અબુતમ્મામ, તારે મારી બેટીને જોવી જોઇયે અને અને તેણીએ તુંને જોવો જોઇયે. તારે તેની વાત અને તેણીએ તારી વાત સાંભલવી જોઇયે." તેણે તેને પોતાની બેટીને મકાને મોકલ્યો, જેણીને તેના આવ્યાની ખબર આગમજથી આપવામાં આવી હતી.

તેઓએ તેણીનું દીવાનખાનું સોના રૂપાં અને હીરા મોતીથી એવું તો સીંગારી મેલ્યું કે જાણે ઇંદ્રાસન! અને સુલતાનની બેટી પોતે બની ઠની સુંદર સાજવાઠીમાં સજ થઇ એક સોનેરી ખુરસી પર બીરાજમાન થઇ અબુની રાહ જોતી બેઠી.

અંદર દાખલ થતાં અબુતમ્મામ વિચાર કરવા લાગ્યો કે "સ્યાણાઓએ એવું જાહેર કર્યું છે કે જે પોતાની નજરપર કાબુ રાખે તેને અણઘટતું કશું દેખાય નહીં. પોતાની જબાન પર આંકોશ રાખે તે સામાનો ગેરવાજબી તાણો કદી સાંભળે નહીં, અને જે પોતાના હાથો પર સંભાળભરી દેખરેખ રાખે તેના હાથો ટુંકા થવાને બદલે સદા લાંબા રેહે."

એવો વિચાર કરી તે દાખલ થયો અને જમીન પર નીચે બેસી, નીચી મુંડી કરી પોતાના હાથ પગ લાંબા જભ્ભા તળે તેણે ઢાંકયા.

આ જોઇ સુલતાનની બેટી બોલી "ઉંચે જો, અય અબુ, તું મારી તરફ જો, અને મારી સાથે વાત કર." પણ તે તો ન બોલ્યો કે ન મુંડી ઉચકીને તેણે જોયું: તેથી તે પાછું બોલી "તેઓએ તને મને જોવા અને મારી સાથે વાત કરવા મોકલ્યો છે, અને તું તો મારી સાથે કાંઇ બોલતો નથી. આ લે, આ મોતીનો હાર તું પ્હેર અને આ ઝર ઝહવેરાત તારી પાસે રાખ."

પણ તેણે કશાંને હાથ લગાડયો નહીં: તેથી તેણી ગુસ્સે થઇ બોલી," શું તેઓએ મારી પાસે આંધળા, બેહેરા મુંગાને મોકલ્યો છે?" પાછી તેણીએ તે વિશે સુલતાન આગળ ફર્યાદ કીધી, જેણે અબુને પોતાની પાસે બોલાવીને કહ્યું "અબુ, મારી બેટીને જોવા તારા શાહે તને મોકલ્યો તો તેણી તરફ તું જોતો કેમ નહીં?"

"બંદે નવાજ, હું બધું જોઇ ચુકયો." અબુએ જવાબ દીધો.

"ત્યારે તુંને તેણીએ જે જરજવેરાત નજર કીધું તે તેં કબુલ કેમ નહીં રાખ્યું?"

"જે મને ઘટે નહીં તે લેવું મારે લાજેમ નથી."

અબુથી આવા સ્યાણા જવાબો સાંભલી સુલતાન ખુશી થઇ ગયો, અને તેને એક ખેલાત ભેટ આપ્યો, પછી તે બોલ્યો" જો, આવ, આ કુવો તેં જોયો કે?"

એમ કહી તેને સુલતાન એક કુવા આગળ લેઇ ગયો, જેમાં ડોકાવતાં તે જોય શું કે તેમાં આદમીઓનાં ડોકાં છેક ઉપરવેર ભરેલાં! તે તેને દેખાડી સુલતાન બોલ્યો : "આ ડોકાં તે આદમીઓનાં છે કે જેઓ પોતપોતાના ધણી તરફથી તારા જેવોજ પેગામ લેઇને મારી આગળ આવ્યા હતા, પણ તેઓને તેમના પોતાના માલેક તરફ મેં જોઇયે તેવા વફાદાર ન જોયા એટલે મેં તેમનાં ડોકાં છટકાવી નાખ્યાં. તેમની ચાલચલણ ઘણીજ નઠારી અને તેમની રીતભાત નજીસ જોઇ મેં વિચાર્યું કે જે માલેકના નોકરો આવા, તેમના માલેકો કેવા હશે? કેમકે જેવા શેઠ તેવા વાણોતર; પણ તારા બાબમાં તેમ નથી બન્યું. તારી રીતભાત અને અદબ અદાથી તારા માલેકને માટે તું મારી બેટી જીતી જાય છે : વાસ્તે તું ખુશી થા અને તારા શાહને એ ખુશ ખબર પહોંચાડ."

તેણે તેને તરેહવાર નજરાણાં અને ભેટ સોગાદ સાથે એક ચીઠી આપી અયલનશાહ તરફ પાછો રવાના કીધો. તે ચીઠીમાં તેણે શાહને લખ્યું કે "તારી અને તારા પેગામચીની આબરૂની ખાતરી થવાથી હું તારી માંગની કબુલ કરૂં છું."

આ ચીઠી લેઇ અબુતમ્મામ અયલનશાહ પાસે આવ્યો, જે તે ચીઠી વાંચી નેહાયત ખુશી થઇ ગયો, અને તેણે અબુનો દરજ્જો વધાર્યો અને તેને વધુ પ્યારથી ચાહવા લાગ્યો.

થોડાક દાહાડા વિત્યા બાદ સુલતાને પોતાની બેટીને અયલનશાહ પાસે મોકલી, જેને તેણે માહા હરખ સાથે લીધી અને તેઓ ખુબ અમન ચમનમાં પોતાના દીવસો ગુજારવા લાગ્યાં.

હવે અબુતમ્મામની પડતી જોવા ચાહનારા પેલા અદેખા આંધળા વજીરોથી તેની ઓર વધારે ચડતી થયલી કેમ દેખી શકાય? તે તરફતી ત્રણની તગડી પાછી એકઠી મળી, અને તેઓએ મસલત ચલાવી કે "જો ચંદરોજમાં આપણે એ અબુનું કાતલું ન કાઢીશું તો આપણને આપણોજ ગુસ્સો ગુંગળાવીને મારી નાંખશે." તેઓ તેની કાસલ પટાવવાના તરેહવાર વિચારો કરતાં જે એક ઠેડાવ પર આવ્યા તે એકે રાજાને ચંપી કરનાર બે નાના ગુલામોને તેઓએ હાથમાં લીધા. તેઓએ તેમને દરેકને અકેક હજાર દીનાર આપવાની લાલચ બતાવી કહ્યું "અમારૂં એક કામ છે તે કરશો? તેના બદલામાં તમને અમો મોટું ઇનામ આપીશું જેનાં 'બેઆના' દાખલ તમો દરેકને અકેક હજાર દીનાર અબઘડી આપવા તૈયાર છીયે."

"હા, અમો તે કામ બજાવીશું. એવું તે શું કામ છે?" તેઓએ જવાબ દીધો.

"ઠીક છે, જુવો. આ નાપાક અબુએ અમારાં કામની આડે આવી અમને રાજાની નજરમાંથી તદન હેઠે નાખ્યા છે, અને જે વખત જાય છે તેમાં કદાચ તે આપણ સઘળાઓને પાણી ચુંબી અપાવે તેમાં કાંઇ નવાઇ નહીં. અમો ફકત તમારેથી એટલુંજ માંગેછ કે તમો જ્યારે રાજા સાથે એકલા પડો, અને રાજા ઉંઘાવાની અણી પર આવે કે તેને ઉંઘાયલો સમજી તમારામાંથી એક જણ બીજાને કેહેજો કે "બચ્ચીત, રાજા અબુ પર ખુબ મ્હેરબાની રાખે છે અને તેને ઘણો ઉંચો દરજ્જો આપી પોતાની પાસેનો પાસેજ રેહેવા દેય છે, પણ રાજાને કયાં ખબર છે કે એજ આદમી રાજાની આબરૂ અને ઇજતના કાંકરા કરે છે." આ સાંભળી તમોમાંથી બીજાએ પુછવું કે "તે કેવી રીતે?" ત્યારે પાછું પ્હેલાએજ બોલવું કે "તે તો રાજાના આ લગન માટે બધે એમ બોલે છે કે કોઇબી રાજના જેબી પેગામચી સુલતાન આગળ તેની બેટીના હાથની માંગણી કરવા જતા તેઓ બધાંનાં તે માથાંજ કપાવી નાખતો, પણ હુંજ બચી ગયો : કાંકે મને જોતાંજ તેની બેટી મારી સાથે પ્યારમાં પડી અને અમો બંનેને એક બીજાને વારંવાર ભેટવાનું બને કરી સુલતાને તેને અહાં મોકલીછ." ત્યારે વળી બીજાએ પ્હેલાને પુછવું કે "એ શું ખરી વાત તું કેહે છે?" ત્યારે પ્હેલાએ જવાબ આપવો

"એ કાંઇ હુંજ જાણું છું ? એ વાત તો સારાં લોકમાં ફેલાઇ રહી છે, અને જ્યારે રાજા શીકારે જાય છે ત્યારે તે રાજાના જનાનામાં જઇ સુલતાનની બેટી સાથે ખુબ અમન ચમન ઉડાવે છે."

પેલા વજીરોનાં આ કાવતરાંમાં પેલા ગુલામો સામેલ થયા અને તેમનું તે કામ કરવાને તેઓએ કબુલ્યું. એ રીતે એક રાતે જ્યારે તેઓ અયલનશાહ સાથે એકલા હતા ત્યારે રાજાને જાું ફૂતો જોઇ પેલા વજીરોએ શીખવેલી ઉપલી તરકતી વાતચીત તેઓએ પોતપોતા વચ્ચે કીધી.

રાજાએ આ બધી વાત સાંભળી અને તેને એવો તો ગુસ્સો ચઢયો કે ગુસ્સાની ઘેણુ-માંજ તે મરી જાય. તેણે પોતાના મનસે વિચાર કીધો કે 'એ પડયા નાદાન: એટલે પોતાના મન ચાહ્યું કાંઇ એઓ જુઠું નહીં બોલે, માટે જ્યાં છે ત્યાં લોકમાં કાંઇ એવી વાત ચાલતી હશે ખરી.' રાતે તો રાજા ગુસ્સો તામોશ કરીને સુઇ રહયો પણ સહવારે ઉઠતાંને વાર તેણે અબુને પોતાની પાસે બોલાવ્યો અને પુછયું:—

"અબુ ! પોતાના માલેકની ઇજતને એબ લગાડે તેને શું સજા ઘટે ?"

"ગરીબ પરવર, તે માલેકે પોતાના નફરની આબરૂ નહીં સાચવવી જોઇયે."

"અને જે પોતાના માલેકનાં ઘરમાં પૈવસ થઇ ત્યાં ખરાબી કરે તેને શું ઘટે ?"

"તેને જીવતો ન છોડવો જોઇયે." અબુએ જવાબ દીધો.

આ સાંભળી રાજા તેનાં મોંહપર થુકયો અને બોલ્યો "આ બન્ને કામ તેં કીધાં છે," બોલી પોતાની કમ્મરેથી ખંજર ખેંચી કાઢી અબુનાં પેટમાં તે ભોકી દીધું કે અબુ પાણી પીવા ઉભો નહીં રહયો. તે મુવો કે તેનાં કાલબુદને ઘસડી એક કુવામાં નાખ્યું.

અબુને ગુસ્સામાં માર્યો ખરો, પણ પછી શાહના પસ્તાવાનો પાર નહીં રહયો. જેટલો તેને અબુની કેહેવાતી કુચાલ માટે ગુસ્સો લાગ્યો હતો તેના કરતાં હજાર ઘણો ગુસ્સો અબુને મારી નાખવા માટે તેને લાગ્યો. દીનપર દીન તે ઘણોજ બળવા અને પજરવા લાગ્યો; અને જે તેને તેનાં આ દુ:ખનું કારણ પુછતું તેની આગળ તે કશોબી ખુલાસો કરવા ચાહતો ન હતો. તેની રાણીબી તેને તેના આ ગમનું કારણ પુછતી તો તેણીને વટીક જવાબ આપવાના તે અખાડા કરી જતો.

અબુતમ્મામનું એ રીતે કાટલું નીકળેલું જોઇ વજીરો તો ખુબ ખુશી થઇ ગયા. તેઓ સમજી ગયા કે શાહ અબુને લીધેજ દલગીર અને દુ:ખી જેવો ફરતો હતો.

અયલનશાહ અબુને મારી દુ:ખી તો થયો પણ પોતાની રાણી માટેનો તેનો વહેમ ગયો નહીં. રાતે તે જાગૃત ફરી બધે તપાસ કરતો અને ખાસ તે પેલા ગુલામોના ઓરડામાં ભરાઇ છુપાઇને બેસ્તો કે તેઓથી કાંઇ વધુ બાતમી મળી શકે.

એક રાતે તે ગુલામો પોતાના ઓરડામાં બંધ બારણે બેસી ખેલતા હતા અને રાજા તે ઓરડામાં બારણાં આગળ ચીમાઇને, તેઓ શું બોલતા તે સાંભળતો ઉભો હતો. તેણે જોયું કે તેઓ પોતાની વચ્ચે સોનાના દીનાર પાંથરી રમતા હતા. રમતાં રમતાં તેઓમાંનો એક બોલ્યો:—

"આ સોનું આપણુને શા કામનું ? એને લીધે તો આપણે બીચારા અબુને મારી નખાવ્યો."

"પણ આપણુને શું ખબર કે શાહ તેને મારીજ નખાવશે; તેવું જો જાણતે તો આપણે એવી વાત કરતેજ નહીં."

રાજા આ વાત શાંતીથી સાંભળી શકયો નહીં. તેનો પીત્તો ઉછળી આવ્યો: તે બારણું ઉઘાડી તેઓ સામે ધસી ગયો અને તેઓમાંના એકને બાજુમાંથી મજબુત પકડી પુછયું "બોલો અય કમબખ્ત, તમે શું ઘાણુ વાળ્યો છે."

તેઓ રાજાને જોઇ ગભરાઇ ગયા અને બોલ્યા "અમાન, અય શાહ."

"જો તમને મારીથી અને ખુદાથી મારીજ ચાહાવી હોય તો અખુ વીશે જે ખરેખરૂં હોય તે કહો દેવો."

આ પરથી તેઓએ જમીન પર પડી રાજાની કદમબોશી કીધી અને તેઓ બોલ્યા :—

"શાહ સલામત! અમોને વજીરોએ આ દીનાર આપી અબુ સામે જુઠું બોલવાને લલચાવ્યા કે તું અમારી વાત સાંભળી તેને મારી નાખે. અમે જે બોલ્યા તે તેઓનીજ શીખવણીના શબ્દો હતા.

રાજા આ સાંભળી પોતાની દાઢીના વાળ પીખવા પડયો, અને પોતાના હાથનાં આંગળા દાંતમાં પકડી ચાવવા લાગ્યો. તુરત તેણે વજીરોને બોલાવ્યા અને તેમને કહ્યું "તમે સમજ્યા કે તમારાં બદ કરમ તરફ અલ્લાહની નિગાહ ન હશે, પણ તમારૂં પાપ આજે તમનેજ નડે છે: કેમકે કેહેવત મશહુર છે કે 'ખાડો ખોદે તે પડે.' આજે તમોને હું સજા કરૂં છું, કાલે તે જહાંનમાં તમને તે ખુદા સજા કરશે," એમ કહી તુરત ફાંસીગરને બોલાવી તે વજીરોનાં ડોકાં છટકાવી નખાવ્યાં. પછી તે રાણી પાસે ગયો અને તેણીને સઘળી કેફીયતથી વાકેફ કરતાં તે પણ ભારે શોકમાં ગીરફતાર થઇ. રાજા અને રાણીને શોકમાં જોઇ આખા મેહેલે ગમ ધર્યો. રાજાએ રાણીના કેહેવાથી કુવામાંથી અબુતમ્મામનું શરીર બહાર કઢાવ્યું અને પોતાના મેહેલમાંજ તેને બાઆબરૂ દફન કરાવી, તેપર સુંદર કબર ચણાવી, તેના સંબંધમાં નીમાજ પઢવાની એક નાની મસજીદ ઉભી કરાવી.

ફ્રેબે ફીતના.

બગદાદ શેહેરમાં એક ખુબસુરત, ખુબ સીફત જવાન નામે અલાઉદીન રેહેતો હતો. તે સોદાગરનો બેટો હતો, અને બજારમાં તેની દુકાન હતી જ્યાં તે લેણ દેણ કરતો.

એક દીવસ ધારા પ્રમાણે પોતાની દુકાનપર તે બેઠો હતો ત્યારે તેની પાસેથી એક હસમુખી ખુશ મીજાજી છોકરી ચાલી ગઇ. તેણીએ જરા ઉંચે જોયું તો તેની અને સોદાગરની નજર એક થઇ ગઇ. પછી જરા વધુ ઉંચે જોતાં, તે સોદાગરની દુકાનને મથાળે ટાંગેલાં પાટયાં પર નીચલો વાકય તેણીએ વાંચ્યો:

મરદની પકકાઈ અને ખંધાઈ આગળ ઓરત કુચ્છ બીસાદમાં નથી.

આ પ્રમાણે વાંચતાંજ તેણીના ચ્હેરા પર ગુસ્સાનો રતાશ ચઢી આવ્યો, અને તેણી મનસે બોલી "આ લખનાર કોઇ બડો બુબખ; મારૂં ઘણું મન થાય છે કે એને એક સજ્જડ છક્કડ ખવાડી એના ઉપલા લેખને હું ખોટો પાડી આપું." તુરતજ તેણી પાછી ફરી અને પોતાને ઘર ગઇ. ત્યાંથી ખુબ બની ઠની, સોલેસણગાર સજી જરજવાહેરાતનો આખે આંગે ઠાઠમાઠ જમાવી, નખને હયના (મેંદી) લગાડી પોતાના નાગન સમ પેચદાર કાળા સુંવાળા વાલને છુટા ખભાંપર નાખી બાહાર પડી અને પોતાની પછવાડે એક બંડલ સાથે દાસીને ચલાવતી હજારો નાજ નખરાં સાથે પેલાની દુકાન પર કાંઇ સામાન લેવાને બહાને આવી ઉભી. તેણીએ તેને સલામ કીધી અને કાંઇ કપડું જોવા માંગ્યું. તેણે તે દેખાડયું, જે જોતાં તેણી તરેહવાર વાત તેની સાથે કરવા લાગી.

"જો મારૂં કદ અને મારી રૂવાની, તુંને તેમાં કાંઇબી ખામી લાગે છે?"

"અલબત નહીં, અય બાનું" પેલો બોલ્યો.

"ત્યારે શું મને કોઇ ખુંધી કહે તે વાજબી ગણાય?"

પછી તેણીએ તેને પોતાનું પયરહન ખોલી પોતાની છાતી બતાવી, જે જોતાંજ પેલાની તો શુધબુધ ઉડી ગઇ અને તેનું હૈયું ધડકવા લાગ્યું. તે ધ્રુજતે સાદે બોલ્યો "બંધ કર બંધ કર, મને ના દેખાડ. ખુદા તારી લાજ રાખે!"

"બોલ, મારી ખુબસુરતીને બતો લગાડવાનો કોઇનેબી કશો હક્ક છે?"

"તૌબાહ, તૌબાહ," તે પુકારી ઉઠયો "તારી પેશાનીને બતો લગાડવો તે માહતાબનાં તેજપર થુકવા બરાબર છે."

આ સાંભળી તેણીએ પોતાની બાંય ખોલી નાંખી ગુલેગુલાબ જેવી ગોલ બાજુ તેને બતાવી. બાદ ચ્હેરા પરથી તેણીએ નેકાબ ઉંચકયો તો જાણે વાદળની શીહાઇમાંથી પુનમનો ચાંદ પ્રકાશી રહયો! તેને પોતાનો ચ્હેરો બતાવતાં તે બોલી "બોલ, કોઇનેબી એમ કેહેવાનો હક્ક છે કે મારા ચ્હેરાપર સળ્યડનાં ચાથાં છે, તથા હું કાણી છું અને મારો કાન તુટેલો છે?"

"અય નેકજાદ, તું જેને પડદેપોશ રેહેવાની આદત તો મારા જેવા કમીનાને તારો માહતાબ મુખડો અને બીજા અંગ ભાગો દેખાડવાની શું મતલબ? મને ખરૂં કહી દે."

ત્યારે બોલી, "મારા પેદરનો મારીપર ઘણો જુલમ છે. તે મને રોજ તાણાં મારે છે કે તું છે તો બદસુરત બદલગામ; અને રોજ સુંદર શોભીતો સીંગાર શાંનો કરી મરે છે. તારો અને બાંદીઓનો દરજજો એક છે: એટલે તમો બન્નેના પોશાકમાં ફર્ક શા માટે જોઇએ? મારો બાપ શ્રિમંત પણ તે બખીલોનો બખીલ છે: તેથી તે મને એમ પજવે છે. તેથી તો તે મારા નેકા નથી કરતો કે રખે તેમ કરતાં તેને ખર્ચમાં ઉતરવું પડે."

"તારો બાપ કોણ છે અને શું ધંધો કરે છે?"

"તે અતરેનો કાઝી-એ-શરીફ છે, જેના હાથ તળે બધા કાઝીઓ છે." તેની સાથે આટલી વાતચીત કરી પેલી ચાલી ગઇ. પેલી ગઇ અને અલાઉદીનનું દિલબી તેણીની સાથેજ ગયું. તેણીને કેમ જીતવી એ તેના મનસે એક મોટો સવાલ થઇ પડયો. તેનું ધ્યાન કામમાં કાંઇ લાગ્યું નહીં. તુરતજ દુકાન બંધ કરી તે કાઝીને ત્યાં ગયો, અને તેને સલામ કરી બોલ્યો "હું તમો નામદાર સાથે સગાઇ શોધવા આવ્યો છું અને તારી નેકનામ બેટીના હાથ હું નેકામાં માંગું છું."

"અય સોદાગર સાહેબ, ખુશ આમદી! મગર મારી બેટી તારે લાયકની નથી. તે કાંઇ તારા જેવી ખુબરૂ નથી, તેમજ તારા જેવી જબાંન મીઠી અને દિલચસ્પ નથી."

"તારે તેણીને એ મુજબ કોઇની નજરમાં હલકી પાડવી લાજમ નથી. તે મને પસંદ તો પછી તુંને શી અડચણ છે? કેહેવત છે કેઃ—

"જહાં જોરૂ મર્દ રાજી,
વહાં કયા કરે કોટવાલ ઓર કાજી?"

આ સાંભળી કાઝી સંતોષ પામ્યો અને તેઓ એવી સમજુતી પર આવ્યા કે નેકાના બદલામાં સોદાગરે કાઝીને ૨૫૦ અશ્રરફી આપવી અને નેકા તોડી છુટા છેડા ન કરે તેની જામીનગીરીમાં બીજી ૭૫૦ અશરફી કાઝીને હવાલે કરવી, કે જેથી તે નેકાનો અકદ તોડે તે અગાઉ પુરતો વિચાર કરે. લગન-ખત તૈયાર થયું કે તેજ રાતે પેલો સોદાગર તો કાઝીની બેટી સાથે પરણ્યો. અરૂસ યાને કન્યા પોતાના ખાવીંદને ત્યાં આવી અને બન્ને ખેલવતધામાં દાખલ

થયાં. પેલો સોદાગર તેણીના ચ્હેરાપરનો નેકાબ ઉંચકી બોસો લેવા ગયો કે, તેની નજરે એવો તો એબલગામનો ચ્હેરો પડયો કે તે નજીક આવેલો દસ કદમ પાછો હટયો! તેણીનામાં તેણે બધી કાયદા પુર્વક ખામીઓ જોઇ. તેણીને જોઇ તે ખુબ પસ્તાવા લાગ્યો, પણ કરે શું? તેણે જોયું કે પેલી ઓરતે તેને ખરેખર ઠગ્યો હતો. જેમ તેમ મન રાખી તે રાત જાણે કેદમાં સુતો હોય તેવી તેણે ગુજારી.

બરી બામદાદમાં નાહીધોઇ તે ઘરથી બાહાર નીકલ્યો અને કાવાખાનાંમાં જઇ કાવાનુ એક કપ પીધું અને જલદીથી દુકાન ઉંઘાડી દીલગીર ચ્હેરે ત્યાં બેઠો. થોડીજ વારમાં ત્યાં તેના દોસ્તોની અલગાર લાગી રહી. તેઓ તેને દુવા દઇ બોલવા લાગ્યા "બેરાદર, કયાં છે હલવો અને કયાં છે કાશી? કેમ બચ્ચા ભુલી ગયો કે? તારી અરૂસની ખુબસુરતીએ તને ભુલકણો બનાવી મુકયો?"

એમ તરેહવાર તેઓ તેની ઠઠા મશ્કેરી કરતા ઉભા. પણ પેલો તો બીચારો જાણે ઘુવડ! તેને એમ દલગીર અને દુ:ખી જોઇ તેઓ મુગા મુગા પાછા ફર્યા.

બપોર પડી કે પેલી લુચ્ચી નાજનીન આગળ કરતાં વધુ બનીઠની જોબનના બાગમાં ખીલ્તી કળીઓથી ભરેલી એક ડાળીની માફક લટકાલી ચાલે ચાલતી તેની દુકાન આગળ આવી અને બોલી—

"આમીન, આમીન, અય સાહેબ, અલ્લા તમારાં જોડાંનો નિર્વેહ્યાન થાય અને તમો અમનો ચમનમાં હરી ખુશી સાથે રહો."

પેલાએ તો ગુસ્સામાં ડોળા ચઢાવી તેણીને પુછયું કે "અય મક્કારે ઓરત, મેં તારૂં એવું તે શું બગાડયું કે તેં મને આવે ફંજે પુગાડયો? બોલ મારો શું વાંક થયો?"

"નહીં, તારો વાંક મુદલ નથી. જે વાંકમાં છે તે આ તારી દુકાનને મથાળેનો લેખ છે. તે પહેલો વાંચતાંજ હું ફફડી ચટકીને ગુસ્સે થઇ. એ લેખ જો તું આજે બદલવાની હામ ભીડે તો કાલે તુંને તારી આ માઠી હાલતમાંથી છોડાવું."

"અરે લેની, તારૂં માંગ્યું અબઘડી બાસરોચશમ બજા લાવું." એમ બોલી તેણે એક લહીયાને બોલાવી મંગાવવા નોકરને મોકલ્યો. પેલો લહીયો આવી પુગ્યો કે પેલી ઓરતનાં દેખતાં દેખતજ પેલો આગલો લેખ છેકાવી નાખી, નીચે મુજબ તેણે લખાવ્યું:

"ઓરતની ખંધાઇ તે ખરી ખંધાઈ, તેની ખંધાઈ આગળ મરદની લુચ્ચાઇ રદ છે."

"કેમ હવે રાજી?"

"સાહેબ હાજી" પેલીએ નખરાંથી જવાબ દીધો.

"ચાલ હવે ઉઠ, અને શેહેરના કિલ્લા સામે જતાં જોગી, વેરાગી, બંદર નચાવનારા કલંદરો, ઢોલ્ચીઓ, પીપોડીવાળાઓ, મદારીઓ એકઠા થઇ બેસે છે તેઓ આગળ જા અને તેમને કેહે કે કાલે સહવારે તારા સસરાને ત્યાં બારીએ ઉભો રહી તું કાશી પીતો હોય ત્યારે બારી નીચે પોતાના સરસામાન સાથ આવી ઉભા રહે અને સઘળા એકે અવાજે તુંને તારી શાદી માટે મુબારકબાદી આપે. તેઓ એમ બોલે કે "આમીન, આમીન, અમારા ચચાના બેટા, તું અમારી આંખોનું નુર છે! તું જો કે અમારીથી શરમાઇને દુર નાહાસે છે, પણ અમે તારેથી રાજી છઇયે અને તુંને ચાહી માન આપ્યે છીએ. અમે તારે માટે મગરૂર છીયે અને જો કે તું અમને તારી આગળથી હરકાતી કાઢે છે, તોબી અમે તો તારી આગળના આગળજ."

તેઓ એમ બોલે કે તું તેઓ પર દીનારો નાખજે: એટલે તેઓ કોણ છે તે વિશે તુંને કાઝી પુછશે તો તું તેને જવાબ આપજે કે તારો બાપ અસલ બંદર નચાવનાર કલંદર હતો, પણ ખુદાની મેહેરબાનીથી તમારૂં નસીબ ફરી ગયું અને તમો લોકને સોદાગરી હાથ લાગી: તેથી તમો જરદાર બની ગયા. બાકી તમો સર્વની આલ ઓલાદ અને બુન્યાદ એજ."

ત્યારે કાઝી તુંને કેહેશે કે "તું એક રસ્તે ફરતો તંબુરાવાલો, તારો બાપ બંદર નચાઉ કલંદર; તો લાજમ નથી કે મારા જેવા સૈયદેશરીફ યા શેખની બેટી તારે ત્યાં રેહે. તેના નેકાજ તારી સાથે થવા ન હતા."

આ સાંભળી તું જવાબ દેજે "નહીં, અય ઇફેન્ડી! તારી બેટી મારી હક્કદાર ઓરત છે. તેનાં માથાંનો એક વાળ એક હજાર જાનના જેવો છે; મને રાજતાજબી મળે તો હું તેણીને નથી છોડવાનો." પછી કાંઇ તરેહવાર રકજીક કરી તારી પાસે તલાકનો બોલ તે બોલાવશે. તું તુરત કબુલ કરી દેજે: એટલે તારા નેકા રદ બાતલ થશે અને તું પેલી વંત્રી વાંદરીથી છુટો થશે."

"ઠીક છે, તારી સલાહ રાસ્ત છે" એમ બોલી અલાઉદીન દુકાન બંધ કરી કિનારા સામે પેલાઓને મળવા ચાલ્યો. ત્યાં તેને પેલા મદારીઓ મળયા, જેમને મોટાં ઇનામની લાલચે તેણે પેલાની સલાહ મુજબ કરવાને લલચાવ્યા. બાદ બારવણે તે ધારા મુજબ કાઝી આગળ ગયો. કાઝી સાહેબ પોતાના જમાઇને બાઆબરૂ ઇજ્જત બેસાડી પોતે બેઠા અને એણી ગમ પેલી ગમના ગપ્પા મારવા લાગ્યા. પાંચ દશ મીનીટ પસાર થઇ કે તેઓ જ્યાં બેઠા હતા ત્યાં બારી નીચે અલાઉદીનના બાપદાદાઓનું "આઉસન જાઉસન" ઉલટયું. કોઇ ઢોલ વગાડે, કોઇ પરઘમ ઠોકે, કોઇ પીપોડી તો કોઇ સરનાઇ ફુંકે, કોઇ બંદર નચાવે તો કોઇ રીંછ રમાડે, કોઇ નાગ ખેલાવે તો કોઇ નોર્યો નચાવે!

તેઓને જોઇ કાઝી બોલ્યો "યા અલ્લાહ, બેટા, આ આફત ક્યાંથી? ચાલની નીચે જઇને તેઓને ધમકાવીને બાહાર કાઢયે."

તેઓ નીચે ગયા તો અલાઉદીનને જોઇ પેલા મદારીઓ તો ખુબ હરખમાં આવી ગયા. તેઓમાંના કોઇ અલાઉદીનની કદમબુશી કરવા પડયા તો કોઇ તેનો હાથ ચુંબવા લાગ્યા, તો કોઇ તેનો હાથ લેઇ આંખમાં દાબવા મંડયા. આ ક્રીયા પુરી કરી તેઓ બોલ્યા:—

"અય બુલંદતાલેના અલાઉદીન, અલ્લાહ તુંને પનાહ આપે. તુંને જોઇ અમારી આંખને એવી ટાઢક થાય છે કે બોલતે વાત નહીં. કાઝી સલામત, ખુદા તુંને પણ સુખી ખુશી રાખે: કેમકે અલાઉદીનને તારી સગાઇમાં લેઇ તેં અમારો દરજ્જો બેહેતર કીધો છે."

કાઝીએ આ સાંભળી અલાઉદીનને પુછયું "બેટા, અલાઉદીન! એઓ કોણ છે કોણ?"

"મહેરબાન સાહેબ, એઓ મારા સગા છે; પેલો મારા કાકાનો દીકરો, પેલો ફુઇનો, પેલો માસીનો, પેલો મામીનો; અને હું જે સોદાગર ગણાઉં છું તે ફક્ત નામનોજ!"

આ સાંભળી કાઝી તો ફાટીજ ગયો. તેના ચ્હેરાનો રંગ બદલાઇ ગયો. તે ગુસ્સાથી લાલ થઇ ગયો.

"અલ્લાહ પનાહ! એ તું શું બોલે છે? એમ બનેજ કેમ કે મારા જેવા કાઝીની બેટી તારા જેવા કલંદરની જાતના સાથે પરણે. તું તેને તજી દે; તેમ તું ન કરશે તો તુંને બાંધી મરાવીશ અને જીન્હા ફરમાવીશ. હું પહેલાંથીજ તારી આ આલ ઔલાદથી વાકેફ હતે તો તુંને મારી નજીકજ નહીં આવવા દેતે અને સામો તારાં મુંહપર થુકતે." એટલું બોલી તેને હડસેલો મારી કાઝીએ તેને ઘરની બાહાર કાઢયો.

પેલો કેવોએક ગભરાઇ ગયો તેમબોલ્યો "અય ઇફ્રેન્ડી, દયા કર; તું મને અલ-ઇરાકનો મુલકબી આપવા કહે તો હું મારી ઓરતને નથી છોડવાનો."

"તું જો રાજી ખુશીથી તેને તલાક ન આપશે તો હું પહેલાં તારૂં માથું વેઢાવીશ અને પછી હું મારી છાતીમાં ખંજર ભોકી મરી જઇશ. હયા કરતાં દોજખની આગ ભલી."

પેલાએ બાહારથી અનમન્યે દેખાવે કાઝીનું કેહેવું કબુલ રાખ્યું અને તુરેતાતુરત એક પંચ ભરી કાઝીની બેટીને તેણે તલાક આપ્યા.

ત્યાંથી પરવારી ખુશીથી તે દુકાનપર ગયો. જ્યાં પેલી મલી, અને બંનેની રાજીખુશીથી અલાઉદીને તેણીના બાપ પાસે તેની સાથે નેકા કરવાની રજા માંગી. તેણીનો બાપ લુહારેનો શેખ હતો. તેણે તેને રજા આપી અને તેઓ બન્ને પરણી પરવારી સુખી થયાં.

અજમતી વીંટી.

અસલના વખતમાં એક રાજા હતો, જેનો એક ઘણો કાબેલ અને અનુભવી વજીર હતો. એક દીવસે તે વજીર નાહવા બેઠો. નાહતાં નાહતાં તેની વીંટી પાસે મુકેલાં પાણીના તબમાં જઈ પડી; તે તબમાં પડી ખરી, પણ પાણીમાં ન ડુબતાં પાણીની સપાટીપર તરતી રહી.

આ મામલો વજીરે જોયો કે નાહી ઉઠીને તેણે માણસોને બોલાવ્યા અને ફરમાવ્યું કે તેઓએ તેને ઘેર જઈ ત્યાંથી સઘળો ખજાનો અને જર જહવેરાત લેઇ એક ચોક્કસ ઠેકાણે સાંતી આવવું; આ અજબ જેવો હુકમ સાંભળી તેના નોકરોએ પુછયું—"ગરીબપરવર! એમ કાંય?"

"આજે રાજા મને પકડી જીન્દા ફરમાવનાર છે." તેઓ આ સાંભળી દલગીર થયા અને દોડતા તેને ઘેર પુગી તેનું ફરમાન ઉતાવળે બજા લાવ્યા.

તેઓ આ કામ આટોપીને આવે તેટલાં તો ખરેખર રાજાએ તેને પકડવા માણસો મોકલ્યાં. તેઓએ તેને પકડી કેદમાં પુર્યો, અને તેનું ઘરબાર તથા તેમાં જે હતું તે લુટી લીધું.

એક દીવસ, બંદીખાનામાં કાંઇક મુદત વીત્યા બાદ વજીરને દાડમ છાલનો મુરબ્બો ખાવાનું મન થઈ આવ્યું: તેથી તેણે દારોગાને બોલાવી કહ્યું, "યા!: મને દાડમ છાલનો મુરબ્બો ખાવા ગમે છે, જરા કરીને ખવાડ."

હવે રાજાએ એવી વાણીઓ વજીરને ખવડાવવાની સાફ ના પાડેલી: તેથી દારોગો બીધો એટલે તેણે તો સાફ ના પાડી. હંમેશ ધારોજ છે કે આપણું માંગ્યું આપણને ન મળે કે તે પર આપણું વધુ દિલ દોડે.

પેલા વજીરના બાબમાં પણ તેમજ થયું. જે તેને મલવા આવે તેની પાસે દાડમ છાલનો મુરબ્બો માંગે, પણ જેમ દારોગો તેમ તેઓ પણ રાજાથી ડરીને તે ન આપે. અંતે પેલા દારોગાએ દયા ખાઇ હળુશે તેને તે વાણીની એક પ્લેટ લાવી આપી. વજીર તે પ્લેટ સામે મુંકી તેમાંથી એક બુક ખાવા જાય છે તેટલાં ઉપરના ભારવટયા પર બે ઉંદરો મરાતા મરાતા તેમાં પડયા. પેલી વાની તો રદ થઈ, પણ તે જોતાં વજીર બોલ્યો "ચાલો, ઠીક થયું."

તે તુરતજ ઉઠયો અને પોતાના નોકરોને બોલાવીને તેણે ફરમાવ્યું "જાવો, જલ્દી મારૂં મકાન પાછું સણગારો, અને જર જહવેરાત લાલ ગૌહર જે તમે લેઇ જઇ સાંત્યાં હતાં તે પાછાં લાવી મારા ખજાનામાં મુકો: રાજા મને આજે કેદથી છોડવી પાછી વજીરી આપનાર છે."

પેલાઓ જઈ તેના હુકમ મુજબ ઠીક ઠાક કરે તેટલાં તો રાજાને ત્યાંથી આદમી આવી તેને કેદથી છોડવી લેઇ ગયા અને રાજાએ તેને વજીરી પાછી આપી તેનો મરતબો વધાર્યો. વજીરને રાજાએ કહ્યું "તારી પર અસર કરવા ખામુખા તુંને મેં પુર્યો કે જેથી કેદખાનાનું સંકટ જાણી જે ગુનેહગારોને હું કેદમાં પુરૂં તેમની તરફેણમાં મને સમજાવી લેવાને તારૂં મન લલચાય."

વજીર બોલ્યો "રાજાથી બીજું કોણ? આતશની બળતી ચેહ. રાજા જેથી મારી તરફ ચાલ ચલાવે તે મારે મનશે તો ખરેખર હદો લેવા જેવી છે."

રાજા ખુશી થયો અને તેને ખેલાત ભેટ આપ્યા. માન મરતબો પાછો પામી વજીર પોતાને મકાન પધાર્યો કે તેના નોકરો તેની આસપાસ ફરી વળ્યા અને પુછ્યું "અય માલેક! તેં કેમ જાણ્યું કે તારો માલ ખજાનો જપત કરી રાજા તુંને પકડી કેદમાં પુરનાર છે, અને વળી તુંને કેમ આગાહી થઈ કે કેદમાંથી છોડવી પાછો વજીર બનાવનાર છે?"

વજીરે ખુલાસો કીધો: "જુવો! હું નાહતો હતો તેટલાં મારી વીંટી પાણીમાં પડી પણ તે ડુબી ન જતાં ઉપર તર્યા કીધી: એટલે મેં જાણ્યું કે મારી દોલત સંપૂર્ણતાની ટોંચે પુગી ચુકી હતી; અને ચઢતી પાછળ સદા શું હોય? પડતી: તેથી મેં તમોને પેહેલો હુકમ ફરમાવ્યો. હવે લગભગ એક વર્ષ સુધી દાડમ છાલના મુરબ્બાની મેં તલબ કીધી તો મને તે ન મળ્યો અને અંતે જ્યારે તે મળ્યો ત્યારે હજી તો તેમાંનો એક બુક ખાઉં છું કે તેમાં ઉંદરો પડયા અને તે પ્લેટ બગડી. આથી મેં જોયું કે મારૂં બદબખ્ત સંપૂર્ણ થયું હતું અને પડતી પછી શું હોય? ચઢતી: તેથી મેં તમોને બીજો હુકમ ફરમાવ્યો, અને પાછી વજીરી મળી."

કુનેહબાજ કાઝી.

એવું કહેછે કે આ દુન્યાનાં અયવાનમાં એક મોટો રાજા રાજ કરતો હતો, જેને ત્યાં એક અતી ખુબસુરત બેટો હતો, તેને શરૂઆતની કેલવણી આપવાનું કામ તેણે એક નામીચા કાઝીને સોંપ્યું હતું, જ્યારે રાજ કારોબાર અને રીતી નીતીની તાલીમ આપવા તેણે એક હાકેમને રોકયો હતો. એ કાઝી અને હાકેમ બન્નેને રાજાએ તાકીદ કીધી હતી કે "જો મારો બેટો જરાબી આડો ચાલે યા નાફરમાન થાય તો સારી પેઠે તેને ઠોકવો; જો તેને ઠોકવાથી તમો બાઝ રહ્યા તો જરૂર પસ્તાશો."

એટલે જરાબી તે શાહજાદાનો વાંક થતાં તેનો ઉસ્તાદ કાઝી તેને વગર દયાએ મારતો અને વળી તે વાંકની તેના શાહ બાપને ખબર થતાં સામો તે તેને એક દિવસ બંદીખાને રાખી આખો દિવસ અને રાત ભુખો પયાસો છોડતો.

કોઇકની અક્કલમાં રાજાની એ રીત નહીં ઉતરતાં તેઓ તેને પુછતાં રાજા જવાબ દેતો કે "મારી પછીનો રાજા એ છે. એક રાજા દાખલ કંઇકોને એને સજા કરવી પડશે તેમજ કાંઇકને બંદીખાને મોકલવા પડશે: માટે એ બન્ને શિક્ષાનું દુઃખ એ હમણાંથી અનુભવે તો તેને હાથે હેરાન થનારાંઓપર એ દયા કરે અને ઇનસાફથી પોતાનું રાજતાજ આબાદ રાખે; કેમકે જે સદા છાંયડે બેસતો હોય તે તડકાંમાં તપતાનું દુઃખ કેમ જાણી શકે? દુઃખી હોય તેજ દુઃખીની હાલતનો ખ્યાલ કરી શકે છે, માટે હમણાંથીજ તેને કેળવી, શીખવી, નમાનો અને સારી ચાલનો કીધો હોય તો તેથી આપણા અને એના બન્નેના હક્કમાં ફાયદો છે; તેથી થશે એમ કે તેણે મેલવેલી ભલી તરબયત તેના રાજકારોબાર દરમ્યાન તેની રાહબરી કરશે. જેથી ખુદાની મેહરબાની અને રૈયતની ભલી દુવા તે હાંસેલ કરશે."

હવે એ રાજની પડોસમાં એક બીજો રાજા રાજ કરતો હતો, જેની સાથે તેને અણબનાવ હતો. તે રાજાને પણ એક બેટો હતો જેને પણ દરેક રીતની તાલીમ આપવા એક આખુનજી અને એક હાકેમને રોકવામાં આવ્યા હતા, પણ તેમને સખત તાકીદ હતી કે "સંભાલ રાખજો કે મારા બેટાને કોઇએ આંગલી લગાડવી નહીં કે તેને ચીડવી યા ગુસ્સે કરી તેનું દીલ રંજીદા કરવું નહીં, નહીં તો તેને તેનો બરાબર સ્વાદ હું ચખા-

ડીશ." રાજાની આવી રીતની તાકીદથી તેને કોઇ હુંકારો વટીક કહી શકતું નહીં હતું. તે રાજાના દાનાવ વજીરોએ તેને પોતાના બેટાની તરબયતની આ વળાણથી ગમે તેટલો વાલ્યો પણ તેમની સલાહ રાજાના ધ્યાનમાં ઉતરી નહીં. હવે એ રીતે તે બાલક રાજા પર કોઇનો કાબુ ન હોવાને સબબે દુન્યામાં જેટલી બદી હતી તેટલીમાં તે પરવીન થયો અને મોટો થતાં તો ભલા ભલા અમીર ઉમરાવોની ઈજ્જતને ધુલ સમાન સમજવા લાગ્યો; તેની એ બુરી રસમની જે કોઇ સામે થઈ તેને વાલતું તો તેને તે કતલ કરાવતો. લોકોમાં ભારે ત્રાસ વર્તી રહ્યો, અને દાદ ચાહવા આવનારાઓની રાજા આગલ ધમાલ ચાલી. તેમની ફર્યાદ સાંભળી રાજા પોતાના કુછંદી બેટાને એટલુંજ કહીને રેહેતો કે "બા, તું એવી આદતો છોડી દે, એમાં કાંઇ લાભ નહી." પણ બેટો સમજે શાનો?

આખરે એક રાત્રે તેણે પોતાના બાપને ઉંઘમાં ખંજર ભોકી મારી નાખ્યો અને બરી બામદાદે પોતે રાજા થઈ તખતે ચઢી બેઠો. હવે તે રાજા થયો એટલે તેની અનીતીની હદજ નહીં રહી. રાત દીવસ કંઇકોનાં માથાં છટકાવી અને કંઇકોને ગરદન મરાવી પોતાનાં શેહેરમાં લોહીની નીખો વ્હેતી કીધી. તખતપર બેઠાં બેઠાં ઠાલી મોજ ખાતર પોતાની આસપાસ સંપ સમારી અદબ વાલી ઉભા રેહેલા અમીર ઉમરાવોને તીરથી વીંધી નાખતો, પછી બીજા આગલ ફતેહથી ખુશી થઈ તેમને પુછતો "કેમ, મેં કેવી બજાવી?" અને જેઓ "વાહ! જેહાંપનાહ ખુબ બજાવી" બોલતાં પછાત પડતાં કે તેમની જીવતી ચામડી ઉતરાવી, તેમને એક ઝાડ સાથે બાંધી ફટકા મરાવતો અને પછી મોચીની આરીથી તેમનાં પેટ, ગરદન અને મોંઢાંપર પોતાને હાથે ચોબા મારતો, અને હર ફાસમથી તેમને વવાણી વવાણીને ઠાર કરતો. તેનાં રાજમાં નહીં દાદ, નહીં ફર્યાદ. બજારને દીને તે ઘોડેસ્વાર થઈ બાહાર ફરવા નીકલતો અને ખુલાં ચોગાનમાં ઉભો રહી સોદો કરતી રૈયતપર તીરો છોડતો. ગની તેમજ ગદા તેના આવા સેતમથી હાય હાય કરતા હતા.

અંતે બધી રૈયત એકઠી મળી અને એવા ઠેડાવપર આવી કે "જ્યારે આપણો રાજા આપણો નથી થતો તો આપણને રવા છે કે તેની વધુ સેતમગીરી અટકાવવા કોઈ ઇન્સાફી રાજાની પનાહ માંગવી." એ ઠેડાવની રૂએ તેઓએ પેલો રાજા જેણે પોતાના બેટાને કુનેહબાજ કાઝીની મદદથી સારી તાલીમ અને તરબ્યતથી ઉછેર્યો હતો તેની ઉપર રૂક્કો મોકલાવ્યો કે—

"ફરીઆદ! ફરીઆદ!! દાદ! દાદ!! અય શાહોના શાહ, તારા બેટાને એક ફોજ સાથે અમારા રાજાની સામે લડવાને મોકલ; જેવો તારો નેકબખ્ત બેટો આવશે કે અમો અમારા જુલમી રાજાને છોડી તેની પનાહમાં આવીશું અને તેને મદદ કરીશું; અમારા રાજાને પકડી તેને સ્વાધીન કરીશું, તેમજ રાજ તાજ તારા બેટાને સપુરદ કરવામાં અમો વખત લગાડીશુ નહીં; કેમકે અમે તેની ઇન્સાફી વલણ અને દયાળુ ખવાસ વિશે ઘણું સાંભળ્યું છે. અય રાજા, ખુદા હક્તાઆલાના પ્યારને ખાતેર અમને સહાય થા."

રાજાએ આ ખત વાંચી તે ઉપર પોતાના વજીરોની સલાહ લેઇ, પોતાના બેટાને એક સૈન્ય સાથે તે જુલમી રાજાની સામે મોકલ્યો.

જેવો તે શાહજાદો સામેનાં રાજપર ચઢી આવ્યો કે તે દેશની રૈયતે પોતાની માલ મીલકત તેને સ્વાધીન કીધી અને એક સંપથી પોતાના રાજાને પકડી તે શાહજાદાને સપુરદ કીધો. તે શાહજાદાએ તેના બન્ને હાથ તેની પીઠ પાછળ બંધાવી જે એક આદ-

બીના બાપને તેણે વવાણીને મારી નાંખ્યો હતો તેને મોચીની આરી આપી હોકમ કીધો કે "જેમ આ દયાહીણે તારા બાપનો જીવ લીધો તેમ તું એનો જીવ લે." પેલા જવાને તે આરી હાથમાં લઇ હજી તો તેના મોંહપર એજ ચોબા માર્યા કે તે જુલમગાર બોલી ઉઠયો. "ખુદાને વાસ્તે મને જરા રાહત આપો કે મારે જે બે બોલ બોલવા છે તે હું બોલી લેઉં." તેઓએ સજાનું કામ થોડી વાર મૌકુફ કરી તેને બોલવા દીધો તો તે આસ્માન તરફ ઉંચા હાથ કરી બોલ્યો "ઓ ખુદા! મેં આ શું કીધું? તવળીને મરવાનું કેવું છે તે જો હું પહેલેથી જાણતે તો હું કોઇને એક લાકડીએ વટીક નહીં મારતે. હજારો ફદુવા તે મારા બાપપર ગુજરજો જેણે મને નાની વયથીજ મારી યા ધમકાવીને નહીં સુધાર્યો. તેણે મારો બગડતો સ્વભાવ પોતાના કાબુમાં રાખ્યો હતે તો હું સૌ સમજતે અને મારી રૈયતના વાલને ઝઆંન નહીં પોહોંચાડતે અને હજી ઘણાં વરષ જીવી, ઇન્સાફી અમલ કાયમ ચલાવતે. હેફ પડજો મારા પીતાને! જેણે મને લાડથી બગાડયો અને વાહેલો પટાવેલો રાખી મને આજે આ ફેજે પુગાડયો. હવે તમો દયાવંતો મારીપર દયા કરો. હું જે માંગું છું તે એટલુંજ કે મારૂં સર એકદમ છટકાવી મને હવે વધુ ગુનાહ કરતો અટકાવો, અને મારી રૈયતનો રંજ ટાલો." તેનાં આ બોલવાપરથી તે દયાળુ શાહજાદાએ તેની ઉપર દયા ફરમાવી અને બંદીખાને નખાવ્યો.

પેલા ઈનસાફી શાહજાદાને રૈયતે તેની ગાદીએ બેસાડયો, જેણે પોતે લીધેલી તાલીમના પ્રતાપે પોતાના માત પીતા અને આલમાની ખરી ખુશાલી વચે ઇનસાફથી રાજ ચલાવ્યું.

લેખ્યા લેખ ન ફીટે.

અસલના વખતમાં સુલતાન ઇબ્રાહીમ નામે એક મોટો રાજા હતો, જેને ભલા ભલા રાજાઓ ખંડણી આપી તેની તાબેદારી કરતા હતા. તે સર્વ વાતે સુખી હતો. રાજ, તાજ, દોલત અને દરજ્જાથી સંતોષી તે હતો, મગર એક વાતે તે ઘણો દલગીર અને દુ:ખી પોતાને માનતો હતો. તેને ત્યાં કશું સંતાન ન હતું અને એક ગાદીવારસની ગેરહાજરીમાં તેનાં મરણ બાદ તેનાં રાજ્યનો શો ફેજ થશે તેનો તેને મોટો અંદેશો હતો. ગોરી ઘટમદાર નાજનીનોથી તેનું જનાનખાનું પુર હતું, તોપણ તેઓ કોઇને પેટે ફરજંદની વૃદ્ધિ તેને થઈ ન હતી.

અંતે ખુદાનું ચ્હાવું એવું થયું કે દાદગરની દરઘાહે તેની રોજ બરોજની એબાદત કબુલ મંજુર થઈ અને તેની એક રાણીને હમેલ રહ્યા. રાજા ખુશી થયો અને તેની મુરાદ અંતે બર આવેલી જોઇ પ્રજાએ પણ તેની ખુશાલીમાં પુર હરખથી પોતાનો ફાળો આપ્યો. સઘળે રંગ રાગ વ્યાપી રહ્યો અને રાજાએ પોતાના વજીરો અને દરબારીઓને મોટી ભેટ સોગાદોથી નિવાજ્યા. પેલી રાણીનો જણવાનો વખત બરાબર આવી પુગ્યો કે ભલા ભલા ફાલ જોનારાઓ અને બાદશાહી નજુમીઓ ત્યાં એકઠા થયા કે બાલક અવતરતાંજ ઘડી અને પલ જોઇ તેનો ટપકો તેઓ બનાવે.

રાણીએ સર્વેની ખુશાલી વચ્ચે એક બાળક બેટાનો જન્મ આપ્યો કે તુરતજ પેલા નજુમીઓ તે બાળકનું ભવિષ્ય વર્તવા મંડી ગયા. થોડીક ગણત્રી કરતાં તેમના ચ્હેરા ઉદાસ થઇ ગયા અને તેમનું મગજ ગુંચવાવા લાગ્યું.

તેમની આ હાલત જોઇ રાજાએ તેમને સધ્યારો આપી કહ્યું "બેફીકર જે હોય તે કહી દયો; તમારા બોલવાથી હું ગુસ્સે થઇશ નહીં: માટે જે ખરૂં હોય તે બોલશો તે હું સાંખી જઈ તમોને માફ કરીશ."

તે જમાનામાં રાજાના બાળકનું ભવિષ્ય બુરૂં વર્તવું, એ નજુમીઓ માટે મોટું જોખમનું કામ ગણાતું હતું.

"અય શાહોના શાહ" તેઓમાંનો વડો નજુમી બોલ્યો "અમોને તો એનું નસીબ જોતાં એવું લાગે છે કે એ છોકરાની સાતમે વર્ષે એક સીંહથી ઘાત થશે. મગર જો સીંહથી તે બચવા પામ્યો તો તે કરતાં બી વધુ બુરાં ચોઘડયાંમાં એ આવશે" એટલું ભરમમાં બોલી પેલો નજુમી અટકી પડયો અને આગળ બોલવાના વામાતામા કરવા લાગ્યો.

"તેથી વધુ બુરૂં ચોઘડયું કેવું ?" રાજાએ પુછયું.

"ગરીબ પરવર, અમને અમારો જાન વ્હાલો છે, તેથી આગળ બોલવાની અમારી હીંમત ચાલતી નથી"

"હું તમોને કશી અલવલ નહીં પ્હોંચાડીશ, જેને માટે ખુદા શાહેદ છે."

"એમ છે તો સાંભલ બંદેનવાજ: સીંહથી જો એ બેટો બચ્યો તો તેને હાથે તારૂં મોત છે."

આ સાંભળી રાજા અને દરબારીઓનાં મોંહ ઉતરી ગયાં; તે છતાં રાજા હીમતથી બોલ્યો "કાંઈ ફીકર નહીં; હું એની એટલી તો હદ સુધી સંભાળ લેઇશ કે સીંહથી એને કશું નુકશાન પુગશે નહી, અને મારો બેટો મનેજ મારી નાખે એબી નહીં બને તેવું છે; ઠીક છે, જોઇશું. અલ્લાહનું ચાહાવું છે તો નજુમ તદન જુઠું પડશે." તેણે પોતાના બેટાને ખુબ સંભાળ અને લાડથી ઉછેરવા માંડયો. ગમે તેવું મન મોટું કરતાં પણ રાજાનાં મગજમાંથી પેલા નજુમીઓની ભવિષ વાણીનો ધખારો ગયો નહી: એટલે એક ઉંચા પાહાડ પર તેણે એક મોટો ખાડો ખોદાવ્યો, અને તેમાં જુદા જુદા ઓરડાઓ કરાવ્યા અને તે ભોંયરાંમાં જરૂર જોગી ખાધ ખોરાકી ભરાવી, અને પાણીની પણ એવી ગોઠવણ કીધી કે પ્હાડનું વ્હેતું નીતરૂં નીરમલ પાણી એક નળી મારફતે ત્યાં મળતું રેહે. એ રીતની સઘળી સગવડ કરી તેમાં એક વિશ્વાસુ દાયા સાથે પોતાના બાળક બેટાને રાખ્યો. દર મહીનાની પહેલી તારીખે તે તેને મળવા જતો અને પ્હાડ પરના તે ખાડાના મોંહ આગળ પોતે ઉભો રેહી એક દોરડાંની મદદથી પોતાના બેટાને ઉપર લેઇ તેને રમાડતો અને પ્યાર કરતો, અને પાછો તેને નીચે ઉતારી ઘેર જતો. એમ કરી તે બહુ ઇંતેજારીથી વાત જોતો કે કયારે સાત વર્ષ પસાર થઇ જાય. પણ કીસ્મતમાં જે કાહાણી તે કહીબી જાય? કપાળે જે કોતરાયું તે કાંઇ ભુસાય? સાત વર્ષ પુરાં કરવાને માત્ર દશ દીન બાકી હતા કે તે તરફ એક સિંહની પુઠે લાગેલા શીકારીઓ આવી લાગ્યા. પેલો સીંહ શીકારીઓથી નાહાસતો પ્હાડ પરના પેલા ખાડાનાં મોંહ આગળ આવી લાગ્યો અને તે કુદાવી જતાં નશીબ સંજોગે તેમાં પડયો. સીહને જોતાંજ તે દાયા અને બાળકનો ગભરાટ શું? સીંહે અંદર પડતાંજ આંકલા ફાંકલા બની ખભાંમાંથી પેલાં બાળકને પકડયું જે એક ચીસ સમેત બેશુધ થઇ ગયું. તેને સપડાયલું જોઇ પેલી દાયા અંદરના એકાદ ખુણામાં ભરાઇ ગઇ પણ તેનો વાસ સીંહને ગયાથી સીંહે તેને શોધી ખોળીને ત્યાંજ પુરી કરી નાખી. સીંહની ભુખ ધરાઇ કે પેલાં બાળકને છેડયા છંછેડયા વગર તે ઉપર આવવાના ફાંફાં મારવા લાગ્યો. શીકારીઓને સીંહ અંદર પડતાંજ માંહેથી ચીચારી સંભળાઇ અને પછી સદંતર બંધ થઇ જે પરથી તેઓએ જાણ્યું કે અંદરનાં બીચારાંઓ સીંહથી માર્યા ગયાં. તુરત એક શીકારી ખાડામાં ઉતર્યો અને તેણે સીંહને પુરો કીધો. પેલી દાયાના તો હાડકાં સીવાય કશું બાકી ન હતું; પણ પેલો છોકરો માત્ર બેફામ થઇને સીંહના પંજામાંથી કુદરતી કરામતને આધીન થઇ બચી જવા પામ્યો હતો. પેલો શીકારી પેલા છોકરાને પોતાની સાથે લેઇ બાહાર

આવ્યો અને સર્વની સલાહથી તેઓ તેને પોતાને ઘેરે લેઇ ચાલ્યા, જ્યાં તેઓએ તેને ખભા પરના જખમને મલમ પટો કીધો. થોડા વખતમાં તે સાજો થયો અને તેઓએ તેને પોતા વિષે સઘળું પુછવાની તજવીજ કીધી પણ તે તેમને કશો ખુલાસો કરી શકયો નહીં: કેમકે જયારે તેને ખાડામાં ઉતારવામાં આવ્યો હતો ત્યારે તે નાનું બાળક માત્ર હતું. તેઓએ તેને સારી પેઠે ઉછેર્યો પણ તેની હાલતથી તેને વાકેફ ન કીધો. તેની ચાલાકી અને ચબરાકી જોઇ તેઓમાંના એકે તેને પોતાનો બેટો કરી લીધો અને શીકાર કરવામાં તથા ઘોડેસ્વારીમાં તેને અચ્છો માહીતગાર બનાવ્યો.

આખરે બીજાં પાંચ વર્ષ નીકળી જતાં તે બાર વર્ષની ઉમરે એક નમુનેદાર ગબર જવાન બન્યો અને પોતાની સાથવાલાઓ સાથે શીકારે તથા રસ્તે લુટવા નીકળી પડવા લાગ્યો.

હવે એક દીવસ બન્યું એમકે તે પોતાના ગોઠ્યાઓ સાથે એક વંજારા પર તુટી પડયો. વંજારા આ વેલા કાંઇ નબળા પોચા ન હતા; તેઓમાંના કેટલાક બડા લડાયક અને શુરા સરદારો હતા, એટલે પેલા લુટારાઓ સાથે તેઓ બાથેબાથ લડયા અને તેઓમાંના કેટલાકને ઠાર કીધા. પેલો જવાન્ બી તેમના હાથે જખમી થયો, જેને તેઓ છોડી ચાલતા થયા. સહવાર પડતાં તે જવાન આંખ ખોલીને જોયશું કે તેના સાથીઓ લોહીના ખબોચ્યાંમાં મુવેલા પડેલા હતા. હવે ત્યાં થોબવું ના મુનાસેબ ધારી તેણે ત્યાંથી ચાલુ મુકયું.

રસ્તે ચાલ્યો જાય છે તેટલાં કાંઇ છુપા ખજાણાની શોધમાં નીકળેલો એક આદમી તેને મલ્યો, જેણે તેને પુછયું:

"અય જવાન, કયાં જાય છે?" જેના જવાબમાં તે જવાને પોતાપર વીંતેલી કાહાણી તેને કહી, જે સાંભળી તે બોલ્યો:

"ચાલ, ગભરાના; તારાં સારાંજ નસીબે મારો તારી સાથે મેલાપ થયો હશે. હું એક છુપા ખઝાનાની શોધમાં નીકળેલો છું, જે શોધી કાહડવામાં તું મને મદદ કરશે તો તેના બદલામાં મારીથી તું એટલું પામશે કે જીંદગીમાં તુંને નાણાંની તંગી પડશેજ નહીં." એમ કહી તે તે જવાનને પોતાને ત્યાં લઇ ગયો અને તેનો જખમ દુરૂસ્ત કરી તેને ખુબ વીસામો આપી હુસ્યાર કીધો. તે જવાનમાં પાછી તાકત આવી કે પેલો શખ્સ તેને લેઇ એક પાહાડી મુલુકમાં આવ્યો; જ્યાં તેણે એક કેતાબ કાઢી તેમાં જોઇ રમલ નાખ્યા અને તે પાહાડની એક ચોક્કસ બાજુમાં ૯૦ ઇંચ ઉંડો ખાડો તેણે ખોડયો. ૯૦ ઇંચ બરાબર પુગતાં તેને એક પથ્થર જણાયો, જે તેના હાથના આંચકાએ પોતાની જગેથી હટી ગયો અને એક મોટો ભયંકાર ખોહ તેની નજરે પડયો; તે ખોહમાંની ખરાબ હવાને તેણે બાહાર જવા દીધી અને પછી પેલા જવાનની કમરે દોરડું વીંટાળી તેણે તેને નીચે ઉતાર્યો. તેના હાથમાં તેણે સળગાવેલી મસાલ આપી કે તે જવાન અંદર બરાબર નીહાળીને જોઇ શકે. તે છોકરો અંદર જતાંજ જોય શું કે તે ખોહ લાલ અને જૌહરથી છલાછલ ભરેલો. એ ખુશખબર તે જવાનથી જાણતાંજ પેલા શખ્સે ઉપરથી દોરડાં સાથે ટોપલી બાંધીને નાંખી, જે પેલો જવાન ભરતો અને પેલો શખસ તે મારફતે બધાં જવાહીરો ઉપર ખેંચી લેતો. પુરતાં લેવાઇ રહ્યાં કે પોતાની સાથે લાવેલાં ગધેડાં પર તે લાધ્યાં. પેલો જવાન તો અંદર ઉમેજ રહ્યો કે કયારે પેલો નીચે દોરડું મુકે કે તેની મદદથી તે ઉપર આવે. પણ તેના કમનસીબે પેલા શખ્સની દયાનત બગડી. ગધેડાં પર સઘળો અસ્બાબ લાદ્યો કે પેલા ખાડાને પાછો મોટા પથરે પુરી તે પોતાને રસ્તે ચાલતો થયો. ખાડો પુરાયો કે પેલી મસાલ પણ ચોખી હવાની ગેરહાજરીમાં બુજાઇ ગઇ અને સઘળે અંધકાર પંથરાઇ રહ્યો. પેલો જવાન આ મામલો જોઇ બહુજ દુઃખી થયો

અને ખુદા પર વિશ્વાસ મુકી ત્યાં ઉભો. ગમે તેવી હીંમત સખ્યા છતાં આખરે તેની ધીરજ ખુટી અને તેનાથી ધ્રુસાધ્રુસ રડાઇ ગયું. રડેબી કેટલું ? આખરે તેની આંખમાંનાં આંસુ વટીક ખુટયાં. તે બીચારો અફ્સોસ કરતો બોલ્યો "અલ્લાહ ! હું સીંહના મોંહમાંથી અને લુટારાઓના બસથી બચવા પામ્યો તે શું આવાં જમુન અને નાતરસ મોતને ખાતર?"

એ રીતે તે મોતની રાહ જોતો ઉભો હતો તેટલાં તેણે કાને કાંઇ પાણી વ્હેવાનો અવાજ પડયો. જ્યાંથી તે અવાજ આવતો હતો ત્યાં તે અટકલે તંતોસી તંતોસીને ચાલ્યો. જેમજેમ તે ચાલતો તેમ તેમ તે પાણીના રોહનો અવાજ વધતોજ જતો અને આખરે એક ખુણું જોયું. તેનાં મનમાં હવે વિચાર આવ્યો કે "ભુખે અને પ્યાસે તવળી ધામાં મોતને શરણ થવું તે કરતાં આ પાણીમાંજ ડુબી મરી એક દમ મરવું તે કેટલું બેહેતર?"

પોતાનાં મનમાં મક્કમ ઠરાવ કરી સઘળી હીમ્મતને પોતાની મદદે બોલાવી તેણે પાણીમાં ઝોકાવ્યું, અને તે યજદાંનું ચાહાવુ એવું થયું કે પાણીમાં તે એકદમ ન ડુબતાં તેના ધોધમાર રોહ સાથે તે ઘસડાતો ચાલ્યો. એ રીતે તે ઘસડાયો તે એટલા સુધી કે તે પાણીનો રોહ જે નદીને મળતો હતો તે નદીમાં તે જઇ પડયો. તે નદીએ પણ તેને લીધો અને તેને ડુબાડી ન મારતાં પોતાના ઉછળતાં પાણીની પીઠપર તેને સ્વાર કરી એક ખુલાં મેદાનને કીનારે તેને લાવી નાખ્યો. તે મેદાનમાં તો પડયો, પણ તેને ચાલવાની તાકાત ન રહી, એટલે ભીણો પાણીથી લચલચતો ત્યાં ઉંઘી ગયો. ઘણી વારે જાગૃત થતાં તે ઉઠયો અને ત્યાંથી ચાલતો થયો. ખુદાના શુકરાના કરતો તે ચાલતો પોતાનાજ બાપના મુલકને લગતાં એક મોટાં ગામડાંમાં દાખલ થયો અને તેની હાલતના એક એકલા અતુલા મુસાફરને પોતાની વચ્ચે જોઇ ત્યાંનાં રહીશો તેની આસપાસ ફરી વળ્યા. તેઓને તેણે પોતા પર વીટેલી કહાણી કહી સમજાવી, જે સાંભલતાંજ તેમને તેની બહુજ દયા લાગી. તેઓ વિચારવા લાગ્યા કે "યા ખુદા, એ શું શું મુંસીબતમાંથી બચી જવા પામ્યો છે?" તેઓએ તેને પોતાને ત્યાં રાખ્યો અને તેની ખુબ માવજત તેઓ કરવા પડયા. હવે આપણે તેઓ વચ્ચે તેને છોડી રાજા તરફ ફરીએ.

રાબેતા મુંજબ મહીનાની પ્હેલી તારીખે રાજા પેલા ખોહ આગળ ગયો અને હંમેશ મુજબ દાયાંને પુકારતાં તેને કશો જવાબ ન મળવાથી તે રંજીદા થયો અને અંદર એક આદમીને તેણે ખબર કાઢવા મોકલ્યો. તે આદમીથી તેણે જ્યારે જાણ્યું કે દાયાને બદલે ત્યાં હાડકાં સુકાઇ ને પડયાં હતાં અને તેના બેટાની તો ધ્રુન નસલ ન હતી ત્યારે તે બીચારો કપાળ કુટી ભારે અફ્સોસ કરવા લાગ્યો, અને પોતાની વધુ ખાતરી કરવા પોતે અંદર ઉતર્યો તો ખરેખર, સઘળો મામલો તેવોજ હતો. સીંહનું મડદું તેણે જોયું. રડતો કુટતો બીચારો મેહેલમાં આવ્યો અને પેલાજ નજુમીઓને બોલાવી તેણે કહ્યું "તમો સર્વના કહ્યા મુજબ મારો બેટો બીચારો સીંહથી ચીરાઇ ફંસાઇ યાખવાઇ ગયો"

જે સાંભળી તેઓમાંનો વડો બોલ્યો "અય શાહ, એ સાંભળી અમે ઘણા દુ:ખી છઇયે ; પણ જો નસીબ સંજોગે તારો બેટો બચી જતે તો તેને હાથે તું માર્યો જતે."

વખત જતાં રાજા પોતાનું દુ:ખ ભુલતો ગયો. તેનાં મનનું સમાધાન પાછું જેમ હતું તેમ થયું અને સઘળી વાત વિસરાઇ ગઇ.

પેલો જવાન પેલા ગામડયાઓ સાથ ઉછરીને મોટો થયો અને એક દીવસ ખુદાનું ચાહાવુ એવું થયું કે તેઓમાંના કેટલાક તેને પોતાની સાથે લેઇ લુટફ્લત કરવા રસ્તે પડયા. એ વારંવારની લુટથી લોકો તરાય તરાય કરવા પડયાં. કોઇથી તે લુટારાની ટોળી જેર થઇ શકી

નહીં અને અંતે રાજાને કાને વાત આવતાં તેમનો જુલમી દોર એકદમ તોડવા થોડાંક માણસ સાથે તે પોતે બાહાર પડયો, અને પેલા લુટારાઓને તેણે ઘેરી લીધા. ત્યાં ઝપાઝપી થઇ, જેમાં પેલા જવાનના તીરથી રાજા વીંધાઇને પડયો.

રાજા પડયો પણ તેનાં માણસોએ હારી ન ખાતાં પેલા લુટારાઓ સાથે અંતની ઘડી વેર લડી તેમને કેદ પકડયા. જખ્મી રાજાને મેહેલમાં લેઇ ગયા, જયાં તે કેદીઓનું શું કરવું તે વિશે રાજાને પુછયું. એ કેદીઓમાં પેલો જવાન પણ હતો. પોતાના દરબારીઓના ઉપલા સવાલના જવાબમાં તે બોલ્યો "હાલ હું મરવા પડયો છું, ત્યાં મને બીજી તીજી વાત ના પુછો; પ્હેલાં પેલા નજુમીઓને બોલાવો."

નજુમીઓ આવ્યા, જેમને રાજાએ સવાલ કીધો "કેમ, તમો તો કેહેતા હતા કે મારૂં મોત મારા બેટાનેજ હાથ છે અને હું તો આ લુટારાઓને હાથ વીંધાઇ મોતને બીછાણે સુતો છું."

"અય શાહ, સેતારાના શનાસીનાં જોરથી જણાવાને અમો ચોક્કસજ છીએ કે કદાચ તે તારો બેટોજ હશે."

"એમ? ત્યારે લાવો પેલા બદમાશોને હ્યાં"

આ હુકમને તાબે પેલાઓને રાજા સનમુખ ઉભા કીધા, જેણે તેમને પુછયું.

"સાચું બોલો. મને તીર કોણે માર્યો?"

તેઓએ જવાબમાં પેલા જવાનને આગળ કીધો અને બતાવી કહ્યું "આ જવાને." તે જવાન તરફ ફરી રાજા બોલ્યો "અય જવાન, તારા હાલ હકીકત અમોને વાકેફ કર અને અમોને જણાવ કે તારો બાપ કોણ અને તું બેટો કોણનો? અને હું તારો ગુનોહ માફ કરીશ."

"અય શાહોના શાહ" પેલો જવાન હાથ જોડીને બોલ્યો "મારો બાપ કોણ તે હું જાણતો નથી. મને એટલી યાદ છે કે મને મારા બાપે એક દાયાને હસ્તક એક ઉંડા ખાડામાં રાખ્યો હતો, જેમાં એક દીવસે સીંહ પડયો અને મને ખભાંમાં ડાકું મારી મને ત્યાંજ પડતો નાખી મારી દાયાને ખાઇ ગયો અને ત્યાર પછી.–"

હ્યાં પેલા જવાને સઘળી કહાણી કહી સંભળાવી, જે વાંચનારને સારી પેરે રોશન છે.

પોતાની હકીકત કહી પેલો જવાન ચુપ રહયો કે સુલતાન ઇબ્રાહીમ બોલી ઉઠયો "યા અલ્લાહ! એજ મારો બેટો!!" એમ બોલી તે તેને વળગી પડયો અને સઘળા દરબારીઓ અને પેલા નજુમીઓની સનમુખ ફરી તે બોલ્યો "ચાહો તે કરો; લખ્યા લેખ મીટનાર નથી. જે તકદીરમાં લખાયું તેજ થવાનું, પછી તમો ચાહો તે ઇલાજ કરો. આ મારા બેટાનાં તકદીરમાં હતું તે તેણે બજાવ્યું અને મારાં નસીબમાં જે હતું તે મેં ખમ્યું. એ સઘળું છતાં અલહમ દુલીલાહ! મારા બેટાનેજ હાથે મરૂં છું અને મારી હૈયાતીમાં મારાં તખ્તો તાજની સલામતી મારા બેટાને હસ્તક હું મારે હાથે સોંપી જાઉંછું." એટલું બોલી તે જવાનને તેણે બગલગીરી કીધી અને પોતાનું તાજ તેને માથે મુકયું અને તે બોલ્યો: "માફ કરજે, બેટા; તકદીરની સામે મેં કમ્મરકશી કરી તુંને મેં તે ખાડામાં પુર્યો હતો, પણ તે તકદીરની સામે મારી તદબીર ચાલી નહી" ત્યારબાદ બધા દરબારીઓની રૂબરૂ તેણે તેને રાજા બનાવ્યો અને તે રાતે શરાબે મોતનીજામ તેણે નોશ કીધી અને તેની પછી તેનો બેટો રાજા થયો.

પ્રિય વાંચનાર! તકદીર આગળ તદબીર રદ છે તેનો એક અચ્છો દાખલો આ વારતા પુરો પાડે છે.

ચોરોને ઠગનાર એક ઓરત.

અસલવારે અરબસ્તાનના એક શેહેરમાં ચોરોની એક ટોલકી ઘણી સીફતથી કામ કાહાડી લોકોને ત્રાહે ત્રાહે પોકરાવતી હતી. તેઓએ શેકારોને ફસાવી લાવવા એક ખુબસુરત ઓરતને કામે લગાડી હતી, જેણી ઘણું ખરૂં મેજબાની યા લગ્ન યા નાચના મેલાવડામાં હાજર થઇ અજાણ્યાને ઘસડી લાવી પોતાની ટોલકીને સ્વાધીન કરતી, જેઓ તેમનો અસબાબ લુટી લઇ ઘણું ખરૂં તે બાપડાઓનો જીવ લેતા.

એક દીને એવીજ એક નેકાહની મીજલસમાંથી ઘરેણાથી સજ થયલી એક જવાન ઓરતને સીફતથી ચોરોના મકાનમાં આવવા ફોસલાવી હતી. પોતાના મકાનમાં ફલાણે દહાડે સાદી છે અને તેણીના આવ્યાથી ઘણી શોભા મળશે વગેરે શબ્દોથી તેણીએ તે બાપડીને ભોલવી હતી, અને ઠેરવેલા દીવસે તેણીની સાથે જવાની કબુલાત લીધી હતી.

ઠેરવેલે દહાડે પેલી લુચ્ચી ઓરત જરજવેરાતથી બનીઠની ઠેરવેલા શેકારને ત્યાં ગઇ અને ચોરોના મકાનમાં લઇ આવી; ખાનગી ઘરના બારણેથી ટુંકે રસ્તે લઇ જાઉં છું એવી ઠાપ આપી તેણીએ પેલી બાપડીને દીવાનખાનામાં લઇ ગઇ. દીવાનખાનામાં દાખલ થતાંજ પેલી અજાણી તરત ચેતી ગઇ કે તેણી અબટાલ યાને જોરેમંદોના હાથમાં ફસી ગઇ હતી, પણ તેણીએ સમય સુચકતા રાખી હીમતથી કહયું "અય શીત્યાન યાને મારા બહાદુર બેરાદરો: હું આખર કરેને એક ઓરત જાત છું અને મુજ નીરદોશનું લોહી રેડયાથી કાંઇ તમારા હાથમાં બધુ આવવાનું નથી. આપણ વચ્ચે ઓલાચાલીનો વેહેવાર વટીક નથી. મારાં જરજવેરાત પર તમારો વાજબી હક છે: માટે તે બાખુશીથી લેવો! એ જવાહેર સંભાળતાં હું બેઝાર થઇ ગઇ છું; માટે તમો લઇ લેશો તો ઉલટી હું ખુશી થઇશ."

"અય શયાની બેગાની ઓરત! તું રાસ્ત વ દરૂસ્ત બોલે છે; પણ તું બાહેર વાત ફેલાવી અમોને ફસાવે તેનું કેમ?"

"હું તમો સાથેજ રહું તો કેમ? આથી હું બાહેર નીકળીશ નહી, અને આપણી વાત જાહેર થશે પણ નહી." તેણીએ હીમ્મતથી ઉતર વાળ્યો.

"તું અમારી પેઠેજ હીમ્મતવાન જણાય છે: માટે તારી સરત અમોને કબુલ છે, અને તુને જીવતદાન બખશીએ છીએ." ચોરોએ જણાવયું.

તેણી આથી તેમની સાથે રહી અને વરસેક સુધી તેમની નોકરી બજાવી ખુબ ભરોસો મેલવ્યો. ચોરોના હવે ખ્યાલમાં પણ આવ્યું નહી કે તે ઓરત તેમને ઠાપ આપી ચાલી જશે.

એક અંધારી રાતનો સમો જોગ સાચવી તેણીએ આખી ટોળકીને નાચી કુદી અને ગાયન ગાઇને ખુબ શરાબ પાયો, અને જ્યારે સર્વેને શરાબમાં ચકચુર થઇ જમીન પર અલોટાયલા જોયા કે તેણીએ પોતાના કપડાં અને જરજવાહેરની ગાંસડી બાંધી અને ચોરોના સરદારની પેટીમાંથી પાંચસો દીનારની ઠેલી કાઢી પોતાની કમ્મર આસાપાસ બાંધી. ત્યાર પછી તેમનોજ ધારદાર અસ્ત્રો લઇ દરેકની દાઢીના અરધી બાજુના બાલ મુંડી નાખ્યા અને બોડેલી દાઢીના સામી બાજુના મહોડાંના ભાગ તૈયાર રાખેલી મેસથી કાળા કીધા અને મકાનનો દરવાજો ઉઘાડી તેણીએ ત્યાંથી ચાલતી પકડી.

જ્યારે શરાબની ખુમારી ઉતરી ત્યારે ચોરો એક બીજા તરફ જોઇ અજબ થયા. જુસતેજો કરવાને પેલી બંધીઆન કીધેલી ઓરતને હાંક મારી. તેણી ત્યાંથી જતી રહેલી માલમ

પડયાથી તેઓ તરત ચેતી ગયા અને એક બીજાનું મોહું જોઇ ધુમ હસવા લાગ્યા, પણ જયારે સરદારે સંદુક ઉઘાડી અને તેમાંથી પેલી પાંચસો દીનારની હેલી ગુમ થયલી જોઇ ત્યારે તેમના ગુસ્સાનો પાર રહયો નહી.

ઠગને ઘર ઠગ પરોણો.

બગદાદ શેહેરમાં એક વખત અલમરવાઝી નામનો એક ઠગ રેહેતો હતો. તે એક ચબરાક ચોર હતો. તેની ચશમ ઘણી ચજોર હતી અને પોતાના તેવાજ ભાઇબંધો સાથે મલી લોકોને તરાય તરાય પોકરાવી કાંઇકોને તેણે ખુહાર કીધાં હતાં. તેની પકાઇ અને ખંધાઇ બધેબધ આશકારા હતી. એક દીવસ તે બાહાર નીકળ્યો અને બાહાર રસ્તે પડેલી બકરાંની લીંડી એકઠી કરી એક પોતરડાંમાં બાંધી મુછપર તાવ ચઢાવી તે બોલ્યો : હું આ લીંડી દ્રાક્ષને ભાવે આજે ન વેચી આવું તો મને ફલાણા ફલાણા કસમ છે ; હું તે વેચું નહી ત્યાં સુધી મકાને પાછો કદીજ ફરૂં નહીં તો !

હવે બીજે શેહેર અલરાઝી નામનો એક બીજો ઠગ રેહેતો હતો. તે બી તેના ઉપલા ભાઇ જેવોજ, બલકે તેથી પાંચ ડીગ્રી વધુ. તે પોતાને મકાનેથી બાહાર પડયો અને રસ્તામાં પડેલી મેંઢાંની લીંડી એક પોતરડાંમાં બાંધી ઉફનાવા લાગ્યો કે "આ લીંડી હું સુક્કાં અંબરના ભાવે વેચું તોજ ખરો !" એ રીતે એ બેઉ શાહ સોદાગરો પોતાનો સોદો લેઇ રસ્તે પડયા. ચાલતાં ચાલતાં એકજ સરામાં બન્ને ઉતર્યા, અને બન્ને વાતે બી બેઠા. બંન્નેએ એકજ સરખી ફર્યાદ કીધી કે તેઓ ચાલી ચાલી ને ઠાકા પણ તેમના સોદાનો કોઇ ખરીદાર ન મળ્યો. અતરે કેહેવું અગત્યનું છે કે બેઉ એકમેકને સાચો સોદાગરજ સમજતા હતા, અને બન્ને એકમેકને ઠગવાનો પ્રપંચ યોજતા હતા ; પેલા મરવાઝીએ રાઝીને કહ્યું "ભાઇ તું તારૂં આ પોતલું મને વેચેછે ?"

"હા ભાઇ, લેની."

"અને મારી પાસે જે છે તે તું લેશે ?"

"હા, મોટી ખુશીથી" પેલા અલરાઝીએ જવાબ દીધો. તેઓ એક મત થયા અને પોત પોતાનો માલ તેઓએ એકમેકને અદલબદલ કીધો, અને એકમેકને સલામ કરી ચાલતા થયા.

એકમેકની નજરથી દુર થયા કે તેઓએ પોતે બદલી લીધેલી ચીજ તપાસવા માંડી. તેમાંથી એકને બકરાંની અને બીજાને મેંઢાંની લીંડી મલી ; આ મામલો જોઇ બન્ને એકમેકને પકડી પાડવા પાછા ફર્યા. પેલીજ સરામાં ઉતર્યા અને એકમેકની કુનેહ પર ખુબ હસી એક-મેકનાં વેચાણ એક મતે રદ બાતલ કર્યા, અને એકમેકને એકજ વેપારમાં ચબરાક જોવાથી તેઓ એકમેક સાથે જોડાયા : જેનાં પરીણામમાં મરવાઝી અને અલરાઝીની કંપની જન્મ પામી. પછી અલરાઝીએ મરવાઝીને કહ્યું.—

"ચાલ, તું મારાં શેહેરમાં આવ : કેમકે તે તારાંથી વધુ નજીક છે." મરવાઝીએ કબુલ કીધું અને બન્નેએ રાય (અલરાઝીનાં) શેહેરનો રસ્તો લીધો. શેહેરમાં દાખલ થયા અને ઘરે પ્હોંચતાં અલરાઝીએ પોતાના ભાગ્યાની ઓલખ પોતાની ઓરતને આપી કે "આ મારો ભાઈ છે અને ઘણે વર્ષે ખોરાસાનથી આવ્યો છે." અને ત્રણ દીવસ તેને પોતાનાં ઘરમાં રાખી તેની ખુબ માવજત તેણે કીધી. પછી થોડે દીવસે તેણે તેને કહ્યું "ભાઇ મારા, મેં એક કામ હાથ ધર્યું છે."

"તે શું?"

"હું જાણે મરી ગયો હોવું તેમ ઢોંગ કરૂં અને તું બજારમાંથી કફની વિગેરે લેઇ આવ અને બે હેલકરીઓને પણ સાથે બોલાવતો આવ, અને તેઓ પાસે મને ઉંચકી લેઇ જઇ મોહોલાઓમાં અને બજારમાં ફર અને ભીખ એકઠી કર." આ સાંભળી મરવાઝી તુરત ઉઠયો અને બજારમાં ચાલ્યો, જે સઘળું લાવવાનું હતું તે તે લેઇ આવ્યો અને ઘેરે આવીને જોયછે, તો બાહાર કમ્પાઉન્ડમાં અલરાઝીને હાથપગ બાંધીને એક મુડદાં મિસાલ નાખેલો. તેની આંખ બંધ હતી, તેનું પેટ ફુગેલું હતું, અને તેનો દમ જરા ચાલતો ન હતો. મરવાઝી સમજ્યો કે તે ખરેખર મરી ગયો હશે, તેથી તેને ખુબ હલાવ્યો, ગીલી ઘાલી, પણ કાંઇ વળયું નહીં ત્યારે ગજવાંમાંથી એક છરી કાઢી તેનાં પગના તળ્યાં ઓખવ્યાં: આથી જોઇતી અસર થઇ ખરી. અલરાઝી ચોંકી ઉઠયો અને બોલ્યો "અય મુરખા? એ શું કરે છે?"

"હું જાણું કે તું ખરેખર મરી ગયો હશે."

"ચાલ, મશ્કેરી છોડ અને કામે વળગ." એટલું બોલી પેલાએ તેને હેલકરી પાસે ઉંચકાવી ચાલવા માંડયું અને 'સરે બાજાર કે બીચ' ખુણે રહી ખુબ ભીખ મેલવી રાતે ઘેર આવ્યો.

બીજી સહવારે પણ તે તેને ઉંચકાવી મોહોલે મોહોલે ફરવા લાગ્યો, પણ ત્યાંની પોલીસનો વડો જેણે તેને આગલે દીવસે ભીખ આપી હતી તેને લાગ્યો ગુસ્સો અને પેલા હેલકરીઓને મારી કાઢી પેલાનું મુડદું પોતાને હસ્તક લેઇ બોલ્યો: "હું એને મારે પૈસે દફણ કરીશ કે અલ્લાહ મારૂં ભલું કરશે."

તે પોલીસના વડાનાં આદમીઓ તેને કબ્રસ્તાનમાં લેઇ ગયા અને ઘોરખોદુઓને પકડી લાવી તેને માટે ઘોર તૈયાર કરાવી; પછી ખુટાઓ, કફન વગેરે લાવી એક શેખ પાસે તેની ઉપર બંદગી પઢાવી. પેલા શેખે તેને નહવાડયો જેથી તે શેખ વધુ ક્રિયા કરવા ગયો અને ત્યાં ભેગા મળેલા બીજાઓબી તેને ત્યાં એકલો મુકી નાહવા ગયા કે નાહી ધોઇ તેને દફણાવે. પણ જેવો અલરાઝી એકલો પડયો કે એક સેતાનની માફક તે ઉઠયો અને ત્યાં મુકેલી સાદડી, માટલું વગેરે લેઇ પ્હેરેલું કફન કાઢી, તે બગલમાં મારી, ત્યાંથી તેણે ચાલવાજ માંડયું.

પેલો ઠગ નાહાઠો તે સીધો પોતાને ઘેર પુગ્યો, અને અંદર જઇને જોયછે તો પેલો મરવાઝી ખાસ્સી તરેહથી તેની ઓરતની ગરદનમાં હાથ ભેળવી તેણી સાથે લાડ કરતો બેઠો હતો. તેણે તેને બોલતો સાંભળ્યો:

"હવે તો તું તારા ખાવીંદને કદી જોશે નહીં: કેમકે અત્યાર સુધીમાં તો તે જમીનમાં દબાઇ ચુકયો હશે. હું પોતે માહા મુસ્કેલીએ તેઓના હાથમાંથી છુટી આવ્યો અને, તારો ખાવીંદ હટાવાની બીહીકે જરા પણ ચું કે ચાં કરશે તો તેઓ તેને જીવતોજ વેત્તરી નાંખશે."

"બારૂં, પણ તેથી તું મને કેહેવા શું માંગે છે?" તે ઓરતે પુછયું. "હું તુંને કેહવા એ માંગું છ કે તું મારી સાથે નાહાસ અને મને તારા ખાવીંદ દાખલ કબુલ કર, હું તારા ખાવીંદ કરતાં બધી વાતે બેહેતર છું."

અલરાઝી આ સાંભળી મનસે બોલ્યો" બડો લુચ્ચાનો પીર! મારી આખી બૈરીની બૈરીજ ઉડાવી જવા માંગેછે. ઠીક છે, બચ્ચા, તારો હું ઘાટ ઘડું છું. પ્હેલાં તો હું તેમની વચમાં ઘસી જઇ તેમને હેરત કરૂં." એમ વિચાર કરી તે તેઓની વચમાં દોડતો આવી કુદી પડયો કે તેમના ગભરાટનું પુછવુંજ શું?

ગભરાટ જરા સમ્યો કે મરવાઝીએ તેને પુછ્યું "તું હ્યાં કેમ છટકી આવ્યો?" જેના જવાબમાં અલરાઝીએ પોતાની વીટેલી સઘલી કાંહાણી કહી સંભળાવી; પછી તેઓ ભીખ માંગી એકઠા કીધેલા પૈસા ગણવા બેઠા, જે ખરેખર તેઓએ રાખેલી આશા કરતાં ઘણા વધારે માલમ પડયા.

"ચાલ ભાઇ," મરવાઝી બોલ્યો "હવે બહુ લાંબો વખત થયો હું હ્યાં છું, હવે મને મારે વતન જવાદે."

"જેમ તારી મરજી" અલરાજી બોલ્યો.

"ત્યારે, આ એકઠા થયલા પૈસા આપણે વ્હેંચી લેઇયે અને તું પણ મારી સાથે મારાં શેહેરમાં ચાલ કે હું તુંને મારી હાથ ચાલાકી બતાવું."

"ઠીક છે, તું કાલે આવજે; આપણે એ પૈસા સરખે ભાગે વ્હેંચી લેઇશું. પેલો મરવાઝી આ સાંભળી રજા લઇ ચાલી ગયો અને પેલો અલરાઝી પોતાની જોરૂ તરફ ફરીને બોલ્યો "પૈસા તો ખુબ એકઠા થયા છે, અને પેલો કુતરો બધાંપર પોતાનું ડાપું ભરવા માંગે છે. પણ તારી સાથે તેને ગેલ કરતો જોઇ મારો વિચાર ફરી ગયો છે. તું જાણે કે રમવાનું રમકડું હોય તેમ તે તારી સાથે ગમત કરવા લાગ્યો! હવે તું જો કે સઘળાં નાણાં હું કેવાં પચાવી જાઉં છું અને તેને કેવો રડાઉં છું; વચ્ચે તું એક બોલ ના બોલતી."

"ઠીક છે" પેલીએ જવાબ દીધો.

"જો, આવતી કાલે બડી ફજ્જર હું મરી જવાના ઢોંગ કરીશ, અને તું તારા વાળ પીખી, છાટી કુટી, મોટે મોટે રડજે એટલે બધું લોક એકઠું મલશે; પછી મને તેઓ દાટવા લેઇ જશે, પણ તું કાંઇ બોલતી ના. લોક વીખરાઇ જાય કે રાતે તું આવી મને બાહાર ખેંચી કાઢજે. મને તો એવી ટેવ છે એટલે બે દીવસ વેર હું ખોરાક વગર ઘોરમાં પડી રહીશ."

"જેમ તારી મરજી," તેની ઓરત બોલી; અને સહવાર પડતાંજ પોતાના ખાવીંદના કહયા મુજબ તેણીએ તો કીધું, અને રડી કુટીને લોક મેલવ્યું. આ ગડબડ ચાલતી હતી તેટલાં મરવાઝી આવ્યો.

"તારો ભાઇ બીચારો મરણ પામ્યો" તેઓએ તેને કહ્યું. પણ તે માને શાનો? તે મનસે વિચારવા લાગ્યો "આ કંગાળ મને ઉડાવે છે, અને સઘળી લુટ પોતે પચાવી જવાના ઢોંગ કરે છે, પણ હુંબી ખરો કે તેની શુધ્ધ ઠેકાણે લાવું." તેણે લોકના દેખતાં પોતાના પેહરણનાં બંધ તોડી છાટી કુટી રડવા માંડયું. અને પેલાઓ તેને ખુબ પટાવી દીલાસો દેવા પડયા. પછી તે અલરાઝીની બૈરી પાસે ગયો અને પુછયું "પણ એકાએક એ થયું કેમ?"

"ભાઇ, હું કાંઇજ જાણતી નથી. રાતે ધારા મુજબ ખાઇ પીને સુતો અને સહવારે જોઉં છું તો દમ સાસ મલે નહી!"

"ત્યારે પેલા બધા પૈસા કયાં ગયા?"

"હું કાંઇજ જાણતી નથી."

જ્યારે સઘળાં ઘરે બારે થયા કે તે પેલા અલરાઝીના રવાન આગળ બેઠો અને બોલ્યો "એ ભાઇ અલરાઝી, તુંને ખબર છે કે તારી કબર આગળ હું દસ દીવસ અને દસ રાત જાગીશ અને ત્યાંથી બીલકુલ ઉઠીશ નહીં, માટે વધુ વખત મુરખો ના બન અને ઉઠીને ફર."

કાંઇજ જવાબ નહીં મલ્યો, ત્યારે તેણે પોતાની પાસેની છરી કાઢી તેના હાથ પગમાં તે ભોકવા લાગ્યો કે જોઇયે તેશી હાલે છે? તેથી તો તે ડાકયો અને તેને જરાક વિચાર

બહાર ખેંચી જમીનપર ચતો નાંખી તેને બેરહમ માર મારવા માંડ્યો, પણ અલરાઝી બચ્ચો શું કે ચા કરે ?



B. B. Mehta.] [*Gaiety Theatre*

આવવા લાગ્યો કે કદાચ તે મરી પણ ગયો હોય ! તોપણ તે વિશે તેની પક્કી ખાતરી નહીં. સઘળા તો તેને અલરાઝીનો ભાઇજ સમજતા હતાઃ એટલે ભાઇ તરીકે દફન ક્રિયાની સઘળી તૈયારી કરવાનું તેનેજ માથે આવી પડયું.

તેણે સઘળી તૈયારી કરી તેને ઘોરમાં ઉતાર્યો અને ઉપર મતોડું પુરી લીધું. સઘળાંઓ પોતપોતાને ઘેર વિદાય થયાં. પેલી ઓરત અને મરવાઝી ત્યાં રડતાં બેશી રહ્યાં, પછી પેલી ઓરતજ ગભરાઇ "એ મુવો પંથારી માંડીને જ્યાંજ બેસશે તો મારો ધણી ઘોર ઉખેડીને જીવતો બાહાર કેમ આવશે ?" તેથી તેણીએ મરવાઝીને પટામણે સાદે કહ્યું "ચાલો ભાઇ ! જ્યાં તે કયાં સુધી તમો બેસી રેહેશો ? એમ હેપજેપ કર્યાથી કાંઇ તમારો ભાઇ પાછો સજીવન થનાર છે ?"

"નહીં, ભોંજાઇ" તે રડતે સાદે બોલ્યો "અલ્લાહના કસમ, હું મારાં એ હેતવંતા ભાઇની કબર છોડનાર નથી. હું દસ દીન જ્યાં જાગીશ અને દસ રાત કબર પરજ ઉંઘીશ."

આથી પેલી વધુ ઘાભરી બની, તોપણ તેણીએ મનસે વિચારયું "કે એ તો અમસ્થો બોલતો હશે, એ કાંઇ એમ બેસે નહીં અને હું જઇશ કે મારી પુઠે એ પણ ચાલ્યો આવશે.' એમવિચાર કરી પોતે ઉઠવા જાય છે તેટલાં તેણીને મરવાઝીએજ કહ્યું, "બેહેન, તું કયાં સુધી જ્યાં બેસી રેહેશે ; તું તારે ઘેરે સીધાર."

એટલે પેલી ઓરતતો ઉઠીને ચાલી.

હવે મરવાઝીએ જ્યાં જેમ તેમ અડધી રાતતો તોડી પાડી, પછી મનસે વિચારવા લાગ્યો કે "જીદમાંને જીદમાં તે કદાચ મરી બી જાય તો મને લાભ શું ? એણે પેલી અમારી કમાઇ કયાં રાખી, તે મને કયાં માલમ છે ? માટે લાવ, કબર ઉખેડી કાઢી તેને બાહાર કાઢું અને ખુબ તરેહથી ચોકું અને મારો ભાગ તેની પાસે ઓકાવું" એમ વીચારી તેણે કબર ઉખેડી કાઢી પેલા અલરાઝીને અંદરથી ખેંચી કાઢયો. તેને બાહાર ખેંચી તેના પગ તેણે બાંધ્યા અને જમીન પર ચતો નાખી તેને જોરબંધ માર મારવા માંડયો પણ અલરાઝી બચ્ચો ચું કે ચાં ન કરે ! તેને મારતાં તેનાં ખભાં દુઃખી આવતાં કે જરા વિસામો લેઇ પાછો માર ચાલુ કરતો. (જુઓ ચીત્ર.)

હવે ચોરની એક ચોક્કસ ટોળકી હમેશાં લુટ મારી આવી ત્યાંજ ધામો નાખીને કમાઇ વહેંચી લેતી. આથી દૈવયોગે એવું બન્યું કે જે વખતે પેલા અલરાઝીના બદન પર પેલો મરવાઝી લાકડીના જરબ ચલાવતો હતો તેજ વખતે પેલા ચોરની ટોળકી કબ્રસ્તાનમાં દાખલ થઇ. પેલા ફટકાના અવાજ સાંભળી તેઓ વિચારવા લાગ્યા કે કોઇ પાપીને સેતાનો સજા કરતા હશે. તેઓને કશી ભય ન હતીઃ એટલે તેઓ સીધા આગળ ચાલતાજ આવ્યા.

હવે મરવાઝીએ શું ધાર્યું કે ચોકીબાનો આવ્યા, એટલે અલરાઝીને ત્યાંજ પડતો નાંખી દુર નાહાસી જઇ કબરને ઓથે તે ભરાઇ રહ્યો. જ્યાં બાપડા અલરાઝીને ટાંગેલો હતો ત્યાં તેઓ આવી પુગતાં જોય શું કે તુરતનું દાટેલું મુડદું ઝાડ સાથે લટકતું હતું અને તેની આગળ સીતેરથી એંસી લાકડીઓ ભાંગેલી પડેલી હતી, જે જોઇ તેઓ બોલ્યા 'આ કોઇ પકકો પાપી હશે, કેમકે તેના બદનને કબરે પણ આરામ ન આપતાં હડસેલી બાહાર નાંખ્યો છે. હવે એમ કરો ; આપણામાંથી જે પાપી હોય તેણે અલ્લાહને રાજી રાખવા અને તેમ કરી પોતાના પાપનો બોજો ઓછો કરવા એને દમ બેદમ વગર હાકવે ફટકા લગાવવા."

"અરે કોઇ પાપી શું ?" તેઓમાંનો એક બોલ્યો "આપણે બધાજ પાપી છીયે અને એમજ જો પાપ કપાતુંજ હોય તો લાવો એને ઠોકવામાં આપણું બગડયું શું ?"

આથી દરેકે એકેકી લાકડીથી અલરાઝનાં દીલપર જરબ લગાવવા માંડયા.

ફટકા મારતાં એક બોલે "આ મારા બાપનાં પાપ માટે."

બીજો બોલ્યો "આ મારા દાદાના પાપ માટે."

ત્રીજો બોલ્યો "આ મારા ભાઇના પાપ માટે."

ચોથો બોલ્યો "આ મારી માદરનાં પાપ માટે."

એમ સઘળાઓ બીચારા પર એવા પડયા કે તેણે સઘળા જરબ કેમ સહન કીધા તે આજે એક અજાયબીની વાત છે.

હવે મરવાઝીને પુછવું પડે? તે તો પોતાની ભરાવાની જગ્યામાં નાચે ને કુદે અને એવો ખુશી થાય કે બોલવાની વાત નહીં. મનસે તે બોલતો કે "જમ બચ્ચા, અલ્લાનો ઇન્સાફ કાંઇ ખોટો નથી; મારી આખી કમાઇ ખાધાના બદલામાં પેટ ભરીને આ મલીદો તો જમ!"

પછી પેલા લુટારાઓ પોતાની લુટની વાતણી કરવા બેઠા. હવે તે લુટમાં પૈસા ઉપરાંત એક તરવાર નીકળી, જે કોણ લેય તેનો તેઓ વચ્ચે વાંધો પડયો, પણ તેમનો સરદાર બોલ્યો "અય! યારો પેહેલાં આપણે તપાસી તો જોઇયે કે તરવાર ખરી છે યા ખોટી?"

"ઠીક ત્યારે" સઘળાઓ બોલી ઉઠયા "આ તાજું મુડદું છે, એ પરજ અજમાવો."

સરદારને આ વાત ઠીક લાગી: એટલે તે તરવાર લેઇને ઉઠયો.

હવે પેલો મરવાના ઢોંગ કરનાર અલરાઝી ખરો ગભરાયો. તેણે વિચાર્યું કે "બધી જે સખ્તી ખમી તે એમ મરવાને ખાતર કે? એ તો તરવારને એકજ ફટકે હું સાફ થઇ જઇશ. ના ભાઇ, એ ન પરવડે" એમ વિચાર કરી તે જોરથી ઉઠયો અને બોલ્યો: "મોરદેહ નીકળ કે કફનસે ચલે!"

તેને જોઇ પેલો મરવાઝી પણ નીકળી આવ્યો. પેલાઓ સમજ્યા કે જેમ એક બે તેમ સઘળાં મુડદાં ઉઠશે તો બધાં ને આખા ગળી જશે, નાહાસો; પણ નાહાસતાં જે હાથમાં આવ્યા તેને પેલા બે ઠગોએ સોટાવડે કુંદી પાક જમાડવામાં કશી ખામી રાખી નહીં. લુટ લુટની જગે અને લુટારાતો નાહાઠા. અલરાઝી અને મરવાઝીને સલાહ કરતાં વાર લાગી નહીં, અને તેઓ બંન્ને પેલા લુટારાઓની લુટની ગણત્રી કરવા લાગ્યા.

પેલો મરવાઝી બોલ્યો "ભાઈ તું મને પેલી કમાઇમાંનો મારો હીસ્સો આપે નહીં ત્યાં સુધી હું તુને આ માંહેલો હીસ્સો આપનાર નથી." અલરાઝી બોલ્યો "હું તુને તેમાંનો હીસ્સો તો નથીજ આપવાનો; આમાંથી મારો તો હીસ્સો લેવાનો." એ રીતે તો તેઓ વચ્ચે ઝગડો જાગ્યો, અને આપસ આપસમાં મોટે મોટે તકરાર તેઓ કરવા લાગ્યા.

હવે પેલા લુટારાઓ બીહીને નાઠા, પણ તેમને કાંઇ લુટ છોડી દેવા ગમે? એટલે તેઓ ત્યાંથી સદંતર નાહાસી ન જતાં દુર છુપાઇને સઘળું માંજરું જોતા ઉભા.

તેઓમાંનો એક બોલ્યો. "ચાલો, આપણે જઇને જોઇયે એ શી ગડબડ છે."

પેલો સરદાર બોલ્યો "મને એમ લાગે છે કે એ બધા જીવતાના ઢોંગ છે; મુવેલા પાછા ઉઠે એ કોઇ કાલે આપણા સાંભલવામાં આવ્યું નથી. ચાલો, આપણે આપણા પૈસા લેઇયે: કેમકે મુવેલાઓને તેની શી ગરજ?"

પણ જવાનો કેટલાકોનો જીવ નહીં ચાલ્યો.

તેઓ કેહેવા લાગ્યા કે "આપણે આપણાં સઘળાં હથ્યાર છોડી નાહાસી આવેલા હોવાથી તેમનાં હુમલાની સામે બચાવનું આપણા પાસે કશું સાધન નથી. માટે આપણામાંથી એક જણે જરા નજીક જઇને જોવું કે મામલો શું છે અને તે આપણ ખબર કરે પછી આપણે જવુ.

કે ન જવું તેનો વિચાર કરીશું" આ સલાહ મુજબ એક જણ તેઓ તરફ ગયો, અને તેઓની નજદીક એક કબર પછવાડે છુપાઇને સાંભળવા લાગ્યો.

"હું તુને આમાંથી એક ખોટો દેરમ ન લેવા દેઉં." તેણે બોલતાં સાંભળ્યો.

"અને તું ને હું આમાંના એક ખોટા દેરમને જરા જોવાબી ન દેવું" બીજો બોલતો સંભળાયો. આ પ્રમાણે તેઓ અકેક પછી ઉસ્કેરાઇ બોલવાજ લાગ્યા.

હવે પેલો જોવા આવેલો ચોર કેડો ઉલુ તે એમ નહીં સમજ્યો કે એ એકનાં એક વાકયો પેલા બે જણા બોલેછે. તેણે જાણ્યું કે ઘણાંક મુડદાં ઉઠી આવી આપસ આપસમાં તકરાર ચલાવે છે. તે ઉતાવળમાં પોતાના સોબતી આગળ જઇ પહોંચ્યો, જેને જોઇ તેઓએ પુછ્યું "કેમ, ભાઇ, ત્યાંની શું ખબર?"

"અરે મુર્ખાઓ, ખબર શાની? બચ્ચાઓ! ત્યાં તો આખાં કબ્રસ્થાનનાં મુડદાં બાહાર લડી મરેછે, માટે તમારે જીવતા રેહેવું હોય તો ત્યાંથી નાહાસો."

આ સાંભળી લુટારાઓ એવા ત્યાંથી નાહાઠા કે થોડીવારમાં કયાંના કયાં નીકળી ગયા.

પેલા બે ઠગો બધો ખજાનો લેઇ અલરાઝીના મકાને ગયા અને બધી લુટ બે ભાગે બરાબર વહેંચી લેઇ અલરાઝી પોતાને મકાને બેઠો અને મરવાઝી પોતાને ઘરે ગયો.

ભાઈ કયાં? જહાંના તહાં.

યમન નામના મુલકનો એક રાજા હતો, જેની સભા હેઠલ બીજા ત્રણ રાજાઓ હતા. તેને ત્યાં ચાર છોકરાં હતા: ત્રણ બેટા અને એક બેટી. તેની પાસે વલી ખજાણો અને દોલત એટલી બેશુમાર હતી કે લખેલી કલમથી લખાય નહીં અને સમાવેલી પાણીમાં સમાય નહી. તેની પાસે ઘોડા, ઉંટ, બકરાં, મેંઢાં અને બળદ વિગેરે જાનવરો પણ બીસ્યાર બેશુમાર હતાં. તેના રાજની ચોક્કસ મુદ્દત વિટતાં તે જઇફ થયો. જઇફીની જોડે જોડ નાતવાની પેદા પડી અને તેનેથી હુકમો આપવા દેવાને ખાસમાં આવી શકાતું નહીં. હવે તે પોતાનું મૌત ચેતયો. માટે પોતાના બેટાઓને બોલાવી તેમને કહ્યું: "હું આજે મારી માલમતા અને તાજો તખ્તના તમારા વચ્ચે ભાગ કરવા માંગું છું કે હું મરૂં તેની આગમજ તમને તમારૂં મળે અને હુ જેમ કહું તેમજ તમો ચાલશો એવી મને ઉમેદ છે."

"તમો નામવર પીતાનો હુકમ અમો સરો ચશમથી બજા લાવીશું." તેઓ એકે અવાજે બોલ્યા.

ત્યાર પછી સુલતાન બોલ્યો "તમારામાં જે વડોછે તેણે મારી પાછલ રાજ કરવું. વચલાએ મારા માલ ખજાના અને રોકડ દોલતનો ધણી થવું અને સઉથી નાનાએ મારાં ઢોર ઢાંખરાં પોતાને હસ્તક લેવાં. એ મુજબ વહેંચી લેઇ એકમેકે એકમેકના હકની સામે સોખન ઉઠાવવો નહી, પણ એકમેકને તેનાં કામમાં મદદ કરવી." એમ કહી તેણે લખત તૈયાર કરાવ્યું, જેપર તેમની સહી લીધી અને થોડા વખતમાં તે સુલતાન દાદગરના દયાળુ ઓથે જઇ ઉભો. તેના બેટાઓએ તેને બાઆબરૂ દફનાવ્યો. સઘળા અમીર ઉમરાવો, સાહેબ સરદારો તે ત્રણે બેટાઓને દીલાસો આપવા રાજમેહેલમાં ભેગા મળયા અને દેશેદેશથી દીલાસાના પેગામ આવી પુગ્યા.

એ સઘળું તમામ થયું કે પેલાં લખતની રૂહે વડો બેટો ગાદીએ આવ્યો, પણ તેના બન્ને બીરાદરો તે લખતથી તેમજ તેમના મરહુમ બાપના હુકમની ખેલાફ તેની સામે થયા: પેહેલો કહે રાજપર હું બેસું અને બીજો કહે રાજ તો મારૂં કેહેવાય. તેઓ વચ્ચે

એ રીતે ઝગડો જાગ્યો જે કોઇથી સમી ન શક્યો. આખરે વડા બેટાએ એક તોર શોધી કાઢ્યો તે બોલ્યો "બેરાદરો એમ લડતાં કાંઈ વળવાનું નથી, ચાલો આપણે આપણા પેદરની સત્તા હેઠલના ખંડયા રાજાઓમાંના એક આગળ જઇયે અને આપણો હાલ હેવાલ તેની સનમુખ રજુ કરી આપણી તકરારનો ફેસલો તેને સોંપ્યે." સઘળાઓએ કબુલ કીધું અને મુસાફરીએ નીકલ્યા. સાંજે એક ઠેકાણે મેદાનની લીલોતરી તરફ તીકીને એક બોલ્યો "બેરાદરો ત્યાંથી એક ઉંટ હમણાજ પસાર થયલું લાગે છે, જેની પીઠપર એક બાજુએ મીઠાઇ અને બીજી બાજુએ અનાજ લાધેલો હોવો જોઇયે."

"હા, ખરેખર, અને તે એક આંખે કાણું હોવું જોઇયે" બીજાએ તાપસી પુરી.

જ્યારે ત્રીજાએ ખાતરી આપી કે "તે ઉંટ પુછડી વગરનું હોવું જોઇયે." આ છેલ્લો બોલનાર હજી તો પોતાનું બોલવું પુરૂં કરી રહે તેટલાં તે ઉંટનો માલેક, જે તેઓ ત્રણેનું બોલવું કેડે છુપાઇને સાંભળતો હતો તેણે નીકળી આવી તેમને પકડયા અને તે બોલ્યો—

"તમોજ ત્રણેએ મારૂં ઉંટ ચોર્યું હોવું જોઇયે."

"અરે ભાઇ" તે બીરાદરોમાંનો એક બોલ્યો "અમે તે ચોર્યું નથી તો નથી પણ અમે તેને જોયું વટીક નથી."

"વાહ! એ બનેજ કેમ? ત્યારે તમે તેને લગતી બાતમી જાણીજ કયાંથી ચાલો સુલતાન પાસે તે જે કહે તે ખરૂં."

તે ચારો ચાલતા સુલતાનના મેહલમાં દાદ ચાહવા પેઠા.

પ્હેલે સારવાન બોલ્યો "અય નામવર સાહેબ, તેમની પોતાનીજ વાત પરથી સાબેત થાય છે કે આ ત્રણેએ મારૂં ઉંટ ચોર્યું છે, કેમકે તેનું આબેહુબ વર્ણન કરતાં તે પર શું લાધ્યું હતું તેનું બ્યાન કરતાં મેં તેમને કાને કાન સાંભળયા છે, માટે એઓ પાસે મારૂં તે ઉંટ મેરબાની કરી તું અપાવ."

"અલ્લાહના કસમ, નામદાર. અમે એનું ઉંટ લીધું તો નથી પણ તેને અમારી નજરે જોયું વટીક નથી." તેઓએ સુલતાનના પુછવાથી જવાબ દીધો.

"અય, ગરીબ પરવર" સારવાન બોલ્યો "પેલા મોટાને મેં બોલતાં સાંભળ્યો કે તે જગ્યેથી પસાર થઇ ગયલું ઉંટ એક આંખે કાણું હોવું જોઇયે; બીજો છોકરો બોલ્યો કે તે પુછડી વગરનું હતું અને ત્રીજો બોલ્યો કે તેની પીઠની એક બાજુએ મીઠાઇ અને બીજી બાજુએ અનાજ લાધેલો હતો; હવે સાહેબ, એ વર્ણન મારાં ઉંટને આબેહુબ મળતું આવે છે."

"ખરી વાત કે?" સુલતાને તેઓને પુછ્યું.

"અય સાહેબે હશ્મત, અમો અમારી લાંબી મંજલની થાક ઉતારવા જે ઠેકાણે બેઠા હતા ત્યાંનું ઘાસ એક ચોક્કસ રીતે કતરાયલું અમે જોયું, તે પરથી અમે અનુમાન કીધું કે ત્યાં એક ઉંટ ચરી ગયલું હોવું જોઇયે, તે પુછડી વગરનું હતું એમ જે અમે અનુમાન કીધું તે એ ઉપરથી કે ત્યાં તેનું મેલું વેરવીખેર ન પડતાં નાના નાના ઢગમાં પડેલું હતું; તે આંખે કાણું હતું તે અનુમાનપર અમે એમ આવ્યા કે જે રસ્તેથી ઉંટ ચાલી ગયું હતું તે રસ્તા પર એકજ બાજુનું ઘાસ કતરાયલું અમે જોયું, અને તેની પીઠપર એક બાજુ મીઠાઇ અને એક બાજુ અનાજ લાધેલો હતો એ ઠેડાવ પર અમે એમ આવ્યા કે જે ઠેકાણે ઉંટ બેઠેલું હોવું જોઇયે તે ઠેકાણે એકજ બાજુએ માખ બણબણ થતી હતી, અને માખ હંમેશ મીઠાસ પર બેસે."

આ સાંભળી સુલતાને પેલા સારવાનને કહ્યું "તું તારાં ઉંટની શોધમાં જા, કેમકે આ જવાનોએ તે ચોર્યું હોય એમ દીસ્તું નથી. તારાં ઉંટના સંબંધમાં જે તેઓએ ખરી અટકળ કીધી છે તે તેમની સમજશકતી અને ફરાસતને લીધે છે." સારવાન બાપડો આથી ચાલતો થયો.

એ ભાઇઓ કોણ છે, તેની જાણ થતાંજ સુલતાને મેહેલમાંનો એક ઓરડો આરાસ્તા કરાવ્યો અને ત્યાં પેલા શાહજાદાઓને રાખ્યા. તેમને માટે સારૂં ભોજન તૈયાર કરાવી તેમને જમાડયા અને તેમની સઘળી માવજટ અને તજવીજ રાખવાનો પોતાના કારભારીઓને હુકમ કીધો.

રાત પડી અને તેઓ રાબેતા મુજબ જમવા બેઠા. જમતાં જમતાં વડો ભાઇ હાથમાં નાન પકડી પડયો "મને ખાતરી છે કે આ નાન કોઇ આજારી ઓરતે બનાવ્યાં છે."

જ્યારે વચલો ભાઇ ગોસનો એક ટુકડો પકડી બોલ્યો "જે બચ્ચાંનું આ ગોસ છે તે મને લાગે છે કે એક કુતરીને ધાવેલુંછ."

"અરે એ શું?" ત્રીજો ભાઇ બોલ્યો "હું ખરૂં અટકળી શકુંછ કે આ સુલતાન પોતાના બાપનું ફરજંદ નથી પણ કોઇ હલકાં ખુનનો છે." આ ત્રણે શાહજાદાઓ આ સઘળું બોલતા હતા ત્યારે સુલતાન પોતે એક પડદા પાછળ છુપાઇ રહ્યો હતો. તેની એમ છુપાવાની મતલબ એ કે પેલાં ઉંટની બાબદમાં તે શાહજાદાઓની તર્ક શકતીથી મોહ પામ્યો હતો અને હમણાં પણ તેઓ કાંઇ તેવી અટકળો કરે છે કે નહીં તે સાંભળવા સુલતાન એક છુપી જગ્યે ભરાઇ બેઠો હતો. તેણે પોતા વિશેની અટકળ સાંભળી કે તે તો સલગ્યો. તે ગુસ્સા ભેર બાહાર આવ્યો અને ત્રીજા શાહજાદા તરફ ફરી બોલ્યો "અય હરામજાદા તેં મારે માટે હમણા શું કહ્યું?"

"અય નામવર તેં જે સાંભળ્યું તે સઘળાંને માટે તું તલાશ કરશે તો તને અમારી બધી અટકળ ખરીજ માલમ પડશે."

તુરત તે જનાનામાં ગયો તો પુછતાં માલમ પડયું કે ખરેખર જેણે આજે નાન બનાવ્યાં હતાં તે સીક હતી. ત્યાર બાદ ખાટકીને બોલાવી તેણે પુછ્યું તો તેણે કબુલ કીધું કે "ગરીબ પરવર, આજે જે બકરૂં કાપ્યું તેની મા તેને જન્મ આપતાં મરણ પામી. મારી પાસે બીજી બકરી ન હોવાથી મેં તેને એક કુતરીની પનાહ હેઠળ મુકયું, જેને ધાવી તે મોટું થયું. છેલ્લે સુલતાન હાથમાં નાગી તરવાર લઇ પોતાની માના ઓરડામાં ગયો અને તેને ખુબ ડરથી ડરાવી નાખી પુછ્યું "બોલ સાચું, મારીથી કાંઇ છુપાવશે તો મારી તરવાર અને તારી ગરદન. સાચું કેહે કે હું કોણનો બેટો?"

"યા અલ્લાહ! ઓ બેટા, જુઠું બાહાણું તરીકે ચાલે છે ખરૂં પણ આખર સચ્ચાઇ ફાવે છે, માટે જો હું ખરૂંજ કહું તો તું એક ભથ્યારાનો બેટો છે. તારા બાપને મારે પેટે કોઇબી બેટો ન હતો; મેં ફકત એકજ બેટી જણી હતી અને પોતાની પાછળ મુકી જવાને માટે તેને એકબી વારેસ ન હોવાને સબબે તે મુંઝાતો હતો. હવે બન્યું એમ કે અમારા ભથ્યારાની બીબી અને હું સાથેજ જણ્યાં. મારે ત્યાં બેટી અવતરી અને ભથ્યારાને ત્યાં એક બેટાએ જન્મ લીધો. મેં તે બેટાને (એટલે તને) તે ભથ્યારા પાસે લીધો અને મારી બેટી તેને આપી. એ સઘળું મેં છુપા છુપ અને ચોકાસીથી કીધું જેથી કોઇ તે જાણવા પામ્યું નહીં, કેમકે રાજ ગાદીના વારેસ બેટાની ગેરહાજરીથી તારો બાપ બળાપો કરી મુંજાતો હતો તે મારીથી ન દેખી શકાતું હતું."

રાજા તો પેલા જવાનોની તર્ક બુધ્ધીનો આ બીજો અને વધુ જોરાવર દાખલો જોઇ

છક થઇ ગયો. બારવણે તખ્તે બીરાજતાં તેણે તે ત્રણેને પોતાની સનમુખ રજુ કરાવ્યા અને પુછ્યું—

"તમોમાંથી કોણ બોલ્યું કે કાલે નાન બનાવનારી ઓરત આજારી હતી?"

"સાહેબ, હું બોલ્યો" વડો શાહજાદો બોલ્યો.

"કેહે, તેં તે કેમ જાણ્યું?"

"જુવો સાહેબ, નાન હાથમાં લેઇને ભાંજતાં તેનો આટો બરાબર ગુંદેલો ન હોવાને લીધે મારા ખોળા પર બધો વેરાઇ પડયો. હવે જો નાન બનાવનાર ઓરત મજબુત હતે તો તે આટો નાનમાં બરાબર ચીવટાઇથી વળગી રેહેતે, પણ તે આજારી એટલે તેને જોર તે કયાંથી હોય?"

"ઠીક છે, તારી અટકલનો સબબ બહું મુસ્તકીમ છે અને તે કોઇની બી અક્કલમાં ઉતરી જાય તેવો છે. મને ખબર કાઢતાં એ વાત ખરી માલમ પડી છે. વારૂં પેલું બકરૂં કુતરીને ધાવ્યું હતું એમ કોણ બોલ્યું?"

"સાહેબ હું" વચલો શાહજાદો બોલ્યો.

"ચાલ, સાબેતી આપ, તેં તે કેમ જાણ્યું?"

"અય, નામવર શાહ, કાલે અમે જે બકરીનાં બચાંનું ગોશ ખાધું તે કુતરીને ધાવેલું હોવું જોઇયે તે મેં એમ જાણ્યું કે તે ગોશ જોતાં તેની ચરબી ગોશને બદલે હાડકાં પર વળગેલી હતી; હવે તમને તો રોશન હશે કે કુતરાંને ગોશ પરને બદલે ચરબી હાડકાંપર વળગેલી હોય છે, જ્યારે મેંઢાં અને બકરાંને ચરબી ગોશ પર વળગેલી હોય છે."

"રાસ્ત વ દરૂસ્ત" શાહ બોલ્યો "તારૂં કેહેવું ખરૂં છે. હવે એમ કોણ બોલ્યો કે હું મારા બાપનું ફરજંદ નથી અને મારી તોખમ નીચ છે? તેને હક્ક શું? તેની પાસે સાબેતી શું છે? અને મારા કયા દેખાવ પરથી તે જાણવા પામ્યો કે હું તેવો છુ?" સઉથી નાનો શાહજાદો બોલ્યો "સાહેબ તે હું બોલ્યો હતો."

"તારે મને તે બાબેની સાબેતી આપવી પડશે."

"ઠીક છે, સાહેબ" તે બોલ્યો "તમો એક ભથ્યારાને પેટના છો તે મેં એ પરથી જાણ્યું કે તમો અમને એકલા ખાવા મુકી અલગજ ઉભા અને અમારી સાથે ખાવા બેઠા નહીં. દરેક આદમીમાં ત્રણ ગુણો ઓધ્ધે ઉતરેલા હોય છે: તેમાંનો એક ગુણ તેને બાપ તરફથી ઉતરે છે, બીજો તેના મામા તરફથી અને ત્રીજો તેની મા તરફથી તેને મળે છે. બાપ તરફથી તે સખી યા સુમ નીકળે છે, મામા તરફથી તે હીંમતી યા હીચકારો ઉત્પન્ન થાય છે. અને મા તરફથી તેને શરમી યા બેશરમી મળે છે."

"તું પણ ખરૂંજ બોલ્યો" સુલતાને ખુશી થઇ તેમને કહ્યું "પણ મને કહો કે તમો જેવા ચાલાક બુધ્ધીના તેજ મગજ શકતીનાઓને એવું તે શું કારણ મળયું કે તમો તમારી બાબદ મારી લવાદી પર સોંપવા આવ્યા? જાઓ તમોજ તમારી સમજ મુજબ સમજી સુજીને ચાલો અને તે કરતાં તમારો પેદર કાંઇ વશીયત રૂપી લેખ મુકી ગયો હોય તે મુજબ અમલ કરો એવી મારી સલાહ છે, જે માન્ય કરશો તો તમો સુખી થશો."

સુલતાનના આ સોખન સાંભળ્યાથી તેઓ પર મજબુત અસર થઇ. તેઓએ ત્યાંથી રૂખસદ લીધી અને પોતાના મુલકમાં જઈ ત્રણેએ એક સંમત્તિથી વડા ભાઇને રાજ્ય સોંપ્યું, વચલાએ ખજાનાને પોતાને હસ્તક લીધો, નાનાએ ઢોર ઢાખરાં પોતે રાખ્યાં, અને કોઇ એક બીજાની આડે આવ્યા નહી.

માછીની બીબીની ચતુરાઇ.

ભાંગ પીનાર માછીએ સુલતાન આગલ દફાંસ હાંકી હતી કે તે વાર્તાઓનો ખાં છે, એ "ઓરત કે દૌલત" વાળી વાર્તાના ૭૨ મા પાનામાં આપણે વાંચી ગયા છીએ.

એક દીવસે સુલતાનને પાછો આપણો માછી યાદ આવી ગયો અને તેને પોતા પાસે બોલાવી કહ્યું: "ઓ માછી! આજે મને તારા દુ:ખની કાંઈ નવી વાત સાંભલવા ગમે છે."

"આપ નામદારનો હુકમ હું સરોચશમથી બજા લાવીશ." માછીએ ઉત્તર વાળ્યો "જો જેહાંપનાની ખાહેશ હોય તો મારી પર વીટેલી હકીકત કહી સંભળાવું."

"ત્યારે ચલાવ."

"અય રોશન તાલેના જેહાંપના! મારા ધંધાની શરૂઆતમાં હું ફકત એકજ બલદનો માલીક હતો અને ગરીબાઈ મારી સામે ડોલા કકડાવતી હતી. બલદ સીવાય મારી પાસે બીજી કાંઇ પણ અસકેયામત નહી હતી. આથી જ્યારે ખાધાના ઘણા વાખા પડયા ત્યારે એ બલદને વેચી નાખવા મેં ઠરાવ કીધો અને ભર બજારમાં જઈ વેચવા માટે બુમો પાડવા લાગ્યો, પણ સાંજનો સમો થયા છતાં કોઈપણ ખરીદનાર બાહેર આવ્યો નહી. ઝઝકળું પડતાં હું મારાં કીસમત માટે બલાપો કરી બલદને પાછો ઘરે લેઈ જવા લાગ્યો. અરધેક રસ્તે આવ્યા બાદ હું એક મોટા દરખતની નીચે ઠાક લેવા બેઠો, અને મારી પાસેનું ભાંગ અને રોટીનું પોટકું ખોલી તે સઘળું સફા કરી પાસેના ઝરાના નીરમલ પાણીથી મેં તરસ છીપાવી.

થોડી વારમાં ભાંગે મારી પર અસર કીધી અને તેના બાહારમાં પેલા બુલંદ દરખતની ટોંચપર એક કવીક યાને અક્ક પક્ષીને બેશી મારી પર ટીકીને જોઈ બુમ મારતું મેં જોયું.

આથી મેં તેને કહ્યું "ઓ દાનેશમંદ કુણ્યહ! શું તું મારો બલદ ખરીદવા માંગેછે?"

અહીં તેને પાછી ચીચારી પાડી.

"ઠીક! પણ વારૂં તું મને આ બલદની શી કીમ્મત આપશે?" મેં પુછ્યું.

અહીં વળી પાછી પેલાં પક્ષીએ ચીચારી પાડી.

"સમજ્યો રે બાપ મારા, સમજ્યો! તારી સોડે હમણા પૈસા નથી. પણ કાંઈ ફીકર નહી. તું જો કહે તો હું બળદને અહીં રાખી જાઉં અને જુમાને દીને અહીં પૈસા લેવા આવું." મેં કહ્યું.

પેલાં પક્ષીએ પોકારવું જારીજ રાખ્યું, અને અય નામવર શાહ! પક્ષીના પોકારવાને ભાંગની પુર બાહારમાં હું મારી સાથે વાતચીત કરતું લેખવા લાગ્યો. આખરે સાટું નક્કી થયલું જાણીને બલદને ત્યાંજ છોડી હું મારાં ઝુંપડાં ભણી જવા લાગ્યો. બારણા આગલ મારી બાયડીને મેં ઉભી રહેલી જોઈ. બલદ વગર મને આવતો જોઈ તેણીએ બલદ વીશે પુછ્યું.

"મેં દાનેશમંદ કુણ્યહને તે બલદ વેચી નાખ્યો છે." મેં ઉતર વાળ્યો.

"તે કોણ?" મારી બાયડીએ જાણવા માંગ્યું.

"એ (ફલાણે ઠેકાણેના) પેલાં દરખતની ટોંચ પર રહે છે."

"અલ્લાહ તારો નીગેહબાન થાય!"

શુક્રવારના દીવસની હું અધીરાઇની વાર જોવા લાગ્યો. મુદત પાકવાને દીવસે ભાંગ ગટાવી હું પેલાં ઝાડ આગળ ગયો અને તેનાં છાંયડા નીચે બેસી "ઓ ફ્કીર ! ઓ અક ! ઓ કુણ્યહ ! તું કયાં છે રે ?" બોલી બુમ પાડવા લાગ્યો તો પેલુંજ પક્ષી મને પોકાર મારી ઉતર આપતું જણાયું.

"અરે બાપુ પૈસા લાયું કે ?"

એક ચીચારી.

"અહીં આવ, અને ઝટપટ પૈસા આપી દે !"

વળી પાછી ચીચારી.

આ સાંભળી ગુસ્સાભેર ઉઠયો અને એક પથ્થર તેની પર ફેંકયો. પણ પક્ષી ઉડી ગયું અને પથ્થર નજદીકના એક નાદુર યાને કાદવના બનાવેલા ચાડીઆ પર જઇ પડયો. પણ ઓ નામવર ! આ પથ્થરના પ્રતાપથી તું હવે વાકેફ થા. નાદુર પર પથ્થર પડ્યાથી હું ધારવા લાગ્યો કે તેની પાસેથી મારા પૈસા લેવા પેલાં પક્ષીએ મને કહ્યું હતું અને એવો વીચાર કરી હું તે ચાડીઆ આગલ ભાંગની જુમમાં ગયો અને 'પૈસા આપ' બોલી મેં તેના ખભાંપર અછાડ મારી તો ચાડીઓ જમીનદોસ્ત થયો અને તેના પડવા સાથે મેં તેના શરીરમાં સોનાની અશરફીઓથી ભરેલું એક મરટબન યાને વાટકું જોયું. પ્રમાણીકપણે મેં મારા બલદની કીમ્મત જેટલી એટલે દશ અશરફી લીધી અને બાકીના પૈસા વાટકામાં રહેવા દઈ, પેલા ચાડીઆને કાદવની મદદથી પાછો અસલ હાલતમાં ઉભો કરી હું ત્યાંથી નીકલી કુણ્યહને હજારો હજાર દુવા દેતો ચાલ્યો.

ઝુંપડામાં દાખલ થતાંજ મેં મારી બાયડીને કહ્યું:

"દાનેશમંદ ફ્કીરને અલ્લાહ સલામત રાખે ! આપણા બલદની કીમ્મતના પૈસા તેણે પ્રમાણીકપણે ચુકાવી આપ્યા છે તે લે."

"એ દાનેશમંદ ફ્કીર કોણ છે !" મારી બાઇડીએ દશ અશરફી લેતાં કહ્યું.

આથી મેં સઘળી કેફીયત કહી સંભળાવી.

સાંજને છેડે પેલા ચાડીઆ આગલ જઇ સઘળી અશરફી છુપાવી લાવી ઝુંપડામાં દાખલ થઇ. પણ મને તેજ ઘડીએ શક ગયો, તેથી બોલ્યો "અય ઓરત ! દાનેશમંદ ફ્કીરની સઘળી માલમત્તા લુંટી લાવતાં શું તને શરમ નહી આવતી ? તેણે પ્રમાણીકપણે આપણું દેવું અદા કીધું, તો તેના બદલામાં શું તું તેને લુટી આવી ? અલ્લાહ કસમ ! જો તું તેની અસલ હાલતમાં પાછું નહી આપી આવશે તો આપણા ગામના વાલીને ખબર આપીશ કે મારી ધણીઆણીને હાથ ખજાનો હાથ લાગ્યો છે." એટલું બોલી હું ઝુંપડાંમાંથી બાહેર નીકળી પડયો.

પણ મારી ગેરહાજરીમાં તેણીએ શું કીધું તે જુઓ. એક માછી પાસેથી તેણીએ મીઠાં પાણીની જીવતી માછલીઓ મંગાવી તેમને મીઠાં પાણીમાં એક વાસણમાં મેલી. પછી ગોસ્ટના ટુકડા અને કણેક તે ઝુપડાંની બાહેર મેલ્યા. પાછો વલ્યા પછી અમે બન્નેએ હમેસ મુઆફ્ ભોજન ખાધું. પણ વાલીદ પોલીસને મારી બાયડીને મલેલી મતા વીશે જાણીતો કરવા મેં મજબુત ઠરાવ કીધો હતો. ખાધા પછી અમો સુઈ ગયાં. પણ મધ્યરાત્રીએ મારી બાયડીએ મને ઉઠાડી કહ્યું "અય ખાવીંદ ! મેં હમણાં એક સ્વપ્નું જોયું છે કે આકાશ પરથી ગોસ્ટ અને કણકનો વરસાદ હમણાં વરસે છે અને માછલાંઓ આપણાં ઝુપડાંમાં દાખલ થયાં છે."

ભાંગની અસર હજુ મારાં મગજમાંથી ઉતરી નહી હતી; તેથી મેં કહ્યું " ચાલ આપણે જોઇએ,"

અમે ઝુપડાંમાં તલાસ કીધી તો એક ઠેકાણે ભીના કાદવમાં માછલીઓ સપોસપ ઉડતી મને જણાઈ અને ઝુપડાં બાહેર જોતાં ખરેખર ગોસ્ટના બારીક ટુકડાઓ અને બાંધેલો લોટ મારા જોવામાં આવ્યો. અમે તે વીણ્યો અને તેને રાંધીને સહવારના પોહોરમાં ખુશાલીથી ખાધું.

" હવે તું પેલા દાનેશમંદ કવીકની દોલત પાછી સ્વાધીન કરી આવ." મેં જણાવ્યું.

પણ તેણીએ તેમ કરવા ચોખી ના પાડી. મેં તેમ કરવા પાછું સમજાવ્યું, પણ તે સમજી નહી અને સાફ ના પાડવા લાગી. આથી ઉશ્કેરાઈ જઈ હું લાગલો વાલી આગળ ગયો અને બોલ્યો " ઓ ઈનસાફના બુરજ! મારી બાયડીને ખજાનો મલ્યો છે, પણ તે કાયદા મુજબ સરકારને સ્વાધીન કરવા ચોખી ના પાડે છે."

"અય મર્દ! તેં તારી નજરે જોયું છે!" પોલીસના વડાએ સવાલ કીધો.

"હા."

તેણે આથી કેટલાક પોહોરેગીરોને મારી સાથે મોકલ્યા અને મારી બાયડીને ચોકીમાં લાવવા તાકીદ ફરમાવી.

"અય ઓરત! પેલો ખજાનો કયાં છે?" વાલીએ મારી બાયડીને પુછયું.

"ઓ નામવર? એ વાત તદન ખોટી છે,"

પોલીસના વડાના હુકમથી તેણીને જેલખાનામાં પુરવામાં આવી, જ્યાં તેણી આખો દીવસ રહી. સાંજને સમે વાલીએ તેણીને પાછી પોતાની હજુર બોલાવી મંગાવી અને કહ્યું "જો તું એ ખજાનો લાવશે નહી તો તુંને કાપી નાખવામાં આવશે અને તારૂં શરીર હમામખાનાના હુરમાં ફેંકી દેવામાં આવશે."

"ઓ જેહાંપના! ખજાનાની વાત હું કાંઇ જાણુતી નથી" મારી બાયડીએ વાલીને કહ્યું. પણ વાલીએ પોતે કહેવા પર અમલ કરવા બીક આપી ત્યારે તે બોલી "તમો નામવર મને શા માટે દુઃખ દેવો છો? ખજાનો મારા હાથમાં આવ્યોજ નથી."

"મારો પેહેલો અને છેલ્લો વાકય આ છે:- જો તું આ ખજાનો હમણાંને હમણાં લાવશે નહી તો તુંને જબેહ કરી તારૂં શરીર પાયખાનામાં ફેંદી દેવામાં આવશે."

"ઓ નામવર! મારા ખાવીંદને પુછતો ખરો કે કયે ઠેકાણેથી એ ખજાનો મળ્યો હતો અને કયે વખતે?"

"એનું કહેવું દરોબસ્ત છે." વાલીએ પોતાના હાથ હેથલનાઓ તરફ ફરીને કહ્યું: "અને એમ કીધાથી કાંઈ નુકશાન થવાનું નથી."

આથી પોહોરેગીરો મને બોલાવવા આવ્યા અને ત્યાં જઇ પુગતાં વાલીએ મને પુછયું "ઓ મરદ! તારી ઓરતને કયે વખતે ખજાનો હાથ લાગ્યો?"

"અય રોશન તાલેના પરવસી કરનાર! જે રાત્રીએ ફલક પરથી ગોસ્ટના ટુકડા, કણેક અને માછલાંઓનો વરસાદ વરસ્યો હતો તે રાત્રીએ." મેં ઉતર વાલ્યો.

આ સાંભલી વાલીએ મને કહ્યું "અય મુરખા! આસમાન પરથી વરસાદ સીવાય બીજું કાંઈ વરસતું નથી, અને તારામાં જો જરા પણ સહમજ શક્તી હોય તો એવું તું બોલે નહી."

"ઓ નામવર! તારી ભુલ છે. આ ત્રણે ચીજો ફલક પરથી જરૂર વરસી હતી." મેં ભાર મુકી ઉત્તર વાલ્યો.

"અય નામવર! આ મરદમાં ભુત ભરાયો છે અને એની બાયડીનો ખુલાસો સાફ ખરો જણાય છે." વાલીને તેના અમલદારોએ જણાવ્યું "આ મરદને મારીસ્તાન (યાને ઘેલાંઓને રાખવાનું મકાન)માં પુરવો જોઇએ."

અમલદારોની સુચના વાલીને પસંદ પડી અને તેણે મારી બાયડીને છોડી મુકી મને મારીસ્તાનમાં પુર્યો. ત્રણ દીવસ તો મેં તે મકાનમાં ગુજાર્યા, પણ ચોથે દીને મારી જોરૂને દયા આવી અને પોતાના મનસે બોલી "અલ્લાહ સીવાય આ દુન્યામાં બીજું કોઇ પણ જોરમંદ અને શક્તીવાન નથી! એની મદદથી હું મારા ખાવીંદને આજે છોડવવા જઇશ અને ખજાનાની વાત ફરીથી કોઈ આગળ કરવી નહી તેની કબુલાત લઈશ."

આ ઠરાવ કરી તે મારીસ્તાનમાં દાખલ થઈ અને મારી આગલ આવી મને કહ્યું. "જો તુંને છુટો થવું હોય તો હું કહું તેમ કર. પેહેલાં તો એ કે ખજાના વીશે કોઇ આગલ તારે વાત કહાડવી નહી. બીજું એ કે જો અહીંના રખેવાલો તુંને પુછે કે 'આસમાન પરથી શું વરસે છે?' તો તું કહે જે કે 'વરસાદનું પાણી!' જો તેઓ વધુ પુછે કે 'ફલક પરથી ગોસ્ટના ટુકડા, કણેક અને માંછલાઓ પણ વરસે કે?' તો તું ઉત્તર દેજે કે 'એમ કદી બને નહી!' આ જવાબ સાંભળી કદાચ તેઓ તુંને પુછશે કે 'એક અઠવાડીયાના કેટલા દીવસ?' તો તું જણાવજે કે 'સાત દહાડા, અને આજે બુધ!' વળી તું પુરતી હુશીયારીથી જવાબ વાલજે."

"એ સગળું તો ઠીક! પણ ચાર દીવસ થયાં મેં ભાંગ ખાધી નથીઃ માટે થોડી ભાંગ ખરીદી મારે માટે લાવ કે મારાં જીવને નીરાંત થાય."

મારી બીબી ભાંગ અને કાંઇક ખોરાક લઈ પાછી મારીસ્તાનમાં આવી, જે ખાધાથી મને ઘણો કરાર થયો. "ચાલ હવે, હુશીઆર રહેજે; તબીબ થોડી વારમાં આવશે." મારી બાયડીએ જણાવ્યું. "મેં કહ્યું તે પ્રમાણેજ કેહેજે."

ભાંગની અસર હવે મને ચઢવા લાગી, અને તબીબ તેમજ તેની હાથ હેઠળનાઓ મારી આગલ આવ્યા તે વખતે તો ભાંગથી હું રોશન બની ગયો હતોઃ જેથી તેમને જોતાંજ હું બોલ્યો "ઓ મારી દીલરૂબા! આ લુચ્ચાઓને તું શા માટે ખરું કહેતી નથી કે જુમાને દીને ગોસ્ટ માછલાંનો વરસાદ વરસ્યો હતો? તું જો એઓને એમ કહેશે તો મને તરત છોડી દેશે."

આ સાંભળી મારી બીબીએ તો નેણુ ફેરવી નાંખ્યાં અને મારીસ્તાનના રખેવાલે કહ્યું "હજુ ઘેલાપણાની અસર એનામાંથી ગઈ નથી!"

"અરે એ બુબખ! મેં પોતે તેની વાની ખાધી હતી! જો તેં પણ તારી નજર ખુલી હતે તો તું પણ તારાં મકાન આગલ તેમજ થયલું જોતે."

"ચાલો આગળ! હજુ એ સુધર્યો નથી." તબીબે જણાવ્યું.

આ સાંભળી સુલતાન હસી પડયો.

"હા નામવર! ભાંગે આ સઘળું તુફાન જમાવ્યું, પણ તે વખતે હું શું કચુંબર કરતો હતો, તેનું મને ભાન રહ્યું નહી હતું. હું મારીસ્તાનમાં વીશ દીવસ રહ્યો અને આખરે મને મુદલ ભાંગ ઘણા દહાડા સુધી મળી નહી, ત્યારે મારી સુદ્ધ ઠેકાણે આવી અને મેં કબુલ્યું કે ફલક પરથી વરસાદનું આબ સીવાય બીજું કાંઇ વરસતું નથી, કે અઠવાડયાના

સાત દીવસ હોય છે અને તે દીવસ ફલાણો દહાડો હતો; ટુંકમાં દાના આદમીની પેઠે હું વાતચીત કરવા લાગ્યો: આથી મારીસ્તાનના સ્તાવાળાઓએ મને છોડી મેલ્યો અને મેં મારા ઝુંપડા તરફનો રસ્તો પકડયો."

"ખરેખર, માછી! તારી વાત રસીલી છે અને તેના બદલામાં તુંને મન ગમતી ભાંગ પાવાનો હુકમ હું ફરમાવું છું." સુલતાને કહ્યું અને માણસોને તેમ હુકમ કીધો.

"આપ નામવરના જેવી મેહેરબાની કોઈએ મારી પર અત્યાર સુધી કીધી નથી." માછીએ ખુશાલીથી ઉત્તર દીધો.

"ત્યારે આવતી રાતે તું મારી આગળ એકાદ બીજી વાત કહી સંભળાવજે!

"મેં મારો હેવાલ આપ જેહાંપના આગળ કહ્યો, અને આપ નામવર હવે મારા દોસ્ત કાઝીનો હેવાલ સાંભળશો તો તેથી તમોને ગમત પડશે."

"ત્યારે આવતી કાલે સાંજે તું તારા એ દોસ્તને પણ બોલાવી લાવજે."

"જેવી આપ નામવરની ઇચ્છા."

બીજે દીને સાંજે નીમાજથી ફારેગ થયા પછી, સુલતાન, માછી, કાઝી, અને વઝીર સુલતાનના મેહેલમાં જમ્યા, અને સુલતાને હશીશ ખાનાર પેલા કાઝીને તેનો હેવાલ કહી સંભળાવવા હુકમ કીધો. આ સાંભળી કાઝીએ પોતાનો હેવાલ કહી સંભળાવ્યો.

ઢોલી અબુ કાસીમ કાઝી કેમ થયો.

મારૂં અસલ નામ અબુ કાસીમ અલ તંબુરી હતું, અને હું એક તબલચી છતાં કાઝી થવા પામ્યો હતો.

શેહેરે બસરામાં એક ચોક્કસ સૌદાગર હતો, જે ખાજાસરા અને ગુલામી લડકાઓ સાથે વેપાર ચલાવતો, જેઓ આ વેપારીનો માલ બસરાથી અજમલેંડ લઇ જઈ વેચતા અને ત્યાંથી સીરીઆ માટે બીજો માલ ખરીદી લાવતા. આ પ્રમાણે કેટલાંક વરસ વેર ચાલ્યું. પણ એક વખતે ઈરાનમાં જાતે મુસાફરી કરવાનો શોખ થયાથી તેણે પોતાની મીલકત વીશે નક્કી કરી વેપાર જોગ સામાન પેટારાઓમાં બંધ કીધો; પણ તેના કમનસીબે તે વખતે ઇરાન સર જમીનમાં દુકાલ પડયો, અને જ્યારે તે ત્યાંના એક મુખ્ય શેહેરમાં જઈ લાગ્યો, ત્યારે તેને માલમ પડયું કે જે વેપારીઓ આગળ તેના માણસો પાસેથી માલ ખરીદતા હતા, તેઓએ આ વેલા લેવા ના પાડી અને તેના કારણમાં દુકાળને આગલ કીધો.

આ પ્રમાણે તેની હાલત હતી અને તે લાંબો વખત સુધી તે શેહેરમાં પડી રહ્યો હતો, તેટલાં એક દીવસે ઈરાનમાં ઘણો દોલતવંત ગણાતો એક ખાજા તેની આગળ આવ્યો, જેનું રેહેઠાણ પેલા વેપારીના ઉતારો લીધેલા મુકામથી ત્રણ દિવસના રસ્તાપર હતું.

"અય બસરાવાસી! તારી પાસેનો માલ તું મને વેચશે?" ખાજાએ પુછ્યું.

"ઘણી ખુશી સાથે!" બસરાના સૌદાગરે ઉત્તર વાલ્યો "પણ શી કીમ્મતે?"

ખાજાએ બીડ શરૂ કીધી; પણ સૌદાગરે તે કીમ્મતે વેચવા ના પાડયું. ખાજાએ આથી વધુ રકમ આપવા માંગી.

"હજુ વધારે!" સૌદાગરે ઉત્તર વાલ્યો.

આખરે ખરીદનાર બોલી ઉઠયો "વલાશ (એક પણ દીરમ વધુ આપીશ નહી)."

આ સાંભળી બસરાના સૌદાગરે માગણી કબુલ કીધી, અને વેચનાર પાસેથી

ખાજાએ સર્વે માલ પોતાના સ્વાધીનમાં લીધો અને પૈસા સંબંધી ગોઠવણ કરવા વળતે દીવસે શરાફી બજારમાં મળવું નક્કી કરી બન્ને છુટા પડ્યા.

હવે, ઓ નામવર, હું તે વેળા તે શેહેરમાં રહેતો હતો. ખરીદનાર પાસેથી વેચનારે ઠરાવેલી કીમ્મત જેટલા સઘળા પૈસા મેળવ્યા અને હવે બાકી કાંઈ રહ્યું નહીં; પણ પછી બસરાના સૌદાગરે પેલા ખાજાને કહ્યું "હજુ તે મારૂં દેવું પુરેપુરૂં અદા કીધું નથી; તેં કહ્યું હતું કે 'વલાશ': માટે તે લાવ."

"વલાશ! વલાશ! એનો તું શું અર્થ કરે છે?" ખાજાએ જાણવા માગ્યું

"ગુપચુપ વલાશ લાવે છે કે નહી?"

"અય બસરાવાસી! વલાશ એટલે કાંઇ નહી યાને એક દીરમ વટીક વધુ નહી."

"ત્યારે લે આ વલાશ" બસરાના સૌદાગરે બાંહે ચઢાવી એક લપડાક ખાજાને ખેંચી કાઢી, કે પછી હાથોહાથનું પુછવું શું પડે?

આખરે પોલીસના માણસો બન્નેને હાકેમ આગળ ઘસડી લઈ ગયા.

હાકેમે દીવાનખાનામાં એનો ફેસલો કરવાનું કામ હાથમાં લીધું.

"એ ઝઘડો શાનો?"

"અય નામવર! મને એ બાકીનું દામ આપતો નથી. આ ખાજાએ નાણાની ચોક્કસ રકમ આપવા ઉપરાંત 'વલાશ' આપવા કહ્યું હતું." સૌદાગરે જણાવ્યું.

"અને 'વલાશ' એટલે શું?"

"હું જાણતો નથી, ઓ આ જમાનાના સુલતાન! મને કબુલાત મુજબ આ ખાજા પાસેથી 'વલાશ' જોઈએ."

આ સાંભળી હાકેમ અજબ થયો, અને તેનો નીવેડો કેમ કરવો તેના વિચારમાં પડ્યો.

આ સઘળાની બીના આખાં શેહેરમાં પ્રસરી ગઈ અને તે મારે કાને પણ આવી. વાદી તથા પ્રતિવાદી બન્ને જાણીતા આસામીઓ હોવાથી આ ઝઘડાએ ધ્યાન ખેંચ્યું હતું. અય નામવર! આ બીના મારાં જાણવામાં આવતાં હું તબલચી છતાં દીવાને ખાસમાં ગયો તો તે દીવાનખાનું લોકની ગરદીથી ચીકાર ભરાઈ ગયલું મને દીસ્યું. "અને ખાજા સાહેબ 'વલાશ' કેવી રીતે કબાલા મુજબ બસરાના સૌદાગરને આપે?" ઠઠને મેં બોલતાં સાંભળી.

"જે કોઈ એનો વાજબી ચુકાદો આપશે, તેને હું સારૂં ઇનામ આપીશ." હાકેમે મીજલસમાં કહ્યું.

ધક્કા મારી હું હાકેમની હજુરમાં ગયો અને નમીને બોલ્યો "અય બુલંદ તાલેના બંદેનવાજ! તારો ખાકસાર એનો નીવેડો કરવાની આરજુ રાખે છે."

"જો તું કહે છે તેમ એનો વાજબી ચુકાદો આપશે તો તુંને ઈનામ બક્ષવામાં આવશે, પણ જો તું નિષ્ફળ જશે તો તારૂં સીર છટકાવી નાખવામાં આવશે."

"તારા ન્યાયી હુકમને હું તાબે છું" મે કદમબોસી કરી કહ્યું.

મેં માટીનું મસ મોટું વાસણ મંગાવ્યું અને તે પાણીથી ભરવા કહ્યું; ત્યાર પછી પેલા બસરાવાસીને જણાવ્યું "આ વાસણની નજદીક આવ." અને તે નજદીક ગયો. આ સઘળો વખત હાકેમ અને ભેગી મળેલી ઠઠની નજર અમારી ભણીજ ખેંચાયલી હતી.

"હવે તારી મુઠી બંધ કર." મેં બસરાવાસીને કહ્યું.

તેણે તેમ કીધું. મેં ફરીથી હુકમ દીધો કે "મુઠી મજબુત બંધ રાખવી" અને તેણે તેમ કીધું.

"ચાલ હવે! તારી હથેલી સાથે હાથ પાણીમાં બોળ." અને સેજ વાર રહી મેં પુછ્યું "પાણીમાં તેં મુઠી બરાબર બંધજ રાખી છેની?"

"હા" તેણે ઉત્તર વાલ્યો.

"ત્યારે હવે મુઠી વાળેલો તારો દસ્ત પાણીમાંથી બાહેર કાઢ."

તેણે તેમ કીધું.

"ચાલ હવે તારી મુઠી ઉઘાડ, અને જો કે તેમાં શું આવ્યું છે?"

તેણે હથેલી ખુલ્લી કરી જોઇ કહ્યું "વલાશ (યાને કાંઈ પણ નહી)."

"ત્યારે તુને કબુલાત મુજબનો 'વલાશ' અહીં મળી રહ્યો; અને હવે અહીંથી રૂખસદ લે!"

આ સાંભળી હાકેમે બસરાવાસીને પુછ્યું "કેમ એ સૌદાગર? તુને 'વલાશ' મળ્યો કે?"

"હા, નામવર" સૌદાગરને કબુલ કરવાની ફરજ પડી.

"પોહરેગીરો, એને બંધીવાન કરો!" હાકેમે સૌદાગરને કેદ કરવાનો હુકમ ફરમાવ્યો. "અને એ પાંચસો દીરમ તાજને આપે નહી ત્યાંજ સુધી જેલખાનામાં પુરી રાખો."

બીચારા સૌદાગરને આથી પાંચસો ભરવા પડ્યા અને ત્રીજે દિને તેણે શેહેરમાંથી રૂખસદ લીધી.

બીજા હાથપર હાકેમે મને કીમ્મતી બક્ષેસ આપી કાઝી બનાવ્યો, અને અય નામવર! તે દીનથી ઢોલકડાં બજાડવાનો ધંધો મેં છોડી દીધો અને હું કાઝીને દરજ્જે ચઢ્યો. ત્યાર પછી આપ નામવરની નોકરીમાં એજ ઓદ્દાપર અલ્લાહની બક્ષેસથી અને આપ નામવરની મેહેરબાનીથી છું. પણ ઓ તાજે બુલંદ! જો તું ફરમાવે તો આવતી રાતે મારી જીંદગીમાં જે બીજો અગત્યનો બનાવ બન્યો. તેનું હું બ્યાન કરીશ."

"હું તે સાંભળવાને ખુશી થઈશ."

બીજી સાંજે આગલા દિવસ મુઆફેક સુલતાનના મેહેલમાં ભાંગ પીનાર માછી, હશીશ ખાનાર કાઝી, તથા વજીર વગેરે એકઠા મળ્યા. આગલી રાત મુજબ સઘળાઓએ બેઠક લીધા પછી તબલચી કાઝીએ નીચે મુજબ હેવાલ શરૂ કીધો.

પખાજીનાં જુત્યાં.

ઓ જમાના સુલતાન! હું જ્યારે તબલચી અબુ કાસમ દાખલ આખાં શેહેરમાં જાણીતો હતો ત્યારે તેજ પ્રમાણે મારા જોડા પણ વિખ્યાતી પામ્યા હતા. તેની પર અસ્તર પર અસ્તર સીવાઝા કીધાથી વજનમાં ભારી થયલા હતા, એટલુંજ નહી પણ જબરદસ્ત મોટા પણ થયા હતા.

એક દીને હું આ જુત્યાંથી ઘણોજ કંતાલી ગયો અને ફરીથી એ જોડા નહી પેહેડવાના મેં સોગંદ લીધાઃ તેથી ગુસ્સાનો માર્યો મેં એક બાહેર ફેંકી દીધો. એવું બન્યું કે મારા પાડોશી ખાજાનાં મકાનનું છાપરૂં સ્લેટ પથ્થરનું હતું, અને તે જે બાજુથી નબલું હતું, તેજ ભણી મારૂં જુત્યું પડયું. ખાડો પાડી નીચે ઓરડામાં ગુલાબના પાણી અને અત્તરથી ભરેલી બાટલીઓથી ભરપુર અલમારી યા અભરાઇ પર તે જુત્યું પડયું કે ગુલાબ અને અત્તરની બાટલીઓનો એક સપાટે ધાન નીકળી ગયો. બાટલીઓના ભાંગવાના અવાજથી મકાનમાંના રેહેવાસીઓ તે ઓરડામાં દોડી ગયાં અને જોયું તો એક જુત્યાંએ અભરાઇ પરનું લગભગ સઘળું સફા ચક કરી મેળયું હતું. શાથી બન્યું તેની શોધ કરતાં ત્યાં મારૂં એક પપુશ તેમને માલમ પડયું અને છાપરાં ભણી જોતાં

તેમાં બાકોરૂં પડેલું તેમને જણાયું. તેમની ખાતરી થઈ કે એ સઘળું ઢોલી અબુ કાસીમના જુત્યાંએ કીધું હતું: માટે તેના માલેક વીશે ફરયાદ કરવા મકાનનો માલેક હાકેમ આગળ ગયો. હાકેમે ન્યાય તોલ્યો કે અબુ કાસીમ એ સઘળી નુકસાની માટે જોખમદાર હતો: માટે તેણે છાપરૂં દરૂસ્ત કરવું યા કરાવવું અને અત્તર તથા ગોલાબ વગેરેનું જે નુકસાન થયું હોય તે પણ તેણેજ ભરી આપવું, તથા જુત્યું પાછું તેના અસલ માલીક (યાને મને)ને સ્વાધીન કરવું.

આ હુકમ સાંભળી મારા તો હોંસ કોસ ઉડી ગયા અને ગુસ્સામાંને ગુસ્સામાં પેલું જુત્યું હાથમાં લઈ કંઠે નવરી જગ્યાએ નાખી દેવા હું ભર રસ્તે ચાલ્યો. રસ્તેના રાહદારીઓ કોઈ મુછમાં હસ્તા તો કોઈ દગાઇને મને અને મારાં હાથમાંના જુત્યાંને જોતા મારી નજરે પડ્યા. (જુઓ ચીત્ર). હમામ આગળ આવી પોંહોચતાં મેં તેના પાણીમાં પેલું જુત્યું ફેંકતાં કહ્યું "ચાલ હવે પીડા પતી."

હું પાછો મારે મકાને ફર્યો. પેહેલા બે દીવસ તો સઘળું સમાધાન જણાયું, પણ બીજે દીને બપોરના સરકારનાં માણુસો મારે ત્યાં આવીને મારા હાથ પગ બાંધી હાકેમ આગળ લઈ ચાલ્યા. હાકેમે મને જોતાંજ પોતાના અમલદારોને હુકમ કીધો "કુરબાજ!"

આ સાંભળી તેઓએ મને સીદ્ધો સુવાડચો, અને મારા હાથ પગ સીદ્ધા બાંધીને સો ફટકા એક ચાબુકથી મને પટકાવી કાઢ્યા. મેં તે હીમ્મતથી ખમ્યા અને પછી કહ્યું: "યા સુલતાન! મારો શું વાંક કે મને આ પ્રમાણે શીક્ષા કરવામાં આવી?"

"ઓ કુલ્બટ! શું તું અભણપણું બતાવે છે? તારાં પેલાં જુત્યાંથી હમામ ખાનાનો એક નળ બંધ થઈ ગયો અને પવીત્ર મસજીદમાં પાણી આવતું અટકી ગયું, એટલુંજ નહી પણ પાણી જવાનો માર્ગ નહી મળ્યાની હમામખાનું ઉભરાઈ ગયું અને તેની આસપાસનાં કાદવનાં ઝુપડાંઓ લચી ગયાં."

"અલ્લાહ ખેર કરે! એક જુત્યું કેવી રીતે મસજીદમાં પાણી આવતું અટકાવે અને વળી આસપાસ રેલ લાવે?"

"અહીંથી એ બેઅકલીને હાંકી કાઢો અને ઓ લુચ્ચા, સાંભળ! જો ફરીથી એવી ફરયાદ તારે વીશે મારી હજુર આવશે તો તારૂં સીર છટકાઈ જશે."

પોહોરેગીરોએ ધક્કા મારી મને દીવાને આમમાંથી બાહેર કાઢ્યો અને બાહેર નીકલતાં કમ્બખ્તી લાવનારૂં પેલું મારૂં જુત્યું મને સ્વાધીન કીધું. હવે શું કરવું તેના વીચારમાં થોડીવાર એક ખુણામાં જઈ ઉભો, અને આખરે શેહેરના એફેન્ડી (વડો કારકુન) આગળ જઈ મેં જણાવ્યું. "ઓ દયાવંત દાનાવ! આ મારાં જુત્યાં સામે મને ફરયાદ કરવાની છે. એ મારી મતા નથી, અને આ લોકની હજુરમાં મને તે મતલબનું લખી આપ, કે આ કમ્બખ્ત પપુશથી મારો છુટકો થાય."

"ઓ આદમી! તારી અને આ જીવ વગરના પપુશ વચ્ચે કેવી રીતે હું લખત લખી આપું!" એફેન્ડીએ ઉતર વાલ્યો "એ જુત્યાંમાં કાંઈ સહમજ શકતી નથી કે તારા કહવા પ્રમાણે કરૂં: માટે હાલ તો તું એ પાછું લઇ જા, અને કાપીને તેના કકડા બુકલા કરી કોઈ એકાંત જગ્યાએ ફેંકી દે."

તે જુત્યું પાછું મનેજ લઈ જવું પડ્યું. આખરે વીચાર કરી તેના ચાર કટકા કીધા અને એકેક કટકો શેહેરના ચારે ખુણામાં નાખી હું બડબડચો: "યા અલ્લાહ! આ જુત્યાંથી હવે મને બચાવ!" અને ઉંધાડે પગે મેં ચાલુ મુકયું.

પણ તકદીર આગળ તદબીર કારગત લાગતી નથી. શેહેરના એક ખુણા આગળ

નવી અરેબિયન વાર્તાઓ.

ગુસ્સામાં ને ગુસ્સામાં પેલું જુત્તુ હાથમાં લઈ હું ઘર રસ્તે ચાલ્યો. રસ્તેનાં રાહદારીઓ કોઈ મુખમાં હસતા તો કોઈ દયા લઈને મને અને મારાં હાથમાંનાં જુત્તાંને જોતા.



B. B. Mehta.] [*Gaiety Theatre.*

એક પુલ આવેલો હતો જેની નીચે મેં પેલાં પ્રખ્યાત પપુશનો એક ભાગ ફેંકયો હતો. આ પુલ નાની નેહેરોમાંની એક નેહેર પર બાંધેલો હતો, અને તે વખતની રૂતુમાં નેહેર લગભગ સુકાઈ ગઈ હતી: માટે જુત્યાં પર ધીમે ધીમે રેતીનો ઢગલો જામ્યો અને જેમ જેમ પવન ફુંકતો તેમ તેમ રેતી વધુ અને વધુ તે ભાગ પર એકઠી થઈ ઢગલો આખરે એટલો મોટો થયો કે નીલનું પાણી એક તરફ વેહેતું બંધ થયું, જ્યારે બીજી બાજુના શેહેરના ભાગમાં રેલની પેઠે પાણી ચઢવા લાગ્યું. લોકો વીચારમાં પડી કેહેવા લાગ્યા કે "એ શું થયું? આવી રીતે એક બાજુ નીલ (નાઈલ નદી)ના પાણી ચઢતાં અને બીજી તરફ સુકી નેહેર કોઈ વખત જોવામાં આવી નથી. માટે છે શું! આવો, આપણે પુલની નીચે તલાસ કર્યે."

તેઓએ રેતીનો ઢગ ધીમે ધીમે ઉચકયો તો આખરે છેક તળીએ મારાં પ્રખ્યાત જુત્યાંનો કટકો તેમના હાથમાં આવ્યો.

"અરે! આ તો ઢોલી અબુ કાસીમના પપુશનો કટકો! ચાલો હાકેમને આપણે ખબર આપ્યે!"

પણ આ અખબાર જેવા મારા સાંભળવામાં આવ્યા કે ધાસ્તીનો માર્યો મારી પાસે જે લઈ જવાય એવી માલ મતા હતી તે લઈ શેહેરમાંથી પોબારા માપી ગયો, તે જે શેહેરમાં હું પાછળથી કાઝી દાખલ નીમાયો હતો તે શેહેરમાં ઠરી ઠામ થયો, અને એક સહવારે આ ભાંગ પીનાર માછી સાથે મારી મુલાકાત થઈ, જેનો હેવાલ આપ જેહાંપનાને રોશન છે,"

સુલતાનને આ વાત પસંદ પડી અને માછી તથા કાઝીને પોતાના ખાસ હજુ-રીઆ દાખલ નેમ્યા અને કહ્યું "પણ આ નવા ઓદ્ધાથી તમારે ફુલણજી બનવું નહી; દરેક કામ તમોએ ચોખી ઈમાનદારીથી કરવું અને દર સાંજે ભોજન જમ્યા પછી તમોએ મારી આગળ આવીને હાજર રેહેવું. સુલતાનના તમે ખાસ હજુરીઆઓ છો એમ પણ તમારે કોઈને કેહેવું નહી, અને હું જે કામ ફરમાવું તે તમારે ચોખી દયા-નતથી બજા લાવવું."

તેઓએ આ સરત કબુલ રાખી અને બન્ને જણ એક બીજાના કાનમાં કેહેવા લાગ્યા "સાંભળ! દરેક કામ પ્રમાણીકપણેજ કરવું!"

તેઓએ ત્યાર પછી ત્યાંથી રૂખસદ લીધી.

ખાજાની દુફ્તર.

એક દીવસે સુલતાન દરબાર ભરી બેઠો હતો તેટલાં એક ખાજા "ઇનસાફ! ઇનસાફ! ઇનસાફ!" બુમ મારતો દીવાને ખાસમાં દાખલ થયો.

"એને પુછ કે શું છે!" સુલતાને વઝીરને કહ્યું.

"ઓ સુલતાન! તારા ખાસ હજુરીઆ તરીકે એક ભાંગ પીનાર માછી પોતાને ઓળખાવી મારી દુફ્તરને રૂસ્વા કરે, એ તો જુલમજ થયો."

"તારી ફરયાદ શી છે તે આ જેહાંપના હજુર કહી સંભલાવ." વઝીરે ફરમાવ્યું, તો ખાજાના કેહેવા પ્રમાણે નીચલો બનાવ બન્યો:

એક દહાડે આપણને અત્યાર આગમચ જાણીતો ભાંગી માછી પેલા ખાજાના મકાન આગળથી પસાર થતો હતો, તેટલાં જાળીદાર બારી થોડી ઉઘાડી ખાજાની બેટી રસ્તાપરનો દેખાવ નીહાળતી હતી. અલ્લાહનું ચાહવું એવું થયું કે

ખાજાની પેલી ચેહરે નમુન દુખ્તરપર આપણા ભાંગ પીનાર માછીની નજર પડી અને તે તેણીપર તરતજ આશક પડયો.

"અલ્લાહ જો મને એની સાથે નહી મેળવશે તો હું તુટેલાં જીગરે મોતને બીછાને પડીશ." માછી નીસાસા નાખતો બોલ્યો.

તે ત્યાર પછી દરરોજ સહવારથી સાંજ તુલીક પેલા ખાજાના મકાન આગળ ઉંચે નજર રાખી આમથી તેમ ફરવા લાગ્યો, પણ તેને ફરીથી પેલી નાજની જણાઈ નહી, તેમ તેમ તેનો પ્યાર વધતો ગયો અને આખરે તે બીછાને પડયો. આમ તેમ આલોટતો તે બડબડવા લાગ્યો કે "ઓ મારી ચશમ! ઓ તારૂં કદ! ઓ તારા ગુલાબી ગાલ! ઓ તારી અદા! ઓ તારો મહાતાબી ચેહેરો!"

આ પ્રમાણે તે બીછાને પડી મોટે મોટે બોલવા લાગ્યો. એક દીવસે આ રવેસનું તેનું બોલવું તેના ઘરમાં આવતી જતી એક બુઢી અબલાના સાંભલવામાં આવ્યું, અને તેની આગળ જઈ બોલી "અલ્લાહ તુંને જલદી સારો કરે!"

"આહ! ઓ મારી અસરાફ માદર! જો તું મારી મદદે નહી આવશે તો હું મરી જઈશ."

"પણ બેટા! તારાં મનમાં શું છે તે તો મને જણાવ?"

"તો વાલીદા! સાંભળ!" એટલું કહી માછીએ ખાજાની બેટીપરના પ્યારનો હેવાલ તેણીને કહી સંભળાવ્યો.

"મારા સીવાય બીજાં કોઈથી તારી ઇચ્છા બર લવાશે નહી!" તેણીએ ત્યાંથી જતાં જણાવ્યું.

તેણી પોતાને મકાને ગઈ અને કેવી હીકમત લગાડવી, તેના વીચારમાં ગુંટાઈ.

બીજે દીને તેણીએ ઉનનો એક ઝબ્બો પેહેરયો, પોતાની ગરદન આસપાસ ત્રણ ગુલાબી સ્ટાન યાને જપમાળા લટકતી રાખી અને હાથમાં ખજુરીની ડાંગ પકડી પેલા વેપારીના મકાન આગળ ગઈ. પોતાના આ દરવેશના પોશાકને લીધે તે બેધડક મકાનમાં "અલ્લાહ! અલ્લાહ! તારા સીવાય બીજો કોઈ અલ્લાહ નથી. સઘળું તારા ફરમાવ્યાથીજ બનેછે. અલ્લાહ! અલ્લાહ!" બોલતી દાખલ થઈ.

ખાજાની છોકરી નામે સીતઅલહુસ્નના સાંભળવામાં આ શબ્દો આવતાંજ બુઢી દદાને ઘણીજ પહેરેજગાર સમજી તેણીના આસીરવાદ માંગવા સામે ગઈ અને બોલી "ઓ માદર! મને આશીરવાદ દે!"

"અલ્લાહ તારો નીગેહબાન હોજો!" બુઢી દદાએ પોતાનાં ચરિત્ર ચલાવ્યાં "અલ્લાહ હાફીઝીક? અલ્લાહ હાફીઝીક! બેટી! અલ્લાહ તારૂં ભલું કરે!"

તેણી ભોંયપર બેસી ગઈ અને પેલી નાજનીને પણ તેણીની નજદીક બેઠક લીધી. ખાજાની બીબી પણ હવે આવી લાગતાં તે પણ ત્યાં બેઠી અને બુઢી દદા બન્ને મા દીકરીઓને આસીરવાદ દેવા લાગી અને જપમાળા ફેરવવા લાગી.

ત્યાર પછી ત્રણે વાતચીતમાં ગુંટાયાં અને બપોર પડતાં બુઢી દદા ઘણીજ નીમાજી હોય તેમ હાથ પગ ધોઈ નીમાજ પઢવા લાગી, જે જોઈ આસપાસનાઓ બોલ્યાં કે "કેવી પહરેજગાર આ ઓરત છે?"

નીમાઝ પઢી રહ્યા પછી ખાજાની બીબી અને બેટીએ ભોજન લાવી મુકયું, પણ બુઢીએ તે ખસાડી મેલતાં કહ્યું "હું રોજા પાળું છું." આથી તો આસપાસનાઓનું યાકીન આ દદાપર બેઠું અને તેઓ તેણીને ઘણી નીમાઝી અને પહરેજગાર ધારવા

લાગ્યાં અને તેણીપરનો ચાહ પણ વધ્યો. છેક સમીસાંજે બંદગી કરી તેણીએ રોજા ખોલ્યા અને સારાં સારાં પકવાનો પર ખુબ હાથ માર્યો. આ પ્રમાણે આ દગાખોર ઔરત નીમાઝી બની મકાનમાંનાંઓને છેતરવામાં પુરતી શક્તીવાન થઈ, તે એટલાં સુધી કે તેઓએ રાત્રીએ પણ મકાનમાંજ ઉતારો લેવા તેણીને ઓંહોંસ કીધી. સેજ આનાકાની બતાવ્યા પછી આખી રાત્ર એ બુઢીએ તોડી પાડી અને પોહો ફાટતાંજ હાથ મ્હોં ધોઈ નીમાજ પઢવાની ઢપે બકવા લાગી. ઘરનાં માણસો યાકીનથી તેણી તરફ જોવા લાગ્યાં, અને જ્યારે પણ એક જગાથી બીજી જગ્યાએ જતી ત્યારે તેઓ તેણીને હાથનો ટેકો આપી ચલાવતાં. આખરે બપોર પડતાંજ મકાનમાંનાઓના કાલાવાલા છતાં એ બુઢીએ ઉઠાંગરી કીધી.

પણ બીજે દીને સહવારના પહોરમાં તેણી ત્યાં પાછી ફરી અને ઘરનાં સર્વ જણાં તેણીને આવકાર દેવા અને તેણીના હાથ અને પગને ચુંબન કરવા લાગ્યાં. આ બુઢીએ આગલાજ દીવસની માફક તે દીન પસાર કીધો કે તેણીની પહરેજગારી જોઈ મકાનમાંના માણસો તેણી પર મરી ફીટવા લાગ્યાં. ત્રીજે દીને બપોરના તે ચાલી ગઈ, પણ ચોથે દીવસે સહવારના પાછી ખાજાના મકાનમાં દાખલ થઈ. આગલા દીવસોની પેઠે તેઓએ માન ઇજત આપ્યું અને બેસવા કહ્યું, પણ તેણીએ આ વેળા ના પાડી જણાવ્યું "ઓ ભલી બાનુઓ અને મરદો! મારી એક દુખ્તર છે, જેણીના નેકાહ મારા મકાનમાં થવાનાં છે. પણ અહીં આવવાની મારી મતલબ એટલીજ કે આ નીરદોશ ભલી બેટી સીતઅલહુસ્ન મારી બેટીના નેકાહ વખતે હાજર થાય અને હાજરીથી સોભાવી મારાં મકાનને પવીત્ર કરે!"

"પણ મારી બેટીને બાહેર જવાની ટેવ નથી." ખાજાની બીબીએ કહ્યું.

"બ્હેન! તારે કસી ધાસ્તી રાખવી નહી. સાલીહીન યાને પરસ્તાનની હુરીઓએ એને પોતાની સંભાલમાં રાખેલી છે!"

"ઓ મારી પ્યારી માદર! આ પહરેજગાર ઔરતને રંજીદા ના કર! નેકાહની કીરીઆ જોઈ હું ખુશ થાઈશ; મને જવા દે!"

"જા ત્યારે, બેટી!" ખાજાની બાયડીએ પરવાનગી આપી.

"હું જરા જઈને આવું છું." બુઢી ફરેબગારે કહ્યું.

તેણી ત્યાંથી નીકળીને ભાંગ પીનાર માછી આગળ ગઈ અને તેને પોતાની ફત્તેહની ખુશ ખબર કહી; શું કરવું તે વીશે માછીને વાકેફ કરી એ ફરેબગાર બુઢી ખાજાના મકાનમાં પાછી ફરી તો તેણીએ ચેહરેનમુન સીતઅલ હુસ્નને ઘરેણાં પેહેરી સુંદર કપડાંમાં સોળે શંગાર થઈ ઉભેલી જોઈ. મકાનમાંનાંઓને આસીરવાદ દઈ સીતઅલહુસ્ન સાથે એ મક્કારે ઓરત ખાજાનું મકાન છોડી ગઈ, અને ભાંગ પીનાર માછીના મકાનમાં સમી સાંજે દાખલ થઈ. બીછાને પડેલો માછી તો પેલી નાજનીનને જોઇ બેદાર થયો, પોતાની સઘળી બીમારી ભુલી જઈ પલંગપરથી કુદકો મારી ઉઠ્યો અને સીતઅલહુસ્ન નજદીક પ્યાર ભરેલી ચશમ સાથે ગયો.

ખુબસુરતીની કન્યા હવેજ પેલી બુઢી દદાના ફરેબ સમજી ગઈ, તોપણ તે ઠાવકી અને ચતુર હોવાથી ધ્યાન ઠેકાણે રાખી બોલી "ઓ મારા બહાદુર જવાન! ગોષ્ટ, મેવો અને શરાબ પેહેલાં કયાં છે જે? જો તું વીસરી ગયો હોય તો બજારમાં જઈ જલદીથી એ ચીજો ખરીદી લાવ!"

"તારો હુકમ મારી ચશમ પર!" માછીએ ઉતર વાળ્યો.

"તેટલાં હું અને મારી પહરેજગાર માદર અહીં બેસી વાતચીત કરીએ છીએ." ખાજાની દુખ્તરે સીફત લગાવી.

"તારો એકે એક હરફ દહાપણના ભંડારથી ભરપુર છે!" માછીએ જતાં જણાવ્યું. તે બેહદ ખુશી થયો અને ધારેલું કામ આટલું જલદીથી પાર પડયું જાણી બુઢીને હજારોહજાર દુવા દેવા લાગ્યો, પણ તેને માલમ નહી હતું કે ટુંક મુદતમાં ખુશાલીને ઠેકાણે ગમગીની ફેલાવાની હતી.

માછી મકાનમાંથી બાહેર નીસરયો કે પેલી ખુબસુરત નાજનીન ઉઠી અને ઓરડામાં ફરવાને મસે ફરતાં ફરતાં તેણીએ બંધ બારણાને અંદરથી કોઇ નહી જાણે તેમ ઠેસ દીધી અને આસપાસ તીણી નજર ફેરવતાં કસાઇની શર્ખ ભીંતપર ઓરવેલી જણાઈ, જે તેણીએ પોતાના હાથમાં મજબુત પકડી, અને બીજે હાથે બાંય ચઢાવી, હીમ્મતે મરદાં બની, ધીમે કદમે પેલી બુઢી બેઠેલી હતી ત્યાં ગઈ. બુઢીની પીઠ પાછળ આ સઘળો બનાવ બનતો હતો, જેનો સંસારો વટીક એ ફરેબગાર ઓરતને જણાયો નહી. શર્ખ મજબુત દસ્તમાં પકડી ખાજાની દુખ્તરે એક એવો તો મજબુત ફટકો ફરેબગાર ઓરતના માથાંમાં માર્યો કે તે લોહી લુહાન થઈ જમીનપર પછડાઇ અને પાંચેક પલમાં પાપી પ્રાણ તેણીના શરીરમાંથી ઉડી ગયો.

હીમ્મતવાન નાજનીન હવે આખાં મકાનમાં ફરી અને જે સંગીન માલ લેવા અને લઈ જવા લાયક હતો તે મીલાયહ યાને ચાદરમાં બાંધી લઇ ચાલી. સુલતાનના ખાસ હજુરીઆ દાખલ માછીએ ઠીક અવેજ એકઠો કીધો હતો તે સઘળાનો એક સપાટે આ મીસાલ નીકાલ આવી ગયો.

રાત અંધારી હતી તોપણ મ્હોંપર બુરખો નાખી અને પેલી ગાંસડી લઈ યાહોમ ખાજાની બહાદુર બેટી પોતાને ઘેર જવા લાગી. સારાં નસીબે રસ્તામાં એક પણ રાહદારી તેણીને મળ્યો નહી. ઘરમાં દાખલ થતાંજ તેણીએ ગાંસડી એક ખુણામાં ફેંકી. તેણીએ પોતાની માવતરને વાટ જોતી બેઠેલી દીઠી. પોતાની દીકરીને ઉશકેરાયલી હાલત, વીખરાયલા બાલ, અને એક મોટી ગાંસડી સાથે આવેલી જોઈ વાલીદા ઘભરાઈ અને શું બન્યું હતું તે પુછવા લાગી, પણ ગભરાટ અને ઉશકેરાયલી હાલતને લીધે સીતઅલ હુસ્નથી એક પણ શબ્દ બોલાયો નહી અને ખુનની બીના યાદ આવતાં ચકરી ખાઈ એ ખુબસુરતીની બાનુ જમીનપર પતકાઇ. આખો દીવસ તેણીએ લવારો બકારો બેભાનપણામાં કર્યા કીધો, અને તેની માદરે તથા બીજાઓએ રડમસ ચેહેરે તેણીની સારવાર કર્યા કીધી. ત્રણ દિવસની મુસાફરી પછી સાંજ પડતાં ખાજા ઘેર આવ્યો તો તેણે પોતાની બેટીને બેહોશ થયલી અને ઘરમાં રડારોલ ચાલતી દીઠી. તેણે પોતાની પરણેતરને શું બન્યું હતું તે પુછયું, જેણીએ પેલી પહરેજગાર બનેલી ઓરતના ચરીત્રથી તેને વાકેફ કીધો અને તેણીએ હેવાળ પુરો કરતાં જણાવ્યું "અને મેં તે ઓરત સાથે સીતઅલ હુસ્નને નેકાહમાં ભાગ લેવા મોકલી તો છેક અંધારી રાતે પેલી ગાંસડી સાથે અહીં પાછી ફરી અને બેહોશ થઈ પડી, તે હજુ તેમજ છે."

આ સાંભળી ખાજા તરતજ બાહેર ગયો અને એક હુસ્યાર તબીબને બોલાવી લાવ્યો, જેણે તેણીને બેહોસીમાંથી બેદાર કીધી. હુસ્યારીમાં આવતાંજ તેણી ડોલા ફાડી જોવા લાગી અને "હું કયાં છું" કરી પુછવા લાગી.

"તું અમારી સાથે છે." તેણીના બાપે ઉતર વાલ્યો.

તબીબે તેણીને આરામ લેવા ફરમાવ્યું અને ઉંઘ લાવવાની દવા ફરમાવી ત્યાંથી વીદાય થયો.

બીજે દીને સહવારે સીતઅલ હુસ્ન પુરતી હુશ્યાર થઇ અને તેણીએ બનેલા બનાવથી સઘળાંને વાકેફ કીધાં, જે સાંભળી પોતાની દીકરી માટે ઇનસાફ માંગવા સુલતાન આગળ ખાજા ગયો, જેને તેમ કરતાં આપણે શરૂઆતમાં જોઇ ગયાં છિયે.

સુલતાને સઘળી કેફીયત સાંભળી લઇ ભાંગ પીનાર માછીને પકડી લાવવા પોહોરેગીરોને હુકમ કીધો, જેઓની એક ટોલકી માછીના મકાનમાં પેઠી અને બારીક તલાસ કીધી તો તેઓએ બુઢીની લાસ લોહીલુહાન હાલતમાં વાસ મારતી પડેલી જોઇ, પણ માછીનો પત્તો મળ્યો નહી. તેઓ સુલતાનના મેહેલમાં પાછા વળ્યા અને માછીની ગેરહાજરી વીશે તે નામવરને વાકેફ કીધો.

હવે આપણે માછી તરફ પાછી નજર ફેરવ્યે. સીતઅલ હુસ્નના સુખનપર અમલ કરી આપણે તેને બજારમાં મેવો, ફુલ, શરાબ વગેરે ખરીદવા જતો જોઇ ગયાં છીએ. બજાર લાંબે તફાવતે હોવાથી ઘણી વારે મનમાં તે તરેહવાર ખુશનુમા ખ્યાલો કરતો માંગેલી ચીજો સાથે મકાનમાં દાખલ થયો, તો તેણે ઘણા કમકમાત વચ્ચે બુઢીને લોહીલુહાન મરણ પામેલી દીઠી અને સઘળી કીમ્મતી ચીજો ગેપ થયલી જોઈ. આ પ્રમાણે મામલો દેખી તે બોલ્યોઃ "હું સમજ્યો કે એક પરીજાદ ઉલ્લુ મારા સપાટામાં આવી, પણ હું જોઉં કે એ ઉલ્લુંએ મને પોતાને ઉલ્લુ બનાવ્યો. વાહરે તકદીર! શું તારો ખેલ છે? કયામત! કયામત! તારો ચમતકર! પણ હવે કરવું કેમ? જનાબે આલી આગળ ખાજા જરૂર ફરીઆદ કરવા જશે, અને એ નામવર જરૂર મારૂં માથું છટકાવવા હુકમ આપશે. બેહતેર કે આ શેહરેમાંથી ગુપચુપ નાસી જાઉં!"

આ પાછલા ઠરાવપર તેણે એક કલાકમાં અમલ કીધો અને સદાનું શેહર છોડી ચાલ્યો.

તકદીરની તાસીર.

ઉપર બનેલા બનાવને લીધે ભાંગી માછીને આપણે શેહેર છોડી જતો જોઇ ગયાં છઈએ, પણ તેનાં કીસમતમાં તરેહવાર બનાવો બનવા લખેલું હોવું જોઇએ.

બીજે દીને કીસ્મતની કીસ્તી તેને એક મોટી કફીલહ યાને વંજાર આગળ ઘસડી લઇ ગઇ, જેની સાથે તેણે ચાર દીવસ સુધી મુસાફરી કીધી; આખરે મુસાફરો એક શેહેરમાં જઇ પોહોંચ્યા, જ્યાંની એક સરાહમાં માછીએ ઉતારો લીધો. તે ઠાકીને લુસ થઈ ગયો હતો અને ચાલતાં પગમાં છાગરા પડયા હતા. આખી સાંજ અને રાત તેણે ઉંઘ ખેંચવામાં કાઢી અને સહવાર પડતાં ચાકરીની શોધમાં શેહેરમાં તે ફરવા લાગ્યો. તરેહવાર પરચુટન કામ કરી તે જે કમાતો, તેમાંથી તે ગુજરાન ચલાવવા લાગ્યો. એ ત્રણ દીવસ પછી તેણે એક નાની ખોલી ભાડે લીધી, જેમાં તે જઇ સુતો હતો.

હવે તકદીરની તાસીર જુઓ. એક દીવસે કામની શોધમાં માછી રસ્તાપર ભટકતો હતો, તેટલાં સામે તેને એક ઓરત મળી જે પુછવા લાગીઃ "તુંને નોકરી જોઇએ છે?"

"ઓ મારી મુરબ્બી માદર! હું તેનીજ શોધમાં ભટકું છું."

"મારાં મકાનની એક જુની દીવાલ જમીન દોસ્ત કરી નવી બાંધવા માંગું છું."

"હું એ કામ કરવા કબુલ કરૂં છું," માછીએ ઉતર વાલ્યો.

"ચાલ ત્યારે મારી સાથે." તેણી બોલી અને ચાલવા લાગી. માછી તેણીની પુઠે પુઠે જવા લાગ્યો. મકાને જઇ લાગતાં તેણીએ દીવાલ દેખાડી અને એક ગયન્ટી યાને કોદાળી આપી દીવાલ ભાંજવાનું કામ સોંપ્યું.

"તારામાં જોર હોય તેટલું અજમાવી એ ભાંગી નાંખ. એ ત્રણ દીવસ થાય તો અડચણ નહી; જે પથ્થરો નીકળે તેનો ઢગ એક બાજુ મારજે, અને સુકા કાદવનો બીજે ઠેકાણે કરજે."

"હુકમને તાબે" માછીએ ઉતર વાલ્યો.

ત્રણેક કલાક પસાર થયા કે પેલી ઓરત ખાવાનું અને પાણી માછીને માટે લઇ આવી, જે પર હાથ મારી માછીએ અલ્લાને યાદ કીધો. ત્યારપછી જુની દીવાલ ભાંજવાના કામપર મંડયો રહ્યો, તે છેક સાંજવેર તેણે એ કામ કર્યા કીધું. મેહેનતના બદલામાં પેલી ઓરતે દસ દ્રહ્મનો રોજ આપ્યો અને વળી થોડુંક ભોજન બાંધી આપ્યું, જે લઇ માછી ખુશી થતો પોતાને મકાને વીદાય થયો.

બીજે દીને પોહો ફાટતાંજ માછી પાછી પેલી ઓરતને ત્યાં ગયો, જેણીએ વળી તેને ભોજન આપ્યું, જે ખાધા પછી તેણે દીવાલ ભાંજવાનું કામ બપોર તુલીક કીધું. પણ બપોરના જ્યારે ઘરમાંના સર્વ ભોજન જમવા અંદર ગયાં હતાં અને માછી આગલ કોઈ હાજર નહી હતું. ત્યારે માછીની અતી અજાયબી વચ્ચે પાયાની વચ્ચમાં સોનાના સીક્કાઓથી ભરપુર એક મર્તબાન યાને માટલું જણાયું. ઘડાનું મ્હો છોડતાં તેમાંની વસ્તુઓ જોઈ, રખે બીજો કોઈ જોય તેની ધાસ્તીને માટે ઘડા આસપાસ લુગડું વીંટાલી, પોતાને મકાને લઇ ગયો અને ખોલીમાં જઇ પોંહોચ્યા કે બારણું અંદરથી બંધ કીધું. તે સોનાના સીક્કાની સંખ્યા ગણવા લાગ્યો તો બરાબર સો દીનાર જણાયા, જે તેણે પોતાની હેલીમાં બાંધ્યા અને તે હેલી અંદરની બંદીના ખીસામાં સંભાલથી બાંધી. આ કામ કર્યા પછી ઝડપથી તે પાછો દીવાલ તોડવા ગયો. સાંજ સુધી તેણે દીવાલ તોડવાનું કામ ચાલુ રાખ્યું અને આગલાજ દીવસની પેઠે પૈસા ને ભોજન તેને મળ્યું. તે હવે મનમાં તરેહવાર વીચારો કરતો પોતાને મકાને જવા રસ્તામાંથી પસાર થવા લાગ્યો, તો એક મોટી પેટીની આસપાસ ઠઠ ભેગી મળેલી તેના જોવામાં આવી. આ પેટીની નજદીક તેનો ધણી વેચવા માટે બુમો પાડતો કે "સો દીનારે આ વેચવામાં આવે છે! સો દીનાર! કોઈ ખરીદદાર છે? સો દીનાર! બાબા, સો દીનાર!"

પેટીની અંદર શું અવેજ હતો તે ખરીદદારો જાણવા માંગતા હતા, પણ વેચનાર તે જણાવવાની સાફ ના પાડતો હતો અને જણાવતો "સો દીનાર! બાબા, કીસ્મત! સો દીનાર!"

આ નવાઇ જેવું વેચાણ સાંભળી માછી ત્યાં ગયો અને પોતાના મનસે વીચારવા લાગ્યો: "અલ્લાહે મને આજેજ સો દીનાર મફતના આપ્યા, અને આ પેટારો પણ સો દીનારની કીસ્મતનો જણાવવામાં આવે છે. કદાચ અલ્લાહે એ ખરીદવા માટેજ મને સો દીનાર અચાનક આપ્યા હશે કે મારૂં તકદીર જાગે! જો અંદરથી કાંઇ નહી નીકળશે તો મારૂં કાંઇ જવાનું નથી: કારણ કે સો દીનાર મને મુફતનાજ મળેલા છે."

ઉપલો ઠરાવ કરી વેચનાર દલાલ આગલ માછી ગયો અને બોલ્યો "અલા કામ! આ પેટારાની શી કીમ્મત?"

"એક સો દીનાર!"

"એમાં શું ભરેલું છે?"

"તે હું જાણતો નથી; ખરીદનારના કીસ્મતમાં જે લખેલું હશે તે મળશે."

"તું એમાં શું છે તે જાણતો નથી: ત્યારે તું કોણ છે?"

"હું ફક્ત ડરમ્યાની છું."

"ત્યારે ઓ દલાલ! મારી તકદીરની તાસીર હું અજમાવું છું. લે આ તારા સો દીનાર." માછીએ સોનાના સીક્કા ગણી આપતાં કહ્યું.

દીનાર લઈ દલાલે સંદુક આપણા માછીને સ્વાધીન કીધી અને કહ્યું "મારૂં કહ્યું માને તો તારાં મકાનમાં એ ખુલજે!"

માછીએ એ પેટારો ખાંધે માયો અને છોકરાંઓના હુરરેએના પોકારો વચ્ચે તે પોતાના મકાનની ખોલીમાં લઇ ગયો. અંદરથી તેણે બારણું બંધ કીધું અને સંદુક ઉઘાડી તો તેના ઘણાજ ગભરાટ અને અજાયબી વચ્ચે એક ખુબસુરત માહતાબ સરખી ગુલામડીને બેભાન હાલતમાં અંદર સુનેલી જોઈ. તેણીએ ખુબ શરાબ પીધેલો માછીને જણાયો. તેણે એ ખુબસુરતીની પરીને હીલવી, પણ તે બેદાર થઇ નહી, તે જોઇ તે વીચારવા લાગ્યો "આ પરીજાદ નાજનીનનો કોણ જાણે કેવોક કીસ્સો હશે? એ હુસ્યાર થાય તો સઘળું જણાઇ જશે. એ મરણ પામેલી છે યા જીવતી છે તે પણ જણાતું નથી. આહ! સ્વાસ ચાલતો દીસે છે. લાવ, પાણી છાંટું અને પંખો નાંખું."

ઘણી વારે સંદુકમાંની નાજનીન બેદાર થઇ, અને આસપાસ જોઇ અજાયબીથી પુછ્યું "હું ક્યાં છું?"

"ઓ મારી શેહાણી! તું મારાં મકાનમાં છે." માછીએ ઉત્તર વાળ્યો.

તેણી પાંચેક પલ વિચારમાં ગુંટાઈ તો તેણીને પોતાપર પડેલી સઘળી આફત યાદ આવી અને માછીના ઘરમાં તેણી કેવી રીતે આવી હશે તે પણ તે ચેતી ગઈ.

આપણી વાર્તા આગળ ચલાવ્યે તે અગાઉ તે નાજનીન વિષે જાણીતું થવું અવસ્યનું છે.

તે શેહેરના સુલતાને આ નાજનીન નામે કુટ અલ-કુલુબપર મોહીત પડી એક ગુલામોના વેપારી પાસેથી ખરીદી અને જનાનખાનામાં રાખી. રફતે રફતે પોતાની બીબીઓને સુલતાને વિસારી મુકી અને પોતાનો સઘળો ચાહ કુટ અલ-કુલુબપર બતાવતો દીસ્યો. આથી બીબીઓ સઘળી અદેખી થઇ, જેઓમાં એક બીબી, જે સુલતાનના કાકાની છોકરી હતી તે, મુખ્ય હતી. આ સઘળી બીબીઓ પ્રપંચ રચવા અને એકાદ સુંદર ટક હાથ કરવાની રાહ જોવા લાગ્યાં. આખરે એક દહાડે સુલતાન પોતાના ઉમરાવો સાથે શીકારે નિકળ્યો અને શીકારની શોધમાં તેઓ ઘણે દૂર એક વેરાન જગ્યામાં નિકળી ગયા. રાત્રીએ તેઓએ ત્યાંજ છાવણી નાખી અને બીજે દીને પાછો શીકાર શોધવા પાછળ મંડ્યા.

બીજા હાથપર જ્યારે બે દિવસ પસાર થયા અને સુલતાનના આવ્યાની કાંઇ ખબર મેહેલમાં મળી નહી, ત્યારે સુલતાનની આગલી માનીતી બીબી, (જે તેની ભત્રીજી થતી હતી) એ બીજી અદેખી બીબીઓ સાથે મળી જઈ કુટ અલ-કુલુબનો ઘાટ ઘડ્યો. તેઓએ મેહેલમાં તેણીને ખાણું આપ્યું અને તેઓ જાણે કેવીએક પ્રીતિ તેણીપર રાખતાં હોય તેમ દોલ ઘાલ્યું. રમત ગમતમાં ધારેલો વખત પસાર કર્યા પછી ભોજનના ખુમચાઓ આવ્યા. ભત્રીજી-બીબી ઘણાંજ વ્હાલથી કુટ અલકુલુબની પરોણાગત કરવા લાગી અને આગળથી રચેલી ગોઠવણ પ્રમાણે એક સ્વાદીષ્ટ વાણીની રકાબી તેણીનું ધ્યાન ખેંચાય તેમ મુકી. કુટ અલ-કુલુબને એ સ્વાદીષ્ટ લાગ્યાથી રકાબી ખાલી કીધી, પણ તેણીને ખ્યાલ

વટીક ગયો નહી કે તેમાં ભાંગ મીશ્ર કરેલી હતી. આ સ્વાદિષ્ટ વાણી ખાધા પછી ટુંક વખતમાં તેણી ધુજવા લાગી અને એ કેફી વસ્તુ ખાવાની ટેવ નહી હોવાથી બેહોશ થઇ જમીનપર પટકાઇ, અને વગર હીલચાલ કરવે ત્યાંજ પડી રહી. ભત્રીજી બીબીએ અગાઉથી તૈયાર રાખેલો પેટારો હવે મંગાવ્યો અને તેમાં બેહોસીમાં ગીરફતાર થયલી નાજનીનને મુકી, ઢાંકણું ઢાંકયું અને તાલું દઇને દલાલોના શેખને તેડાવી મંગાવ્યો.

"આ સંદુક તારે કદી ઉઘાડવી નહી, પણ એ બરાબર સો દીનારે તારે વેચવી અને વેચાતી લેનાર ધણીનેજ તારે એનાં તાળાંની કુંચી સ્વાધીન કરવી. જો તું અમારા હુકમથી જરા પણ ઉલટો ચાલ્યો તો તારા બન્ને હાથો તરતજ તારાં બંદનથી છુટા કરાવવામાં આવશે." ભત્રીજી-બીબીએ દલાલોના ઉપરીને ફરમાવ્યું.

"હુકમને તાબે" શેખે જણાવ્યું અને પેટારો ઉંચકી જઇ બજારમાં ગયો અને એક દલાલને કહ્યું "આ સંદુક એક સો દીનારે વેચવાની છે કરી બુમ પાડ; અને જો કોઇ એ ઉઘાડવાની કોશેશ કરે તો ઉઘાડવા દેતો ના; પણ ખરીદનારને તે પોતાને મકાને ઉઘાડવા જણાવજે; અંદર શું ભર્યું તે જો કોઇ જાણવા માંગે તો કહેજે કે કીસ્મતમાં જે લખ્યું હશે તે મળશે; પણ એક સો દીનારથી જરાએ ઓછે ભાવે આ સંદુક વેચતો ના. ફક્ત ખરીદનારનેજ એની આ ચાવી આપજે."

અને ત્યાર પછી કેવી રીતે માછીએ એ સંદુક ખરીદી તે આપણે જાણી ચુકયાં છઇએ. આપણે વળી જાણી ગયાં છીએ કે કુટ અલ-કુલુબ પોતાને કેવી રીતે ફસાવવામાં આવી હતી, તે મનમાં સમજી ગઈ હતી.

"ઓ શેઠાણી! મને તારો હેવાલ કહે."

"સહવારના જોઇશું." "તું કોણ છે?" સહવારના તેણીએ જાણવા માંગ્યું.

"હું તારો ખરીદદાર છું." માછીએ ઉત્તર વાલ્યો "એક સો સોનાના દીનાર મેં દલાલને આપ્યા છે."

"ત્યારે તું હવે શું કરવા માંગે છે?"

"તું નાજનીન જે કેહે તે."

"ઠીક ત્યારે! ઓ રેહેમી આદમ! હું ખુશી છું કે એક દુઃખી અબલાને તું એક બેહેન સમાન ગણે છે; મારીપર અજબ ફાસમનો સીતમ ગુજારવામાં આવ્યો છે, પણ તે વિશે ચોક્કસ સબબ સર હું તુંને વાકેફ કરવા માંગતી નથી."

"જેવો હુકમ!"

"આ કોટડી આપણે લાયકની નથી; માટે અમીર ઉમરાવો રહે છે તે લતાપર જો એક નાનું મકાન ખાલી હોય તો ભાડે લેવા તું જા; અને આ પૈસા તે માટે લે." તેણીએ અંદરના ખીસામાંથી એક હેલી બાહેર કાઢી થોડાક સોનાના દીનાર આપતાં કહ્યું. તેણીએ તેને ખુબ તાકીદ કીધી કે કોઇ આગળ એ વિષે વાત કરવી નહી. અહીં જણાવવું જોઇએ કે પેટીમાં બંધ કર્યા અગાઉ તેણીની હેલી અને જવાહેર જેમનું તેમ રેહેવા દેવામાં આવ્યું હતું, જે આ વખતે કુટ અલ-કુલુબને ઘણું કામ લાગ્યું.

બપોર પડતાં એક લાયક મકાન ભાડે લેવામાં આવ્યું, અને સાંજે અંધારૂં પડતાં માછી સાથે કુટ અલ-કુલુબ ત્યાં રેહેવા ગઇ. ત્યાર પછી તેણીને જે ભાવતું હતું તે ખરીદવા દરરોજ તેણી માછીને પૈસા આપતી હતી અને સ્વાદીષ્ટ ભોજન પણ પોતેજ પકાવતી હતી, જે ખરેખર સુલતાનોને લાયકનું હતું, પણ આ વેલા તે પોતે અને માછી જમતો હતો.

આ પ્રમાણે વીસ દીવસ પસાર થયા અને એકવીશમે દિવસે એકાએક સુલતાન શિકારપરથી પાછો ફરવાની ખબર આખાં શેહેરમાં પ્રસરી પડી.

મેહેલમાં દાખલ થતાંને વાર તેણે કુટ અલ-કુલુબ વીશે પુછ્યું તો ભત્રીજી-બીબીએ રડીને જણાવ્યું "ઓ આ જમાનાના સેહેનશાહ! અલ્લાહની મરજી સામે કોઇથી થવાતું નથી. તારા ગયા પછી ત્રીજે દીને તેણીને બીમારી અને રોગ લાગુ પડ્યાં અને છ દીવસ તુલીક એવી હાલતમાં રહી અલ્લાહની દરગાહમાં ચાલી ગઈ."

"અલ્લાહ સીવાય બીજો કોઇ નીગેહબાન અને દયાળુ નથી: માટે તેની મરજીને સઉ કોઇએ નમવું જોઇએ." સુલતાને દીલગીરીના દરીઆવમાં ગરક થઇ જણાવ્યું. તે રાત તેણે ઘણી બેચેનીમાં ગુજારી.

સવારના તેણે પોતાના વજીરને બોલાવી મંગાવ્યો અને તાઇગ્રીસ નદીના કીનારા આગળ, જ્યાં ઘણા રસ્તાઓ એકઠા મળતા હતા ત્યાં, એક મેહેલ બાંધવા લાયક જગ્યા શોધી કહાડવા ફરમાવ્યું.

"હુકમને તાબે" વજીરે જણાવ્યું અને પોતા સાથે મુઆમ્મરીન યાને શિલ્પશાસ્ત્રી તથા મુહંદીસીન યાને ભુમાતીશાસ્ત્રીની એક ટોલકી લઇ ગયો. તેણે એક ચોક્કસ જગ્યા પસંદ કીધી અને તેની આસપાસ દીવાલ અને ખાઇ બાંધવા હુકમ ફરમાવ્યો અને કડીયા-મીસ્ત્રીના વડાઓને તેડાવી મેહેલ બાંધવાનો સામાન તૈયાર રાખવા જણાવ્યું. દીવાલોના પાયાનું કામ ધમધોકાર ચાલુ કરવામાં આવ્યું. વજીર પોતે જાતે દેખરેખ રાખતો હતો. ત્રીજે દીને સુલતાન ત્યાં ગયો અને કામ જોઈ ખુશી થયો અને વજીરને પોતાની હજુર બોલાવી કહ્યું. "વલ્લાહી! આ જગ્યાપર જે મેહેલ બંધાશે તે ફકત કુટ અલ-કુલુબને રેહેવા લાયક બંધાશે." એટલું બોલી તેણીની યાદથી તે રડવા લાગ્યો.

"ઓ જમાનાના શેહેનશાહ! ધીરજ મોટું ધન છે. અલ્લાની મરજીને સૌએ તાબે થવુંજ જોઈએ. એક દીન આપણે પણ આ દુન્યામાંથી ઉઠાંગરી કરી જઇશું. મોહો, માયા, સઘળું મીથ્યા છેઃ ફક્ત આપ નામવર જેવાઓની નેકી હવે પછીના જમાનાઓમાં પમરાત ફેલાવ્યા કરશે."

"અય દાનેશમંદ વજીર! તારું કહેવું રાસ્ત વ દરુસ્ત છે! પણ મારી નજર આગલથી કુટ અલ-કુલુબ ખસ્તી નથી! મને જાણે એવું લાગે છે કે તે આ દુન્યામાં હજુ હૈયાત છે. અને હું તેણીનીજ યાદ કરતો દહાડા કાઢીશ."

આ સાંભળી વજીરે તેને દીલાસો દીધો અને રાજ્ય કામકાજપર ધ્યાન આપવા સલાહ આપી. ત્યાર પછી સુલતાન દરરોજ સહવારના બંધાતા મેહેલ આગલ જતો. એ સુંદર મેહેલનું નામ "કુટ અલ-કુલુબ મેહેલ" રાખવાનો ઇરાદો પોતાના વજીર આગલ એક દીને સુલતાને જણાવ્યો.

આ મેહેલની અને સુલતાનના પ્યારની વાત કુટ અલ-કુલુબના કાનપર આવીઃ તેથી એક દીને તેણીએ સીફતથી માછીને કહ્યું. "દરરોજ આપણે કાંઈ પણ આવક વગર ખરચ કરિએ છીએ અને પૈસા સઘળા ખુટી ગયા છે, માટે તુંને લાયક છે કે તું સુલતાનના નવા બંધાતા મેહેલપર નોકરીએ રેહે અને જે રોજ મળે તે લઈ આવે. લોક કહે છે કે એ નામવર હાતેમ દીલનો છેઃ તેથી કદાચ તારી ઉમંગી મેહેનત જોઇ સારો જેવો રોજ આપવા હુકમ ફરમાવે."

"ઓ મારી શેઠાણી! તારૂં કેહેવું રાસ્ત છે, પણ તારેથી જુદા પડવા મને ગમતું નથી. મને ધાસ્તી રહેછે કે રખે કોઈ તુંને પાછી પેટારામાં નાખી લઈ જાય."

"એની તારે હવે ધાસ્તી કરવી નહી." તેણીએ ઉતર વાલ્યો "બન્યું તે બન્યું. હું હવે પુર હુસ્યારીમાં છું. અને મારા આશીશથી તું કદાચ સારૂં કમાઈ આવશે."

"પણ કામકાજમાં તું મને યાદ આવશે તો કામ બરાબર મારેથી થશે નહિ."

"ઓ ભલા ભાઈ! એનો ઇલાજ હું તુંને બતલાવું છું." કુટ અલ-કુલુબે કહયું "આ માળા લે અને તારાં અંદરના અંગરખાંનાં ખીસામાં મેલ. જ્યારે, પણ તું મને યાદ કરે ત્યારે જાણે હું તારી આગલ છું એમ ગણી એ હાર ખીસામાંથી બાહેર કાઢી અને જરા જોઈને સુંગજે."

"તારા કહ્યા પ્રમાણે ચાલવા હું તૈયાર છું."

બીજે દીને બંધાતા મેહેલ આગળ તે ગયો, જ્યાં તેણે સુલતાન અને વજીરને કડયા, સુથારો, વગેરેની હીલચાલ તપાસતા બેઠેલા દીઠા. સુલતાન જોય તેમ તે એક બાજુ ઉભો રહ્યો. સુલતાનની નજર તેનીપર પડતાંજ તેણે પોતા હજુર તેડવા વજીરને ફરમાવ્યું.

"ઓ મરદ! તું પણ મજુરીએ રહેવા માંગે છે?"

"આપ જેહાંપનાની મેહેરબાનીથી તારો કમીનો બંદો તેમ ઇચ્છે છે."

માછીને કડયાનું કામ સોંપવામાં આવ્યું: બપોરસુધી તે ઘણીજ મેહેનત કરતો જણાયો; પણ હવે તેને પોતાને ત્યાંની નાજનીન યાદ આવી: જેથી ખીસામાંથી હાર કાઢી તે સુંઘ્યો. વજીરે તે જોયું. થોડા વખત પછી વજીરના જોવામાં પાછું તેમજ આવ્યું.

"અય કડયા! તારા ખીસામાં એ શું છે, અને તું શું સુંઘે છે?"

"કાંઈ નહી."

સાંજે સુલતાન સાથે વજીર પાછો ત્યાં આવ્યો. સેજ વાર થઈ નહી તેટલાં વળી પાછી વજીરની નજર કડયાપર પડી, જે પેલો હાર સંતાડીને સુંઘતો હતો. વજીરે સુલતાનનું ધ્યાન તેપર ખેંચ્યું "અય જમાનાના શાહ! આજે સહવારના આપ નામવરે જે કડયાને રાખ્યો તે પોતાના ખીસામાં કાંઈ લઈ આવ્યો છે, અને આ સુધાં ત્રીજી વખત મેં તેને છુપાવીને સુંઘતાં જોયો છે."

"કદાચ એના ખીસામાં એને અગતની કાંઈ ચીજ હશે, જે તે વારંવાર તપાસી જોતો હશે."

તો પણ પાએક કલાક ગયો નહી કે સુલતાનની નજર માછીપર પડી, જે તે વેળા માળા સુંઘતો હતો.

"વલ્લાહી!" સુલતાને વજીરને કહ્યું "ખરેખર! આજ સહવારવાલો મજુર ઓર કીસમનો છે."

આથી બન્નેએ માછી તરફ નજર ફેરવી તો અંદરના ખીસામાં કાંઈ છુપાવતો માછીને બન્નેએ જોયો.

"માણસ ચક્રમ દીસે છે." વજીરે વીચાર જણાવ્યો "પોતાની છાતી પરનો પસીનો સુંઘતો હોય એમ જણાય છે."

સુલતાન આ સાંભળી હસ્યો અને બોલ્યો "નહી! મને તો લાગે છે કે એનાં ગજવામાં કાંઈ છે, જે એ કોઈને દેખાડવા માંગતો નથી, પણ સુંઘવામાં મજાહ લે છે. કદાચ એની કાંઈ તવારીખ હશે: માટે એને અહીં બોલાવી લાવ."

આથી વજીર ઉઠયો અને માછી આગળ જઈ કહ્યું "યા હાઝા! વારંવાર તું એ શું સુંઘે છે અને છીંકે છે?"

"નામવર શેહેનશાહની હજુરમાં એવા બોલ તું શા માટે ઓચરે છે ? તુંને બીક નથી લાગતી ?"

"તારા ખીસામાં એ શું છે કે તું વારંવાર સુંઘે છે ?" વજીરે પુછ્યું.

"મારી પ્યારી મારા ખીસામાં છે." માછીએ ઉત્તર વાળ્યો.

વજીર આ સાંભળી ઘણો હેરત થયો અને સુલતાનને માછીના જવાબથી વાકેફ કીધો.

"જા જઈને પુછ કે 'તારા ખીસામાં તારી જે વ્હાલી છે તે અમોને દેખાડી શકશે?' એનો એ શો ઉત્તર વાલે છે, તે મને જણાવ."

વજીર આથી ધક્કા ખાતો પાછો માછી આગલ ગયો અને બોલ્યો "હે સંગટરાશ! તારાં ગજવામાં જે છે તે કાહાડીને દેખાડ."

વાંચનારને અહીં ખુલાસો કરવો જોઇએ કે આગળ સુલતાને એ હાર એક હજાર દીનારે ખાસ કુટ અલ-કુલુબને માટે વેચાતો લઈ તેણીને તે બક્ષીસ આપ્યો હતો, જે હાર પેલી નાજનીનને પોતાની મતલબ કાઢી લેવા ખામખા માછીને આપી અહીં મોકલ્યો હતો.

"તુંને શા માટે દેખાડું ?" માછીએ જાણવા માંગ્યું.

"વધુ ટકટક છોડી દઈ નામવર શેહેનશાહ આગળ અબ ઘડી આવ." વજીરે ઉતર વાલ્યો.

માછીને આથી સુલતાન રૂબરૂ જવાની અને તેને પેલો હાર દખાડવાની ફરજ પડી. સુલતાન એ હાર જોઈ વીચારમાં ગરક થઈ ગયો.

"એ માળા તું કયાંથી લાવ્યો ?" સુલતાને પુછ્યું.

"નામવર ! એ હાર એક નાજનીનનો છે, જેને મેં એક સો દીનારે ખરીદી હતી."

"તારાં મકાનમાં અમોને એ નાજનીનને જોવા લઈ જવા તુંને કાંઈ વાંધો છે ?" સુલતાને પુછ્યું.

"નામવર ! ગુસ્તાખી માફ છે, પણ એક પારકી ઓરતનો ચેહેરો જોવા આવતાં તમોને શરમ નથી આવતી ? તો પણ હું એ નાજનીન સાથે વાત કરી તમોને એનો જવાબ જણાવીશ."

સુલતાનને માછીના ભરભરીઆ શબ્દોથી ગુસ્સો તો ઉપજ્યો, પણ તેણે તેનું વાજબીપણું દાનેશમંદીથી સ્વીકાર્યું.

આફતાબ પોતાના ગુફામાં આસાયસ લેવાની તૈયારી કરતો જણાતાંજ કામદારોને તે દીવસનો રોજ ચુકાવી આપવામાં આવ્યો, જેઓ પોતપોતાને મકાને વીદાય થયા. પણ માછીને બે દીનાર સુલતાને અપાવ્યા, જે તે લઈ ખુશી થતો ઘરે ગયો, અને સઘળી કેફીયતથી કુટ અલ-કુલુબને વાકેફ કીધી.

"એમાં કાંઇ પણ નુકશાન થવાનું નથી." તેણીએ કહ્યું "પણ ઇનશાલ્લા ! કાલે સહવારના પહોરમાં સોજું ખાવા પીવાનું વધારે જથ્થામાં ખરીદી લાવજે: કદાચ આપણને મેહેમાનદારી કરવી પડશે; પણ આજની પેઠે ત્યાં કાલે નોકરી પર જજે, અને જો સુલતાન પોતાના વજીર સાથે અહીં આવવા માંગે તો બા આબરૂથી તેમને અહીં લઇ આવજે. પણ જ્યારે સુલતાન મને ખરીદવાની માગણી તુંને કરે ત્યારે તું કહેજે 'નહી.' આથી તે મારી પાસે બક્ષીસ દાખલ માંગશે. જે સાંભલી તું કહેજે 'ઓ નામવર ! મારી આ માંગણી હું સરોચશમથી કબુલ કરૂં છું,' કારણ કે અય માછી ! સુલતાનની

હું ખરેખરી ગુલામડી છું, અને તેણે મને દોઢ હજાર દીનારે ખરીદી હતી. તું જે મારો શેઠ થયો, તે ફક્ત અજાણપણે મારાં દુશ્મનોની યુક્તીથી થયો; તોપણ તારો દોલતમંદ બનવાનો વખત હવે ઘણો નજદીક આવી લાગ્યો છે."

બીજે દીને પરોઢયાંમાં તેણીએ પાંચ દીનાર માછીને આપ્યાં, અને બજારમાંથી ચોક્કસ ચીજો ખરીદી લાવવા કહ્યું. માછી તે ખરીદી પાછો વળ્યો અને તેણીને સ્વાધીન કરી આગલા દીવસના કામપર ગયો.

માછીના ગયા કેડે કુટ અલ–કુલુબ ઉઠી. બાંય ચઢાવી શેહેનશાહને લાયક ખાનું પીનું તૈયાર કીધું, સર સામાન સાફ કરી બરાબર ગોઠવ્યો અને આખા મકાનમાં ગુલાબનું પાણી છાંટયું.

બપોરનાં તેણીએ સુલતાન, વજીર, અને માછીને કેહેવાડયું કે તેણી તેની મુલાકાત લેવા તૈયાર હતી: આથી સુલતાન અને વજીર જ્યાં બેઠા હતા ત્યાં માછી ગયો, અને કુરનસ બજાવી બોલ્યો "ટફ્ફઝલુ! (યાને મેહેરબાની કરી પધારો!)."

આ સાંભળી સુલતાન અને વજીર ઉઠયા, અને એકાંત જગ્યાએ જઈ પોતા સાથે લાવેલો પેહેરવેશ બદલી નાખ્યો અને માછી સાથે કોઇ જાણી નહી શકે તેમ તેના મકાને ગયા. મકાનમાં દાખલ થયા પછી સેતરંજી પર બેઠા અને તેમને ખાનું પીરસવામાં આવ્યું. ભોજન તેમને બહુ સ્વાદીષ્ટ લાગ્યું અને ખાધા પછી ઘણા ખુશાલ દેખાયા; હાથ ધોઇ, મીઠાઈ ખાઈ, અને શરબત તથા કાફીના પ્યાલાં નોશ કર્યા પછી સુલતાને માછીને પુછ્યું "નાજનીન કયાં છે?"

"આ મકાનમાં હાજર છે, જનાબ!"

"ત્યારે અહીં તેડી લાવ."

માછી અંદરના ઓરડામાં ગયો અને તેણીને સુલતાન જ્યાં બેઠો હતો ત્યાં લઇ આવ્યો. સુલતાને અતી ખુશાલીથી તેણીને તરતજ પીછાણી. અને જેમ કુટ અલ–કુલુબે માછીને જણાવ્યું હતું તેમજ તેણે માગણી કીધી.

"ઓ આ જમાનાના શાહ! મુજ કમતરીન સેવક તુંને એ બક્ષીસ દાખલ આપે છે." માછીએ સુલતાનને જણાવ્યું.

"તો અય શેખ! તારી એ ભેટ હું અતી ખુશીથી કબુલ રાખું છું. મારા મેહેલમાં તું એને તારી સાથે સાંજને સમે લઇ આવજે."

"હુકમને તાબે."

સાંજને સમે તે નાજનીનને લઈ માછીએ મેહેલ તરફ જવા ચાલુ મુકયું. સેરઈના ઓરડામાં દાખલ થયા પછી ખોજાએ તેણીને પરદેપોશ હાલતમાં સવાધીન લીધી, અને સુલતાનના ખાનગી ઓરડામાં તેણીને લઇ ગયો, અને પાછો બાહેર આવ્યો. બન્ને આસક માસુકને તે સમે કેટલી બધી ખુશાલી લાગી હશે, તેનો ખ્યાલ વાંચનારેજ કરવો.

તેણીએ પોતાપર પડેલી સઘળી આફત વીસ્તારીને સુલતાનને કહી, જે સાંભળી સુલતાન પોતાના જનાનખાનાની પેલી ઓરતો પર અતી ક્રશ થયલો દીસ્તો.

"પણ ઓ સુલતાન!" કુટ અલ–કુલુબે હેવાલ પુરો કરતાં કહ્યું "હું તુંને જણાવી ગઈ છું તેમ પેહેલેથીજ એ માછી મારી તરફ સગા ભાઈ સમાન વર્તયો હતો, અને કોઇ દીવસે પણ મેં તેને મારા ચેહેરા વટીક પર ટીકીને જોતાં દીઠો નથી, ઉલટું જ્યારે હું એને કાંઇ ફરમાઉં, ત્યારે નીચી મુંડીએ સાંભળતો અને મારો હુકમ બજાવી લા-

વતો હતો. ખચ્ચીત ! આ માણસ મને ઘણોજ વીચીત્ર જણાતો : કારણ કે ખરી રીતે જોતાં હું તેની એક ગુલામડી હતી."

"આપણે સહવારના જોઇશું."

બીજે દીને સહવારના માછીને બોલાવી લાવવા સુલતાને હુકમ કીધો; તેની હજુરમાં માછી જઈ પુગતાં સુલતાને તેને દોઢ હજાર દીનાર, કીમ્મતી હદીઓ, ખીલાહ યાને માનનો ઝભ્ભો, અને એક ખુબસુરત ગોરી ગોલામડી ભેટ દાખલ આપવા હુકમ ફરમાવ્યો, એટલુંજ નહી પણ પોતાના મેહેલનો એક ભાગ તેને રેહેવા માટે આપ્યો અને પોતાના હજુરયાઓમાંના એક દાખલનો ઓધ્ધો તેને બક્ષ્યો.

દાનેશમંદ વાંચનારે આ પરથી જોયું હશે કે માછીનો સેતારો પાછો બુલંદ થવાથી તેની તકદીરે જોર મારીને તેને હવે મોટે દરજ્જે ચઢાવ્યો હતો, અને કુટ અલ–કુલુબની તકદીરની તાસીર પણ ઘણી ઝલકતી નીવડી હતી.

એવું કહેવાય છે કે દાનેશમંદોની સંગતમાં રેહેવાથી એક ચંચલ માણસ પણ દાનેશમંદીની ટોંચે ચઢે છે અને તેમ માછીના બાબમાં ત્યાર પછી બન્યું હતું, જે હેવાલ પણ રસીલો હોવાથી આપણે જાણીશું.

અક્કલનો ઓટમી દાનેશમંદોનો દાનેશમંદ થયો.

માછી જ્યારે માછીનો ધંધો કરી ખાધા કરતાં ભાંગ પર વધારે પોતાની સકમાઇ ગુમાવતો હતો, ત્યારે તે ઠેકાણેના લોક તેને "અકકલના ઓટમી" દાખલ ઓળખતાં હતાં, પણ હવે તકદીરના જોરે દાનેશમંદોનો શાહ તરીકે ગણાવાનો વખત આવી લાગ્યો હતો. માણસની પડતી ચહડતીનો એક સારો દાખલો આપણો માછી આપે છે.

કાગજ પર નોંધાયલું છે કે કુટ અલ–કુલુબના આશક સુલતાનની નોકરીમાં ઘણા દાનેશમંદો હતા; તેથી તેઓમાં વસ્વાત કરવાને લીધે "અક્કલનો ઓટમી" માછી પોતાની હુસ્યારીથી દાનેશમંદોનો દાનેશમંદ થવા પામ્યો હતો.

સુલતાનના હજુરીઆના ઓહ્દાની બક્ષેસથી અને કદાચ કુટ અલ–કુલુબના લાગવગથી માછી સુલતાનનો ઘણો માનીતો થતો ચાલ્યો: એટલે સુધી કે વજીર ઉપરાંત સુલતાન વારંવાર માછીની પણ સલાહ રાજકારભાર માટે લેવા લાગ્યો અને અજબ જેવું એ કે આસપાસનાઓને માછીની સલાહો ઘણી કીમ્મતી જણાતી: તેથી વજીર પણ કોઇ કોઈ વેળા ભારે અગત્યના કામોની સલાહ આપણા માછીની લેતો અને ઘણુંખરૂં તે પર અમલ કરતો.

અલ્લાહનું ચાહવું એવું થયું કે સુલતાન એક દીને મેહેલનાં બાગમાં બેસી આસપાસનો દેખાવ નીહાલતો હતો, તેટલાં તેની છાતીમાં દુખારો થઈ આવ્યો. તે આજારી પડયો અને ચોથે દીને તો તેણે પોતાનો પ્રાણ તે બારે હકતાલને પાછો સ્વાધીન કીધો. સુલતાનની લાસને ભારે માન સાથે દફનાવ્યા પછી નવો સુલતાન કોણને નેમવો તે માટે રાજકારોબારીઓ વીચાર ચલાવવામાં ગુંથાયા: કારણ કે મરનાર બાનવારસે મરણ પામ્યો હતો. આખરે વડા વજીરને તખ્તે બેસાડવાનો અને માછીને વડા વજીર દાખલ નીમવાનો ઠરાવ કરવામાં અને તે પર અમલ કરવામાં આવ્યો. આ ગોઠવણ સર્વને ઘણી પસંદ આવી. નવા સુલતાને ભુખ્યાંઓને, વીધવાઓને અને નાવારેસ છોકરાંઓને અંન વસ્ત્ર અને પૈસા આપવા માટે તીજોરીનું મ્હોં ખોલું કીધું અને મરનાર સુલતાનની નેયતે ફકીરોને જમાડયા અને બંદગીઓ કરાવી.

થોડા મહીના ગયા કેડે આપણા "દાનેશમંદ વજીર" દાખલ માછીની વીખ્યાતી પુષ્કળ શેહેરો અને ગામોમાં ઘણી ઝડપથી ફેલાઇ, કે જે ખબર ફેલાવવામાં વનજારોએ સારી મદદ કીધી હતી.

આ વખતે એક ઘણો અગત્યનો અને મુશકેલ કજીઓ "દાનેશમંદ વજીર" (માછી) આગલ પાસેના ગામમાંથી લાવવામાં આવ્યો. અને વજીર દાનેશમંદી કેવી રીતે અજમાવે છે તે જાણવા દરબારીઓ ઉપરાંત આમ લોકની જીજ્ઞાસા ઉસકેરાઈ.

એક મર્દની બે બાબીઓ હતી, જેઓ બન્ને બેહેનો હતી. બન્નેને એકજ મહીનામાં હમેલ રહ્યા અને જ્યારે ખલાસી પામવાનો વખત પસાર થયો કે એકજ મકાનના એકજ ઓરડામાં અને તેજ ઘડીએ બે બાલકો જનમ્યાં. એક છોકરો અને બીજી છોકરી. છોકરી મરણ પામેલી જનમી હતી. બન્ને બેહેનો હવે "એ છોકરો માહરો" કરી મરાવા લાગી, અને એ ઝઘડો દહાડે દહાડે વધતો ગયો: આથી તેઓ પેહેલાં કાઝી આગળ ગઈ, પણ તેને એનો ચુકાદો કરવાનું મુશકેલ લાગ્યું.

"દરેક બેહેને વારા ફરતી અકેક મહીનો એ બાલક છોકરાને પોતાની પાસે રાખી સારવાર કરવી" લોકમતે જણાવ્યું, જ્યારે કેટલાકોનો વીચાર એવો હતો કે બન્ને બેહેનોએ સાથેજ વસી છોકરાની માયાથી જતન કરવી.

"એ બધું ઠીક! પણ એ ફરજંદ મારૂં છે!" એક બેહેને કહ્યું, જ્યારે બીજી બોલી "એ બાલક મારૂં છે."

લોક અને દરબારીઓ એનો નીવેડો કેમ લાવવો, તેના વીચારમાં પડ્યા અને બન્ને બેહેનો બચ્ચે પાછો મોટો ઝઘડો ચાલ્યો કે કાજી આગળ એનો જે તે નીવેડો લાવવા બન્ને ફરયાદ કરવા ગઈ. બાપડા ખાવીંદે તો "સબસે બડી ચુપ" ની કેહેવત પર અમલ કીધો.

વળી પાછો એ કજીઓ પોતા હજુર આવેલો જોઈ લોકમતને અનુસરી કાજીએ તે "દાનેશમંદ વજીર" અગળ લઈ જવા સલાહ આપી. આથી બન્ને ઓરતો ખાવીંદના હાથમાં બાલકને આપી પાંચ ફરસંગપર આવેલી "દાનેશમંદ વજીર"ની કચેરી આગળ ઈનસાફ માંગવા તૈયાર થઈ. ખાવીંદ ઉપરાંત ગામનું કેટલુંક લોક પણ તેઓ ભેગું ગયું.

દાનેશમંદ વજીરના શેહેરમાં આવી લાગતાં તેઓએ તે દીવસ આસાયસ લેવામાં ગુજાર્યો, અને બીજે દીને સઘળું સરઘસ વજીરની કચેરીમાં એકઠું થયું. મુકદમાની કેફીઅત વજીર આગળ કહી સંભળાવવામાં આવી, જે સાંભળીને સર નીચે નમાવી થોડીક પલ વીચાર કરવામાં ગુમાવી અને પછી ઠઠ ભણી નજર નાખી તેણે અમલદારોને કહ્યું "બે ઇંડાં લઈ તેમાંની દાળ તથા સફેદી કાઢી નાખી સાફ એક સરખાં કોટલાં મારી આગળ લઈ આવો."

દાનેશમંદ વજીરના હુકમ પ્રમાણે ખાલી કોટલાં લાવવામાં આવ્યાં.

"હવે તમો બન્ને પાસેના ખાલી ઓરડામાં જઈ, અકેક કોટલું લઈ, પોતપોતાના સર–એ–પીસ્ટાન યાને સ્તન ઘાઈમાંથી કોટલું ભરાય તેટલું દુધ કાઢી તે ભરેલાં કોટલાં મારી આગળ લઇ આવો" વજીરે બન્ને ઓરતોને હુકમ દીધો. તેના હુકમ પ્રમાણે દુધથી ભરપુર કોટલાં લઈ આવવામાં આવ્યાં, જે જોઈ વજીરે ફરમાવ્યું "હવે દાગીના તોલવાનું તરાજવું લાવો," જે રજુ કરવામાં આવતાં તેણે એક પલ્લામાં એક અને

બીજાંમાં બીજું બાહેર નીશાની કરી કોટલું મુંકયું અને તોલી જોયું તો એકનો વજન બીજાં કરતાં વધુ માલમ પડયો.

"આ કોટલાંમાંનું દુધ વજનમાં ભારી છે: માટે હાલનાં હેયાત છોકરાની માતા એ દુધ ધરાવનારી હોવી જોઇએ, અને આ દુધ વજનમાં કમી છેઃ માટે તે ધરાવનારી ઓરતે છોકરીનો જન્મ આપેલો હોવો જોઇએ. દરબાર જાણુતી નથી કે એ છોકરી મરણ પામેલી છે યા જીવતી છે."

આ જવાબ સાંભળી હેયાત છોકરાની માતાએ ચુપકીડી અખ્તાર કીધી, પણ બીજી તો બુમ મારી કેહેવા લાગીઃ "ગમે તે હોય, પણ આ છોકરો મારો છે!"

"અય ઓરત! જ્યારે તું મારા ચુકાદાથી નારાજ થાય છે, તો એક છેલ્લો ઉપાય જે રહ્યો છે, તે મારે અજમાવવો પડશે."

"નામવર, એ છોકરો મારો છે!" બીજીએ જીદ છોડી નહી.

"ત્યારે તો એક શમશેરઝનને બોલાવી આ છોકરાના બે ટુકડા કરો; એક કટકો આ ઓરતને ને બીજો કટકો બીજીને આપો."

વજીરનો આ હુકમ સાંભળી ખરી માતા છલાંગ મારી ઉઠી અને રડીને કહેવા લાગી "નહી! ઓ વજીર, તું દાનેશમંદોનો દાનેશમંદ કેહેવાય છે, પણ આ તારો છેલ્લો ચુકાદો હું કબુલ રાખતી નથી. જો તું આ મારાં બાળકને કતલજ કરવા માંગતો હોય તો હું એની પરથી મારો હક ઉઠાઉં છું. અલ્લાહને ખાતર તું એવું પગલું ના ભર!"

"વજીર સાહેબ દાનેશમંદોનો દાનેશમંદ કહેવાય છે તે કાંઈ ખોટું નથી." બીજીએ ભેગી મલેલી ઠઠને કહ્યું "તેવણના બધા ચુકાદા દાનાઈથી ભરપુર!"

"અય ઓરત! હું જોઈ ખુશી છું કે તારૂં એ મત છે," વજીરે ઉતર વાલ્યો.

"જે હોય તે બોલાય, નામવર! હું એ છોકરાનો અરધો કટકો લઈ સંતોશ પામીશ."

ભેગી મળેલી ઠઠે તો આ સઘળું કાંપીને સાંભળ્યા કીધું, અને હવે "દાનેશમંદ વજીર" શું બોલેછે તે સાંભળવા માટે આતુર બની.

"બાલકનો અરધો કટકો, હં!" વજીરે કહ્યું "અને મારા બધા ચુકાદા દાનાઇથી ભરપુર તું ગણેછે, તો અય ઓરત! આ બાબદમાં પણ હું શા માટે વેગળો જાઉં તેનું કારણ હું સમજી શકતો નથી. માદરના દુધથી જે મેં પહેલો ચુકાદો આપ્યો હતો તે રાસ્ત વ દરૂસ્ત છે. માટે ઓ ચોપદારો! આ ઓરતે મારા ચુકાદા દાનેશમંદીથી ભરપુર આપમેળે સ્વીકારીઆ છે તો તેને પકડો, અને પેલાં નીરદોશ બાલકને બદલે એનાજ બે ટુકડા કરી નાખો."

ચોપદારોએ તરતજ પેલીને બંધવી કીધી, અને ન્યાયધીશનો હુકમ અમલમાં લાવવા તેણીને બાહેર ઘસડી જવા લાગ્યા કે કચેરીમાં એક ઘણો કરૂણારસીક દેખાવ નજરે પડયો.

બંધવીની બેહેન યાને બાળકની ખરી માતા વજીરના ન્યાયાસન આગળ ધસી ગઈ અને કરગરીને અરજ ગુજારવા લાગી.

"શું છે?"

"પેલા ચોપદારોને પેહેલાં અટકાવો."

વજીરે ઇસારત કર્યાથી બંધવી સાથે ચોપદારો અટકી ગયા.

"ઓ વજીર! તું દાનેશમંદ સાથે દયાલુ કેહેવાયછે. હું કરગરીને વિનંતી ગુજારૂં છું કે એનો ગુનાહ તું માફ કર. કારણકે આખર કરેને એ મારી બેહેન છે."

"અય અસરાફ ઓરત! દયાનો ઝરો તારા દીલમાં આટલો બધો વહેછે તે જોઈ હું ઘણો ખુશી છું" વજીર બોલ્યો "તારી બેહેને જબુન ગુનાહ કીધો છે અને તારાં બાલકને કપાવી નાખવા વગીક આતુર બની હતી, તે છતાં જ્યારે તું મોટાં દીલથી એનો ગુનાહ માફ કરવા કહેછે, તો દાખલો બેસાડવા ન્યાય એને જવા તો દેશે નહી; પણ તારી કાકલુદી અને દયાથી પીગલી એવો હુકમ આ અદાલત ફરમાવેછે કે બંધવીને મારી નાખવી નહી, પણ કાજળથી એનું મ્હોં કાળું કરી, પુછડાં ભણી એનું મ્હોં કરાવી, ઘધેડે બેસાડી, આખાં શેહેરમાં ત્રણ દીવસ સુધી ફેરવવી અને પછીજ એને છોડી મુકવી.

ભેગી મળેલી ઠઠને દાનેશમંદ વજીરનો આ ચુકાદો અતી પસંદ પડ્યો અને વજીરની વાખવાખી અતી જ્યાદા ટુંક વખતમાં ફેલાઈ ગઈ.

"ઓ દાનેશમંદ ન્યાયધીશ! જો તું રજા આપે તો એક સવાલ તુંને કરીએ," હાજર રહેલા એક વજીરે કહ્યું.

"બોલો, શું છે?"

"તારા આ વાજબી ચુકાદાનો આધાર તેં શા પર લીધો?"

"અય વજીર અને અમલદારો! જ્યારે તમારી જાણવાની ઇચ્છા છે તો હું કહીશ. એ બીના પર મેં આધાર રાખ્યો. પેહેલું તો એકે છોકરાની ખરી માતાનું દુધ વજનમાં ભારી માલમ પડયું, જ્યારે ખોટી માતાનું દુધ હલકું જણાયું. સબબ તેણીએ છોકરીનો જન્મ આપેલો હોવો જોઇએ. આથી હું ખરાં અનુમાનપર આવ્યો, પણ મારી વધુ ખાતરી કરવા અર્થે મેં એ બાલકને કાપી બે ટુકડા કરવાની અમસથી વાત છેડી, ત્યારે ખરી માતાથી તે જોવાઈ શકાયું નહી અને પોતાના પ્યારાં બાલકના જીવને ખાતર તે પરથી હાથ ઉઠાવવા તુલીક તૈયાર થઈ, જ્યારે બીજા હાથપર ગળેપડુ ઓરતે છોકરાને મારી નાખવાના હુકમપર ખુશી દેખાડી."

"સુબહાન અલ્લાહ! અય આ દેશના દાનેશમંદ વજીર, ફુનક (યાને કીક તોર કાઢયો)?"

દાનેશમંદ વજીરની આ લાંબી પોંહોંચની વાત પુશકળ શેહેરો અને ગામોમાં ટુંક વખતમાં પઠરાઈ ગઈ અને ત્યાંની માતાઓ તેહેકીક કરવા દુધ કાઢી સરખાવતી તો છોકરાઓ જણનારીનું દુધ વજનમાં હમેસાં ભારીજ માલમ પડતું, જ્યારે છોકરીઓને જન્મ આપનારીઓનું દુધ વજનમાં ખરેખરે કમી માલમ પડતું. અબલાઓ આથી હેરત પામતી, અને પછી વજીરની દાનેશમંદીની તારીફપર તારીફ કરતી. એટલે પછી પુછવુંજ શું? એક વેળાના "અક્કલના ઓદમી" નો સેતારો હવે ફેરવાઈ બુલંદીની ટોચે પુગ્યો અને લોક બોલવા લાગ્યું કે "આ વજીરને આપણે 'દાનેશમંદ વજીર' દાખલ ઓળખ્યે છીએ તેટલું બસ નથી, પણ હવેથી એને 'અલ-વઝીરૂલ-અરીફ બીલ્લાહી ટાઆલા' યાને અલ્લાહના ડાહ્યા વજીર દાખલ આપણે ઓળખવો જોઇએ," અને તેઓ ત્યાર પછી તેને તે ઐલકાબે ઓલખવા લાગ્યા.

આ ચુકાદાથી આપણા આ એક વખતના ભાંગી માછીની ફીલસુફી દુન્યાંના ઘણાં શેહેરોમાં આસકારા થઈ, અને દેશ પરદેશથી ઘણાજ કઠણ અને વીચીત્ર કજીઆઓ આ "અલ-વઝીરૂલ-અરીફ બીલ્લાહી ટાઆલા" આગળ આવવા લાગ્યા.

કાસીમનો કીનો.

અરબસ્તાન સ્થલે કાસીમ નામનો એક સખ્સ પોતાની મા સાથે ઘણી બતંગ હાલતમાં રેહેતો હતો. આપણી વાર્તા જે વખતે શરૂ થાયછે તે વખતે પશુઓમાં ફક્ત એક બકરો રહ્યો હતો, જે વેચી તેઓએ એક અતિ નાનો વાછરડો ખરીદ કીધો હતો. બચપણમાં કાસીમ ઘણું ખરૂં આખો વખત ગામના પોર્યાઓ સાથે રમત ગમતમાં અને તેમની તરેહવાર પ્રકારની હીકમતો ધારણ કરવામાં ગુજારતો, જ્યારે તેની મા તરકારી વેચીને બંનેનું ગુજરાન ચલાવતી હતી. છોકરાઓની ટોલકીમાં કાસીમ સરદાર દાખલ ગણાતોઃ સબબ, સઘળાઓમાં તે વધુ જોરેમંદ અને હીમ્મતવાન હતો, તેથી વારંવાર કાસીમ માટેની ફરીઆદ તેની મા આગળ લાવવામાં આવતી, જે પોતાની બોલી દરાજીથી ફરયાદ કરનારાંઓને ઠંડા રાખતી અને પોતાના બેટાને ઠપકો દેતી હતી.

એક વખ્ત જવાન્યાઓમાં સરત લાગી કે ગામના કાઝીની કાંઈ ચીજ તફડાવી એ ન્યાયધીસને બુમ પડાવે તે ખરો હુશયાર કહેવાય. કાસીમે તે બીડું ઝડપીયું, પણ એવી સરતે કે એ વાત કોઈએ બાહેર લાવવી નહી, અને સઘળાઓએ વલતે દીને સાંજે તેજ જગ્યાએ હાજર થવું.

સહવારના ઘરનું કામકાજ બજાવી કાસીમ ઠરાવ ભરી રીતે કાઝીની કચેરીમાં ગયો. તેણે બે ત્રણ વખત જોયું હતું કે ન્યાયાસનપર બેસતી વેળા કાઝી હમેશાં પોતાના કીસબી જોડા એક બાજુ મુકતો હતો, અને પલાંઠી મારી બેસીને ન્યાય તોલતો હતો. ધીમે ધીમે કાસીમ પેલા જોડાની નજદીક જઈ લાગ્યો, અને જ્યારે એક મુકદમા દરમ્યાન બંધવાએ ઘણો ઘોંઘાટ કીધો અને ચોપદારોની નજર બંધવાપર રહી, ત્યારે તરતજ કાસીમ ઘણી સીફતથી એક જોડો તફડાવી કચેરી બાહેર નીકલ્યો અને ઠરાવેલા વખ્તે પોતાના મસ્તીખોર સાથીઓ હજુર તે હાજર કીધો. જવાન્યાઓને આથી ઘણી ગમત પડીઃ કારણ કે એક તો ચોરેલી ચીજ જુતલું હતું, અને બીજું તો આખાં ગામને ડર ડરાવનારની તે મતા હતી.

બીજી તરફ જ્યારે કચેરી બરખાસ્ત કરવામાં આવી અને કાઝી પોતાના પપુશ પેહરવા ગયા તો ભર કચેરીમાંથી તેમાનું એક ગેપ થયેલું તેમને ઘણી અજાયબી વચ્ચે માલમ પડયું. અમલદારોમાં આથી ગભરાટ ફેલાઈ ગયો, અને કચેરીનું એકે એક ખુણું તપાસવામાં આવ્યા સાથે કચેરીમાં હાજર રહેલાઓના ઝાડા લેવામાં આવ્યા, પણ પપુશનો કાંઈ પણ પત્તો મળ્યો નહી. આખા ગામમાં ટુંક અરસામાં કાઝીનાં જુત્યાં ચોરાવાની વાત પંદરાઈ ગઈ. એ ચોર કોણ હશે તેની તરેહવાર અટકલો થતી હતી, અને કેટલાંક વેહેમીઓએ તો જીન પરીઆંઓને આગળ કીધાં હતાં. કચેરીમાંના અમલદારોને શોધ ખોલ કરતા મેલી આપણે કાસીમના સાથીઓ તરફ નજર દોડવે.

"કચેરીમાં શોધ ખોલ હમણા ચાલતી હશે. એવો કોઈ ખોદાનો લાલ છે કે તે તેના અસલ માલીકને ત્યાં સ્વાધીન કરી આવે?" એકે કહ્યું.

"જો તમો મને એક દીરમ આપો તો તેમ હું કરૂં," કાસીમે ઉત્તર વાલ્યો.

"હં! હં! એટલી બધી શેખી કરે છે? સરત કબુલ!"

"અલ્લાહના સોગંદ ખાવો."

તેઓએ તેમ કીધું, અને સઘળાઓની અજાયબી વચ્ચે કાસીમ પેલું જુતલું બદનપર સંતાડી પોતાને મકાને ગયો અને ત્યાંથી પોતાની માનો કાલકુ પોશાક અને

ઘુંઘટ લઈ તેમાં સજ થયો, અને સંતાડેલું જુત્યું લઈ કાઝીના રેહેવાના મકાનમાં ઓર-તના વેશમાં દાખલ થયો, તો ઓટલાપર કાઝીનીજ ઝેરૂ ઉભેલી તેને માલમ પડી.

"જી! કાઝી સાહેબે આ જુત્યું દરૂસ્ત કરવા મોકલ્યું છે, અને કેહેવાડયું છે કે તરતજ રફુ કરાવી કચેરીમાં મોકલવું."

કાઝીની બીબીએ જુત્યું લીધું અને ઓરતના વેશમાં આવેલો કાસીમ ત્યાંથી ખુશી થતો વટાણા વાવી ગયો.

"બચ્ચાઓ! લાવો દીનાર?" કાસીમે બાંય ચઢાવી પોતાના સાથીઓને કહ્યું.

"અમોને તું છેતરવા માંગે છે, બચ્ચા!"

"અરે જારે લુચ્ચા! દીનાર આપવો પડેછે એટલે બહાના કહાઢેછે? ઠીક ધંધા માંડ્યા." કાસીમે જણાવ્યું "લાવો; ઝટપટ ઝટપટ દીનાર આપો."

"અમારી કેમ ખાતરી થાય કે જુત્યું તું સ્વાધીન કરી આવ્યો છે?"

"તો ચાલો કચેરીમાં! અને તમારી ખાતરી કરો!"

સઘળાઓ આથી કચેરીમાં ગયા તો છઠ વધુ જણાઈ, તોપણ ધક્કા મારી તેઓ ન્યાયસનની નજદીક જઈ લાગ્યા, અને તેજ પલે કાઝીના ઘરનું એક માણસ પેલું પ્ર-ખ્યાત્ જુત્યું લઈ કાઝી આગળ ગયું.

"જેહાંપના! તમારા હુકમ મુજબ દરૂસ્ત કરાવી આપની બીબી સાહેબે મોકલ્યું છે, અને કેહેવાડયું છે કશફ્રોઝ યાને મોચી તરત નહી મળી આવ્યાથી એટલી વાર લાગી."

"મેં કાંઈ દરૂસ્ત કરવા કોઈને કહ્યું નહી હતું." કાઝી અજબ થતો બોલ્યો "એ કોણ લઈ આવ્યું?"

"જનાબ! હું જાણતો નથી, પણ બીબી સાહેબ બોલતાં હતાં કે એક પરદેન-શીન ઓરત તમારો હુકમ કહીને આપી ગઈ."

"અજબ! અજબ!" પોહરેગીરો બોલ્યા "સુબ્હાન અલ્લા! આજે તો કચે-રીમાં એક પણ ઓરત દાખલ થઈજ નહી હતી."

"હા! મારા પણ જોવામાં આવી નથી." કાઝીએ યાદ કરી કહ્યું "જે કોઈ એનો ભરમ ખુલ્લો કરશે તો તેને ઈનામ આપવામાં આવશે અને જો ગુન્હેગાર પોતે કેહેશે તો માફી બક્ષવામાં આવશે, એવી મતલબની હાલી પીટાવો."

"નામવર! એની કસી જરૂર નથી." પોતાના સોબતીઓની ઘણી અજાયબી અને ઘભરાટ વચ્ચે કાસીમે હીમ્મતથી ન્યાયધીસ સામે ઉભો રહી કહ્યું "એ અદબી માફ છે. સાંભળો! જવાન્યાઓની એક ટોલકીમાં સૌથી હીકમતી કોણ છે, તે વીશે તકરાર ચાલી, તો એક સખ્સે પોતે તેમ હોવાનો ફાંકો રાખ્યો અને તે સખ્સ આપ નામવરનું કીમ્મતી જુત્યું ભર કચેરીમાંથી ચોરી ગયો. તેની મતલબ ફકટ નીરદોશ ગમત ભોગવવાની હતીઃ કાંઈ ચોરી કરવાની નહી હતી. એક બંધવાએ કીધેલી મસ્તી અને ત્ચરપચથી જ્યારે સઘળાઓનું ધ્યાન તેનીપર રોકાયું હતું, ત્યારે તે પપુશ પસાર કરી ગયો, અને પોતાના સાથીઓને તે દેખાડયું. સાથીઓએ કબુલ કીધું કે તે હુસ્યાર તો ખરો, તેટલાં એક મીત્ર બોલ્યો કે તેઓમાંથી જે કોઇ એ જુત્યું પાછું કાઝી સાહેબને પોહોંચાડે તેને એક દીનાર આપવો. પેલાજ સખ્સે એ કામ પણ ઉપાડી લીધું. તે ત્યાંથી જુત્યું લઈ નીકલી પડયો, અને એક ઓરતનો વેશ ધારણ કરી ખુદ કાઝીની બીબી સાહેબાંને ઓટલાપર આપી આવ્યો, અને જણાવ્યું કે પપુશ રફુ કરાવવા કાઝી સાહેબે મોકલ્યું છેઃ માટે જેવું તૈયાર થાય તેવું પાછું કચેરીમાં મોકલવું. એટલું કામ કીધા પછી તે

સખ્સ પાછો પોતાના મિત્ર આગળ ગયો અને કહ્યું કે જુત્યું તેના અસલ ઠેકાણે પાછું મુગાડવામાં આવ્યું; પણ તેઓએ તેમ માનવાની આનાકાની કીધી. જેથી નજરે નજર જોવા આ કચેરીમાં હાજર થયા કે તેજ વેળા ૨૫ થયલું જુત્યું પણ આવી લાગ્યું."

"હું જાણી ખુશી છું કે એ એક નિર્દોષ રમત હતી." કાઝી દાનાવ હતો માટે તેણે વિચાર જણાવ્યો "પણ ઓ નવજવાન! એ સખસને શું તું અહીં હાજર નહી કરે?"

"ઓ મેહેરબાન! એ સખ્સ કોઇજ નહી પણ તમારો ખાકસાર બંદો પોતે છે." કાસીમે નીચી નજર કરી ઉત્તર વાળ્યો.

"તારૂં નામ શું?"

"કાસીમ, જનાબ!"

"કાસીમ! તેં એક ગંભીર મશ્કરી કીધી છે. આ બુલંદ અદાલતના માનનો તેં ભંગ કીધો છે. તોપણ તેં નિરદોષપણે એમ કીધેલું હોવાથી, અને તારાં ભરભરયાં બોલવાથી તથા અગાઉથી માફી બક્ષેલી હોવાથી તુંને માફી બક્ષવામાં આવે છે. પણ તેજ વખતે આ અદાલત આશા રાખે છે કે કાંઇ કામ કરે તે અગાઉ તારે ગંભીર વિચાર કરવો જોઇએ."

આ એકજ દાખલા પરથી વાંચનારે આપણા કાસીમને થોડો ઘણો ઓળખ્યો હશે. માટે આપણી શરૂઆત પાછી હાથ ધર્યે.

વાછરડાને એક વરસ વેર ખવાડી પીવાડી ફૂરબે કીધો, એ આપણે જાણી ગયાં છઇએ.

"બેટા! હવે એ વાછરડાને લઈ જઇ વેચ."

કાસીમ આથી તેને બઝારમાં વેચી કાઢવા લઇ ગયો. જતાં વાર કાસીમે જોઇ લીધું કે તે વાછરડા જેવો સરસ બીજો ત્યાં એકે નહી હતો. તેટલાં તેણે ફીડાઇ યાને ચોરોની એક ટોળકીને નજદીક આવતી જોઇ, જેઓ આશરે ત્રણેક દજનની સંખ્યામાં હતા. તેઓએ દૂર ઉભા રહી વાછરડાને તપાસ્યો અને તે તેમને પસંદ પડયો: જેથી તેઓ પોતપોતામાં બોલવા લાગ્યા "ચાલો, આપણે એને લઈ જઈ હલાલ કરીએ અને ખાઇ પી રંગરાગ કરીએ."

એકજણ હવે ટોળકીથી છુટો પડી કાસીમ આગલ ગયો અને બોલ્યો "અય જવાન્યા! આ હલવાન શું વેચવાનું છે?"

"ઓ મારા ચચા!" કાસીમે ઉત્તર વાળ્યો "એ કાંઈ બકરીનું બચ્ચું નથી પણ ગાયનું બચ્ચું છે."

"શું તું આંધળો છે? એ તો હલવાનજ છે."

"નહી, એ વાછરડો છે!" કાસીમે તેણે ફેરની જણાવ્યું "જો તું છતી આંખે વાછરડાને હલવાન કહેતો હોય તો મારીસ્તાનમાં તુંને મોકલવો જોઈએ."

"બકબક છોડી દે! ચાલ, આપણે સોદો કરીએ. એની કીમ્મત એક ફીર્શ હું પુરતી ધારૂં છું."

"નહી ચચા! આવા ફૂરબે વાછરડાની કીમ્મત એટલી ઓછી કોઇ દીને હોય નહી." કાસીમે કહ્યું.

આથી પેલો સખ્સ જતો રહ્યો અને તેની ટોળકીમાંનોજ એક બીજો કાસીમ આગળ આવ્યો અને બોલ્યો "અય જવાન! આ હલવાન શું તું વેચવા માંગે છે?"

"એ તો વાછરડો છે." કાસીમે જણાવ્યું.

"છટ છટ! એ તો હલવાન છે." બોલી તે જતો રહ્યો અને હવે ત્રીજાએ આવી કાસીમને પુછ્યું "ઓ લડકા! આ હલવાનની શી કીમ્મત? હું ધારૂં છું કે એક ગીર્શ પુરતી છે." પણ કાસીમે હવે ચુપકીદી અખત્યાર કીધી.

ત્રીજો સખ્સ પણ જતો રહ્યો, અને વારા ફરતી તેમના સાથીઓએ કાસીમ આગળ આવી ઉપર મુજબની રીકઝીક કરવા કીધી.

આખરે તે ટોલીનો શેખ હવે ચીરડાયલા પણ ખામોસી અખ્ત્યાર કીધેલા કાસીમ આગળ ગયો અને બોલ્યો "આ હલવાન મને વેચશે?"

"એ વાછરડો છે."

"જે છે તે, હું એને હલવાન સમજું છું; તું મને એ વેચશે કે?"

"અલ્લાહ શિવાય બીજો કોઇ નથી!" કાસીમે કંટાળી જઇ, પણ તેજ વેળા મનમાં કાંઇ ઠરાવ ગોઠવી રાખી, કહ્યું "હું એકજ સરતે એને તારી કીમ્મતે વેચીશ અને તે એકે એની પુછડી મારે કાપી લેવી."

"માસલ્લા!" શેખે ખુશી થઈ જણાવ્યું "જ્યારે અમો એને જબેહ કરીએ ત્યારે ખુશીથી તું એની પુછડી કાપી લેજે." એટલું બોલી તેણે એક કીર્શ કાસીમને ચુકવી આપ્યો અને વાછરડો લઈ પોતાના સોબતીઓ આગલ ગયો. કાસીમ તો આ વખતે દાંત્યાં પીસ્તો હતો.

"જો એઓમાંનો એકેક મારા સપાટામાં આવે તો હું હલવાનનો સ્વાદ બરાબર ચખાડું." તે મનમાં વમાસવા લાગ્યો "શું કરૂં? હાથ તો એવા ચવરે છે, પણ એ લુચ્ચાઓની સંખ્યાથી હારી ખાઉં છું. ફીકર નહી. બચ્ચા શેખ! કાસીમને તું ઓળખતો નથી. વાછરડાને હલવાન બનાવવાનો સ્વાદ રફતે રફતે તુંને માલમ પડશે. પણ ચાલ. હવે એ લોકો મેદાનમાં લઈ જઈ વાછરડાને જબેહ કરે છે."

કાસીમ તેઓ આગળ ગયો, હલાલ કીધેલા વાછરડાનું પુછડું તેણે સ્વાધીન લીધું, અને પાછો પોતાની મા આગલ ગયો.

"વાછરડાને વેચ્યો કે?" માએ પુછ્યું.

"હા! એક કીર્શ અને વાછરડાનું પુછડું મેં કીમ્મત બદલ લીધું."

"પુછડાંને તું શું કરશે?"

"જે સખ્સે વાછરડાને ખામખા હલવાન કહ્યું તેની શુદ્ધ ઠેકાણે લાવીશ, અને એવી સફાઇ દેખાડીશ કે હજાર ધણી કીમ્મત વસુલ કરીશ." એટલું બોલી તેણે કીર્શ શિક્કો પોતાની માને આપ્યો અને પુછડું હાથમાં લઇ ઉઠીને તેણે છેક છેડેના બાળનાં ગુંછડાં શિવાય સઘળા વાળ મુંડી નાખ્યા અને ખીલાઓ તથા કાચના કટકાઓથી પુછડાંને શણગાર્યું. ત્યાર પછી પોતાની અમ્મા પાસેથી ઔરતનો પોશાક લઇ તે પેહેરી એક કુમારિકા બન્યો. ઘુંઘટ મ્હોંપર તાણી અને લટક મટક ચાળે ચાલવા લાગ્યો તો કોઈ તરાહીત તેને એક જરૂર નાજનીનજ ધારે. પુછડાંને તેણે કમ્મર આસપાસ કોઇ નહી દેખી શકે તેવી રીતે વીંટાળ્યું, અને થોડીક સુગંધ છાંટી તે પેલા ચોરોના મકાન તરફ લટકતી ચાલે ગયો. તેને જોતાંજ તેઓ આપણા કાસીમને એક કુમારીકા સમજવા લાગ્યા.

આખો વાછરડો રંધાઇને તૈયાર થયલો અને ટોળકી ખાવાની તૈયારી કરતી કાસીમના જોવામાં આવી.

"અલ્લાહ સઘળાંને આનંદ રાખે!" કાસીમે ઔરત જેવા સાહાદે કહ્યું.

" અરે, આતો કોઈ બેહેસ્તની હુરી આવી !"

" લુચ્ચાઓ ! જરાવારમાં જોશો કે હુરી છે યા તમારો હુરીઓ થવાનો છે." કાસીમ મનમાં બોલ્યો.

" સુબહાન અલ્લાહ ! આજની રાત સુફેદીમાં ગુજરશે."

ઘુંઘટ ખેંચી કાસીમે પકવાન પર સારો જેવો હાથ માર્યો અને બે ચોરોએજ તેને નાજનીન સમજી પોશાકમાંથી બાહેર કાઢેલા હાથ ધોવાડ્યા. તેઓએ ત્યારપછી પોતપોતામાં કાંઈ ઈશારત કીધી, અને શેખ સીવાય સર્વ ત્યાંથી જતા રહ્યા.

ચોરનો સરદાર હવે ખુશ મીજાજી બની નાજનીન બનેલા કાસીમ સાથે ટોલ ટપા ચલાવવા અને લાડ કરવા લાગ્યો, તેટલાં કાસીમની નજર છતપરથી લટકતાં દોરડાંના ટુકડા પર પડી.

" ઓ મારા શેખ !" કાસીમે કહ્યું.

"ઓ મારી દીલબર ! મારી આંખના શેતારા !"

"આ દોરડું શા માટે અહીં ટાંગેલુ છે?" કાસીમે પુછ્યું.

" એનું નામ 'ઠેકાણે લાવનાર' છે, અને જ્યારે પણ અમારામાંના કોઇને સીક્ષા કરવાની હોય છે તો અમે તેના એની સાથે હાથ બાંધ્યે છીએ અને નીહાલ્યે છીએ."

" મને લટકાવો અને હું જોઉં કે કેવું લાગે છે."

" અલ્લાહ અલ્લાહ કર, પ્યારી જાન !" શેખે ઉતર વાલ્યો. " તારે બદલે હુંજ લટકું અને તું જો."

શેખ આથી ઉઠયો અને દોરડાંના છેડા સાથે તેના હાથો ખાસ બંધાયા.

"હવે તું બીજો છેડો ખેંચ દીલબર, અને પેલી કડીમાં ઓરવ." શેખે કહ્યું.

કાસીમે ઘણી ખુશાલીથી તેમ કીધું. શેખ હવામાં હવે લટકતો દેખાયો.

" પ્યારી જાન ! હવે દોરડું પાછું છોડી દે !"

" અરે સરદાર! મને તારાં કપડાં તો કાઢવા દે !

"મને ગમત તો જરા મેલવવા દે ! " એટલું બોલી કમ્મર આસપાસ છુપાવેલું પુછડું કાસીમે બાહેર કાઢ્યું અને હવામાં ફટકાવી પુછ્યું " ઓ શેખ ! આ પુછડું હલવાનનું યા વાછરડાનું છે?"

" તું કોણ ઔરત છે ?"

" હું દીલબર યા નાજનીન યા પ્યારી જાન પણ નથી " કાસીમે ઘુંઘટ ફેંકી દેતાં કહ્યું " પણ હું તો વાછરડાનો અસલ માલીક છું." એટલું બોલી કાસીમે બાંય ચઢાવી, અને જ્યાંસુધી શેખ બેશુદ્ધ થયો ત્યાંસુધી પેલાં પુછડાંએ તેના લગભગ નગ્ન શરીરપર ફટકાવ્યા કીધો. પછી મકાનના દીવાનખાનામાં જે કાંઈ લઈ જવાય એવી કીમતી વસ્તુઓ હતી તે લઈ તેની એક ગાંસડી તેણે બાંધી, તેટલાં તેની નજર એક પેટારાપર પડી. તેણે તે ઉઘાડ્યો તો ત્રણસો અશ્રફી અને રીયાલ (નેવું ફદહ સીક્કાનો એક રીયાલ) નો સારો જેવો જથ્થો માલમ પડ્યા ઉપરાંત સોના રૂપાના દાગીના હાથ લાગ્યા, જે તથા એરકી પોશાકોનો ઢગ અને પેલી ગાંસડી લઈ લગભગ મધ્ય રાત્રીએ કાસીમ પોતાને મકાને ગયો, અને પોતાની માને ઉંઘમાંથી ઉઠાડી કહ્યું " અમ્માજાન ! વાછરડાની કીમ્મત બદલ આ મેં તેના ખરીદનાર પાસે મેલવ્યું છે તે લે."

બીજા હાથ પર બીજે દીને શેખની ટોળકી પાછી ભેગી મળી ત્યારે તેઓ

બોલ્યા "આપણો સરદાર આજે ખુબ ઉંઘમાં છે," વગેરે સૌ પોત પોતાનો વીચાર જણાવવા લાગ્યા. એમ કરતાં બપોર થવા આવી ત્યારે તેઓમાંનો એક બોલ્યો "ચાલો, આપણે સરદારને ઉઠાડયે."

દીવાનખાનાનું બારણું ઉઘાડવામાં આવ્યું તો તેઓએ શેખને ટંગાયલો અને તેના શરીરમાંથી લોહી નીકળતું દીઠું.

તેઓએ તેને નીચે ઉતાર્યો અને ઉપાય કરી સુદ્ધિમાં લઈ આવ્યા, ત્યાર પછી પુછયું "સરદાર ! એ કેમ બન્યું."

"બેરાદરો!" શેખે ઘણુાજ નબળા સાદે ઉતર દીધો "પેલી કાંઇ નાજનીન હતી નહી; પણ જે જવાન્યાએ આપણને વાછરડો વેચ્યો હતો તે હતો."

"માસલ્લા ! એને પકડી મારી નાખ્યા સીવાય આપણો છુટકો નથી." તેઓ બોલ્યા "પણ એણે એ શા સબબ સર કીધું ?"

"આપણે એને છેતરવા માટે વાછરડાને હલવાન કહ્યો તેથી."

"સુબહાન અલ્લા ! અને એટલાજ માટે તેણે આ બધું કીધું?"

"વાત કરવાનો આ વખત નથી" શેખે જણાવ્યું "મને હમામમાં લઈ જાવો કે મારૂં આંગ સાફ કરૂં."

તેઓએ તેને એક ઘધેડાં પર બેસાડયો અને હમામખાનામાં લઇ ગયા.

પણ કાસીમનો કીનો કાંઈ એટલામાંજ પુરો થયો નહી હતોઃ ચોરોના શેખને જેર કરવામાં તે બહાદુરી સમજતો હતો. તેથી જેવું તેણે સરદારને ઘધેડાં પર બેસાડતો જોયો તેવોજ તેની પુઠે જવા એક બીજીજ યુકતી રચી. તેના મકાનની નજદીકમાંના મઝબહ યાને કસાઈખાનામાં તે ગયો, બલદના લોહીમાં રગડોલાયો અને ઠેકાણે ઠેકાણે રૂના પુમડાં તેણે વલગાવ્યાંઃ જેથી ગુમડાંવાલા જેવો બેડોળ દીસવા લાગ્યો. કોઈ તેને પીછાની પણ નહી શકયું કે તે કાસીમ હતો. હાથમાં એક જાડી ડાંગ તેણે ટેકા માટે લીધી, અને પેલુંજ પુછડું બદનપર સંતાડી, શેખવાલાજ હમામમાં ગયો અને દાખલ થવા માંગ્યું.

"નામવર શેખ હમણાં નાહે છે. માટે કોઇને દાખલ કરવામાં આવશે નહી." કાસીમને જવાબ મલ્યો.

"હું દરદથી પીડાઉં છું અને નાહ્યા વગર મારો જીવ જતો રહે છે."

"આ બાપડો ઘણો આજારી છે. માટે એને અંદર જવા દેવો."

કાસીમ તરતજ અંદર ગયો તો હમામખાનામાં શેખ એકલોજ હતો. તેણે જતાં વાર બારણુ બંધ કીધું અને પુછડું કાઢી પુછયું "ઓ શેખ ! આ હલવાનનું યા વાછરડાનું પુછડું છે ?"

"તું કોણ છે ?"

"હું પેલાં વાછરડાનો માલીક !" બોલી કાઝીનાં જુત્યાં ચોરનાર કાસીમે ચોરના સરદારનાં આગલી રાતે માર ખાઈ સુજી આવેલાં બદનપર ફટકા સરાસર ફટકાવી કહાડયા (જુઓ ચીત્ર). શેખમાં બોલવાની જાજી તાકાત હતીજ નહી. માટે તે આ વેળા જાજી ગડબડ કરી શકયો નહી, અને વળી કાસીમ તે કરતાં મોટે સાહાદે ગીતો લલકારવા લાગ્યોઃ જેથી બાહેરનાઓનું ધ્યાન તેઓ ઉપર મુદ્દલ ગયું નહી. શેખને જ્યારે

નવી અરેબ્યન વાર્તાઓ.

કાઝીનાં જુત્યાં ચોરનાર કાસીમે ચોરોના સરદારનાં આગલી રાતે માર ખાઇ સુજી આવેલા બદનપર ફટકા સરાસર ફટકાવી કહાડયા.



B. R. Mehta.] *[Gaiety Theatre.*

કાસીમે બેશુદ્ધ થઇ જમીન પર પડેલો જોયો, ત્યારેજ કાસીમે હાથ ખાંચ્યો અને બીજે રસ્તે હમામમાંથી પોબારા ગણી ગયો.

થોડી વારે શેખ પાછો હુસ્યારીમાં આવ્યો અને ગડબડ કીધાથી તેના સોબતીઓ હમામમાં દાખલ થયા તો તેઓએ પોતાના સરદારને લોહીથી પાછો ઝરઝરતો અને તાસવીસ કરતો દીઠો.

" ઓ સરદાર, શું છે ? "

" પેલો દરદી ગુમડાંવાલો લુચ્ચો કાંઈ દરદી નહી હતો, પણ પેલો નખોડયાં વાછરડાનો અસલ માલીક હતો, અને તેણે વળી પાછો મને માર મારી મરણતોલ કીધો છે."

" માસલા ! ચાલો આપણે હમણાજ એ લુચ્ચાને મારી નાખ્યે. " ચોરોએ દાંત્યા પીસી કહયું.

" પેહેલાં તો મને નહવાડી અહીંથી લઈ જાવો અને મારી દવાદારૂ કરો, " શેખે જણાવ્યું. ત્યારપછી ગામ બાહેર ચોક્કસ જગ્યાએ એક તંબુ ઉભો કરી પોતાને ત્યાં લઈ જવા તેણે ફરમાવ્યું. ચોરોએ તેના કહયા પ્રમાણે કીધું, અને સરદારને તંબુમાં સુવાડયો.

" તમો હવે તંબુની આસપાસથી જરાએ ખીસ્તા ના. " શેખે હુકમ કીધો. " નહીતર પેલો સેતાન પાછો અહીં આવી મને હેરાન કરશે. "

કાસીમને એની ખબર મળીઃ તેથી પાછો વેશ બદલી વધુ કીનો લેવાની તેને તલપ થઈ. તે વેશ બદલી તંબુ નજદીક ગયો. તંબુથી થોડે દુર એક બડાવી ઘેટાં ચરાવતો તેને માલમ પડયો, જેની આગલ જઈ કાસીમે કહયું; " આલેકુમ ! "

" આલેકુમ ! " ભરવાડે વલતી સલામ કીધી.

" તુંને પૈસા ગમે છે ? "

" પૈસા કોણને નથી ગમતા ? આ દરરોજની જંજાલ છે તે શાને માટે ? "

"ઠીક" કાસીમે ગજવાંમાંથી એક સીક્કો કાઢી દેખાડી કહ્યું " એને તું ઓળખે છે?"

" હા, સાહેબ ! એ તો રીયાલ ? " ભરવાડે આતુર નજરે સીક્કો જોઈ ઉત્તર વાલ્યો.

" હા, બરાબર ! વારૂં તું કેટલું ઝડપથી દોડી શકે ? "

" મારો બરોબર્યો આ ગામમાં કોઈ હશે નહી. "

" તારી તદન ખાતરી છે ? "

" હા, સાહેબ. "

"ત્યારે સાંભલ. પેલા તંબુ આગલ જઇ બુમ માર કે ' વાછરડાનો માલીક હું છું ' અને જીવ લેતો કે તરતજ નાસી જજે, નહીતર પેલાઓ તારો જાન લેશે. "

" અને તેના બદલામાં ? "

" આ રીયાલ તારો પોતીકો. "

" આટલાં કામ માટે ? "

" હા "

" પણ મારાં મેંઢાં ? "

" તેની ચીંતા નહી; હું તપાસી લઈશ. "

" લાવ રીયાલ ! "

" આ લે " કાસીમે સીક્કો ભરવાડને આપતાં કહયું.

ભરવાડ પેલા તંબુ આગળ ગયો અને હસીને બુલંદ સાહાદે બોલ્યો " અલ્લાહ કરીમ! પેલાં વાછરડાંનો હું માલીક છું "

આ શબ્દો જેવી પેલી ટોલકીના સાંભળવામાં આવ્યા કે તેઓ ખડા થઈ ઉભા અને એ શબ્દો બોલનાર બડાવી પાછલ જીવ નાખતા દોડયા, પણ ભરવાડ તેમની આગલનો આગલજ દોડયો.

કેટલેક દુર તેમને જવા દીધા પછી કાસીમ ખુશાલીથી ઉઠયો અને તંબુમાં દાખલ થયો. પછી પેલું છુપાવેલું પુછડું બાહેર કાઢી શેખને કહયું " ઓ શેખ ! આ પુછડું પેલાં હલવાનનું છે યા વાછરડાંનું છે ? "

" સૈતાન! એ શું તુંજ હતો કે જે મોટેથી બોલી ગયો કે ' વાછરડાંનો માલીક હું છું, ' અને તારીજ પછવાડે શું મારા બેરાદરો દોડયા હતા ? "

" નહી ! તે હું નહી હતો. એ તો ફક્ત મેં બાજી રચી હતી. કાસીમે હાથમાં પુછડું લઈ કહયું " ચાલ હવે, હલવાનનો સ્વાદ પાછો ચાખ ! " અને સરાસર પુછડાંથી શેખને તેણે ફટકાવી કાઢયો. જ્યાંસુધી શેખે હાલચાલ નહી કીધી અને બોલ્યો નહી, ત્યાંસુધી તેણે માર્યા કીધું. પછી તંબુમાંના લઈ જવાય એવા કીમ્મતી સામાનપર હાથ મારી તે પોતાને મકાને પાછો વલ્યો અને મા હજુર મેલી કહયું " માદર ! પેલાં વાછરડાંની વધુ ઉપજ આ રહી તે લે. "

બીજી તરફ હવે આપણે નજર દોડાવ્યે. શેખના સાથીઓને પેલા ઝડપી દોડનાર ભરવાડ પાછળ દોડતા આપણે જોઈ ગયાં છઈએ. તેઓ ખુબ દોડયા, પણ ભરવાડ બચ્ચો તેમના સપાટામાં આવ્યો નહી, અને જ્યારે ઠાકીને લુસ થઈ ગયા ત્યારે તંબુ ભણી પાછા વીદાય થયા. તંબુમાં દાખલ થતાંજ પોતાના સરદારને તેઓએ પાછો લોહીલુહાન હાલતમાં હાંફતો પડેલો દીઠો. તેઓએ તેનાં મ્હોંપર પાણી છાંટયું, અને જ્યારે તે હુસ્યાર થયો ત્યારે શું બન્યું હતું તે પુછયું.

" પેલો સેતાનજાદો વાછરડાનો ખરો માલીક પાછો મારી આગલ આવ્યો અને તેણે મારા આ હાલ કીધા, અને જે શખ્સ પાછલ તમો દોડયા હતા તે તો એણે મોકલેલો ભલતો શખ્સ હતો. "

" માસલ્લા ! " શેખના સાથીઓ દાંત પીસી ગુસ્સાથી બોલ્યા.

"મને આપણાં મકાને પાછા લઈ જાવો અને અફવા ફેલાવો કે શેખ મરી ગયો છે. ત્યાર પછી મને નહવાડી મારૂં ઢોંગી સબ કબ્રસ્તાનમાં લઈ જાવો અને રાતના દાટીને બીજે દીને પહોર ફાટયા અગાઉ પાછો ગુપચુપ ઘોરમાંથી બાહેર કાઢી મકાને લઈ આવો, જેથી પેલો સૈતાન સમજશે કે હું ખરેખર મારથી મરી ગયો છું, અને ત્યારેજ મારો પીછો છોડશે, અને ત્યાંસુધી નહી. સારો થતાંજ હું એને બરાબર સ્વાદ ચખાડીશ. "

શેખે ફરમાવ્યું તે પ્રમાણે તેના સાથીઓએ કીધું, અને રડવા તથા છાતી કુટવા લાગ્યા કે ગામનું લોક ભેગું મળયું અને શેખ મરી ગયાની ખબર આખાં ગામમાં ટુંક વખ્તમાં પ્રસરી ગઈ.

પણ કાસીમ બંદો કાંઈ કાચો નહી હતો.

" અલ્લાહ ખેર કરે ! " તે મનસે વીચારવા લાગ્યો " જો શેખ ખરેખર મરી ગયો હશે તો ધર્મ ક્રીયા કરવામાં અને જનાઝો કાઢવામાં આવશે. શેખ બડો લુચ્ચો છે. તે મારી પર વેર લેયા વગર રેહેવાનો તો નથીજ ! માટે મારી પૂર્ણ ખાતરી થવી જોઇએ

કે ખરેખર પેલી જેહાંનમાં ગયો છે. બચ્ચા શેખ! તું જીવતો યા હૈયાત છે તે હું ટુંક મુદતમાં જાણીશ." આ પ્રમાણે ઠરાવ કરી તેણે એક મોટો સુઈઓ ખરીદયો અને પોશાક પેહેરી બાહેર નીકલ્યો તો રસ્તામાં તેને શેખનો જનાઝો મળ્યો, જે કબ્રસ્તાન ભણી જતો હતો. શેખને એક કાઠડીપર નાખેલો હતો. બાંગીઓ આગળ આગળ હીંડતા હતા, અને શેખના સોબતીઓ વીલાપ કરતા આસપાસ ચાલતા હતા. દલગીર હોવાનો ઢોંગ કરી જુદા વેશમાં કાસીમ તેમની સાથે ભેલાઇ ગયો. હજુ તો જનાઝો કબ્રસ્તાનથી ઘણેક દુર હતો, તેટલાં રસ્તે ચાલતાં જાનવરોએ કાંઇક મસ્તી તુફાન કર્યાથી સઘળાઓનું ધ્યાન તે ભણી રોકાયું. કાસીમે તરતજ તીણો મીસલક યાને સુઇઓ ખાટલીમાં નીચેથી ભોકી દીધો તો શેખ ચીચારી પાડતો ઉઠીને જનાઝાપર સીધ્ધો બેઠો.

સાથીઓ શીવાય બીજા અજબ થવા લાગ્યા અને કહેવા લાગ્યા "મરી ગયલો જીવતો થયો છે."

પણ આ બનાવ જોઈ કાસીમને હવે એકાએક ધાસ્તી પેઠી.

"રખે એઓમાંનો કોઈ મને પીછાણે; અને જો તેમ થયું તો, માસલ્લાહ! તરતજ મારા કકડા બુકલા થઇ જશે. અને શેખને બદલે મારો જનાઝો નીકળશે." કાસીમે વીચાર્યું અને ડહાપણ વાપરી ત્યાંથી ગુપચુપ વટાણા વાવી ગયો. ઘરે જઇ સઘળું લેવા લાયક હતું તે લઇ ગામ છોડી બીજે શેહેર ગુપચુપ રહેવા ગયો, જ્યાં પાછલથી તેની મા પણ ગામમાં સઘળું વેચી સાતી રહેવા ગઈ, અને આ રવેસે વાછરડાને હલવાન કહયાથી શેખને ખમવી પડેલી હાડમારીનો અને કાસીમનાં કીનાનો છેડો આવ્યો.

યોગીરાજ અને બગદાદનો બાવરચી.

લખાયલું છે કે શેહેરે બગદાદમાં એક વખતે એક યોગી (પછી ખરૂં ખોટું તો અલ્લાહ જાણે!) આવ્યો, અને મોહલ્લાઓ, પુલો, બઝારો વગેરે ઠેકાણે ફરવા લાગ્યો. જેમ કરતાં તે ડરાઝ બજાર આગળ જઈ લાગ્યો, જે ઉંચી જગ્યાપર આવેલી હોવાથી શેહેરની રચના ત્યાંથી ઝટ જણાઈ આવતી હતી. આ જગ્યાપર ઉભો રહી યોગી બારીકીથી શેહેરની રચના જોવા લાગ્યો તો ડજલહ (ટાઇગ્રીસ) અને ફુરાટ (યુફ્રેટીસ) નદીઓની વચ્ચો વચ્ચ શેહેર વસાયલું તેના જોવામાં આવ્યું, અને તેના સમાગમપર મછવાઓથી બનેલા સાત પુલો સાત રસ્તા દેખાડતા હતા. લોકો આમથી તેમ જતું હતું. સઘળે ઉદ્યોગ વ્યાપી રહ્યો હતો. શેહેર પણ મોટું હતું, અને નદીઓના પાણીનો નેહેરો બાંધી સારી રીતે ઉપયોગ કીધેલો આપણા યોગીરાજને જણાયો. બાગોમાં તરેહવાર કીસમનાં ફળો અને ફૂલો ઉગેલાં નજરે પડતાં હતાં, અને ઘોડાઓ, ઉંટો અને ગધેડાંઓની ધમાધમી ગીચ વસ્તીવાળા રસ્તાઓ પર ચાલી રહેલી હતી.

"શુક્ર અલ્લાહ! ખરેખર, આ શેહેર આ ધરતીપરનો બાગ છે," યોગી વમાસ્યો.

આમતેમ ભટકતાં તેણે ચઉદ વરસની ભરતીમાં આવેલા એક ખુબસુરત જુવાન્યાને જોયો. આ જુવાનયાએ સાદો પણ સુઘડ પોશાક પેહેરેલો હતો, પણ તેના ચેહેરાપર ચીંતા યા આતુરતાની નીશાની પ્રગટી નીકલેલી આપણા યોગીરાજને જણાઈ. આ જવાન્યાના જરદ મારેલા ચેહેરાપર બારીકીથી નેગાહ પુગાડ્યા પછી યોગીરાજ તેની સામે જઈ ઉભા અને બોલ્યા: "અય બેટા! તું હજુ જવાનીમાં ફુટે છે તે છતાં તારા રૂખસારપર ચીંતાની છાય શાની? તારો શું ધંધો?"

"ઓ ચચા, મારો ધંધો બાવરચીનો છે, પણ અલ્લાહને ખાતર મારી દલગીરીનું કારણ તું પુછ ના."

"બેટા જે ચીજ તારેથી નહી બનતી હોય તો બીજાથી કડાચ બની શકે. સઘળાં આદમો કાંઈ ઈલિમી હોતાં નથી."

"ત્યારે તમે ઈલિમબાજ છો?"

"લોક મને યોગીરાજ કહે છે. હવે તું મને તારી દલગીરીનું કારણ જણાવશે?"

"ઓ મારા મુરબ્બી! મને કાંઇએ રોગ નથી, પણ હું એક ખુબસુરત નાજનીનનો આશક છું."

"મને જણાવ કે તું કોણપર ફીદા છે?"

"ધંધાથી ફારેગ થયા કેડે બપોરે હું તમોને જણાવીશ. તેટલાં મુજ ગરીબને ત્યાંની મેહેમાનદારી કબુલ કરશો તો સેવકપર ઉપકાર થશે."

"તારૂં ઈજન મેં બાખુશીથી કબુલ રાખ્યું છે. હું તેટલાં નગર ચર્ચા જોઈ આવું છું."

જ્યારે અલ-અશ્ર (બપોરની બંદગી) નો વખત થયો કે બગદાદી બાવરચીની દુકાને યોગી પાછો ફર્યો તો આ દુકાનદાર કામકાજથી ફારેગ થયલો દીસ્યો. યોગીને જોઈ જવાન્યો ખુશ થયો અને મીસ્તાનોપર બન્ને જણે હાથ માર્યા પછી પેલા જવાન્યાએ કહ્યું "યોગીરાજ! તમારા ગયા કેડે મને ખુશ લાગણી થઈ અને તે પરથી મને હીમ્મત આવે છે કે મારૂં કામ કડાચ તમારા હાથેજ સરંજામ ઉતરશે. હવે દુકાન બંધ કરી મારે ઘરે જઈએ."

યોગીને જણાયું કે આ જવાન ભથીયારો કાંઇ નીરધન નહી હતો. તેનાં મા બાપ સારી જેવી દોલત મેલી ગયાં હતાં.

"હવે બેસ! મને તારો હેવાલ કાંઇ પણ છુપાવ્યા વગર કેહે."

"ત્યારે સાંભળો, મારા ચચા! આ શેહેરના કલીફની બેટીપર હું મોહીત થયો છું."

"તારા જેવાની નજરે તે કેમ પડી?"

"એક શુક્રવારે જ્યારે શેહેરનું સઘળું લોક બીસાટહુમ (ગોદાઉન) અને હવાનીટ (પીઠાં) બંધ કરી અલ-અશ્ર પઢવા મસજીદોમાં એકઠું થયું ત્યારે રેવાજ મુજબ શાહજાદી પોતાની બાંડીઓ સાથે રસ્તામાં પગે ચાલતી બાદશાહી હમામમાં જવા પસાર થઇ. એવા એક શુક્રવારે હું મસજીદમાં ગયો નહી, પણ શાહજાદીની સ્વારીની રચના જોવાના ઇરાદાથી આ મકાનમાં છુપાઇ બેઠો. પણ સરગસમાંની એક કરતાં એક ખુબસુરત નાજનીનોથી હું તો છક થઇ ગયો, જેમાં શાહજાદી તો તેમની રાણી મીસાલ હતી. તરતજ હું તેણી પર આસક પડયો, તે આજની ઘડી સુધી છું. હું જાણું છું કે તે શાહજાદી છે અને હું એક મીસ્કીન બાવરચી છું!" એટલું બોલી નવજવાન ભથીયારો ડચકાં ખાવા લાગ્યો.

"શું તું હજી તેણીપર આસક છે?"

"હા, ચચા!"

"જો હું તેણીને તારી સાથે મેળવી આપું તો તું મને શું આપે?" યોગીરાજે પુછયું.

"મારા પૈસા, બલકે મારી જીંદગી તારા હાથને સ્પોરદ કરૂં!"

"બેટા! દૈવયોગે તારી અને મારી મુલાકાત આજ રોજે થઇ છે, અને મને પીછાન્યા વગર જ્યારે તેં મારી આગતા સ્વાગતા કીધી છે, ત્યારે તેનો બદલો આપવા હું દરૂસ્ત ધારૂં છું. જાદુનો ઉપયોગ તારા બાબમાં હું કરીશ. ચાલ ત્યારે, ધાતુની એક શીશી, સાત સોય, લીયહ યાને અગરનો એક ટુકડો, ભુંજેલાં ગોસ્ટનો એક ટુકડો,

સીંદુર, મોહોર કરવાની લાખ, મેંઢાના ખભાં આગલનું ચામડાં સાથનું હાડકું અને સુખડનું સાત જાતનું લાકડું લઇ આવ."

ખુશી થતો જવાન ભઠીઆરો એ ચીજો ખરીદી લાવવા બઝારમાં જઇને લઇ આવ્યો અને તેણે પેલા યોગી હજુર રજુ કીધી.

યોગીએ ઓરડામાંની ભોંય પાણીથી સફા કરાવી, અને વચ્ચોવચ્ચમાં કાંઇ આકારો તેણે સીંદુરથી પાડ્યા. પછી પેલી ચીજો ચોક્કસ રીતે ગોઠવી યા આમેજ કરી ભઠીઆરાને પોતાની સામે બેસાડ્યો અને મંત્ર ભણવા લાગ્યો.

"મેં ઠોક્યું છે, જાનને બોલાવવા પાતાલમાંના દીવાનખાનાનાં બારણાં મેં ઉઘાડ્યાં અને શયતાન સામે થવા જાને બીજા જાન (જીન)ને બોલાવ્યો," વગેરે વાક્યો યોગી બડબડવા લાગ્યો.

"એ આ દુકાનદાર કોણ છે? લોંડીનો લડકો? તેણે શા સારૂ જમીન ઠોકી અમારી શાંતીમાં ખલલ કીધી?" ભઠીયારાએ જમીનના પેટામાંથી નીકળતો ઉપલો અવાજ સાંભળ્યો. તેણે અજાયબીથી યોગીરાજ ભણી જોયું.

"કહે કે તું કલીફ્ની બેટીપર આસક છે અને તેણીને મેળવવા તેમની મદદ માગે છે." યોગીએ ફરમાવ્યું.

ભઠીયારાએ તે પ્રમાણે પોકારી કહ્યું.

"હ હ હ! એટલાને માટે અય આદમના લડકા, તેં અમારી સાંતીમાં ખલલ કીધી?" જમીન હીલી અને ભઠીયારાએ ઉત્તર સાંભળ્યો.

યોગીએ ગુપ્ત ભાષામાં મોટેથી વળી કાંઈ મંત્ર ભણ્યું.

"જા, તારી મુરાદ બર લાવવામાં આવશે અને આસુક માસુક ભેગાં મળશે." એક ઘોઘારી સાહદ જમીનના પેટામાંથી સંભળાયો.

"દુવા! દુવા! દુવા!" યોગીએ કહ્યું. ખુશી થઇ તે અજાયબીમાં ગરક થયલા જવાન્યાનો હાથ પકડીને ઉઠ્યો. "ચાલ હવે બેટા! ઉઠ અને તારૂં આંગ સાફ કર! સરસ પોશાક પેહેરીને તૈયાર થા. સબબ આજ રાતે તારી દીલદારને તું તારી આગલ જોશે." એટલું બોલી યોગીએ પેલી સઘળી મંગાવેલી ચીજો અંગારમાં નાખી દીધી કે લાલ રંગના બલતામાં સઘળું બળીને ખાક થઇ ગયું.

"બેટા! રાતના દશને સમે તારી દીલદારને તું તારી સાથે બીછાનામાં જોશે."

"ખરેખર ચચા! પણ તે મેહેલ છોડી અહીં કેમ આવશે?" ભઠીઆરાએ આતુરતાથી પુછ્યું.

"મંત્રના જોરે" યોગીરાજે ગંભીરાઈથી જવાબ વાલ્યો.

અને કલમકસો લખી ગયા છે કે ભઠીઆરાએ ખરેખર તેમ બનેલું જોયું અને શાહજાદી પણ તેનીપર આશક પડી. દર રાતે યોગી મંત્ર ભણતો, અને દર રાતે શાહજાદી પોતાના યારને જઈ મળતી, જેની ખબર મેહેલમાંના કોઈને પડી નહી હતી.

એ પ્રમાણે ત્રણેક મહીના વેર સમાધાનીથી ચાલ્યું, પણ એક સમી સાંજે શાહજાદી પોતાની મા સાથે ઝરૂખાપર ઉભી રહી અસ્ત પામતા આફતાબને નીહાલતી હતી, અને વાલીદા પોતાની ખુબસુરત બેટીને આનંદ લેતી જોતી હતી, તેટલાં તેણીને લાગ્યું કે તેણીની બેટીનું પેટ ઉપસેલું હતું. તેણીએ તે તપાસ્યું તો ઘણા ધભરાટ વચ્ચે પોતાની

બેટીને હમેલ રહેલા તેણીને માલમ પડ્યા. રાણી આથી ઘણી ગુસ્સે થઈ, અને કલીફ્ને તેડાવી મંગાવ્યો.

"હવે તુંને શું કરીએ?" મા બાપે જણાવ્યું "બોલ સાચું, નહીતર તુંને કતલ કરવામાં આવશે. એ મર્દ કોણ અને તેનો દરજ્જો શો?"

"ઓ મારાં પેદર અને માદર! તે ખુબસુરત જવાનનો દરજ્જો મને મુદ્દલ માલમ નથી. દર રાતના જ્યારે હું પલંગ પર સુવું છું ત્યારે પલંગ પોતીકી મેલે ઉંચકાઈને મારા ખુબસુરત પ્યારાના ઓરડામાં મને લઈ જાય છે. તે મકાન કયાં છે તે પણ હું જાણતી નથી. કેવી રીતે એમ બને છે, તે હું પણ જાણતી નથી."

પોતાની દીકરીના મુખથી આ રવેસ સાંભળી કલીફ હેરતમંદ થયો, અને પોતાના દાનાવ વજીરનું મત અને સલાહ લેવાનો તેણે વીચાર કીધો.

કલાકેક સુધી વજીરે વીચાર કરી કહ્યું "ઓ નામવર! એ જીન પરીઆંઓનું યા તો કામ હોવું જોઇએ, યા તો એમાં કોઈ જાદુગરનો હાથ હોવો જોઈએ; તો પણ શાહજાદીની રાતની આરામગાહ મારી કલાથી શોધી કહાડશે."

"કેવી રીતે?"

"એક કોથલો મંગાવીશું અને તેમાં દુખ્ન યાને જુઆર ભરી, એક નાકું પાડી, અનાજનો એ કોથલો શાહજાદીનાં પલંગના પૈયા સાથે બાંધીશું: જેથી પલંગની સફર દરમ્યાન અનાજનાં દાણા વેરાશે અને તેની મદદથી આપણે પેલા શખ્સનું મકાન શોધી કહાડીશું."

"વજીર! તારી યોજના અક્કલથી ભરપુર છે! આપણે ગુપચુપ એમજ કરીશું." અને તેઓએ તેમ કીધું.

હમેશની માફક જ્યારે પલંગ હવાઇ સફરે નીકળ્યો કે દુખ્નના દાણા મેહેલથી તે ભઠીઆરાના મકાનવેર વેરાવા લાગ્યા. પોહો ફાટ્યાની અગાઉ પલંગ પાછો મેહેલમાં ગોઠવાયો.

બીજે દીને સહવારે યોગીરાજ પોતાના મીત્ર ભઠીઆરાને હમામમાં લઇ ગયો અને ત્યાં ખાનગી રીતે કહ્યું "ઓ મારા બેટા! તારી માસુકની હીલચાલ પકડાઇ આવી છે અને ગઈ રાતના તેઓએ એક યુક્તી રચી, જેને જોરે તારૂં મકાન પણ કલીફ અને તેના વજીરને માલમ પડયું છે."

"અલ્લાહે આપણુને પેદા કીધા અને આખર આપણુને તેની આગલજ જવું છે." ભઠીઆરાએ ઉતર દીધો. "પણ હવે એનું પરીણામ શું આવશે? કડાચ તેઓ તુંને, મને અને મારી પ્રીયાને કતલ કરાવશે. મને પોતાને માટે તો કાંઇ ધાસ્તી નથી, પણ તમો બાપડાં બન્ને પણ કતલ થાવો તેની ચીંતા મને હવે લાગે છે. મારી જે ઇચ્છા હતી તે તો મેં પરિપૂર્ણ કીધી: એટલે મને હવે જીવવાની દરકાર નથી."


"ઓ બેટા! એવું કાંઈ હાલ તરત તો બનવાનું નથી. મેં યોગશાસ્ત્રમાં ફાલ જોઇ તો એનું પરીણામ આપણી તરફેણમાં ઉતરવાનું માલમ પડયું. તો પણ એ માટે મને અજબ કીસમના હેરતમંદ પ્રયોગો કરી દેખાડવા પડશે."

બગદાદના એ બાવરચીએ જ્યારે ઉપલા શખુનો યોગીરાજને મ્હોંથી સાંભલ્યા, ત્યારે તેને ઘણી હીમ્મત આવી. તેને પોતાના આ નવા મીત્રપર પુરતું ઈમાન બેઠું હતું.

એક તરફથી યોગીરાજ અને ભઠીઆરા વચ્ચે ઉપર મતલબની ગુફ્તેગો હમામમાં ચાલતી હતી, ત્યારે બીજી તરફથી પલંગ સાથે બાંધેલો કોઠલો ખાલી જોઇ કલીફ અને

નવી અરેબ્યન વાર્તાઓ.

બગદાદનો આતરચી પાણીથી ભરપુર સુરાહી અગાશીપર લઇ ગયો અને યોગીરાજના ફરમાવ્યા મુજબ પાણી છાંટવા લાગ્યો.



B. B. Mehta.] *[Gaiety Theatre.*

વઝીર વીખરાઇ પડેલા અનાજના દાણાની શોધમાં નીકલ્યા તો ભઠીઆરાના મકાન આગળ જઈ અટકયા. ખબર પુછતાં જ્યારે જણાયું કે એ મકાનમાં તો એક ખુબસુરત જવાન ભઠીઆરો રેહેતો હતો. ત્યારે કલીફ્નો પીત્તો ઉછળી આવ્યો, પણ વઝીરના સમજાવ્યાથી પક્કો વીચાર કરવા મેહેલમાં તે પાછો વલ્યો. આખરે એવા ઠરાવપર તેઓ આવ્યા કે ઘોડેસ્વાર લશકરની એક ટુકડી લઈ ભઠીઆરાના મકાનપર દરોરો પાડવો અને તેને પકડી કતલ કરવો.

આ પ્રમાણે મેહેલમાં ઠરાવ થતો હતો તે વખતે યોગીરાજની સલાહથી ભઠીઆરો પોતાના એ મિત્ર સાથે પાછો પોતાને મકાને ગયો. મકાનમાં જઇ લાગતાંજ યોગી કાંઈ ગણત્રી કરતો માલમ પડયો.

ઘોડેસ્વારોની બુમ, ઘોડાઓનાં પગલાંઓના અવાજો અને હથ્યારોનો ખણખણાટ જ્યારે ભઠીઆરાએ સાંભલ્યા ત્યારે તેણે યોગીરાજને કહ્યું " એઓ મને પકડવા હવે લગોલગ આવી લાગ્યા છે : હવે હું શું કરૂં ? "

" બેટા, બીહીશ મા ! ઉઠ અને સુરાહી ભરી નીરમલ પાણી લઇને છાપરાંપરની અગાશી પર જા અને મકાન આસપાસ પાણી છાંટી પાછો મારી આગળ આવ. "

બગદાદનો બાવરચી આથી પાણીથી ભરપુર સુરાહી અગાશી પર લઇ ગયો અને યોગીરાજના ફરમાવ્યા મુજબ પાણી છાંટવા લાગ્યો. આ વખતે નીચલા ઓરડામાં યોગી મંત્ર ભણવા લાગ્યો. (જુઓ ચીત્ર.)

યોગીના કહ્યા પ્રમાણે કરીને ભઠીઆરો અગાશી પરથી નીચે ઉતર્યો, કે જે વેળા વઝીર અને ઘોડેસ્વાર લશકર સાથે કલીફ મકાનની ઘણો નજદીક જઈ લાગ્યો હતો, પણ તેટલાં અજાયબ જેવો મોજેજો બન્યો.

તે જગ્યા એક ટાપુના આકારમાં ફેરવાઈ ગઈ, અને પાણીના ભયભીત મોજાઓ ખલખલવા લાગ્યા. કલીફ અને તેની સાથવાલાઓ સામે પાર રહી ગયા. આ પ્રમાણે બનેલું જ્યારે કલીફે જોયું ત્યારે તેણે વઝીરને પુછયું " આ જગ્યાપર આટલું બધું પાણી કયે વખતે આવે છે ? "

" જનાબ ! આ જગ્યાએ કોઈ પણ ઝરો આવેલો નથી, અને ડજલહ નદી શેહેરના આટલા બધા મધ્ય ભાગમાં આ રવેસે ઉભરતી નથી. આ સઘળું જાદુથી બન્યું છે. "

તેઓએ ઘોડેસ્વારોને એકદમ પાણીમાં હોમાવી ટાપુ પરના ભઠીઆરાના મકાનપર જવા ફરમાવ્યું. કેટલાક ઘોડેસ્વારોએ તેમ કીધું, જેમ કરતાં લગભગ સઘળાઓએ પોતાના જાન ખોયા.

" ઓ વઝીર ! હવે શું કરીએ ? પેલાને મારી નાખવા જતાં તો આપણાં માણસો મુઆં. "

" આ જમાનાના ઓ શાહ ! બહેતર તો એ કે મકાનમાંનાઓને માફી બક્ષવાનું આપણે કહયે અને પછી જોઈ લઈશું. "

આથી તેઓએ બાકી રહેલા ઘોડેસ્વારોને હુકમ કીધો: " અહીં ઉભા રહી મોટેથી બુમ મારી પેલાં મકાનમાંનાંઓને જણાવો કે તેમને માફી બક્ષવામાં આવશે. "

હુકમ મુજબ ઘોડેસ્વારોએ મોટેથી બુમ મારી, જે સાંભળી યોગીરાજે પોતાના જવાન સોબતીને કહ્યું " ઉઠ, અને અગાશી પર જઈ બુલંદ અવાજે કલીફ્ને કહે કે ' નામવર ! તું સલામત છે. તારાં પગલાં પાછાં મેહેલ તરફ ફેરવ અને અમે પોતે એક

કલાકમાં તુંને મેહેલમાં મલવા આવીશું. જો તું અબઘડી એમ ન કરશે તો પાછો ફરતાં તારી બેટીને તું મુવેલી જોશે. અમોને મળવાને આ રીત કાંઈ સારી નથી.' એટલું કહી તું અહીં પાછો ફર."

બાવરચીએ તેમ કીધું, અને જ્યારે કલીફ તથા તેના વઝીરે ઉપર મુજબનું સાંભ-ળ્યું ત્યારે વઝીરે કલીફને કહ્યું: "નામવર! એઓ કોઈજ નહી પણ જાદુગર યા તો જીનની ઓલાદના હોવા જોઈએ. આજે જે બન્યું તે એ સીવાય બીજો કોઈ કરી શકે નહી: માટે મેહેલનોજ રસ્તો લેવો ઠીક થશે."

ઘણી નાચારીએ આથી કલીફને પાછું ફરવું પડયું.

મકાનમાંનાઓ કબુલાત મુજબ આવે છે યા નહી, તે માટે રાહ જોતો કલીફ બેઠો તો બરાબર એક કલાકે યોગીરાજ અને તેના ચેલા બાવરચીને પોતાની રૂબરૂ ઉભેલા તેણે દીઠા. તેમને જોતાંજ કલીફનો મીજાજ હાથમાંથી જતો રહ્યો અને જલ્લાદ ભણી જોઈ બોલ્યો "જલ્લાદ! પેલા લુચ્ચા જવાન્યાનું ધડ અબઘડી છટકાવી મારી આગળ હાજર કર."

રેવાજ મુજબ આથી જલ્લાદ પેલા ભઠીઆરા આગલ ગયો, અને તેનાજ પોશાક પરથી કપડાંનો એક ટુકડો કાપી તેની આંખ્યો પર બાંધ્યો; ત્યાર પછી ત્રણ વખ્ત જલ્લાદે પેલા ભઠ્યારાની આસપાસ ફેરા ખાધા, અને પછી પુછયું "જનાબે આલી! આ જવાનનું ડોકું છટકાઉં?"

"હા, અબઘડી!"

આ હુકમ સાંભળી જલ્લાદે તરવાર ઉગામી, પણ ભઠીયારા પર તરવારનો ફટકો પડવાને બદલે ઝટકા સમેત તરવારનો ફટકો જલ્લાદની પીઠ પાછળ ઉભેલા શખ્સ પર પડયો અને સુલતાનનો એક માનીતો ત્યાંનો ત્યાંજ તડફડી કલીફના પગ આગલ પડયો. આ જોઇ કલીફ, વઝીર અને સઘળાઓ અંદેસામાં ગીરફતાર થયા.

"એ મૂર્ખ! શું તું આંધળો બન્યો છે?" કલીફે જલ્લાદને કહ્યું "કાંઈ ભાંગ તો ખાઈ નથી આયો? આ જવાન્યાનું ધડ એકદમ ઉરાડી નાખ."

જલ્લાદે આથી સમશેર પાછી ઉગામી, પણ ફટકો વળી પાછો એક બીજા દરબારી પર પડયો અને તે ભોંયે રગડોલાયો.

આ બનાવ જોઇ હાજર રહેલાઓના હાંસકોસ ઉડી ગયા અને કલીફે પુછયું, "અરે વઝીર! આ શું?"

"આ જમાનાના ઓ કલીફ! જે શખ્સ શાહજાદીનો પલંગ પોતીકાં મકાનમાં કોઈ જાણે નહી તેમ લઈ જવાની શક્તી ધરાવે, અને જમીનને તુફાની નદીમાં ફેરવી નાખે, તે શખ્સ આ સાધારણ જલ્લાદને હાથ શી રીતે કતલ થાય? એવા શખ્સો તો તારી યા કોઇનીએ ગાજગાદી છીનવી લેવાની શક્તી ધરાવતા હોવા જોઇએ. કાં નહી એના કતલ થવા સમેટ આપ જેહાંપના પણ સાથે સાથે જીવ ખોવો? માટે મુજ કમ-તરીનની સલાહ તો એ છે કે આ યોગીરાજના હાથને ચુંબન કરો અને આશીરવાદ માંગો."

વઝીરનાં ઉપલાં મતને શાહ મલતો થયો અને જવાન્યાની આંખ્યો પર બાંધેલું કપડું કહડાવી નખાવ્યું. ત્યાર પછી બેઠક પરથી ઉઠી તેણે યોગીરાજના હાથને ચુંબન કીધું અને કહ્યું "તુંજમાં એટલી બધી શક્તી છે, એ વીશે અમોને મુદ્દલ ખબર નહી હતી, અને આ જે બન્યું તે સઘળું અજાણપણામાં થયું છે: માટે આપ યોગીરાજ ગઇ ગુજરી ભુલી જશો."

"એ આ જમાનાના શેહેનશાહ!" યોગીરાજે આસીસની રૂપે હાથ કરી કહ્યું. "માણસ ભુલને પાત્ર છે. મનુષ્યનું જ્ઞાન દુન્યાઈ સંસારમાં પ્રવીણ થયલું છે: અને કુદરતની અદ્દભુત શક્તીઓનો તેને મુદ્દલ ભાશ હોતો નથી. અલ્લાહે એટલું બધું જ્ઞાન આદમને બક્ષ્યું છે, કે જો આદમ કેટલીક ગુપ્ત શક્તીઓનો અભ્યાસ કરે તો અજબ જેવું જ્ઞાન અને શક્તી ધરાવી શકે. અસલ ફારસીઓ તેવું જ્ઞાન ધરાવતા હતા, અને તેથીજ તેઓ તે વખ્તે ચઢતી દસાએ પહોંચ્યા હતા. આ શેહેરમાં હું એક અજાણ્યો છું અને આ જવાન શાહજાદા સાથે તેની પડતીમાં નીમક રોટલી ખાધાથી અમોને મિત્રાચારી બંધાઇ, અને તેની ઇચ્છા તૃપ્ત કરવા અલ્લાહની મદદથી મેં કબુલાત આપી. પછી શું બન્યું તે તો તમો સર્વને રોશન છે."

"યોગીમહારાજ! તમો આ જવાનને શાહજાદો કહો છો, પણ એ તો સાધારણ બાવરચી છે."

"એથીજ આદમનું ઉપર ટપેનું જ્ઞાન જણાઇ આવે છે. જો તમોએ મારી માફક અભ્યાસ કીધો હતે તો આ જવાન ભથ્યારાની ઓલાદથી તમો માહીતગાર થતે. દુન્યાની ચહડતી પડતીનો આ બાવરચી એક ભોગ થયો છે: બાકી એ ખરેખર તો બાદશાહી ફરજંદ છે: માટે ઓ કલીફ! તારી બેટીના નેકાહ એની સાથે કરવામાં કાંઇ વાંધો નથી."

"આમીન! આમીન! આમીન!"

"આ શાહજાદાને તેને લાયકનો પોશાક પેહેરાવો, અને નેકાહની તૈયારી કરો." કલીફે હુકમ કીધો "અને જઈ શેહેનશાહબાનુને અને શાહજાદીને એ વીશે વાકેફ કરો; અને હવે યોગીરાજ! આપનુંજ આ સઘળું છે! કેમ વઝીર, તારૂં શું મત છે?"

"જેહાંપનાનો હુકમ બરહક છે. કડાચ આ યોગીરાજ અહીં પણ પોતાની શક્તી દેખાડી આપણને હેરત કરે."

"નામવર! પેલાં ખુનામાં સિંહોનાં બે પુટલાં જોયાં?"

"હા યોગીરાજ!"

"ત્યારે વઝીરની ઇચ્છા હું બર લાવું છું." યોગીરાજે કહ્યું, અને તે કાંઇ મંત્ર ભણતો જણાયો: તરતજ પુટલાંઓ જીવતાં થયાં અને સિંહો પોકાર મારવા લાગ્યા; હાજર રહેલાઓ આથી અતીશય અજબ થવા સાથે બીવા લાગ્યા.

"હું જોઉં છું કે તમો સઘળા બીહો છો, પણ એજ સિંહો હવે શું કરે છે તે જોજો." એટલું બોલી યોગીરાજે સિંહોને કાંઈ હાથથી ઇસારત કીધી અને ગુપ્ત ભાષામાં કાંઈ કલામો પઢવા લાગ્યો. થોડીવારમાં સિંહો જલ્લાદની સમસેરથી કતલ થયલા પેલા બે શખ્સો હજુર આવ્યા. યોગીરાજે છુટાં થયલાં ઢડો અસલ શરીર સાથે બરાબર ગોઠવ્યાં કે સિંહોએ પાછી મોટી બરાડ મારી, અને પેલો કપાઈ ગયલો ભાગ દરેક સિંહ ચાટવા લાગ્યો. લોહી સઘળું ચાટીને સફા કર્યા પછી યોગીરાજ આગળ આવી બીજા હુકમની રાહ જોતા હોય તેમ જોવા લાગ્યા. યોગીરાજે તેમનાપર હાથ ફેરવ્યો અને કાંઈ મંત્ર બુલંદ સાહદે ભણી કહ્યું "તમારાં અસલ રૂપમાં બદલાઈ જાઓ."

તરતજ જીવતા સિંહો પુટલાં બની ગયાં. દીવાનખાનામાં અચરતીનો પાર રહ્યો નહી.

"કેમ વઝીર સાહેબ! હજુ કાંઈ નવું જોવાની ઇચ્છા છે?"

"યોગીરાજ! અલ્લાહની મદદથી તારાં જ્ઞાનના જોરે જે કરે તે થોડું છે. પણ આ કતલ થયલાં માણસોનું લોહી ચટાડવા અને તેમના છુટાં થયલાં ઢડો શરીર સાથે બરાબર મેળવી ગોઠવવાનો સબબ શું આપ નહી જણાવો?"

"ઓ બેટાઓ! તમે હવે તે જોશો. પેહેલાં જરા નીરમલ પાણી લાવો." યોગીએ કહ્યું.

સોનાનાં પ્યાલામાં પાણી હાજર કરવામાં આવ્યું. યોગીરાજે તે પર હાથ ફેરવ્યો અને પાછું કાંઈ મંત્ર પઢયું. પાંચેક મીનીટ રહી મંત્રેલું પાણી પેલાં કતલ થયલાં શરીરો પર છાંટતાં જણાવ્યું "અલ્લાહ સર્વનો કરનાર છે! અને હું તેનો ખાકસાર બંદો છું. ઓ તમો ગુપ્ત વીદ્યાથી કતલ થયલાં શરીરો! અલ્લાહની મેહેરબાની ભરી મદદથી તમારી અસલ સ્થીતીમાં આવો! અઅઅઅ અલ્લખ!"

તરતજ કતલ થયલા બન્ને શખ્સો સઘળાઓની ભારે અચરતી વચ્ચે જાણે તરતના ઉંઘમાંથી બેદાર થયા હોય તેમ જીવતા થયા.

"વાહ, વાહ! યોગીરાજ! તુંને ધન્ય છે!"

"શાહજાદી સાથે મારા ચેલાનાં લગ્ન આજેજ થવાં જોઈએ."

"જેવો હુકમ."

થોડી વારમાં નેકાહની તૈયારી પુરી થઈ, અને દરબારના કાઝીએ થોડા વખ્તપરના બથ્થારા સાથે શાહજાદીના નેકાહ સઘળાંઓના હરખ વચ્ચે કીધા, અને એક અઠવાડયું સુધી આખું બગદાદ ખુશાલીથી ગાજી રહ્યું.

પણ મેહેલના જે ઓરડામાં યોગીરાજે ઉતારો લીધો હતો તે ઓરડામાં નવમે દીને સહવારના યોગી મહારાજ જણાયા નહી. મેહેલમાં સઘળે બારીક ખોલ કરવામાં આવી તોપણ યોગીરાજનો પત્તો મળ્યો નહી: જેથી સર્વ ઠેકાણે અજાયબી ફેલાઈ, અને તરેહવાર અટકલો ચાલી રહી.

છેક સાંજે એક પેગામચી કલીફ હજુર હાજર થયો અને તેની હજુર રૂકો ધર્યો. વઝીરે તે લઈ ઉખેડયો તો તેમાં આ પ્રમાણે લખેલું હતું: "ઓ આ જમાનાના કલીફ! મારૂં કામ પુરૂં થયું: તેથી મેં વીદાયગીરી લીધી છે. મારી પુઠે શોધખોલ ચલાવ્યાથી કાંઈ મારો પત્તો મળવાનો નથી. હું સઘળાંઓને આશીશ દઉ છું, અલ્લાહ તારી જીંદગી જ્યાદા બક્ષે અને તારૂં રાજ અમ્મર તપે! મારા મીત્રને મારી સલામ કેહેજે, આમીન!"

કીસ્મતનો ચમત્કાર.

અસલના વખતમાં ત્રણ ચોરો રેહેતા હતા, જેમનો ધંધો કંઈ મોટી ચોરી કરવાનો કે લૂટફાટ કરવાનો નહીં હતો; તેઓ સાહુકારી વેસેજ બાહાર નીકળતા અને કંઇ તાલ તલાવતથી એકેક જણ રોજ ચચાર પાંચ પાંચ દીરમ ઉડાવી લાવતો. તેઓ શેહેર બાહેર કિલ્લાની દેવાલ આગલ ઉભા રેહેતા અને કામ ધંધે તથા વેપાર વણજે સીધારનારાઓનાં ગજવાંનો ભાર કાંઇક યુક્તિથી હલકો કરતા. તેઓ સાંજ પડતાં પોતાને ધંધેથી ફારેગ થઇ એક ઠેકાણે સાથે મળતા અને પોતાની કમાઇમાંથી ખાઈ પીને મજાહ કરતા. વળી અડધોક દેરમ તેઓ ભાંગ પીવામાં ખરચતા અને અડધામાંથી રાતના તેલ કાકડાનો ખર્ચ કરતા. તેઓએ એક ધરમશાલામાં એક ઓરડી ભાડે રાખી હતી, જ્યાં દર સાંજે ત્રણે મળતા. ભાંગની નીશા ચઢાવી ખુબ મજેહથી અડધી રાત સુધી ગમત કરી સૂઈ જતા તે છેક સહવારે ઉઠતા. એમ દરરોજ જે કમાતા તે ખાઇ ખરચતા. એમ કંઇક દિવસો સુધી ચાલ્યું, પણ એક દિવસ તેઓનું ગાડું એકાએક અટક્યું અને ખુંટીને એવું બેઠું કે ત્રણ દિવસ સુધી તેમનાં પેટમાં અન્નનો જરા પરસેવ નહીં પચવા લાગ્યો. એક કૌડીની કમાઈ નહીં થઈ અને પેટનો ખાડો તો અન્નથીજ પુરવો જોઇયે; કાંઈ અન્નને બદલે ઘાસ ચાલે? અંત ઘડી પર એવો મામલો આવીને અટક્યો કે ચોથા

દીવસ આ એવો સુકકો જવા પામતે તો તેવો બીચારા આ જહાંનશર ચાલી જતે અને તેમ થતે તો આ વારતા લખવા ન પામતે; માટે વાંચનારનાં ભાગ્ય જોરાવર કે ત્રીજે દીનની રાતે તેઓમાંના એકને કંઈ ખ્યાલ સુઝયો.

અને તે શું?

તેણે પોતાના બીજા ગોઠયાને કહ્યું "એમ કાંઈ ચાલે નહીં; મરડાતમાં રહીશું તો નાહક મરી જઈશું. વળી દુન્યાને આપણા વગર ચાલે તેમ નથી. માટે બડી ગર્જ઼ર આપણે સુલતાન પાસે જઈયે અને કાંઇ તદબીર લડાવ્યે. તેને જઈને આપણે એમજ કહ્યે કે અમો ત્રણે જણા હુન્નરમંદ છીયે, અને જુદો જુદો હુન્નર અમે જાણ્યે છીયે. કદાચ આવા હુન્નરમંદો ભુખે મરે છે સમજી તેનું હૈયું પીગળાશે અને આપણને આપણા ખરચ જોગું આપશે."

આ વાત બીજા બંન્નેને પસંદ આવી: એટલે બીજે દીવસે સહવારના એ ત્રણે હુન્નરમંદોએ સુલતાનના મેહેલ તરફ ચાલુ મુકયું. મેહેલ આગળ આવી તો પુગ્યા, પણ તેમને દાખલ કરવાને દરવાને ના પાડયાથી લાચાર થઈને ઉભા. એમ ઘણીવાર ઉભા રેહેવામાં કાંઇજ વળ્યું નહીં ત્યારે તેઓમાંના એકે બીજાને કહ્યું:—

"એમાં કાંઈ વળ્યું નહીં; આપણે એમ કર્યે કે એકમેકને આપણે વળગી પડી માર મારી ઢોંગ કરી ગડબડ ગોઘ્યારૂં કરી મુકયે કે આપોઆપ સુલતાન આપણને પોતાની રૂબરૂ હાજર કરવા હુકમ ફરમાવશે."

આ તદબીર સર્વને પસંદ આવી અને એકમેક સાથે જોરથી બોલીને ગડબડ કીધી. મોંહો પરથી વાત આવી હાથપર, અને આખરે તે ઉતરી પડી લાતપર. તેમની મારામારીની ગડબડ સુલતાનને કાને આવ્યાથી તેણે ફરીને જોયું તો ત્રણે એકમેકને વળગી એકમેકનો જાન લેવા જાણે તૈયાર! સુલતાને તેમને તુરતજ પોતાની હજુરમાં બોલાવી લાવવાને દરબાનને કહ્યું અને દરબાન તેમને તેજ પલે ઘસડી સુલતાન આગળ લેઇ ગયો.

"કેમરે?" સુલતાને ડોળા કકડાવીને પુછયુ "તમો ક્યાં મારામારી કેમ કરોછો?"

"અય નામવર, અમો ત્રણે હુન્નરમંદો છીયે અને અમો દરેક જુદો જુદો હુન્નર જાણ્યે છીયે."

"અંહં! ઠીક," પછી એક જણ તરફ ફરીને સુલતાને પુછયું "તારો શું ધંધો છે?"

"આલી જનાબ, હું જોહરી છુ," એકે કહ્યું.

"જોહરી? લુચ્ચાનો પીર એક જોહરી? એ તો ઘણું અજબ જેવું."

તેણે બીજાને સવાલ કીધો "અને તું શું હુન્નર જાણેછે?"

"હું, ગરીબ પરવર, ઘોડા પારખી જાણું છું. એક ઘોડો જોઇ તેનો વંશ વેળો કહી શકું છું."

સુલતાન આ સાંભળી તેની તરપ બારીકીથી જોઇ મનસે વિચાર કરવા લાગ્યો "એ પણ છે તો લુચ્ચાનો પીર અને આવો હુન્નર ધરાવવાનો દાવો કરે છે?"

તેણે ત્રીજાને પુછયું "ભાઇ, તું? તારો હુન્નર શું છે?"

"બંદે નવાજ, આ બે કરતાં મારો હુન્નર ઢગલા છે, મારા ચાળા નિરાળા છે, તેમનો હુન્નર સ્હેલ છે, પણ મારો હુન્નર તે મારોજ છે, તે હુન્નરને જોરે એક આખરીની હું શુરૂઆત કહી શકું છું."

“પણ તે હુન્નર તે કયો?”

“તે હુન્નર તે માણસ પારખુંના છે; એક આદમીની શીકલ જોતાંજ તેનો વંશ વેળો હું કહી દઉં છું.

આ ત્રણેના જુદા હુન્નરનું બ્યાન સમજી સુલતાન તો દિવાનેજ ગયો. તે મનસે વિચાર કરવા લાગ્યો, “શું તે દાદગરની કરામત છે કે ગરીબમાં ગરીબ બંદાને તે ચાહેછે તો પોતાની કુદરતના ભેદ ભરમોથી વાકેફ કરે છે. ખચિત તેઓ કહે છે તે બધું ખરૂં હોય-અને તેમની પરીક્ષા લેવાની તક મળશે ખરી-તો મારા વિચાર પ્રમાણે તેઓ રાજ ચલાવવાને લાયક છે; તેમની સચ્ચાઇની કસોટી પર કસી જોવાની મને કાંઇ તક મળે તેટલાં તેમને મારી આગળ હ્યાં રહેવા દેવું, અને તેઓ પોતે જણાવે છે તેવા તેઓ હુન્નરમંદ નિકળ્યા તો તેમને હું નેહાલ કરીશ અને જો ઠગારા માલમ પડયા તો તેમને પાયામાલ કરી તેમના જાનની બરબાદી કરીશ.”

આ ઉપરથી તેણે તેમને રેહુવાને જુદા ઓરડા આપ્યા અને તેમને માટે દરરોજ તે તળેલું ગોશ્ત અને ત્રણ નાન મોકળતો રહ્યો. એમ કાંઇક દીવસો સુધી ચાલ્યું.

એક દાહાડે અઝમના સુલતાને આપણા સુલતાનને માટે તરેહ તરેહ કીસમની ચીજોની ભેટ મોકલી, જેમાં બે હીરા હતા. તે હીરામાંનો એક ઘણોજ ખુલ્લો અને આબદાર હતો, જ્યારે બીજો જરા ઘેરા રંગનો અને ઓછો આબદાર હતો. સુલતાને તે હીરા લઇ એક કલાક સુધી તપાસ્યા, પછી પેલા જોહરીનો હુન્નર જાણનાર ઠગને બોલાવ્યો.

“અય શખ્સ, તું જોહરી છે ની?” સુલતાને તેને પુછ્યું.

“હા, નામવર.”

“આ નંગની કીંમત શું હશે?”

તેણે તે નંગ લીધું અને તેને જમણી તરફથી તપાસ્યું, ડાબી તરફથી જોયું, એમ ફેરવ્યું, તેમ ફેરવ્યું અને પછી સુલતાન તરફ જોઇને બોલ્યો “નામવર! આ હીરાનાં ભિત્તરમાં એક કીડો છે.”

“હીરામાં કીડો છે!” સુલતાન ગુસ્સે થઇ બખાર્યો “આવો સાફ, સફાકદાર, અને ચોખો હોવા છતાં તું કહેછે કે તેમાં કીડો છે? બેશક, તું જોહરી હોવાના માત્ર ઢોંગ કરે છે” એમ કહી તેણે તો ફાંસીગરને તુરત બોલાવ્યો અને તેને ગરદન મારવાનો હુકમ આપ્યો. ફાંસીગરે આવી તેના હાથ પગ બાંધી તેને નીચે નાંખ્યો અને તેનું ડોકું છટકાવવા તે તરવાર ઉંચકે તેટલાં વજીર દાખલ થયો. તે જોયછે તો સુલતાન ગુસ્સાથી લાલ ચોલ બનેલો છે અને પેલા ઠગની ગરદન તરવાર હેઠે નમેલી છે. આવાં જનુનનું સુલતાનને તેણે કારણ પુછ્યું અને સુલતાને તેને બધી બીનાથી વાકેફ કીધો, જે સાંભળી વજીર બોલ્યો, “અય શાહ, એમ નહીં; જો તારે એને ગરદન મારવોજ હોય તો પ્હેલાં આ હીરો તું ભાંગ અને તેમાંથી જો તેના કહેવા પ્રમાણે કીડો નહીંજ નીકળે તો તેનું શીર તેનાં તનથી જુદું કરવું લાજમ છે.”

“હા, તારી એ સલાહ ઠીક છે” એમ કહી રાજાએ તે હીરો ભંજાવ્યો તો વચોવચમાં ગોઠવાઇને બેઠેલો કીડો તેમાંથી કુદી પડયો! તે જોઇ રાજા તો અજબ થયો અને પેલાની અક્કલપર આફ્રિન કરવા લાગ્યો અને તેને પુછ્યું:

“તેં કેમ જાણ્યું કે અંદર કીડો છે?”

“ગરીબ પરવર! મારી નજર ઘણી ચાલાક છે.” આ સાંભળી સુલતાને તેને માફ

કીધું અને હવેથી તળેલાં ગોસ્તની સાથે રોજ તેને બે નાન આપવા ફરમાવી તેને તેના ઓરડામાં જવા રૂખસદ દીધી.

થોડેક દિવસે પેલાજ અઝમના સુલતાને આપણા સુલતાન માટે ખંડણી મોકલી જેમાં એક નાનું ટટુ હતું, જે દેખાવે અતિશય સુંદર અને સોહામણું હતું. તેમાં વળી ખુબી એ હતી કે તેની ચામડી કાલી ભમર હતી, જે તડકામાં એક રંગની દેખાતી અને છાયામાં બીજો રંગ પકડતી. સુલતાનને એ ટટુ ઘણુંજ ગમ્યું; આખો દીવસ તેનેજ બસ જોતો બેસી રહેતો. એક દીવસ તેને પેલો ઠગ યાદ આવ્યો, જે પોતાને ઘોડા પારખુ જણાવી ગયો હતો. તેણે તેને બોલાવ્યો અને કહ્યું "તું ઘોડા પારખી જાણે છેની?"

"હા, નામવર"

"ઠીક છે, જો તારા કહેવામાં કાંઇ ખોટી વાત માલમ પડી તો તારી ગરદન અને મારી તલવાર?"

"કબુલ, બંદેનવાજ."

પછી રાજાના કહેવાથી તેને તેના હજુરીઓ પેલા ટટુના તબેલા આગળ લેઈ ગયા અને તેને જણાવવાને સુલતાને હુકમ કીધો કે તે ટટુ કઈ જાતનું હતું.

તે ટટુના રેકાબદારને તેણે બોલાવ્યો અને તે ટટુની પીઠપર સ્વાર થઈ ટટુને ચલાવવા તેણે તેને ફરમાવ્યું; તેની મરજી મુજબ તેણે ટટુને ચલાવ્યું, દોડાવ્યું, નચાવ્યું, અને કુદાવ્યું, જે સઘળી હીલચાલ પેલો ઠગ ધ્યાનથી જોતો ઉભો; થોડોક વખત પછી રેકાબદારને તેણે 'બસ' નો હુકમ આપ્યો અને પોતે સુલતાન આગળ સલામ કરી ઉભો.

"કેમ, તેં શું જોયું અને શું પારખ્યું?"

"નામવર, પેદર તરફથી તેનું ખુન બુલંદ અને તેની તોખમ આલે છે. તેનામાં એક ખામી સિવાય તે સઘળી રીતે ખુબીવંતું છે, અને તેનામાં જો તે ખામી ન હતે તો તેનાં જેવું જગતની સપાટીપર આજે બીજું જાનવર ન હતે." આટલું બોલી તે મુંગો ઉભો.

"ત્યારે તેનામાં શું ખામી છે?"

"તેની ખામી તેની મા તરફથી ઉતરી છે. તેનો બાપ જુદો અને મા જુદી છે, અને તું મને રજા આપે તો સઘળું ખુલ્લું કરીને કહું"

"હા, તારે મને સઘળું જણાવવું જોઇયે."

"ત્યારે સાહેબ, તે ભેંસને પેટે અવતરેલું છે."

"ભેંસને પેટે અવતરેલું? અય દેવાના! અય ઉલ્લુ, અય અક્કલના દુશ્મન; ભેંસ ટટુ કેમ જણે?"

પેલો ઠગ તેને બનાવે છે એમ સમજી સુલતાન તો રાતો અને પીળો થઈ ગયો, અને ફાંસીગરને તેને ગરદન મારવાનો હુકમ ફરમાવ્યો.

"અય શાહ" પેલો ઠગ ગુંઠણ મંડયે પડીને બોલ્યો "મારૂં સર તારા હાથમાં છે, તું ચાહે ત્યારે મને ગરદન મારી શકે તેમ છે. હ્યાં ફાંસગર તો હાજર છે, માટે તેને મોકલીને તારે માટે જે આ ટટુ લેઈ આવ્યો તેને બોલાવી મંગાવ અને મારાં કહેવા બાબેની તું ખાતરી કરી લે."

આ પરથી રાજાએ તે ટટુ ઉછેરનારને પોતાની પાસે બોલાવી મંગાવ્યો, જેને તેણે પુછયું—

"સાચું બોલજે, આ ટટુ તેં ખરીદયું કે એને તેં પોતે ઉછેર્યું? એની મા કોણ અને બાપ કોણ?"

"અય સુલતાનોના સુલતાન, હું તને ખરેજ કહીશ. હકીકત એ છે કે મારી પાસે એક બુલંદ તોખમનો ઘોડો હતો જેને મેં તબેલામાં એક જુદાંજ ઠાનમાં રાખ્યો હતો. તેની આગળ ખાસ વિશ્વાસુ નોકરો રાખ્યા હતા અને તેની ઉપર બધી ચોંપથી તકેદારી રાખવામાં આવતી હતી. એક દીન વસંત રૂતુમાં તેનો સહીસ તેને ખુલ્લાં મેદાનમાં ચરાવવા લઈ ગયો, જ્યાં ભેંસનાં ટોળે ટોળાં પણ ચરતાં હતાં; ત્યાં કાંઈ નજરચુકથી એક ભેંસ તે રખશની પાસે આવી અને થોડેક મહીને તે ભેંસને પેટે આ ટટુ અવતર્યું, જે જોઈ સઘળાઓ અચરત થઇ ગયા. પણ હઝુર! એ ટટુ ઘોડીને પેટે આવ્યું હતે તો તેની જોડી આખી દુન્યામાં મળવી મુશ્કેલ હતી." સુલતાને આ સાંભળી દાંતમાં આંગળાં લીધાં અને પેલા ઠગને પોતાની પાસે બોલાવી તેને શાબાશી આપી કહ્યું "ટટુ વિશેની તારી અટકળ સાચી તો ઠરી, પણ તેં કેમ જાણ્યું કે તે ટટુ ભેંસને પેટનું હતું?"

"બંદેનવાજ, એ સઘળું જાણવા માટે ખાસ અક્કલ અને ખાસ અભ્યાસની જરૂર છે. ઘોડાની ખરી ગોળ હોય છે જ્યારે ભેંસની લંબાચો બટકની ચાંચના જેવી આવે છે, અને આ ટટુની ખરી લગભગ તેવી હોવાથી મેં ધાર્યું કે તે ભેંસને પેટનુંજ ફરજંદ હશે."

આ સાંભળી સુલતાન ખુશ થયો અને તેને જીવતો છોડી પેલા પેહલાની માફક તેને પણ તળેલાં ગોશ્તની સાથે એકને બદલે બે નાન હવેથી આપવા ફરમાવ્યું.

લાંબો વખત સુધી પેલો ત્રીજો ઠગ યાદ આવ્યોજ નહીં. એકાએક એક દિવસે રાજાને તેનું સ્મરણ થયું અને તેને બોલાવી મંગાવ્યો.

"આદમ પારખુ તુંજ છે કે? આદમીની શીકલ પરથી તેની આલ ઓલાદ અને તોખમની પરીક્ષા તુંજ કરે છે કે?"

"હા, ગરીબ નવાજ." તે હાથ જોડી બોલ્યો. જે સાંભળી સુલતાને તેને પોતાની સુલતાના (હરીમ) પાસે લેઈ જવા હાજર રેહેલા ગુલામોને ફરમાવ્યું અને તેને હુકમ કીધો કે "જા, મારી રાણીની શીકલ જો અને મને જણાવ કે તેણીનામાં શું ખુબી છે અને શું ખામી છે?"

તેને તેઓ હરીમની હજુરમાં લઈ ગયા, જેણીને તેણે ખુબ ધ્યાનથી તપાસી; તપાસ પુરી થઈ કે તે રાજા સનમુખ આવીને ઉભો.

"કેમ તેં તપાસી?"

"હા, હજુર."

"તે કેવી છે?

"સાંભળો મેહેરબાન—

"સુંદર તન પરિયોંસે આલા! પ્યારા મુખરા ભોલા ભાલા!
ગાલ ઉસ્કા રૂઈકા ગાલા! બાલાપન જોબન મેં આલા!"

ગરીબ પરવર, તેની ખુબસુરતીનું પુછવુંજ શું? ચ્હેરો નરો માહતાબ! તેપર નાક અણીદાર, ઝુલ્ફ છે પેચદાર, અબરૂ ખમદાર! ગાલ લાલલાલ, તેપર કાલો એક ખાલ, હોઠ મીઠાઈની થાલ! કમલરૂપ કાન, નેણ રામ–બાણ, જાણે ખંજર જબાન, રૂપક મોતી દંન્દાન! ગોરૂં બદન, ઘટમારૂં વદન, જાણે સદર દહન; ચાલે છે હરણની ચાલ, જાણેછે એલમ કમાલ, જાતે છે નેક અફઆલ, તેનું બુલંદ યકબાલ, ઝમકેછે તેનું કપાલ!

છે હુન્નરમે આલી, ચાલચલણ નિરાળી છે, બેશક મતવાલી, મધુર શરબતની પ્યાલી, નથી ખુબીથી ખાલી, મગર ખામી એક કાલી !"

"ખામી ! એક કાલી ! "ખામી એક કાલી ?" સુલતાને ભવાં ચઢાવી પુછ્યું.

"હા, નામવર ! તેનામાં એકજ ખામી છે જે તેની એબ છે, જે નહીં હોયતો આજે દુન્યામાં તે ચ્હેર નમુનનો જોડો મળવો મુશ્કેલ થઈ પડે."

સુલતાન આ સાંભળી પગ અફાળી પોતાની બેઠકપરથી ઉઠ્યો, અને મ્યાનમાંથી તલવાર ખેંચી કાઢી તેની તરફ ધસ્યો ગયો, અને પેલા ગુલામો અને દરબારીઓ તેની વચ્ચે ન પડતે તો પેલા ઠગનું સર તેનાં તનથી પલ વારમાં જુદું થઈ જતે. તેઓ તેની આડે આવી બોલ્યા " અય શાહ, તેનાં બોલવાનું ખોટાપણું પુરવાર ન થાય ત્યાંસુધી તેને મારવો વાજબી નથી."

"ત્યારે બોલ અય બદમાશ, રાણીમાં એવી તે અયબ તેં શું જોઈ ?"

"ગરીબ પરવર, મેં જોયું કે તેણીની મા એક કંચની હોવી જોઈએ."

ત્યાં તો તેના ગુસ્સાનું તેજ ખુબ તપી ગયું અને તે લાગલો પોતાના સસરા આગળ ધસ્યો અને તેને બાજુમાંથી મજબુટ પકડી પુછ્યું "બોલ, તારી બેટીની માદર કોણ હતી ? સાચું કેહે, નહીં તો આ તલવારે અબ ઘડી તારૂં સર છટકાવી નાંખીશ."

"યા અલ્લાહ અય શાહ, ખરૂંજ કહુંછ કે તેની માદર એક કંચની જાતની હતી. ઘણા વખતની વાતપર કંચનીઓનું એક ટોળું મારાં ઘરપરથી પસાર થઈ જતું હતું. તેવામાં તેઓ સાથની એક જવાન છોડી ભુલી પડી. તેને મેં ઘરમાં રાખી અને ઘણા દીવસ વિટયા છતાં તેને લેવા કોઈ આવ્યું નહીં, એટલે તેને મેં પાળીપોષીને મોટી કીધી, અને તે ઉમરે આવતાં તેની સાથે મેં નેકા કીધા, જેનાં પરીણામમાં જે ફરજંદ અવતર્યું તે તારી રાણી." સુલતાને આ શબ્દો સાંભળ્યા કે તેનો ગુસ્સો સમી ગયો, અને તે ઠગની અક્કલપર તે આફ્રીન કરવા લાગ્યો, અને તેને બોલાવી તેણે પુછ્યું "વારૂ, તેં કેમ જાણ્યું કે મારી રાણી એક કંચનીને પેટની છે ?"

"નામવર સુલતાન, જે કંચનીઓ 'ધાઝીયા' જાતની આવેછે તેમની આંખની કીકી કાળી ભમર અને આંખપરનાં ભવાં જાડા વાળનાં અને ગુચ્છદાર હોય છે, જ્યારે બીજી ઓરતોના ડોળા અને ભવાં તેથી ઉલ્ટાંજ રેહે છે."

આ સાંભળી તેના હુન્નર બાબે સુલતાનની ખાતરી થઈ અને તેને પણ તેના બે સાથીઓની માફક તળેલાં ગોશતની સાથે બે નાન આપવાનો હુકમ ફરમાવ્યો. તેને રૂખસદ કીધા પછી સુલતાન મનસે વિચાર કરવા લાગ્યો કે "ત્રણે જણા પોતપોતાના હુન્નરમાં એક્કા નીકળ્યા ખરા. હજી આ ત્રીજાનું જ્ઞાન તપાસી જોવાની મારી મરજી છે. હવે તેને હુકમ કરૂં કે તે મારી ઓલાદ અને તોખમ પારખે."

તે મુજબ તેણે તેને બોલાવ્યો અને ફરમાવ્યું "અય નફર, તું મારૂં ખુન પારખી શકશે ?"

"હા, બંદેપરવર, એક શર્તે હું તે તુંને કેહેવાને તૈયાર છું અને તે શર્ત એ કે તે તને કહી સંભળાવ્યા પછી મારા જાનની અમાનતની તું મને જમાનત આપે : કેમકે, શ્યાણાઓએ ફરમાવ્યું છે કે સુલતાન જ્યારે તખ્તનશીન હોય ત્યારે તેનાથી ખુબ સાવચેત રેહેવું, કેમકે તેના મોંહથી 'માર' શબ્દ નીકળ્યો તે 'તાર' કદી નથી થવાનો."

"હું તુંને કશી ઈજા ન કરૂં તેની કબુલાત આપું છું, જે કબુલાત હું કદી તોડનાર નથી."

"અય સુલતાનોના સુલતાન, જે મારે તુંને કેહેવું છે તે સઘળાંની રૂબરૂ નહીં પણ ખાનગીમાં."

"કાંય? તેનો સબબ?"

"તેનો સબબ એ કે તે ખાલીકે બેનયાજે પોતાનાં અસંખ્ય નામોમાં એક નામ **'સત્તાર'** (ભરમ સાચવનાર) નું બી પસંદ કીધું છે."

આ સાંભળી સુલતાને સઘળા દરબારીઓને બાહાર જવા ફરમાવ્યું. બધાઓ ગયા અને તેઓ બન્ને એકલા પડ્યા કે પેલા ઠગે સુલતાનને હળવેથી કહ્યું "નામવર, તારૂં ખુન હલકું છે, તારી જાત નીચ છે, તું દુરાચાર જારનું ફરજંદ છે."

હજી તો આ વાક્ય તે પુરો બોલી નહીં રહ્યો તેટલાં તો ગુસ્સાથી તેનાં મોહ પર ફીણ ચઢી આવ્યું, તેના ચ્હેરાનો રંગ ફીક્કો મારી ગયો અને તેના હાથ પગના સાંધા ઢીલા થઇ ગયા; તેની આંખે ફેર આવવા લાગ્યા, સાંભળવાની તેની શક્તિ સુંન મારી ગઈ અને શરાબની ખુમારી વગર પોતાની બેઠક પર તે ડોળા ખાવા લાગ્યો, અને આમતેમ ડોળા ખાઈ તે જમીનપર પછડાઇ પડી બેશુદ્ધ થઇ ગયો. થોડે વારે હુસ્યાર થઈ તે બોલ્યો "અલ્લાહના કસમ, જો એ વાત સાચીજ હશે તો હું મારૂં રાજપાટ તુંને સોંપી દેઇશઃ કેમકે તારા જેવી કમાલ અક્કલ ધરાવનારનેજ રાજ સજાવાર છે, પણ જો તારૂં કેહેવું ખોટું પડયું તો તને ગરદન મરાવવાને હું ચુકીશ નહી."

"જેમ ખુદાવંદની મરજી" પેલો નમીને બોલ્યો. તેનાં પેટમાં તો જીવ ન હતોઃ કેમકે રાજાની નોકરીમાં તો 'બીમે નાન વ ખતરે જાન.' તે તે સારી પેઠે જાણતો હતો.

ત્યાંથી તે ગયો તે ધસ્યો પોતાની સુલતાના વાલીદાના કમરમાં, અને તેણીને ચોટી-માંથી પકડી તે બોલ્યો "હું જે પુછું તે મને સાચુંજ કેહેજે, જુઠું બોલી તો કશી મરવત ન રાખતાં તુંને અબઘડી કતલ કરીશ."

"પણ તું જાણવા માંગેછે શું?

"હું કોણનો બેટો? મારો બાપ કોણ?"

"અલબત જુઠું એક બાહાના તરીકે ચાલી શકે પણ તે થોડોજ વખત, આખરે તો સચ્ચાઈજ ફાવે. ખરૂંજ જો તને કહું તો તું એક ભથ્થારાનો બેટો છે. તારી આ-ગમજ થઇ ગયલો સુલતાન–તારો બાપ–મને પરણ્યો, પણ મારે પેટે તેને કશું ફરજંદ થયું નહીં. તેની રાજગાદીનો કોઇજ વારેસ નહીં કરી તે રાત દીન બળતો જળતો અને ખાવા પીવાને હરામ ગણતો. તેનું દુઃખ મારીથી જોવાઈ શકાયું નહીં. હવે અમારે ત્યાં એક જવાન બાવરચી હતો........."

જ્યાં વાલીદાએ પોતાનો બાકીનો ખુલાસો સુલતાનની છેક કાને લાગીને કહ્યો જે કોઈના સાંભળવામાં આવ્યો નહીં, પણ એટલું તો ખરૂં કે સુલતાનની પેલા ઠગની સ-ચાઇ વિશે ખાતરી થઈ.

તુરતજ દિવાને ખાસમાં આવી તેણે પેલા ઠગને બોલાવ્યો અને તેને પુછ્યું "તેં કેમ જાણ્યું કે હું બેશરમ જારનું ફરજંદ છું?"

"હજુર, અમારી હુસ્યારીની તુંને આવી સાબેતીઓ મળતાં તું અમને ફક્ત તળેલું ગોસ્ત અને નાનજ ખવડાવતો હતો તે પરથી મેં અનુમાન કીધું કે તું ભથ્થારાનો બેટો હોવોજ જોઈએ: કેમકે એવી વખતે સુલતાનો તો નજરાણાં ભેટ કરે અને નહીં કે તારી માફક એક નાનનાં બે નાન કરી આપે."

"તું સાચ્ચું બોલ્યો" એમ કહી રાજાએ તેનો પોશાક ઉતરાવ્યો અને પોતાનો

લેબાસ ઉતારી તેને શાહી સાજમાં સજ કીધો અને તેને તખ્તનશીન કરી પોતાનો ખઝાનો, જનાનો, જાગીર, દેશ અને દરબારીઓ તેને હસ્તક કરી પોતે દરવેશની કફની પેહેડી રાજ છોડી ચાલતો થયો.

પેલા ઠગજી તો સુલતાન તરીકે તખ્તપર બીરાજ્યા અને પોતાના ગોઠ્યાઓને બોલાવી તેમને નજરાણાથી માલા માલ કરી રવાના કીધા અને ખુબ દુરઅંદેશીથી તેવણ રાજ્ય કારોબાર ચલાવવા લાગ્યા. તેના અમલ હેઠલ રાજ આબાદ થતું ચાલ્યું અને રૈયત પોતાના સુલતાનની ઇન્સાફી વળાણ, દયા અને દયાનતની હજારો મોંઢે તારીફ કરવા લાગી.

હવે આપણે જોઇયે કે પેલો

દરવીશ થયલો બાદશાહ.

કયાં ચાલ્યો અને કયાં ગયો ?

ચાલ્યો ચાલ્યો એક મુસાફરની માફક તે અઠ્ઠી દીવસની મંજલ કાપી કેરો શેહેરમાં આવી પ્હોંચ્યો, જ્યાં સુલતાન મહમદ રાજ કરતો હતો. તેણે ત્યાંની રૈયતને સુખી અને આબાદ જોઈ. તે રસ્તે રસ્તે ભટકતો હતો તેટલાં સુલતાન જે શીકારેથી પાછો ફરી આવતો તેને તેણે સામે જોયો. તેને જોઇને તે બાજુ થઇ ગયો, પણ સુલતાનની નજર તેના પર પડયા વિના રહી નહીં. સુલતાને જોયું કે તે હતો તો એક મુફલીસ દરવિશ, પણ તેના ચ્હેરાપર એવી નિશાણીઓ હતી કે જે પરથી કહી શકાય કે તેણે પોતાના આગલા દહાડા સુખમાં કાઢેલા હોવા જોઇયે. તેણે એક દરબારી તરફ ફરીને કહ્યું "આ આદમાને તારે ત્યાં લઇ જઇને હું તેને બોલાવું ત્યાં સુધી એને ખવાડી પીવાડી તારી સાથે રાખ."

તે દરબારીએ તેના હુકમ મુજબ કીધું. રાજા મેહેલમાં ગયો અને શીકારની થાક ઉતારી પેલા દરવીશને તેણે પોતાની રૂબરૂ હાજર કરવાનો હુકમ ફરમાવ્યો. તે આવ્યો કે તેણે તેને પુછ્યું "તું કયા દેશથી આવ્યો ?"

"ગરીબ પરવર ! હું ફકીર છું."

"ગમે તે હોય, પણ મને તારે તારી હકીકતથી વાકેફ કરવોજ પડશે."

"મારી હકીકત તારે જાણવી હોય તો જ્યારે આપણ બેજ જણ એકલા હોઇશું ત્યારે તુંને હું જણાવીશ."

દરવિશનો આ વિચાર જાણી સુલતાન તેને ખાનગી ઓરડામાં લઇ ગયો, જ્યાં પેલા દરવિશ થયલા સુલતાને પોતા પર વિટેલી વાત કહી સંભલાવી, જે સાંભળી સુલતાન બોલ્યો કે "અરે મારી હકીકત શું ? મારી હકીકત એવી છે કે જે સાંભળી તું દંગ થઇ જાય. મારી મરજી છે કે તુંને તેથી વાકેફ કરૂં, જો સાંભળ."

કેરોના સુલતાન મહમદની તવારીખ.

અસલ હું પોતે એક ફકીર હતો. મારી પાસે ફુટી બદામ ન હતી. હું માંગીતાંગીને પેટ ભરતો હતો. એક દીવસ ભીખ માંગતાં મને દશ પઇસ મળ્યા, જે પર તે દીવસે મારૂં ગુજરાન ચલાવવાનો મેં કસદ કીધો. તે લેઈ હું ખાધાજોગી જીણસ ખરીદવા બજારમાં ગયો તો એક કલંદર કુતરાંનાં મુહના એક બંદરને સાંકળે બાંધી તેની હરાજી કરતો હતો. તે વાંદરને તે દશ ફદહે વેચવા માંગતો હતો. સઘળું લોક તે વાંદરને ખીજવી તે કલંદરને ચીડવતું હતું. તે વાંદર ખરીદવાનો મને એકાએક વિચાર થઈ આવ્યો જેથી હું તે કલંદર ખાસે ગયો અને સાટું નક્કી કીધું. સાંકળે પકડી તે વાંદરને હું મારી કોટડીમાં લેઈ આવ્યો અને હવે તેનું શું કરૂં તેનો હજી તો હું વિચાર કરૂંછું તેટલાં તે

વાંદર બદલાઈ એક પરીસુરત જવાન થઈ ગયો! અને મારી તરફ જોઇ તે બોલ્યો "અય શેખ મહમદ, તેં મને દશ ફદદ આપી ખરીદયો, અને હવે તું વિચારમાં પડયો કે શું કરવું?"

"પણ તું છે કોણ?" મેં પુછયું.

"મારે માટે અને જે હુ કરૂં તેને માટે મને તું સવાલ પુછ ના, કેમકે તારો હવે દાહાડો ફર્યો છે" એમ કહી તેણે મને એક અશ્રફી આપી અને કહ્યું "લે આ, અને બજારમાં જઇ આપણે માટે કાંઈ ખાધાનું લઇ આવ."

હું બજારમાં જઇ ખાધા જોગું લઈ આવ્યો અને અમે તેપર ન્યામત કરી બન્ને સુઈ ગયા. સહવાર પડતાં તેણે મને કહ્યું "અય શેખ! આ કોહડી આપણ બંન્નેને માટે પુરતી નથી માટે જા, અને એક મોટી જગ્યા ભાડે નક્કી કરી આવ."

"ઠીક છે, જેમ મરજી" હું તેને કહીને ગયો અને મુસાફરખાનાંનો એક માળ ભાડે લીધો. જ્યાં અમો બન્ને જઇ રહ્યા. ત્યાં અમો ઠરીઠામ થયા કે તે મને દશ દેરમ આપી બોલ્યો "બજારમાં જલ્દી જા અને જોઈએ તે સરસામાન લેઈ આવ."

તેના હુકમ મુજબ તુરત હું ગયો અને જોઈતો સામાન લેઈ આવ્યો. આવીને જોઉંછું તો તેની આગળ એક લેબાસે શાહી પડેલો હતો, જે તેણે મને આપ્યો અને કહ્યું "જા હમ્મામમાં જઈ નાહી ધોઈ આ લેબાસ પેહેડ." તેના હુકમ મુજબ મેં કીધું અને નાહી ધોઇ પેલો લેબાશ મેં પેહેડયો, જેનાં દરેક ગજવામાં સો દીનાર મુકેલાં હતા અને તેવાં ગજવાં તો ઘણાં હતાં; તે દીનાર મારે હાથ આવતાં હું મનસે વિચાર કરવા લાગ્યો કે "હું ખાબ જોઉંછ કે જાગુંછું?" હું અમારે ઘેર પેલા જવાન આગળ ગયો, જે મારાં કદ અને મારા દેખાવની તારીફપર તારીફ કરવા લાગ્યો. પછી તેણે એક મોટું બંડલ મારી આગળ ધર્યું અને બોલ્યો "આ લે અને આ શેહરના સુલતાનને નજર કરી તેની બેટીને તારી સાથ નેકામાં માંગ." આ પરથી હું સુલતાન પાસે ગયો. મ્હેલમાં પ્હોંચતાં દરબાન સુલતાનની રજા લેઈ આવ્યો અને મને તેની સનમુખ ખડો કીધો. મેં તેની આગળ પેલું બંડલ મુકયું, જે તેણે ખોલાવી જોતાં તેમાંથી એક લેબાસે શાહી નીકળ્યો "યા અલ્લાહ, આવો પોષાક મેં તો કદી નથી જોયો; ઠીક છે, એ હું કબુલ રાખુંછું પણ તેના બદલામાં તને કાંઈ જોઇયેછે?

"અય નામવર, મારી મરજી તારી બેટીની મારફતે તારી સાથે સગાઇ કરવાની છે"

આ સાંભળી સુલતાન વજીર તરફ જોઈ બોલ્યો "હવે મારે આ આદમીને શું જવાબ દેવો તે મને કેહ?"

"અય સાહેબે હશમત" વજીર કુરનસ બજાવી બોલ્યો "તારી પાસે કીંમતીમાં કીંમતી નંગ હોય તે તેને બતાવીને કેહ કે તેવું નંગ જો તે લાવી આપે તો તેની વાત કબુલ."

રાજાએ તેને તે મુજબ કહ્યું જે સાંભળી હું તો વિચારમાં પડયો; પછી મેં રાજાને પુછયું, "નામવર, એવું નંગ હું લાવી આપું તો મને તારી બેટીસે પરણાવશે?"

"હા, જરૂર" તેણે જવાબ આપ્યો, અને નમુના દાખલ પેલું નંગ લેઈ હું પાછો ઘેર આવ્યો.

"કેમ, તેં શાહજાદીની માંગણી કીધી?" પેલા જવાને મને પુછયું.

"હા, મગર તેણે મને આ નંગ આપ્યું અને એવુંજ બીજું નંગ હું તેને લાવી આપું તો તે મારી અરજ કબુલ રાખે એવી તેની શર્ત છે."

"આજે તો હવે હું કાંઇ કરી શકતો નથી, પણ ઈનશાલ્લા, કાલે એવાં દશ નંગ લેઇ આવીશ જે સુલતાનને આપણે ભેટ આપીશું."

બીજે દીને સહવારે તે બાહાર ગયો અને કલાકેકમાં પાછો આવી તેણે પેલા નમુનાજ જેવાં દશ નંગ મારા હાથમાં મુકયાં.

તે લેઈ હું સુલતાન આગળ ગયો અને તે બધાં નંગો મેં તેને નજર કીધાં. સુલતાન તો તે નંગોનું આબ જોઈ ફાટીજ ગયો. વળી તેણે વજીરની સલાહ લીધી કે હવે શું કરવું?

"અય શાહ! તારી પસંદગીનું તો તે. એક નંગ માંગ્યું અને એ આદમીએ તો દશ હાજર કીધાં. હવે તુંને લાજમ છે કે તારો બોલ તું પાળે અને તારી દુખતર તેને સ્વાધિન કરે."

આ સાંભળી રાજાએ કાજીઓને તથા 'ઇફેન્દી'ઓને બોલાવ્યા અને મારા અને શાહજાદીના નેકાનું ખત તેઓ પાસે ઘડી કહડાવ્યું.

હું પેલા જવાન પાસે આવ્યો અને તેને એ બીનાથી મેં વાકેફ કીધો ત્યારે તે બોલ્યો: "લગન જેમ બને તેમ જલ્દીથી થવાં જોઈયે અને તારી જોરૂ તુંને જલ્દીથી મળવી જોઇયે. પણ જો, તું તેની સાથે ગમે તેવો એકલો પડે પણ હું કહું ત્યાંસુધી તારે શાદીનો હક્ક ભોગવવો નહીં:"

"ઠીક છે, જેમ મરજી" મેં નમીને કહ્યું.

શાદી તો થઈ, અને સુલતાનની બેટી સાથે રાતે ઓરડામાં હું એકલો પડયો, પણ તેણીથી એક રાત, બે રાત અને ત્રણ રાત હું જુદોજ સુતો. તેણીની માદર દરરોજ સહવારે આવી તેણીથી પુચા-પુચીની વધાઇ પુછે, પણ તેણીને રોજ જવાબ મળતો કે "તે તો જુદોજ રહે છે." જે સાંભળી તેણી પણ ઘણી મુંઝાતી. આખરે ત્રિજી રાત પણ તેમજ વીટી કે સહવારે રાણીએ સુલતાનને એ બીના જણાવી દીધી, જેણે નેણુ ફેરવી હુકમ કીધો કે "આજની રાત જો તે જુદોજ સુશે તો સહવારમાં તેને હું કતલ કરાવીશ."

આ હુકમ સુલતાનની બેટીએ મને હલુસે કહ્યો અને હું દોડયો પેલા જવાન આગળ.

"ઠીક છે." તે બોલ્યો "આજે તું તેણીની પાસે જાય ત્યારે તેણીને કેહેજે કે તારા જમણા હાથે બાંધેલો બાજુબંધ આપે તો હું તારી ખાહેશ બર લાવું!"

"ઠીક છે, જેમ મરજી." હું બોલ્યો,

રાતે હું તેણીના ઓરડામાં ગયો, જ્યાં તેણીને મુંઝાઇને ઘણી કળવકળ કરતી મેં દીઠી. હું તેણીની પાસે ગયો અને બોલ્યો:

"તુંને તારી મુરાદ હાંસલ કરવી છે?"

"હા."

"તો મને તારી જમણી બાજુનો બંધ આપ." તેણીએ તે મને તુરતજ કાઢી આપ્યો જે લેઈ હું પેલા જવાન આગળ આવ્યો. જવાને તે ખુશી થઈ લીધો અને હું પાછો તેણીના ઓરડામાં જઈ પ્હેલીજ વખત સુતો.

સહવાર પડી અને જોઉછું તો હું ચીંદડે હાલ અવતાર બે અવતારે મારી જુનીજ કોટડીમાં પડેલો. અજાયબી પર અજાયબી!! મેં મનસે વિચાર કીધો કે હું જાગુંછું કે સ્વપ્નું જોઉછું? નહીં પેલી સરા, તેનો માલ, તેનું રાચરચીલું કે ન મારો

ઝરરીન પોશાક. હું બાહાર નીકળી દિવાના જેવો રસ્તે રસ્તે ભટકવા લાગ્યો, તેટલાં મારી નજર એક 'મઝ્બી' પર પડી જે રસ્તાને એક ખુણે બેસી રમલ નાખી લોકની ફાલ જોતો હતો. તેની આગળ જઈ સલામ કરી હું તેની નજદીક ઉભો; તેણે ટીકી ટીકીને જોયા પછી મને પુછ્યું "અય શેખ, કેમ પેલા નાપાકે આખરે પોતાની તક સાચવી તુંને તારી જોરૂથી છોડવ્યો કે?"

"હા ભાઈ, શું કરૂં?" હું લાચાર બની બોલ્યો.

"જરા વાર થોભ" તેણે મને કહ્યું અને જ્યારે લોક તેની પાસેથી વિખરાઈ ગયું કે તે બોલ્યો:

"જે કુતરારૂપ વાંદરો તેં ખરીદો અને પાછળથી જેણે આદમી અવતાર લીધો, તે ખરેખર આદમી જાતનો હતોજ નહીં પણ પેલી શાહજાદીપર દિવાનો બનેલો એક જીન હતો, જે તેણીને હાથ કરવા ખુબ મથ્યો હતો, પણ તેણીને હાથ બાંધેલા જાદુબંધનાં જોરે તેનેથી તેણીની નજદીક જવાઈ શકાતુંજ ન હતું, એટલે તુંને પોતાનું હથ્યાર બનાવી તે બાજુબંધનો તેણે કબજો લીધો અને ત્યાર પછી પેલાને તે ઉઠાવી ચાલતો થયો. પણ સબર! હું તેનો રસ્તો કરૂંછું કે જેથી આદમી અને જાનની જાત તેના જુલમગાર દસ્તમાંથી સદાની બચે."

એમ કહી તેણે એક પાંદડું લીધું અને તેની ઉપર કાંઈ લખી પોતાની સહી કરી તે મોહોરબંધ કીધું અને મને આપી બોલ્યો, "અય શેખ! આ લે અને ત્યાંથી ફલાણે જગ્યે જઈ બધાં આવતાં જતાંને તપાસતો ઉભો રેહે. જ્યારે તું એક જણને મોટા રસાલા સહીત તારી તરફ આવતો જોય કે તેને આ રૂકો આપજે; તે તારી મુરાદ બર લાવશે."

મેં તે ચીઠી લીધી અને તેણે વર્ણવેલી જગ્યે જવા હું નીકળ્યો, જ્યાં એક રાત અને અડધે દાહાડે હું પ્હોંચ્યો, અને ત્યાં હું થોભ્યો. પા રાત પસાર થઈ કે સામેથી મારી તરફ આવતો બતીઓનો ઉજાસ મને દેખાયો અને જેમ જેમ તે બતીઓ મારી નજદીક આવતી ગઈ તેમ તેમ તેના ઉજાસને જોરે તે બતીઓ હાથમાં લેઈ ચાલતાં માણસોના આકાર મને દેખાવા લાગ્યા. તે ટોળું મારી આગળ આવીને થોભ્યું અને તેમાંના સઘળા મારી તરફ ટીકી ટીકીને જોવા લાગ્યા. હું તો તેમની નજર સામે ધ્રુજવા થથરવા લાગ્યો. તુરતજ આદમીઓની તે ટુકડી બે ભાગમાં વ્હેંચાઈ ગઈ અને તેઓનો વડો, જેનો દાદ સઘળો એક સુલતાનના જેવો હતો તે, મારી સામે આવીને ઉભો રહ્યો. મારે કેહેવાની જરૂર છે કે તે જીનોનો સુલતાન હતો. તેની આગળ હાજર થઈ મેં પેલી ચીઠી તેને આપી. તેણે તે ચીઠી ખોલીને મોટેથી વાંચી, જે નીચે મુજબ હતી:

"અય જીનોના સુલતાન! તુંને માલમ થાય કે અમારી આ ચીઠી લાવનાર તારીથી
"મુરાદ ચાહેછે જે તું તેના દુશ્મનનો નાશ કરી બતલાવશે એવી અમને ઉમેદ છે;
"જો એ કામ કરવા સામે કોઈ માથું ઉચકશે તો અમો તેને જેર કરવાને સામ-
"ર્થવાન છીયે. તેના શત્રુથી તેનો છુટકો કરવાને તું નિષ્ફલ નિવડે તો અમારી
"તરફથી મદદ મળશે એ તું જાણેછે."

આ ચીઠી જીનના સુલતાને વાંચી પોતાના એક ચોબદારને બોલાવ્યો અને તેને હુકમ ફરમાવ્યો કે ફલાણો ફલાણો જીન જે સુલતાનની બેટીને ઉઠાવી લેઈ ગયોછે તેને એકદમ પકડી લાવવો. આ હુકમ સાંભળી તે બર લાવવા પેલો ચોપદાર ઉઠી ગયો અને કલાકેકની ગેરહાજરી પછી પેલા જીનને ઉંચકી લાવી તેણે જીનના સુલતાનની સામે

ઉભો કીધો, જેણે તેને દમ ભરાવી પુછયું. "કેમ અય પાપી, આ આદમીને તેં કેમ હેરાન કીધો?"

"અય સુલતાન! હું તે શાહજાદીને અતિશય ચાહતો હતો, પણ તેને હાથે બાંધેલા બાજુબંધથી હું તેણીને મારે હસ્તક લેઈ શકતો નહી હતો. તેથી મેં આ આદમીને મારૂં હથ્યાર બનાવી તેણીને સ્વાધિન લીધી અને હું તેણીને જીવ કરતાં આલે ગણતો હોવાથી હું કશી રીતે ઈજા દઈશ નહીં."

"તે હું કાંઈ સમજતો નથી" સુલતાન ચીરડાઈને બોલ્યો "એમાંથી એક કર; ગમે તો તે બાજુબંધ તેણીને પાછો હવાલે કરી આ આદમીને તેણી સાથે મેળવી આપ યાતો તારા જાનથી તારાં પાપનો દંડ આપ."

પણ પેલા જીને કહ્યું ન માનતાં તે સુલતાન સામે થયો, અને બોલ્યોઃ "નહીં, હું નથી બાજુબંધ આપવાનો કે નથી તે શાહજાદીને છોડવાનો" અને આટલું બોલી તે ઉડી જતો હતો, પણ તેની મતલબ પામી જઈ જીનોના સુલતાને આંખનો એક ઈસારો કીધો કે તેને બધા જીનોએ પકડી રાખ્યો, અને તેને સાંકળી બાંધી ઘસડતા ઘસડતા સુલતાન ચાલ્યો, તેની પૂઠે તેને લેઈ ચાલ્યા. અમો તે જીનને ઘરે પહોંચ્યા, જ્યાંથી પેલો બાજુબંધ જીનોના સુલતાને મારે હવાલે કીધો અને પેલા જીનને તેણે ગરદન મરાવ્યો.

હું તુરત પાછો શેહેરમાં આવ્યો જ્યાં દરબારીઓ અને બીજા ઓધેદારો મને જોઈને ખુશી થયા. હું તરત મેહેલના પેલા ઓરડામાં ગયો કે જે ઓરડો મારે માટેજ તેઓએ એલાહેદો રાખ્યો હતો; ત્યાં મેં મારી પ્યારીને ભર ઉંઘમાં સુતેલી દીઠી. તેણીને ઉઠાડતાં ઉઠી નહીઃ કેમકે મને પાછલથી માલમ પડયું કે જયારથી તે બાજુબંધ મારે હવાલે કીધો ત્યારથી તેણી એવી બેહાલ હાલતમાં પડી રહી હતી. મેં તુરતજ તે બાજુબંધ તેણીને હાથે બાંધ્યો કે તેણી જાગી ઉઠીઃ જે જોઈ તેણીની માદર પેદર અને સર્વ ખુશી થયાં. તે પછી અમો ખુબ સુખ ચેન અને ચમનો ચમનમાં રહ્યાં અને તેણીના પેદરનાં મરણ બાદ તેણીનો કોઇ બીરાદર ન હોવાથી મને આ ગાદી મળી.

પેલો સુલતાન થયલો દરવીશ આ સાંભળી દુન્યાના રંગપર તથા ઢંગપર દંગ થઈ અચરતથી વિચાર કરવા મંડયો. તેને આમ વિચારમાં પડેલો જોઈ સુલતાન બોલ્યો "અય બીરાદર! તું ગમ કમ કર! દુઃખનો દમ થમ કરઃ કેમકે નસીબમાં જે નોધાયું તે બનવાનું; પણ તું મારો વજીર થઈને રેહેઃ કેમકે સુલતાનના મરણ પછીથી હું પોતેજ કોઈ ચાલાક વજીરની શોધમાં હતો અને તેં પોતે જયારે રાજતાજ ભોગવ્યું છે તો તું એ જગ્યાને જેબ આપશે એવી મારી ખાતરી છે."

તે બાદ તેને સુલતાને લેબાસ ભેટ આપ્યો, તેને ઓહ્દાના નિશાન તરીકે પોતાની વીંટી આપી અને આખાં શેહેરમાં તેના વજીર થવાની ખબર ફેલાવી. વજીર તરીકે તે પણ ઘણો ઈનસાફી અને દયાળુ નીવડયો. જરા કોઈને ગેર ઈનસાફ થતાં તેની દાદ લેવા જે આવતું તે કુમલાયલાં મને અને ભારી જીગરે કદી પાછું ફરતું નહીં હતું.

એ રીતે કાંઈક વર્ષો સુધી ચાલ્યા બાદ એક દીને સુલતાનને કાંઈ ચેન પડયું નહીં. તેને તેનું મન ભારી અને દિલ દર્દી માલમ પડયું. ન તેને ખાવા ગમે, ન પીવા ગમે, ન હસવા ગમે, ન બોલવા ગમે, કે ન શીકારે જવા ગમે. આ પરથી તેણે હજામને બોલાવી

મંગાવ્યો જે આવતાં તેણે ફર્યાદ કીધી કે "આજે કાંઈ મારૂં મન ઉદાસ લાગે છે." "એમ છે તો નામદાર! તારાં જવાહીરખાનામાં જા અને સઘળાં તારી આંખે જોઈ તેમને હાથ લગાડી તારૂં મન મનાવ: એટલે તારી ગમી ઉડી જશે." સુલતાને તેમ કીધું, પણ કાંઇજ નહીં. વળી તેણે વજીરને બોલાવી ફર્યાદ કીધી કે "અય દાના, મારાં મનનું કશાંથી સમાધાન થતું નથી; માટે મારો વિચાર એમ છે કે આપણ બન્ને વેશ બદલી મેહેલની બાહાર જઈ શેહેરનો રંગ તપાસ્યે."

"જેમ મરજી, નામદાર." વજીર મને બોલ્યો.

તેઓ પોતપોતાના ખેલવતમાં ગયા અને અઝમના મુલકના દરવીશો જેવો પોષાક પેહેડે છે તેવો પોષાક બદલી મેહેલની બાહાર નીકળી ચાલ્યા. જતાં જતાં તેઓ એક બીમારીસ્તાન (દેવાન શાલા) આગલ આવી પ્હોંચ્યા. તેના કમ્પાઉંડમાં એક દરખ્ત નીચે એક આદમ બેસી નીચલા મુસ્તેજાદ લલકારતો હતો:--

દિલ મેરા કાકુલે પેચાંમે ગેરફતાર હુવા—હાય લાચાર હુવા,
દર્દે સરામોલ લીયા મુફતમે બિમાર હુવા—હાય લાચાર હુવા;
દામે ઉલફતમે કોઇ શખ્સ ગેરફતાર ન હો—ઔર બિમાર ન હો,
ઔર જો ફંસ ગયા ઇસ દામમે વ્હો ખ્વાર હુવા—હાય લાચાર હુવા;
ઇશ્ક વ્હો ગુલ હય કે દામનમે જીસ્કે હય સદખાર—નહીં રાહત જીનહાર,
વ્હો હય નાદાં જો ઉલકાત ફખરીદદાર હુવા—હાય લાચાર હુવા;
માંગતા હું યહે દોઆ હાથ ઉઠા તુંજસે ખુદા—ઇશ્કસે સબકો બચા
મુફતમે દામે તાસુખમે ગેરફતાર હુવા—હાય લાચાર હુવા;
અય '**રફિકે**' જીગર ખસ્તા ન લે ઇશ્કકા નામ—નહીં ઇસ્મે આરામ,
મર ગયે હમ વલે અપના ના વ્હો દિલદાર હુવા—હાય લાચાર હુવા.

ગાઈ રહ્યા પછી આસમાન તરફ જોઈ બડબડવા લાગ્યો કે "વ્હેતો મજનું દી હોગા દિવાના." આ મામલો જોઈ સુલતાને વજીરને કહ્યું "આ કોઈ બીચારો દિવાનો છે, અક્કલથી બેગાનો છે. આપણે તેની આગળ જઇ તેનો હાલ અહવાલ પુછ્યે."

તેઓ તેની આગળ ગયા અને તેને પુછ્યું "અય ભાઇ, તું દિવાનો છે?"

"નહીં બીરાદરો! હું દિવાનો નથી, પણ મારીપર વીતેલી કહાંણી એવી છે કે જાણે મને નહીં બિમારનો બિમાર કરી મુકયો છે."

"ચાલ, અમે તારી આગળ બેઠા; અમને તારી કહાંણી કહી સંભળાવ" એટલું બોલી સુલતાન અને વજીર તેની આગળ બેઠા અને તેણે પોતાની હકીકત નીચે મુજબ શુરૂ કીધી:

સૌદાગર સાહેબની સૌદાઈ.

હું એક સોદાગર હતો અને તરેહવાર હીંદી કાપડની અને બીજા કીંમતી સામાનની મારી દુકાન હતી. એક દીને હું મારી દુકાનપર ધારા મુજબ બેઠો હતો તેટલાં મારી દુકાને એક બુઢી ઓરત આવી અને મને સલામ કરી ઉભી રહી. થોડીક વાર મારી દુકાનમાંનો તેણીએ સામાન જોયો અને પછી બોલી "સોદાગર સાહેબ, તારી પાસે ફલાણી જાતનું હીંદી કાપડ છે?"

"બાનું, તુંને જે જોઈએ તે મારી પાસે છે, તું કહે તે બતલાવું."

આ ઉપરથી તેણીએ એક ચોકસ કીસમનું કપડું માંગ્યું જે મેં તેણીને કાઢીને બતાવ્યું અને તે તેણીને પસંદ આવ્યાથી તેણીએ તે લઈ જવા બંધાવ્યું.

"ભાઈ એની કીંમત શી?" તેણીએ પુછયું.

"૫૦૦ દીર્હમ, બાનુ" અને મારી માંગેલી કીંમત તેણીએ મને તુરતજ કાઢી આપી, અને પોતાનું બંડલ લેઈ ચાલી ગઈ. જે કપડું મેહેરબાન મેં તેણીને ૫૦૦ દીર્હમે વેચ્યું હતું, તેની ખરીદ કીંમત સાડી ત્રણસો દીર્હમ હતી. બીજે દીને વળી પાછી તે આવી અને તેમાંનુંજ બીજું કપડું માગ્યું, જેનું ઠેડવેલું દામ આપી તેણીએ ચાલતી પકડી. એ મુજબ તેણી એક બે ત્રણ અને પંદર દિવસ લીધું. દરેક દાહાડે તેણી રોકડ ૫૦૦ રૂપાંના સીક્કા મને ચુકવી આપી પેલીજ જાતનું કપડું તેણી લેઈ જતી. સોલમે દહાડે તેણી પાછી મારી દુકાનપર આવી અને જોઇતું કપડુ બંધાવી મને પૈસા આપવા જાય છે તો ઠેલી તેણી વીસરી આવેલી! તેણીએ ઘણી શરમીંદીથી મને કહ્યું "અય ખાજા, પૈસાની ઠેલી તો હું ભુલી આવી?"

મેં તેણીને ધીરજ આપી કહ્યું "બાઈ! તું તારો માલ સુખે લેઈ જા અને મને પૈસા પછી લાવી આપજે; અને નહીં લાવી આપશે તો કાંઈ નહીં, જાણે તુંને મેં એ માલ બક્ષિસ કીધો."

એમ કરતાં હોંજા તોજી પર વાત આવી. તે કેહેકે પૈસા વગર માલ નહી લેઈ જાવું અને હું કહું કે પૈસા વગર તુંને માલ આપવાનો.

આખરે અમો નહીંજ સમજુતીપર આવ્યાં ત્યારે તે બોલી "જો ભાઈ, એમ કર; આપણે આપણી જીદ પુરી પાડવા બંન્નેએ કસમ લીધા છે, તો તું મારી સાથે આવ અને તારા માલના પૈસા તું ચુકવી લેઃ એટલે આપણ બન્ને રાજી થઈશું. ચાલ, તારી દુ-કાન બંધ કર કે તારી ગેરહાજરીમાં કોઈ આવી તારો માલ ચોરે નહીં."

"ચાલ વારૂ, એબી ઠીક" કરી હું ઉઠયો અને દુકાન બંધ કરી તેણી સાથે હું ચાલ્યો. ચાલ્યાં ચાલ્યાં અમો ખુબ ચાલ્યાં અને તેણીનું મકાન થોડેક દુર હશે કે તેણી ઉભી રહી ગઈ અને પોતાનાં ગજવાંમાંથી એક રૂમાલ ખેંચી કાઢી તે બોલી "હાં મારે તારી આંખે પાટો બાંધવો જોઈશે."

"કાં વારૂ?" મેં પુછયું.

"તો જોની; હવે રસ્તામાં એવાં ઘણાંક મકાનો આવશે જેનાં આંગણાંમાં ઘણીક છેલછબીલી, રસીલી, રંગીલી, નુકીલી, નુરીલી નાજનીનો, કોઈ પરણેલી, કોઈ કુંવારી, કોઈ કઠોર, કોઈ સુંવાળી, કોઇ દયાનતદાર તો, કોઈ જાર બેઠેલી હોય છે, જેમને જોઇ તારૂં દિલ લલચાય, તું ધ્યાનથી જાય, જખમાય, ઝખવાય, તે મારેથી કેમ દેખી શકાય? તે-ઓમાં કોઇ કોઈ તો એવી પરીરૂપ રેહે છે કે ભલા સાધુ સંતનું ભાન ભુલાવે." જે સાંભળી મેં મનસે વિચાર કીધો "વાહ! એબી સલાહ ઠીક," અને તેણીને મારી આંખે પાટો મેં બાંધવા દીધો, અને તેણીનો હાથ પકડી (મરજ્યાનાની પુઠે મુસ્તફા દરજી ચાલે તેમ) તેણીની પુઠે હું ચાલ્યો. આખરે ઘર આવી પુગ્યો, જેનાં બારણાંને જડેલું કડું તેણીએ અફાળ્યું કે માંહેથી એક દાસીએ નીકળી આવીને બારણું ઉઘાડયું અને અમોને અંદર લીધાં. અમે અંદર દાખલ થયાં કે પેલીએ મારી આંખે બાંધેલો પાટો છોડી નાંખ્યો. હવે મેં જોયું કે હું એક મહેલ જેવાં મકાનમાં આવ્યો હતો. પેલી બુઢીએ મને લેઇ જઈ એક ઓરડાનાં ખુણામાં બેસાડયો, જ્યાં મારી પાસેજ તેણીએ મારી દુકાનેથી ખરીદેલાં કપડાંનો ઢગ પડેલો હતો. તે વિશે અજબ થઇ હજી તો હું વિચાર કરૂંછું તેટલાં માળ પરથી આફતાબ જેવા મુખડાની બે છોકરીઓ ઉતરી આવી. તેઓએ તે કપડાંના ઢગમાંથી બે ટુકડા ફાડી લીધા અને પોતાની બોંય ચઢાવી, જમીનપર

ગુલાબજળ અત્તર છાંટી પેલા કટકા વડે તે ઓરડાની જમીન એવી તો ઘસડીને સાફ કીધી કે નકી ચાંદી; પછી તેઓ અંદરના એક ઓરડામાં ગઈ અને પચાસ ખુરસીઓ લેઇ આવીને ગોઠવી, જે દરેક પર તેઓએ એકેક 'સજ્જાદ' (ગાલીચો) બીછાવ્યો, અને અઢેલવાને એકેકો કીનખાબનો ટકયો મુકયો. પેલી પચાસ ખુરસીની વચ્ચોવચ એક સોનેરી મોટી ખુરસી તેઓએ ગોઠવી, જેનીપર તેને લાયક ગલીચો પાથર્યો અને એક ટકયો ગોઠવી તેઓ ચાલી ગઇ. તુરતજ માળ પરથી બે બેની હારમાં પચાસ નાજનીનો ઉતરી આવી અને પેલી ખુરસીપર ગોઠવાઈ, જ્યારે તેમની પાછળ એક નવ જવાન પરીસુરત બાનુ આવી, જેણીની ખીદમતમાં વળી બીજી દશ દાસીઓ હતી. તે પેલી વચમાંની ખુરસીપર આવીને બેઠી. તેણીને જોતાંજ મારી હોંશમેં ફરામોશ કીધી. તેણીનું કદ, તેણીનું રૂપ, તેણીના ચેહેરાનો રંગ, હસ્તાં તેણીના ગાલમાં પડતો ખાડો, એ સર્વ જોઇ હું તો સ્તબ્ધ થઇ ગયો. આખરે તેણીએ પોતાનાં મોંહનો દાબડો ખોલ્યો અને તેમાંથી મોતી જેવો સુખન બાહાર નીકળી પડયો. "માદર, માદર!" તેણીએ સાદ માર્યો, જેના જવાબમાં પેલી બુઢી ઓરત તેણીની સામે આવીને ઉભી રહેતાં તેણીએ પુછયું "જે જવાનને તું લેઈ આવી તે આ કે?"

"હા, બેટી મારી, તે એજ."

"લેઈ આવો એને મારી આગળ."

ઓ મારા બાપ! હવે મારૂં શું થશે? આવી રીતે ખુણામાં સંતાઇને બેઠેલો તે મને જોશે તો મને કતલજ કરાવશે એવી ધાસ્તી મને પડી.

પેલી બુઢી મને તેણીની આગળ લેઇ ગઇ અને તેણીએ મને હસીને સલામ કીધી, તથા મારે માટે ખુરસી મંગાવી, જે લાવવામાં આવતાં તેને પોતાની પાસેજ ગોઠવાવીને મને તે પર બેસવા હુકમ કીધો. હું તેણીની પાસે બેઠો અને તેણીએ મારી સાથે એક કલાક વાતચીત કીધી. બાદ તેણીએ મને સવાલ કીધો "કેમ, અય જવાન, તેં મારી ખુબસુરતી વિશે શું ધાર્યું? તારાં હું મનમાં સમાઇ જઇ તારી મોહારેદાર બની તુંને મારો દિલદાર બનાવું તો કેવું?"

આ તો કંઈ છટકું હશે એવી બીહીકથી હું બોલ્યો: "અય બાનું! એટલાં માન અને એટલી ઈજતને હું કેમ લાયક કેહેવાવું? હું તો તારાં કદમ પાસે એક નાચીજ ગુલામ તરીકે પણ ખડો રેહેવાને લાયક નથી."

આ ઉપરથી તેણી મને સધ્યારો આપતી બોલી "અય, જવાન! તું મને સીધો જવાબ આપતાં ગભરા ના, કેમકે મારૂં દિલ તારા પ્યારથી છલાછલ ઉભરાઈ આવેલું છે." મેં માન્યું કે તે જવાન અબલાનો વિચાર મારી સાથે શાદી કરવાનો હતો, પણ તેનો સબબ શો અને મારી ખબર તેણીને કોણે પ્હોંચાડી? હું તે સમજી શકયો નહીં. હવે તે મારી સાથે પ્યારથી ખેલવા પડી અને મજાક મશ્કરીનાં ચેડાં તેણી કાઢવા લાગી. આ ઉપરથી મને હીંમત આવી અને હું બોલ્યો "અય પરીપયકર, તારી અરજ એવીજ હોય તો ભલાં કામમાં ઢીલ કેવી?"

"વાહ! અય જવાન દીલશન! મારાં નસીબમાં આજના જેવો ભાગ્યશાળી દીન કોઈજ ન હશે."

"હવે બોલ પ્યારી, તુંને રીતમાં શું જોઈએછે?"

"રીતમાં? હવે શું જોઈયે? તારી દુકાનેથી આટલાં બધાં તો કપડાંના ટાકા મારી માદર લેઈ આવી!"

"તેટલાં કંઈ ચાલે?"

"મારે હવે વધુ જોઈયે નહીં, અને હું હમણાંજ કાઝીને બોલાવુંછું કે તે આપણ બંનેને એક કરી નાખે. પણ એ સઘળું એકજ શરતે હું કરવા ચાહુંછું."

"અને તે શર્ત શું?"

"તે શર્ત એકે તારે મારા શિવા કોઈ ઓરત આગળ જવું નહીં અને કોઇને પ્યારનો એક સુખન વટીક કેહેવો નહીં."

"તે તો મારી ફરજ છે." હું પોતે કુંવારો હતો અને આવી સુંદર નાજનીન સાથેજ જ્યારે મને પરણવાની તક મળી ત્યારે હું એટલો તો ખુશમાં આવી ગયો હતો કે એ કરતાં વધુ કઠણ શર્ત એક બોલે હું કબુલ કરતે.

ટુંકમાં કાઝી આવ્યો અને અમે શાદીના પાક ગાંઠથી જોડાયાં. આ બનાવથી હું તો અચરતજ થઈ ગયો અને મનસે વિચાર કરવા પડ્યો કે "હું જાગુંછું કે સ્વપ્નું જોઉંછું?"

તેણીની સાથે મારી શાદી થઈ અને હું વીસ દીન તુલીક તેણીનાજ મેહેલમાં રહ્યો; પણ તે વીસ દીનનો વખત મને વીસ મીનીત કરતાં ટુંકો લાગ્યો. ખુશાલીમાં હું મારૂં ઘરબાર, મારી દુકાન, અને મારો ધંધો સર્વ ભુલી ગયો હતો, તે સઘળાંની એ વખત બાદ મને યાદ થઈ, જેથી મેં મારી પરણેતરને કહ્યું "અય નેક અશમત નાજનીન! આજે વીસ દીન થયાં નથી હું મારી માદરને મળ્યો કે નથી તેણીએ મને જોયો: માટે તારી જો રજા હોય તો હું તેણીને મલી આવું અને મારી દુકાન તપાસતો આવું."

"આજે શું કામ? તારે ગમે તો રોજ તું તારી માદરને મળવા જા અને રોજ દુકાનપર જઈ તારો ધંધો ચલાવ. પણ હમેશ મારી માદર તુંને આં મેહેલમાંથી બાહાર લેઈ જશે અને આ મેહેલમાં અંદર લેઈ આવશે."

"ઠીક છે, એ માટે કશી અડચણ નથી." આ ઉપરથી પેલી બુઢ્ઢીને તેણીએ બોલાવી અને મને બાહેર લેઈ જવાનો હુકમ કીધો. તેણીએ મારી આંખે પાટો બાંધ્યો અને બાહાર લેઈ ગઈ. મેહેલ તરફ લેઇ આવતાં જે જગ્યે મને થોભાવીને પાટો બાંધ્યો હતો તેજ જગ્યે મને હમણા ઉભો રાખી તેણીએ પાટો છોડી નાંખ્યો, અને બોલી "આવતી કાલે અમે તારી રાહ જોઈશું. બપોરે તું આવજે અને હું તુંને લાંજ મળીશ." હું તુરતજ ત્યાંથી નીકળી મારી માદર પાસે દોડી ગયો તો મેં તે બીચારીને મારી જુદાઈથી ચુપ બેઠેલી દીઠી; મને જોતાંજ તેણી ઉઠી અને મને ગળે લગાડી તેણી હરખનાં આંસું રડી. હું તેણીને પટાવતો બોલ્યો "રડ ના મારી માદર, મને એક કારણસર રોકાવું પડ્યું." પછી તેણીને મેં બધી વાત માંડીને કહી: જે સાંભળી તે બોલી "બેટા! ખુદા તને સલામત રાખે, પણ બે દીવસે બી મળતો રહેજે."

"ઠીક છે" કહી હું મારી દુકાનપર ગયો અને બપોર સુધી દુકાન પરજ મારા ધંધમાં ધક ઘાલી હું બેઠો; બપોર પડતાં હું મારી માશુકના મેહેલે ચાલ્યો અને પેલી જગ્યા આગળ આવી પુગતાંજ પેલીજ બુઢ્ઢીને મેં ઉભેલી જોઈ. તેણીએ રાબેતા મુજબ મારી આંખે પાટો બાધ્યો અને હું મ્હેલે પોંહોંચ્યો. પાટો બાંધવાનું તેણીને જ્યારે હું કારણ પુછતો ત્યારે તેણી મને પેલુંજ કારણ જણાવતી.

એમ ત્રીસ દીન પસાર થઈ ગયા. હું ગમે તેવો સુખચમનમાં રેહતો, તો પણ મારી એ અચરતી દૂર નહીં થઈ કે તે નાજનીન સાથે મારી શાદી કેમ થઈ? શામાટે થઈ? તેણી કોણ હતી અને તેણીની માલ દૌલત ક્યાંથી હતાં?

હવે એક દીને મારી માશુકની એક સોયાયટક દાસી નામે ઝલીઝા સાથે હું એકલો પડયો, જેણીને મેં તેણીની મલીકાની તવારીખ પુછી. તેણી બોલી: "અય સાહેબ, તેણીની હકીકત બહુ અજબ જેવી છે; મેહેરબાની કરી મને ના પુછો, ન તો મારૂં સર કતલ થશે."

"અય નેક કનીજ! તું મને સાચી વાત કેહેશે તો હું કાંઈ એવો દિવાનો યા અક્કલથી બેગાનો નથી કે તે વાત તેણીને કહી દઇ હું તારો જાન જોખમમાં નાખીશ. તે વાત ગમે તેવી હશે તો હું ઘણી સાવચેતીથી છુપી રાખીશ."

"જો એમજ છે, સાહેબ, તો સમજો: તેણી એક દીવસ હમામખાનાંમાં જવા નીકલી અને પોતાની સાથે તેણીએ ગરીબ ગુરબાં અને દુરવેશ ફકીરોમાં વ્હેંચવા ખુબ ખઝાનો લીધો. હમામખાનાંમાં નાહી ધોઈ સોલે સંગાર સજીને તેણી બાહાર નીકલી અને તેણીને કોઇ બાગ બગીચામાં બેસી જમવાનું મન થયું. અમે સઘળાં એક બગીચામાં ગયાં, જ્યાં મ્હેલમાંથી લીધેલી હરતરાંહની ન્યામત અમે ખાધી અને બાકી વધેલું મોહોતાજ મીસ્કીનોમાં વ્હેચવા અમારી પાસે બંધાવી લેઈ તેણી ઘર જવા નીકળી. જતાં જતાં તેણી જે બજારમાં તારી દુકાન આવી છે ત્યાંથી પલાયન થઈ. તે જુમ્માનો દીન હોવાથી તું બનીઠનીને દુકાનપર બેઠો હતો અને તેણીની નજર તારી પર પડી કે તુંને જોતાંજ તેણી જખ્મી થઈ. જેમ તેમ ધીરજ રાખી તેણી ઘર તો પુગી, પણ પેલું બજારમાંથી ઉછીણું જે દર્દ તેણી લાવી હતી તેણે ખુબ જોર પકડયો. તેણીને તારી મોહબતનો ખુબ જોશ ચઢયો અને તેણી હોશ બેહોશ થઈ. તેણીએ ખાધા પીધાનું છોડયું, હસવા બોલવાનું છોડયું, રમત ગમત છોડી, અને જીવને એવો અકારો કીધો કે તેણી ગળાઈને હાડપીંજર બની ગઈ. આખરે તેણીની માદર કોઈ તબીબને બોલાવવા દોડી ગઇ અને એક કલાકમાં એક બુઢી ઓરત જાણકારને લઇને આવી. તેણીએ તેને તપાસ્તાં તેણીને માંદગી તો કોઇ તરફની હતી નહીં એમ તેણીએ જાણી લીધું અને તેણીની ખાતરી થઈ ચુકી કે તેણીને દર્દ મોહબતનું હતું. પણ તેણીની બોલવાની હીંમત ચાલી નહીં: એટલે તેણી એટલુંજ કહીને ઉઠી કે "કાંઈ નહીં, ઇનસાલા! કાલનું કાલ બધું દર્દ મટી જશે: કેમકે જે દવા ખાસ બનાવવાની છે તે બનાવીને કાલે લેઇ આવીશ" એમ દરદીને કહીને તે ઉઠી, પણ તેણીની માદરને તેણીએ બાજુ લેઈ જઇને ખરી હકીકત જણાવી દીધી.

તેણી બોલી "અય માદર, ખુદા તારો નિગેબાન થાય. મને માફ કરજે, પણ તારી બેટીને પ્યારનું દર્દ છે, માટે તેણીનો દિલ ચાહયો દિલદાર મળે નહીં ત્યાંસુધી તેણી જીવતી ઉઠનાર નથી."

"પણ તેને કેમ મેળવ્યે? તું તેને મેળવી આપવાનો કાંઇ રસ્તો બતાવ."

"રસ્તો બતાવનાર પરવરદેગાર છે" એટલું કહી તેણી તો ચાલી ગઇ અને પેલી માદર પોતાની બેટીના ઓરડામાં ચાલી, અને તેણીને ગમે તેવું પટાવીને પુછયું પણ તેણી બોલી નહી. તેણી ઘણી શરમાઇ ગઇ અને વીસ દીવસ સુધી તેણીએ પાધરો જવાબ દીધો નહીં; આખરે તેણીથી જયારે દુ:ખ નહીંજ ખમાયું ત્યારે તેણીએ કબુલ કીધું કે તેણીનાં દિલમાં એક જવાનના પ્યારે ઘર કીધું હતું. તે જવાનનું વર્ણન આપવા તેની માદરે જણાવ્યું ત્યારે તેણીએ તારી અને તારી દુકાનની નિશાની તેણીને આપી. પેલી માદરને તે પત્તો મળતાંજ નીકળી અને પછી શું બન્યું તે તો તુંને રોશન છે."

એ રીતે એક મહીનો મેં ચમન ચમન અને અમન અમનમાં ગુજાર્યો. રોજ દીસે હું મારી માદરને મળવા જતો, જ્યાંથી મારી દુકાનપર જતો અને રાતે મારી માહબુબને મેહેલે સિધારી આખી રાત ત્યાંજ ગુજારતો. એક દીવસ રાબેતા મુજબ મારી દુકાનપર હું બેઠો હતો તેટલાં એક જવાન ઓરત હાથમાં હીરા મોતી અને લાલથી મઢેલું એક મરઘાનું સુંદર રમકડું લેઈ બજારમાં વેચવા આવી. તેણી દર દુકાને તે બતાવવા લાગી અને તેને જોવા અને બને તો ખરીદવા તેણીની આસપાસ કેટલાક વેપારીઓ ફરી વળ્યા. તેઓએ તેની કીંમત પાંચસો દીનારથી શુરૂ કીધી, તે આપસ આપસમાં વધારીને સાડી નવસો દીનાર વેર તેઓ આવ્યા. એ સઘળું માજરાણું હું મારી દુકાનપર બેસી દુરથી જોતો હતો. હું તેઓ વચે માથું ખોસી નહીં કાંઈ બોલ્યો કે નહીં મેં તે મરઘાની કીંમતમાં એક ફદહનો વધારો કીધો. આખરે જ્યારે કોઇજ વધ્યું નહીં ત્યારે તે નાજનીન મારી આગળ આવી અને બોલી "અય સાહેબે દોલત! આ શેઠ સોદાગરોએ મારા મરઘાની કીંમત કીધી, પણ તમે તો એક સોખન બોલ્યા નહીં?"

"કેમકે મને તે ખરીદવાની ગરજ નથી."

"અલ્લાહ કરીમ! તમે થોડા પૈસા ઉપર વધારો."

"ઠીક છે ત્યારે તો: પચાસ દીનાર માહરા! મને આપે છે એક હજાર દીનારે?"

"હા સાહેબ, કબુલ." તેણી બોલી અને તે પરથી હું તેટલા સોનાના સીક્કા લેવા દુકાનના માંહેલા ખંનમાં ગયો.

મેં મનસે વિચાર્યું કે "એ મરઘો હું મારી દીલદારને ભેટ કરીશ જેથી તે ખુશી થશે."

અંદરથી પૈસા લાવી તેણીને ગણી આપવા જતો હતો તો તેમ કરતો મને અટકાવી તે બોલી "મને એ નહીં જોઇએ, સાહેબ; મારે તમોને એક અરજ કરવી છે તે જો તમો કબુલો તો એ મરઘો તમોને હું મુફત આપી દેવું."

"તે શું?" મેં પુછ્યું.

"તે એક મને તમારા રૂખસારપર એક ચુમી લેવા દેવો." મેં વિચાર્યું કે "એક હજાર દીનારના બદલામાં એકજ ચુમી! વાહ, એબી ઠીક સોદો! એમ વિચારી મેં તેણીના અર્જ કબુલ રાખી અને તેણીએ મને ગળે લગાડી મારા ગાલ પોતાના હોઠ આગળ ખેંચી મને એક ચુમી લીધી, પણ તેમ કરતાં મારો ગાલ જરા કરડયો અને તે જગે તેણીના દાંતનો દાઘ પડી રહ્યો. મેં તેણીને ચુમી આપી પેલો મરઘો ખરીદયો અને પેલી ઓરત ચાલી ગઈ.

સાંજ પડતાં દુકાન બંધ કરી હું મારી માશુકને ત્યાં ચાલ્યો. પેલી ચોક્કસ જગ્યાપર આવતાં પેલી બુઢી મને મળી, જે મને આંખે પાટો બાંધી લેઈ ચાલી. મેહેલમાં આવીને જોઉં છું તો બાનુ સાહેબ ખુબ ઠઠેરામાં મ્હો ફુગાવી આંખનાં ભવાં ચઢાવીને બેઠેલાં. તેણીનો ચેહેરો લાલ ભુંડ જેવો થઈ ગયલો હતો અને તેણીના હાથમાં એક ચાબકો હતો. આપણે તો તે જોઇને ભડકયા અને મનસે બોલ્યા કે "અલ્લાહ પનાહમાં રાખે!"

તેણી કાંઈ દીલગીર હશે ધારી મેં પેલો મરઘો મારા ખીસામાંથી કાઢયો અને તેણીની આગળ ધર્યો કે તેણીનો ગુસ્સો ઉતરી જાય. તેણીને આપતાં હું બોલ્યો "અય ચશ્મેજાન, આ અદના ચીજ મારે ખાતર તું કબુલ કર! મેં તારે માટેજ એ ખરીદી છે." તેણીએ તે લીધો અને બોલી "શું તેં એ મારે ખાતેર ખરીદયો?"

"હા, પ્યારી. મેં તે તારેજ ખાતર એક હજાર દીનારે ખરીદયો." પણ તે વાત

જાણે તેણીના ધ્યાનમાં નહીં ઉતરી હોય તેમ તેણી ડોક ધુણાવી મારી તરફ તગર તગર જોઇને બોલી " તારા ગાલપર આ ડાઘ શાનો ?"

હું તો ડઘાઇજ ગયો; અને મારો કાંઇ જવાબ તેણીને ન મલ્યો ત્યારે તેણીએ ચીડાઇને મોટેથી પોતાની દાસીઓને બોલાવી. તેઓ તુરત આવી; પણ અય બીરાદરો ! મેં શું જોયું ? તેઓમાંની થોડીકના હાથમાં એક ઓરતનું ધડ વગરનું શબ હતું અને એકના હાથમાં તેણીનું ધડ હતું; અને તે ધડ કોણનું હતું ? જે મને પેલો મરઘો વેચી ગઇ હતી તેનું.

એ સઘળું કેમ બન્યું ?

તમોને માલમ હશે કે તેણીએ મારી સાથે સાદી કરવા આગમજ એક શર્ત કીધી હતી અને તે શર્ત એ હતી કે મારે તેણી સિવાય કોઈ સાથે પ્યારથી બોલવું નહીં અને કોઇ સાથે નાજ કરવા નહીં. હવે તે શર્ત પાળવા મેં તેણીને કબુલાત આપી હતી અને તે કબુલાતને હું સાચો નિવડુંછું કે નહીં તે તપાસવા તેણીએજ આ ચોકઠું રચી પોતાની એક દાસીને પોતાનીજ પાસેનો એક મરઘો આપી મોકલી હતી. એ સઘળું મેં પછીથી જાણ્યું.

ત્યાર પછી તેણીએ હાથની તાળી પાડી કે બીજી ત્રણ દાસીઓ આવી, જેમના દરેકના હાથમાં પેલા મેં ખરીદેલા મરઘાના જેવોજ એકેક મરઘો હતો.

" જોયું ?" તેણી બોલી " જેમાંનો મરઘો તું મારે માટે લાવ્યો છે તેમાંના મારી પાસે ત્રણ મરઘા છે." પછી હાથની એક ઇશારત કરતાં સઘળી દાસીઓ જતી રહી, અને મારી દીલદારે હઠેરાબંધ ઉઠીને પોતાના હાથમાંના ચાબકે મને ખુબ માર મારીને મારી પીઠ ફાડી નાંખી (જુઓ ચિત્ર). માર ખાંતાં હું થાક્યો અને માર મારતાં તેણી પણ થાકી કે તેણીએ પાછી પોતાની બેઠક લીધી. થોડીક પલ આસાયસ લેઇ તેણીએ પોતાની માદરને બોલાવી, જે આવતાં તેણીએ તેણીને હુકમ કીધો કે મને તે ઘડી બાહાર કાઢે. તે પરથી તેણીએ મારી આંખે પાટો બાંધ્યો અને મારો હાથ પકડી મને ભર મેદાન કે બીચ બાહાર મુકી આવી; ત્યારનો હું દેવાના જેવો થઇ ગયો અને રસ્તે ભટકવા લાગીને બુમો મારતો કે " આહ ! તે બદન, આહ ! તે વદન, આહ! આહ ! તે દફન, આહ ! તે નાજ, આહ ! અંદાજ, આહ ! તે સાજ, આહ ! દગાબાજ !" આ ઉપરથી લોકોએ મને દેવાનો સમજી જબરજસ્તીથી આ બીમારીસ્તાનમાં મને પુર્યો.

સુલતાન આ દેવાનીયત સાંભળી ગંભાર વિચારમાં પડયો. પછી થોડી વારે વજીર તરફ ફરીને બોલ્યો " અય નેકનામ વજીર ! તારે એ નાજનીનનું મકાન શોધી કાઢવું પડશે; નહી શોધી કાઢયું તો અલ્લાહ કસમ ! તારી ગરદન અને મારી તલવાર !"

વજીર આ સાંભળી બહુ મુંઝાયો અને શું કરવું તેના વિચારમાં પડયો. હુકમ બજા લાવ્યા વિના તો ચાલેજ નહીં: તેથી તે બોલ્યો " હુઝુર, મને ત્રણ દિવસની મેહેતલ આપો." સુલતાને તે કબુલ કીધું. સુલતાનને તે નમીને પેલા જવાન સાથે ચાલી જતો હતો તેટલાં તેને સુલતાને અટકાવીને કહ્યું " તુંને તે મકાન જડે તો આ જવાનને અંદર મોકલજે અને તેની આંખે પાટો બાંધ્યા વિના તેને પાછો બહાર આવવા દેજે."

" જેવો હોકમ નામદારનો " એટલું બોલી વજીરે નમીને ચાલતી પકડી. તેની સાથે પેલો જવાન પણ ગયો. ભારી મને અને દલગીર દિલે બે દીન બે રાત અને એક બપોર

નવી અરેબ્યન વાર્તાઓ.

ઇસારત કરતાં સઘળી દાસીઓ જતી રહી, અને મારી દીલદારે ઠંડેરાબંધ ઉઠીને પોતાના હાથમાંના ચાબકે મને ખુબ માર મારીને મારી પીઠ ફાડી નાખી.



B. B. Mehta.] [*Gaiety Theatre.*

સુધી ભટકયો, પણ ન તે મકાનનો પત્તો લાગ્યો કે ન તેને કાઇયે તે મકાનની રાહ દેખાડી. અંતે નિરાશ થતો નાસીપાસ થઇ સુલતાન આગળ પોતાની નિષ્ફળતા જાહેર કરવા પાછો ફરતો હતો તેટલાં તેને એક યુક્તિ યાદ આવી ગઈ.

તેણે તે જવાન તરફ ફરીને પુછયું "જે જગે પેલી બુઢી તુંને આંખે પાટા બાંધતી હતી તે જગ્યા તુંને માલમ છે?"

"હા છે."

"ચાલ મને દેખાડ." તે જવાન તેને તે જગ્યે લેઇ ગયો.

"હવે, તેણીના મકાને પુગતાં બંધ બારણું ખોલવા તે બુઢી જે કડું અફાળતી હતી તેનો અવાજ કાંઇ તુંને ધ્યાનમાં છે."

"હા છે."

"ચાલ ત્યારે! જો હું હવે દરેક ઘરના દરવાજાનું કડું ઠોકુંછું. તું તેનો અવાજ બરાબર સાંભળજે."

એ પ્રમાણે વજીર દરેક મકાનનું કડું ઠોકતો પેલા જવાનને લેઇને ચાલ્યો. કોઇનો અવાજ તેને કાને બંધ બેસતો ન આવ્યો; મગર, આખરે જ્યારે પેલા ચોક્કસ મકાનનું કડું વજીરે અફાળ્યું કે પેલો જવાન બોલી ઉઠયો: "અય સાહેબ, આજ અવાજ!"

આ ઉપરથી વજીરે પાછું પેલું કડું ઠોકયું તો દાસીએ આવી તે બારણું ઉઘાડયું અને પેલા બે જણા અંદર પેઠા. વજીરને માલમ પડયું કે આ મેહેલ તો તેના સુલતાનની આગળ થઇ ગયલા સુલતાનની બેટીનો હતો. પેલી શાહજાદીને જેવી ખબર પડી કે પેલો જવાન સુલતાનના વજીર સાથે આવ્યો હતો, તેવીજ તેણી ખુબ ઠાઠમાઠ કરી જનાનામાંથી બહાર આવી અને તેઓને સલામ કરી તેમની સામે ઉભી.

તેણીને વજીરે કહ્યું: "અય બાનું! સુલતાનનો હુકમ છે કે આ જવાન તારા મેહેલમાં આવ્યો, તેવોજ આંખે પાટા બાંધ્યા વગરજ બાહાર નીકળે"

"જેવી ખુદાવંદની મરજી." આ ઉપરથી તે વજીર પેલા જવાનને સાથે લેઈ તે મેહેલમાંથી નીકળ્યો અને બન્ને જણા હસ્તે ચ્હેરે સુલતાનને આવી મળ્યા, અને આસક માસુકે પાછી દોસ્તી કીધી.

ત્રિયા તેજ.

એક સદ્ધર ચોર હતો, પણ ચોર તરીકે જાણીતો ન હતો અને જાણીતો થવા માંગતો પણ ન હતો. એક વખત હાથ મારતાં જે કાંઇ મળે તે પર તે સંતોષ ધરતો અને તે ચાલે ત્યાં સુધી વધુ મેળવવાનો લોભ ન કરતો. વળી તેનામાં ખુબી એ હતી કે પોતાના પાડોશીને કદી ન લુટતો અને ચોરોની કોઈ ટોળકીમાં કદી ન ભેળાતો. શા માટે? પકડાઇ જાય તેની બીહીકને માટે. એમ કાંઈક વર્ષો સુધી તેનો પાપી ધંધો ધીકયો, પણ એક દીવસ ખુદાનું ચાહાવું એવું થયું કે તે એક ભીખારીના ઘરમાં તેને તવંગર જાણી ઘુસ્યો. આખું ઘર તેણે ખુંદી માર્યું પણ કાંઈજ હાથ ન લાગવાથી તે ખૂબ ચીરડાયો અને દમ કરીને ઓકાવવા તેણે તે ભીખારી, જે પોતાની બાયડી સાથે ખુશ નિદ્રાવશ થયો હતો તેને ઉઠાડયો, અને તેણે દમ ભરાવી પુછયું "લાવ, દલ્લો ક્યાં સાંત્યો છે?"

પેલા બીચારાને ખાવાના વાખા, તે દલ્લો શું બતાવે? પણ પેલો ચોર ન સમજે. તેણે તો તેને કુંદીપાક જમાડવા માંડયો, તે છતાં તે ન સમજ્યો ત્યારે તેણે તેને

સોગંદ આપી પુછયું કે "બોલ, તારી પાસેથી કાંઈપણ નીકળે તો તું તારી સ્ત્રીને તલાક આપશે?" તે બાપડાએ તો સોગંદ લીધા કે તેની બાયડી ભડક દેઈને દાબડામાંના ભુતની માફક પલંગ પરથી કુદીને ઉભી થઈ. "મેર મુવા" તેણી ટતાર થઈને કટકા મોડીને બોલી: "પેલા ઓરડામાં ખજાનો દાટીને મને તલાક આપવાના કસમ લેયછે?" એટલું બોલી તેણીએ ચોર તરફ ફરીને કહ્યું "ભાઈ પેલા ઓરડામાં ધન દાટયુંછે; તું એને ધસડીને લેઈ જા કે તુંને એ જગ્યા બતાવે"

સ્ત્રીનું માની પેલો ચોર બીચારા ભીખારીને ધસડતો તે અમુક ઓરડામાં લેઈ ગયો અને જેવા તે બન્ને તે ઓરડામાં દાખલ થયા કે પેલીએ બાહારથી બારણું બંધ કરી તેને તાળું માર્યું અને પછી બોલી:

"અય મુર્ખા! તું કેવો સપડાયો? અબ ઘડી ચીસ પાડી તુંને પોલીસને હવાલે કરૂંછું; ઉભો રહે, સેતાન!"

"અરરર! પોલીસ!" ચોર ખુબ તડકયો અને બોલ્યો "અરે બાઈ, તું મને નીકળવા દે; હું તારી પાસે કાંઈ ન માંગું."

"નીકળવા દેવું? તું તો મર્દ છે અને હું તો એક કમતાકત ઓરત, અને તારા હાથમાં છરી છે તે તું મને મારે તો?"

"લે બાઈ! આ છરી લેઇ લે" એમ કહી તેણે ભીંટમાંનાં એક મંગર્યા મારફતે પેલીને છરી આપી દીધી. તે છરી લેઇ તેણીએ પોતાના ખાવીંદને કહ્યું "કેમ, મારી માફક તું પણ ઓરત થઇને તે મર્દની સામે ઉભોછે કે? લે આ લાકડી અને ઠોક એને. એ જો જરાએ બુમ પાડશે કે હું શોરબકોર કરીને પોલીસનેજ બોલાવીશ"

પછી પેલા ભીખારીને પુછવુંજ શું?

"અય હ્યાનતી કુતરા! લે આય ને લે આય ને લે આય; મારૂં તારીપર બહુ લેહેણું નીકળે છે, માટે લે આય ને લે............"

પણ ફટકા ગણાય કોણથી? તેને તેણે એવો તો માર માર્યો કે તેનાં જોરથી તે બેશુદ્ધ થઇ ગયો. ત્યારેજ પેલો ભીખારી લાકડી બાજુ મુકી દમ ખાતો ઉભો.

પેલો પાછો શુદ્ધિમાં આવ્યો તેની ખબર ભીખારીએ પોતાની સ્ત્રિને પુગાડી, જેથી તેણી બોલી:

"અય મારા ખાવીંદ! આપણા આ ઘરનું ભાડું ચઢયું છે તેનું કેમ? આપણે તે કેમ આપીશું?"

"અરે બાપુ, કેટલું ભાડું ચઢયું છે? મને કેહે અને મને ત્યાંથી સલામત છોડે તો ભાડું હું આપું."

"એંસી દેરમ" પેલો ભીખારી બોલ્યો.

"ચાલ, હું તે આપીશ; મને જવાદે."

"અને ઓ મારા ખાવીંદ! નાણાવાલાનું અને મસાલાવાલાનું કેટલું છે?"

"સાહાઠ દેરમ" ભીખારી બોલ્યો.

"અરે, ઓ મારી મા! ઓ મારી બેહેન! ઓ મારી બેટી! ઓ મારી નાની! ઓ મારી ચાચી! ઓ મારી બધી જાતની સગી! તે પણ હું આપીશ. મને છોડ." ચોરે અંદરથી કાલાવાલા કીધા.

"એ બે મળી કેટલી રકમ થઈ?"

"એક સો ચાલીસ દેરમ."

"ઠીક, અને અય મારા જાન! આપણી બેટી હવે ઉમરે પુગીછે, તેને હવે પરણાવવી જોઇશે તો તેના ખરચનું કેમ?"

"ભાઈ, તેનો ખર્ચ કેટલો લાગશે?" ચોરે પુછયું.

"બધું જો ગરીબા ગરીબ કર્યે તો સો દેરમ."

"ઠીક, એ બી હું આપીશ; બધા મળી બસો ચાલીસ દેરમ."

"અને મારા પ્યારા જાન, બેટી પરણી ગયા પછી એક સાલ ભર તેણીનાં ઘરનો ખરચ ચલાવવો પડશે તેનું કેમ?"

"ભાઈ, તે કેટલા જોઈશે?" ચોરે પુછયું

"એક સો દેરમ, વધારે નહીં." ભીખારી બોલ્યો.

"મારા બાપ, તે બી હું આપીશ. હવે તો છોડ!"

"અય ભલા આદમી" પેલાએ હવે ચોરને કહ્યું "મારા ખાવીંદને એક દુકાન ઉઘાડવી છે તેનું સાલ ભરનું ભાડું અને તેમાંનો સામાન જોઇશે તે અમે ક્યાંથી લાવીશું?"

"તેનો કેટલો ખર્ચ લાગશે?"

"એક સો દેરમ" તેણી બોલી.

"ત્યારે બધા મળી હું ચારસો વીસ દેરમ આપીશ. ચાલ મને જવા દે. પણ હું નહીં ધારતો કે મારી બધી અસ્કેમાત વેચતાં આટલી રકમ થાય!"

"અરે મૂર્ખા! હું તુંને એમ કેમ જવા દેઈશ? મને કાંઇ તારી નીશાની આપ કે જે દેખાડી સાતસો દેરમ તારે ત્યાંથી હું લેઈ આવું"

તેણે પોતાને આંગળેથી વીંટી કાઢી આપી, જે લેઈ તેણીએ પોતાની જવાન બેટીને બોલાવી અને તેણીને બારણા આગળ ઉભી રાખી પેલા ચોરને ઘર ગઇ. ત્યાં જઈ તેની બાયડીને ખબર કીધી કે "તારો ધણી રાતે ઘર ફાડતાં પકડાઈ ગયો છે, પણ પોલીસ તેની પાસે સાતસો દેરમ માંગી તેને છોડી મુકવા હાજર છે માટે તેણે મને આ વીંટી આપી તારી પાસે સાતસે દેરમ મંગાવ્યા છે." પેલીએ પોતાના ખાવીંદની વીંટી જોઇ સાતસો દેરમ ગણી આપ્યા જે લેઈ તે ઘર આવી. તેટલાં સહવારૂં પણ પડી ચુકયું હતું. તેણીએ ઘર આવતાં પેલા ચોરને બાહાર કાઢયો અને તે જવા ચાહતો હતો તેટલાં તેને પુછયું "પણ જાયછે કયાં? પેલો દાટેલો ખજાનો લેવા વલી પાછો કયારે આવશે?"

"ઓ મારા હૈયાના હાર! તુંને જયારે સાતસો દેરમની ગરજ પડશે ત્યારે પાછો ત્યાં હું આવેલોજ છું. હવે મારી કમબખ્તી મને ઘેરે ત્યારેજ તો!" એટલું બોલી તે ચાલતો થયો.

કલીફ હારૂન અલ-રશીદ

અને

એ નામદારને લગતા દિલપસંદ કીસ્સા.

પ્રગટ કરનારઃ

માનેકજી એદલજી વાછા.

ત્રણસોથી ઉપર પાનાનાં એ પુસ્તકમાં જમાના થયાં વખણાતા આવેલા એ શાહને લગતી વીગતો, તેની હજુર કહી સંભાળાવેલી વાર્તાઓ તથા છુપા વેશે ફરવા નીકલતી વેળા તરેહવાર દીલ ઉસ્કેરનારા બનેલા બનાવો સમાવવામાં આવ્યા છે. વાર્તાઓમાંનો સારો જેવો ભાગ તદન નવો છે, અને જે વાર્તાઓ ગુજરાતી અરેબ્યન નાઇટ્સમાં છપાયલી છે, તે તદન નવાંજ રૂપમાં પણ અતી ટુંકમાં એમા સમાવી છે. તે વખતના અરબોની અને રાજકારભારની રીતભાતનું વર્ણન ગુજરાતી ભાષામાં તદન નવું છે. કાગલો, છપાઈ, બાંધની વગેરે ઊંચી કીસમના છે. એનું સાંકળ્યું ટુંકમાં નીચે મુજબ છે:—

બગદાદની તારીફ—દીકરીની સુગ—મદાવન—ઝોબીદા—માહાદી—હાદી—ઇરાની તરીકો—અરબાણી બાનુઓ—બુરનનો કીસ્સો—ઈત્રાટનો બદલો—કીરમતની યારી—જાફર પર નવાજેશ—તે હાલ કરેલો નવીશંદો—ટરકટી દસ્તાવેજ—મેહફીલમાં મંગાયલી મુરાદ—ફજલની ફાજેલ્લત—કલીફની મજલેશ—નામ તેનો નાશ—બલ્વાખોરની ખોડ મોડી—એંચો કદરૂપો—યુનાનના કુત્તા જોગ—મોજમઝાની મોકાણ—અલ સામક—તોફાનો તાયફો—મોશલના વેપારી—ત્રણ બગદાદી બાનુંઓ—મેહીનું કમબખ્ત ઈર્દુ—બારમકીની હવાઈ મેજબાની—ઈરાની લોંડીના ગાયણ—ડમીસ્કીનો કીસ્સો—શમશલનાર—ઝંબીલમાં ભરાઇ બેઠેલો ગવૈયો—વગેરે, વગેરે.

અરેબીક નવી કથાઓ.

લખનારાઓઃ

માણેકજી એદલજી વાછા તથા ડોસાભાઇ ફરામજી લંગરાના
તે "નવી અરેબ્યન વાર્તાઓ" વગેરેના કર્તા.

પ્રગટ કરનારઃ

માણેકજી એદલજી વાછા.

એ પુસ્તક લગભગ હડી સો સફાનું છે, અને એમાંનાં ચીત્રો પણ આ "નવી અરેબ્યન વાર્તાઓ" નાં જેવાંજ મોઘાં પણ સુંદર છે. વાર્તાઓ પણ તદન નવી અને ગુજરાતી "અરેબ્યન નાઇટ્સ" તથા "નવી અરેબ્યન વાર્તાઓ" જેવી, બલકે કોઈ કોઇ વધુ, રસીક છે. કદ, છપાઈ, બાંધની, કાગલો, વગેરે આ પુસ્તક જેવાં છે, પણ ઘણી દીલખુશ નાની મોટી વાર્તાઓને લીધે પાનાઓમાં મોટો વધારો થયો છે, જો કે ખીચોખીચ છપામનીના બાબમાં પણ "નવી અરેબ્યન વાર્તાઓ" જેવુંજ એ પુસ્તક છે. બાદશાહોની જાહોજલાલી તથા ઈનસાફ, જીન-પરીઆંઓના ચમતકાર, આદમજાદની ફરેબી, લોભ, મોહ, માયા, રમુજ, ચતુરાઈ, પ્યાર, હવસ, વગેરે એ પુસ્તકમાં જગેજગ જોવામાં આવશે.

વાછા બ્રધર્સ.

બાઈસીકલો બનાવનારા,
મોટોર યાને વીજળીક ગાડીઓ વેચનારા,
બાઈસીકલો વેચનારા,
એડીસનના ફોનોગ્રાફો વેચનારા,
સાઈકલને લગતો તમામ સામાન વેચનારા,
ફોનોગ્રાફને લગતો સામાન વેચનારા,
નીકલપ્લેટ (ગીલીટ)કામ કરનારા,
એનેમલ (રંગવાનું) કામ કરનારા,
સાઈકલો દુરૂસ્ત કરનારા.

વગેરે વગેરે વગેરે.

"આખાં હિંદુસ્તાનમાં વાછા બ્રધર્સનું મુંબઈમાં ગીરગામ રોડપર આવેલું સાઇકલને લગતું કારખાનું સૌથી મોટું અને જુનું છે, જ્યાં છેલ્લામાં છેલ્લી ઢપનું સાંચાકામ અને હથ્યારો જોવામાં આવેછે." છેલ્લી આવૃતીનું કેટલગ માંગો.

મુંબઈ શેહેરમાં દુકાનો: ત્રામનાં નાંકાં આગળ, ગીરગામ રોડ; ૪૧, મેડોઝ સ્ટ્રીટ, કોટ; ૧ કલેર-શેફરડ રોડ, ભાયખલા, ☞ આખાં હિંદુસ્તાનમાં આડતો છે.

ચંચલ ગ્રંથ.

લખનાર-રૂસ્તમજી હોરમસજી ખરસેદજી.

"નવી અરેબ્યન વાર્તાઓ"થી આ જુદીજ ક્લાસમનું ૧૭૨ સફાનું પુસ્તક છે, અને તેમાં મહાન પુરૂષોને લગતા તથા બીજા વાર્તીક ફકરાઓ, રમુજી ટોચકાઓ, વગેરે સમાવવામાં આવ્યા છે. કીમ્મત બાર આના છે.

મુંબઈમાં મળવાનાં ઠેકાનાં:—**મેહેર પ્રીન્ટીંગ વર્કસ,** એલ્ફીન્સટન સરકલ, કોટ; **ગઝદર બ્રધરસ,** પીકેટ રોડ, કાલબાદેવી; **જેહાંગીર કરાણીના છોકરાઓની કંપની,** પારસી બઝાર સ્ટ્રીટ, કોટ; **પીરોજશા દી० મુકાદમ,** ચરચગેટ સ્ટ્રીટ, કોટ; દી० લખમીદાસની કંપની, પારસી બઝાર, સ્ટ્રીટ, કોટ; વગેરે.

કોહિનુર.

મુંબઈનું સૌથી લોકપ્રીય દરમાસે નીકલતું મોટું ચોપાન્યું.
વરસ એકનું લવાજમ રૂપ્યા ત્રણ, પોસ્ટેજ મફત.
પ્રગટ કરનારાઓ: મેસર્સ ગઝદર બ્રધર્સ, પીકેટ રોડ, કાલબાદેવી, મુંબઈ.